શ્રી વીરવચના મૃત




સંપાદક:- શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

मुदा वीरवाचोऽमृतं सारभूतं,
प्रभूतं सुधैर्येण यत्संगृहीतम् ।
नितान्तं सुकान्तं प्रसारोऽस्य भूयात्,
जनानां मनोऽस्मिन् चिरं रंरमीतु ॥

શ્રી વીરવચનનું સારભૂત અમૃત કે જેને આનંદપૂર્વક સુધૈર્યથી (સુજ્ઞ એવા ધીરજલાલ વડે) સારી રીતે સંઘરવામાં આવ્યું છે, અને જે ઘણું જ સુંદર છે, તેનો આ જગતમાં પ્રસાર થાઓ અને તે લોકોના મનમાં લાંબા સમય સુધી રમી રહો.

–ડા. મંડનમિશ્ર મીમાંસાચાર્ય
પીએચ. ડી. મહામંત્રી અ. ભા. સંસ્કૃત
સાહિત્યસંમેલન, દિલ્લી.


શ્રી
વીર-વચનામૃત
સંપાદક
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
ધીરજલાલ ટોકરશી શાહ
સંચાલક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ
ચીંચબંદર, મુંબઈ ૯

આવૃત્તિ પહેલી
વિ. સં. ૨૦૧૯, સને ૧૯૬૨
મૂલ્ય રૂપિયા ૭

સર્વ હક્ક સુરક્ષિત

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા : અમદાવાદ

વિષયાનુક્રમ


પ્રારંભિક

વંદનાઓ - બત્રીશ	૫
પ્રકાશન અંગે કિંચિત્	૩૭
ભગવાન મહાવીરના જીવનની ઐતિહાસિક રૂપરેખા	૪૫
સત્કાર	૮૧
શ્રદ્ધાંજલિ	૧૦૯
શુદ્ધિપત્રક	૧૩૦–૨

વચનામૃત


ધારા	વિષય	વચનો	પૃષ્ઠાંક
પહેલી	વિશ્વતંત્ર	૯	૩
બીજી	સિદ્ધ જીવોનું સ્વરૂપ	૧૪	૧૬
ત્રીજી	સંસારી જીવોનું સ્વરૂપ	૫૭	૨૪
ચોથી	કર્મવાદ	૧૮	૪૫
પાંચમી	કર્મના પ્રકારો	૨૦	૫૬
છઠ્ઠી	દુર્લભ સંયોગ	૨૦	૬૯
સાતમી	આત્મજય	૧૪	૭૭
આઠમી	મોક્ષમાર્ગ	૧૮	૮૨
નવમી	સાધનાક્રમ	૧૭	૯૮
દશમી	ધર્માચરણ	૧૦	૧૦૭
અગિયારમી	અહિંસા	૪૨	૧૧૫
બારમી	સત્ય	૨૩	૧૨૮
તેરમી	અસ્તેય	૯	૧૩૮
ચૌદમી	બ્રહ્મચર્ય	૪૮	૧૪૨
પંદરમી	અપરિગ્રહ	૨૦	૧૫૭
સોળમી	સાધુધર્મ	૫૭	૧૬૪

સત્તરમી	સાધુનો આચાર	૬૨	૧૮૨
અઢારમી	અષ્ટપ્રવચનમાતા	૩૮	૨૦૨
ઓગણીસમી	સાધુધર્મ–ભિક્ષાચરી	૫૪	૨૧૬
વીસમી	ભિક્ષુની ઓળખાણ	૨૬	૨૩૩
એકવીસમી	સંયમની આરાધના	૨૦	૨૪૩
બાવીશમી	તપશ્ચર્યા	૭	૨૫૦
ત્રેવીશમી	વિનય (ગુરુસેવા)	૪૭	૨૫૨
ચોવીશમી	કુશિષ્ય	૧૬	૨૬૭
પચ્ચીશમી	દુઃશીલ	૧૪	૨૭૨
છવ્વીશમી	કામભોગ	૩૧	૨૭૬
સત્તાવીશમી	પ્રમાદ	૨૮	૨૮૭
અઠ્ઠાવીશમી	વિષય	૩૧	૨૯૯
ઓગણત્રીશમી	કષાય	૧૯	૩૧૨
ત્રીશમી	બાળ અને પંડિત	૧૫	૩૨૦
એકત્રીશમી	બ્રાહ્મણ કોને કહેવાય ?	૧૫	૩૨૬
બત્રીશમી	વીર્ય અને વીરતા	૧૯	૩૩૧
તેત્રીશમી	સમ્યક્ત્વ	૯	૩૩૭
ચોત્રીશમી	ષડાવશ્યક	૬	૩૪૧
પાંત્રીશમી	ભાવના	૨૦	૩૪૮
છત્રીશમી	લેશ્યા	૩૫	૩૫૫
સાડત્રીશમી	મૃત્યુ	૨૧	૩૬૮
આડત્રીશમી	પરભવ	૩૭	૩૭૬
ઓગણચાલીસમી	નરકની વેદના	૧૩	૩૮૭
ચાલીશમી	શિક્ષાપદો	૨૯	૩૯૨
સંકેતસૂચિ			૪૦૨
			+ ૬
		કુલ ૧૦૦૮	કુલ ૫૪૦



ભગવાન મહાવીર

વંદના પહેલી



અખિલ વિશ્વના તારણહાર
આર્ય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર
જ્ઞાતવંશવિભૂષણ
સિદ્ધાર્થસુત, ત્રિશલાનંદન
ચરમતીર્થપતિ વિશ્વવંદ્ય
શ્રી વીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

સેવક
માણેકલાલ ચુનીલાલ શાહ
મુંબઈ.

વંદના બીજી

જેમની વાણી પવિત્ર હતી, સુસંસ્કારી
હતી, ઉદાત્ત અને અર્થ–ગાંભીર્યથી
યુક્ત હતી, તથા સાંભળવામાં
સહુને પ્રિય લાગે તેવી હતી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
અમૃતલાલ કાળીદાસ દોશી,
જ્યોત, ઇરલા બ્રીજ,
વિલેપારલે, મુંબઈ ૫૬

વંદના ત્રીજી

જેમની કાયા પ્રમાણોપેત હતી,
અનેક શુભ લક્ષણોથી યુક્ત
હતી અને અદ્‌ભુત કાંતિ
તથા અસાધારણ શક્તિને
ધારણ કરનારી હતી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
હીરાલાલ છગનલાલ શાહ,
શિવ, મુંબઈ ૨૨

વંદના ચોથી

જેઓ વિનયાદિ ગુણોથી વિભૂષિત હતા,
માતાપિતા તથા ગુરુજનોનો યોગ્ય
આદર કરનારા હતા, તથા સૌમ્ય
પ્રકૃતિથી સહુના હૃદયને જીતનારા
હતા,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
રમણલાલ દલસુખભાઇ ઑફ,
રીફાઇનરી બીલ્ડીંગ, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ ૨

વંદના પાંચમી

જેમની યોગસાધના ઉત્કટ હતી, સંયમ
તથા તપથી વિભૂષિત હતી, અને
શમદમાદિ ગુણોને શીઘ્ર
પ્રકટાવનારી હતી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
ખૂમચંદ રતનચંદ શાહ,
(મે. રતનચંદ ખેરાજીની કંપનીવાળા)
૨૧૯, કીકા સ્ટ્રીટ, મુંબઈ ૨

વંદના છહ્લી

જેમણે માત્ર ત્રીસ વર્ષની ભર
યુવાવસ્થામાં સંસારના સર્વ સંબંધો
છોડી મહાભિનિષ્ક્રમણ કર્યું અને
મુમુક્ષુઓને મોક્ષપ્રાપ્તિની મંગલ
દિશા બતાવી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક

ચીમનલાલ કેશવલાલ કડીઆ,

રીલીફ રોડ, શેખનો પાડો,

અમદાવાદ

વંદના સાતમી

વિવિધ પરિષહો અને ઉપસર્ગોને સમભાવે
સહી લેનાર, અપકારીનો પણ સદા
ઉપકાર ચિંતવનાર, ક્ષમા-મૂર્તિ
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

મૂળચંદ બુલાખીદાસની પેઢી,
હા. કેશવલાલ બુલાખીદાસ
દેવકરણ મેન્શન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ ૨

વંદના આઠમી

જેમણે ચંડકૌશિક જેવા ભયંકર દૃષ્ટિવિષ
સર્પને પ્રતિબોધ કર્યો, જેમણે સંગમ
જેવા દુષ્ટ દેવની દયા ચિંતવી, જેમણે
તાડન–તર્જન કરનાર પ્રત્યે પણ
સમભાવ દાખવ્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

સેવક
ચંદુલાલ વર્ધમાન શાહ,
ટોપીવાલા મેન્શન, સરદાર
વલ્લભભાઈ પટેલ રોડ,
મુંબઈ ૪

વંદના નવમી

જેમણે આત્મશુદ્ધિ માટે ઉગ્ર તપશ્ચર્યા
આરંભી, ઉપવાસને ખૂબ મહત્ત્વ આપ્યું
અને લૂખા-સૂકા અલ્પ આહારથી
દેહને નભાવ્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
જયંતીલાલ રતનચંદ શાહ,
મરકતી મહાલ, લુહાર ચાલ,
મુંબઈ ૨

વંદના દસમી

જેમણે ક્રોધને કાઢ્યો, માનને માર્યું, માયાને
દબાવી, લોભને હઠાવ્યો તથા મોહરાયનો
સંપૂર્ણ સંહાર કરી કૈવલ્યલક્ષ્મીને
પ્રાપ્ત કરી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
રમણલાલ નગીનદાસ પરીખ,
જયંત મહાલ, ચર્ચગેટ,
મુંબઈ ૧

વંદના અગિયારમી

જેમણે ધર્મની જ્યોત જ્વલંત રાખવા માટે
સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાદિ ચતુર્વિધ
સંઘની સ્થાપના કરી અને તેનું વ્ય-
વસ્થિત ઉમદા બંધારણ આપ્યું,
તે
શ્રીવીર પરમાત્માને,
મારી
કોટિ કોટિ વંદના હો.

સેવક
મોહનલાલ તારાચંદ,
સી કેસલ, ચોપાટી,
મુંબઈ ૭

વંદના બારમી

જેમણે દાન, શીલ, તપ અને ભાવરૂપી ચતુર્વિધ
ધર્મનો પ્રકાશ કરી, સંસારસાગરમાં સબડી
રહેલાં પ્રાણીઓને તરવા માટેનું
ઉમદા પ્રવહણ આપ્યું,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
ગોવિંદજી જેવત ખોના
૧૫, બ્રાહ્મણવાડા રોડ,
ગિરિવિહાર; માટુંગા, મુંબઈ ૧૯

વંદના તેરમી

જેમણે પ્રમાદને પરિહરવાનો દૃઢ અનુરોધ
કર્યો, સદા જાગરુક રહેવાની જોરદાર
હાકલ કરી અને કર્મ સાથે કઠિન
યુદ્ધ ખેલી લેવામાં જીવનની
સાર્થકતા સમજાવી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક

ખુશાલભાઈ ખેંગાર,

સરજ નિવાસ, ચર્ચરોડ.

વિલેપારલે, મુંબઈ ૫૬

વંદના ચૌદમી

જગતના નાના–મોટા સ્થૂલ–સૂક્ષ્મ સર્વ
જીવોને અભયદાન આપવાની ઉત્કટ
ઘોષણા કરનાર, સહુની સાથે
મિત્રતાભર્યો વર્તાવ રાખવાની
દેશના દેનાર, જગતના
અનન્ય બંધુ
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ચોપટલાલ ભીખાચંદ ઝવેરી,
નારાયણ દાભોલકર રોડ,
કમલાનિકેતન, વાલકેશ્વર,
મુંબઈ ૬

વંદના પંદરમી

જેમણે અનેકાન્તવાદ કે સ્યાદ્વાદરૂપી
સૂર્યનો પ્રકાશ કરીને જીવન તથા
જગતના પ્રશ્નો સમજવાની
એક નવી જ તત્ત્વદૃષ્ટિ આપી,
તે
શ્રીવીર પરમાત્માને
અમારી
કોટિ કોટિ વંદના હો.



શ્રી નેશનલ રિફાયનરી,
૮૭, તારદેવ, મુંબઈ ૭

વંદના સોળમી

જેમણે વિવિધ વાદો, મતો કે અભિપ્રાયોનો
સમન્વય કરવા નયોનું સ્વરૂપ પ્રકાશ્યું
અને ઉદારચિત્ત થવાની ઘોષણા કરી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
મહિપતરાય જાદવજી,
ચીનાઈ બિલ્ડીંગ, મરજીદ બંદર રોડ.
મુંબઈ ૩

વંદના સત્તરમી

જેમણે જગતના નાના મોટા સર્વ
જીવોને આત્મતુલ્ય માની તેમની
સાથે મિત્રતાભર્યો વર્તાવ રાખ-
વાની ઉદ્‌ઘોષણા કરી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.



સેવક

દેવચંદ છગનલાલ શાહ,
નિપાણી (મૈસુર)

વંદના અઢારમી

જેમણે મૈત્રીભાવનાનું મહત્ત્વ સમજાવ્યું,
પ્રમોદભાવનાનો પરિચય આપ્યો,
કારુણ્યભાવનાની કમનીયતા પ્રકાશી
અને માધ્યસ્થ્યભાવનાનો મહિમા
વિસ્તાર્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક

ફત્તેહચંદ ઝવેરભાઇ.

મરકતી મહાલ, લુહારચાલ

મુંબઈ ૨

વંદના ઓગણીસમી

અહિંસાધર્મના પરમ ઉપદેશક, સત્ય ધર્મના
મહાન સમર્થક, પરમ વીતરાગ, પરમ જ્ઞાની,
પરમ ધ્યાની,
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.



સેવક
ભાણજીભાઇ ધરમશી શાપરિયા,
ચર્નીરોડ, મુંબઈ ૪.

વંદના વીસમી

જેમણે જડ-ચેતનની જુદાઈ બતાવી, આત્માનું
અનન્ય સ્વરૂપ પ્રકાશ્યું અને તેની પ્રાપ્તિ
માટે પરમ પુરુષાર્થનું આલંબન લેવાનો
એકધારો ઉપદેશ આપ્યો, તે
શ્રીવીર પરમાત્માને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી. વહી. બી. કુસુમગર.
૫૦૩, કાલબાદેવી, મુંબઈ ૨

વંદના એકવીસમી

જેમણે પરોપકાર, કૃતજ્ઞતા, અદૈન્ય આદિ
ગુણોના પરિપાક વડે પુરુષોત્તમપદ
સિદ્ધ કર્યું તથા શૂરતા–વીરતાદિ
ગુણો વડે પુરુષસિંહની ઉપમા
પ્રાપ્ત કરી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
બિપીનચંદ્ર કાંતિલાલ જવેરી,
અંધેરી અન્ધર, મુંબઈ ૨

વંદના બાવીસમી

જેમણે સત્યની સતત ઉપાસના કરી, સત્યનો
સદા આદર કર્યો અને સત્ય અને સાધુ-
તાને એક માની, તેના રક્ષણ માટે
ગમે તેટલો ભારે ભોગ આપવાની
ઉદ્‌ઘોષણા કરી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

સેવક

ચીમનલાલ ચોપટલાલ શાહ,

ડાયમંડ બ્રોકરીંગ, ભુલેશ્વાર,

મુંબઈ ૨

વંદના તેવીસમી

જેમણે આધ્યાત્મિક વિકાસ માટે બ્રહ્મચર્યને
અનિવાર્ય માન્યું, તેને ધ્રુવ, નિત્ય, શાશ્વત
ધર્મની પ્રતિષ્ઠા આપી અને તેના પાલન
માટે મરી ફીટવાનો આદેશ આપ્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.



સેવક

કેશવલાલ મનસુખલાલ શાહ,

સ્વામીનારાયણ બીલ્ડીંગ, પાંચમો માળા,
ત્રીજને મોઢવાડો, ભુલેશ્વર,
મુંબઈ ૨

વંદના ચોવીસમી

જેમનાં અમૃતતુલ્ય મધુર વચનોએ લાખો
હૃદયમાં શ્રદ્ધાનું સિંચન કર્યું, જ્ઞાનની
રોશની પ્રકટાવી અને સંયમ તથા
સદાચાર માટે અદમ્ય પુરુષાર્થ
ખેડવાનો ઉત્સાહ પ્રકટાવ્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
મોતીલાલ વીરચંદ શાહ,
માલેગામ (મહારાષ્ટ્ર)

વંદના પચીસમી

જેમણે જીવનની જરૂરીઆતો ઘટાડી સાદાઈ
અને સંતોષથી રહેવાનું શીખવ્યું, પરિગ્રહની
મર્યાદા બાંધવાનો અનુરોધ કર્યો અને
ત્યાગધર્મમાં સુખની પરાકાષ્ઠા બતાવી
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.



સેવક
મૂળચંદ વાડીલાલ શાહ,
મર્ઝબાન રોડ, અંધેરી,
મુંબઈ ૫૮

વંદના છવીસમી

જેમણે અજ્ઞાન અને મોહરૂપી અંધકારમાં
આથડતાં જગતને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન
અને સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયીનો
અદ્ભુત પ્રકાશ આપ્યો,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવિકા
ગુલાબબહેન હરિભાઈ,
૯, છીપીયાલ, મુંબઈ ૨

વંદના સત્તાવીશમી

જેમણે બાહ્ય ભાવમાંથી અંતરભાવમાં અને
અંતરભાવમાંથી પરમાત્મભાવમાં આવવાનો
પ્રશસ્ત માર્ગ બતાવ્યો અને લક્ષાવધિ
મનુષ્યોને અજરામર સ્થિતિએ
પહોંચાડ્યા
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
કાંતિલાલ બેભચંદ શાહ,
મહાવીર બીલ્ડીંગ, વાલકેશ્વર
મુંબઈ ૬

વંદના અઠ્ઠાવીસમી

જેમનાં ચરણોની સેવા કરવામાં ભારતના
અનેક ભૂમિપતિઓ અને ધનપતિઓએ
ગૌરવ માન્યું, અનેક પંડિતો અને
વિદ્વાનોએ નિજ જીવનની સાર્થ-
કતા લેખી,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
મનસુખલાલ તારાચંદ મહેતા,
શારદાસદન, ફિરોજ મહેતા રોડ
મુંબઈ ૧

વંદના ઓગણત્રીસમી

જેમનાં પાવન પગલે ઇતિઓ અદશ્ય થઈ,
ભીતિઓ ભાગી ગઈ, વ્યાધિઓ વિનાશ
પામ્યા અને સંકટો શાંત થઈ ગયા,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
કાંતિલાલ એન. શાહ,
ચીંચબંદર, મુંબઈ ૯

વંદના ત્રીસમી

જેમનું નામ મહામંત્રની ગરજ સારે છે,
જેમનું સ્મરણ મંગલમાલાનો વિસ્તાર
કરે છે, જેમનું ભાવદર્શન સર્વ દુઃખોનો
નાશ કરે છે,
તે
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક
કેશવલાલ દલપતભાઇ ઝવેરી,
૨૪૫, મુંબાદેવી રોડ,
મુંબઈ ૨

વંદના એકત્રીસમી

દુઃખદલિત માનવજાતિને અનન્ય શરણ
આપનાર, જગદ્રક્ષક, જગદ્બંધુ, દયા-
સિંધુ, પતિતપાવન
શ્રીવીર પરમાત્માને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સેવક

મનુભાઈ હેમચંદ શાહ,

ભાનુશાળી નગર, ઘાટકોપર,
મુંબઈ ૭૭

વંદના બત્રીસમી

મહાયોગી, મહામુનિ, મહાભિક્ષુ મહાશય;
મહાજ્ઞાની, મહાસત્ત્વ, મહાવીર નમોનમઃ

卐

સેવક
પ્રાણજીવન હરગોવનદાસ ગાંધી,
સુમન વીલા, બીજી હસનાબાદ ગલી,
શાંતાક્રુઝ, મુંબઈ ૫૪



પરમ સાંજન્ય, સમુજ્જવલ સદ્‌ભાવના

તથા

અપ્રતિમ ઉદારતાની મૂર્તિસમા

શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહને


આ ગ્રંથ

સાદર સમર્પણ કરી

કૃતાર્થ થાઉં છું.

વિનમ્ર

ધીરજલાલ ટોકરશી શાહ





શ્રીમતી કુસુમબહેન માણેકલાલ શાહ

જેઓ

ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રે

વિનમ્રભાવે સુંદર સેવાઓ

સમર્પી રહ્યા છે

તથા

જેમણે આ ગ્રંથ પ્રત્યે ભારે

સહૃદયતા દાખવી છે.



પ્રકાશન અંગે કિંચિત્

સામાન્ય રીત એવી છે કે સર્વ સંયોગોનો વિચાર કરવો, બલા-બલની તુલના કરવી અને તેમાં એક કાર્ય કરવા જેવું લાગે તો જ તેને હાથ ધરવું. પરંતુ આ પ્રકાશન સંબંધી નૂતન જ ઘટના બની છે.

સં. ૨૦૧૭ના આસો માસમાં એક દિવસ એકાએક સ્ફુરણા થઈ કે 'શ્રી મહાવીર પ્રભુનાં વચનોનો સંગ્રહ પ્રકટ કર.' આ વખતે મારી તે અંગે કંઈ જ તૈયારી ન હતી, એટલું જ નહિ પણ હાલમાં કોઈ નવું પ્રકાશન કરવું નહિ, એવો નિર્ણય કરીને હું બેઠો હતો અને હાથ પર રહેલાં બે–ત્રણ કામો પતાવવામાં મશગુલ હતો.

અંતઃસ્ફુરણા કેમ થાય છે? ક્યારે થાય છે? તેની પાછળ કોઈ દૈવી સંકેત હોય છે કે કેમ? એ ચર્ચવાનું આ સ્થાન નથી, પણ એટલું જણાવવું જોઈએ કે જ્યારે પણ એક કાર્યની અંતઃકરણમાં જોરદાર સ્ફુરણા થાય છે, ત્યારે તે કાર્ય અવશ્ય કરવા જેવું હોય છે અને તેમાં યશ અને લાભ બંનેની પ્રાપ્તિ થાય છે.

ભૂતકાલમાં મારાં કેટલાંક પ્રકાશનો આ રીતે થયાં હતાં અને તે યશસ્વી નીવડ્યાં હતાં. વળી જીવનની અતિ વિષમ પળોમાં અંતઃ-સ્ફુરણાએ જ કામ આપ્યું હતું, એટલે અંતઃસ્ફુરણાને અવગણવી નહિ, એવો સંસ્કાર મારા મનમાં દૃઢ થયો હતો. આ સંયોગોમાં જોરદાર અંતઃસ્ફુરણાને હું અવગણી કેમ શકું?

ત્રણ નવકાર ગણીને કલમ હાથમાં લીધી અને પ્રકાશન સંબંધી યોજના ઘડી કાઢી. આ યોજના એ પ્રકારની હતી કે 'પુસ્તકનું નામ શ્રી વીર–વચનામૃત રાખવું, તેમાં ૫૦૦ વચનોનો સંગ્રહ આપવો, પુસ્તકને ક્રાઉન ૮ પેજી કદમાં કલામય રીતે ૧૨ ફોર્મમાં છાપી ફાગણ માસમાં પ્રકટ કરવું અને તેનું લવાજમ રૂપિયા પાંચ રાખવું.'

મિત્રો અને શુભેચ્છકોએ આ યોજનાનો સત્કાર કર્યો, એટલે ગ્રાહકો નોંધવાનું શરુ કર્યું, પણ યોજના ઘડવામાં કંઈક ખામી રહી ગઇ છે, એવા ટકોરા મન પર લાગ્યા જ કરતા હતા, એટલે તે અંગે પુનઃ વિચારણા કરી. તેમાં ૫૦૦ ને બદલે ૧૦૦૮ વચનોનો સંગ્રહ આપવો, કદ ૧૨ ફોર્મને બદલે ૩૦ ફોર્મનું રાખવું, પ્રકાશનનો સમય થોડો લંબાવવો અને લવાજમમાં કંઈ પણ વધારો કરવો નહિ, એમ નક્કી થયું. હવે મનને સમાધાન સાંપડ્યું, અંતરમાં સંતોષ થયો અને ગ્રાહકો નોંધવાનું કામ ઝડપભેર આગળ ચાલ્યું.

ત્યાર પછી વંદનાનો વિચાર સ્ફુર્યો. તેને સમાજના આગેવાનો તરફથી સારો સહકાર મળ્યો, એટલે ઉત્સાહમાં વૃદ્ધિ થઈ અને આ પ્રકાશન અવશ્ય યશસ્વી નીવડશે, એવો વિશ્વાસ પેદા થયો.

હવે મુખ્ય કાર્ય પુસ્તક અંગે સામગ્રી એકત્ર કરવાનું રહ્યું અને તે સં. ૨૦૧૮ ના કારતક માગશરમાં જ શરુ કરી દેવું હતું, પણ હાથ પરનાં કામો પૂરાં કરતાં સમય અધિક લાગ્યો, **શ્રી વિશ્વશાન્તિ જૈન આરાધના સત્ર**ની ઉજવણીએ પણ કેટલોક સમય લઇ લીધો અને **શ્રી ગોડી પાર્શ્વનાથ-સાર્ધ-શતાબ્દી-સ્મારકગ્રંથનું** કાર્ય અનિવાર્ય રીતે હાથ ધરતાં તેમાં પણ ઠીક ઠીક સમય વ્યતીત થયો. આખરે સં. ૨૦૧૮ ના જેઠ માસથી આ કાર્યમાં ઓતપ્રોત બન્યો અને એ સ્થિતિ આસો માસની આખર સુધી ચાલુ રહી.

ભગવાન મહાવીરનાં વચનો પ્રત્યે શ્રદ્ધા-પ્રેમ-વિશ્વાસની લાગણી મારા જીવનમાં શી રીતે પ્રકટી? તેનું અહીં થોડું વિવરણ કરું તો અસ્થાને નહિ લેખાય.

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કુટુંબમાં જન્મ થવાને લીધે ભગવાન મહાવીરનું નામ તો તદ્દન નાનપણમાં જ સાંભળેલું અને ચોવીસ તીર્થંકરોનાં નામ યાદ કરતાં હૃદયમાં જડાઇ ગયેલું. પછી મારી ધર્મપરાયણ માતાએ મહાવીર-જીવનના કેટલાક પ્રસંગો કહેલા, તેનાથી

હું અતિ પ્રભાવિત થયેલો; પરંતુ તે વખતે મારી ઉમર શી ? મારી સમજણ શી ?

ચૌદ–પંદર વર્ષની ઉમરે, મારા મૂળ વતન સૌરાષ્ટ્રના દાણાવાડા ગામમાં મને જમણા પગે સાપ કરડ્યો અને પગની પાનીના ઉપરના ભાગમાં છરીથી એક મોટો કાપ મૂકવામાં આવ્યો. આ કાપ કોઇ ડોકટર, વૈદ્ય કે હકીમે નહિ, પણ એક અણઘડ માણસે માત્ર મારો જીવન બચાવવાના ઈરાદાથી મૂકેલો, એટલે તેની વેદના કેવી હોય, એ કલ્પી શકાય એમ છે. મારા મુખમાંથી દર્દભરી ચીસો નીકળવા લાગી, પણ તે જ વખતે શ્રદ્ધામૂર્તિ માતાએ આદેશ આપ્યો કે 'તારી ચીસો બંધ કર. માત્ર ભગવાન મહાવીરનું નામ જ રટયા કર, તને જરુર સારું થઈ જશે.' અને મેં એ આદેશને શિરોધાર્ય કરી 'મહાવીર...મહાવીર' નામ રટવા માંડયું. કોઈ વાર વેદના વધારે થતી તો એ નામ ખૂબ મોટેથી બોલાઇ જવાતું, પણ એ વખતે મુખમાં બીજો કોઇ શબ્દ પ્રવેશવા દીધો ન હતો, એ મને બરાબર યાદ છે.

ભગવાનના નામના આ પવિત્ર રટણને લીધે કહો કે આયુષ્યરેખા બળવાન હોવાને લીધે કહો, પણ હું એ જીવલેણ આફતમાંથી બચ્યો અને પાછો અમદાવાદ જઈ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો.

અહીં એટલું સ્પષ્ટ કરું તો ઉચિત ગણાશે કે કુટુંબની સ્થિતિ ઘણી સાધારણ હોવાથી હું બાર વર્ષની ઉંમરે વિશેષ વિદ્યાભ્યાસ કરવા માટે અમદાવાદ શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયો હતો, અને ત્યાં સાત વર્ષ રહી ગુજરાત વિદ્યાપીઠનો વિનીત થયો હતો. આ વખતે ગ્રીષ્મ રજાઓ ચાલતી હતી, એટલે હું મારી માતા તથા બે બહેનોને મળવા માટે મૂળ વતનમાં આવ્યો હતો.

અમદાવાદમાં વિદ્યાભ્યાસ દરમિયાન એક વાર પર્યુષણપર્વમાં ગુરુમુખેથી ભગવાન મહાવીરનું ચરિત્ર પૂરેપૂરું સાંભળ્યું અને મારા

મનમાં તેમની એક મંગલમય મૂર્તિ અંકિત થઇ ગઇ. તે દિવસથી હું તેમનું સ્મરણ–વંદન–પૂજન અધિક કરવા લાગ્યો.

પછી ગ્રંથોનું વાંચન વધ્યું, તેમાં ભગવાન મહાવીરના ચરિત્ર સંબંધી પણ કેટલાક ગ્રંથો વાંચવામાં આવ્યા. એ વખતે એ વાત મારા લક્ષમાં આવી કે જો ભગવાન મહાવીરને બરાબર ઓળખવા હોય તો તેમણે ઉપદેશેલા સિદ્ધાંતોથી પૂરા પરિચિત થવું જોઈએ અને તેમણે આત્મશુદ્ધિ માટે જે ઉપાયો કામે લગાડ્યા હતા, તેનું પણ કંઈક અવલંબન લેવું જોઇએ. જેમણે કદી ઉપવાસ કે આયંબિલ કર્યો નથી, તે ભગવાનની તપશ્ચર્યાને શી રીતે સમજી શકે? જેમણે કદી કાયોત્સર્ગનું અવલંબન લીધું નથી, તે ભગવાનની ધ્યાનદશાને શી રીતે ન્યાય આપી શકે? એટલે મેં જૈન શાસ્ત્ર–સિદ્ધાંતોનું મનન–પરિશીલન કરવા માંડ્યું અને અમુક દિવસે ઉપવાસ કરી ભગવાનનું ધ્યાન ધરવા માંડ્યું. એ વખતે ચિત્તવૃત્તિઓની વિહ્વળતા ઘણી હતી, એટલે ધ્યાન તો શું જામે? પણ એ બાબતમાં થોડી થોડી એકાગ્રતા થવા લાગી અને ભગવાન મહાવીરના વ્યક્તિત્વ પ્રત્યે મારો અનુરાગ બંધાયો.

પરિણામે તેમના અંગે કંઈક લખવાની વૃત્તિ ઉદ્‌ભવી અને મેં બાળભોગ્ય શૈલિમાં '**પ્રભુ મહાવીર**' નામનું એક નાનકડું ચરિત્ર લખી નાખ્યું. એ ઘણા લોકોને પસંદ પડ્યું અને મુંબઇના શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડે તેને ધાર્મિક અભ્યાસક્રમમાં પણ દાખલ કર્યું. પરિણામે તેની આજ સુધીમાં આઠ કે નવ આવૃત્તિઓ થવા પામી છે. એક પર્યુષણમાં આ ચરિત્રનો પ્રચાર કરવાની ભાવના થતાં મેં તેની ૪૦૦૦૦ ચાલીશ હજાર નકલોનો પ્રચાર કર્યો હતો.

પછી એવો વિચાર આવ્યો કે ભગવાન મહાવીરની એક સર્વોપયોગી જીવનરેખા તૈયાર કરવી અને તેનો પ્રચાર કરવો, એટલે '**વિશ્વબંધુ પ્રભુ મહાવીર**' લખાયું અને તેની એક જ વર્ષમાં ૧૦૦૦૦૦ એક લાખ નકલો લોકોના હાથમાં મૂકી. તાજેતરમાં તેની

બીજી આવૃત્તિમાં ૧૧૦૦૦ અગિયાર હજાર નકલો બહાર પાડવામાં આવી હતી, તેનો ઉપાડ માત્ર એક જ દિવસમાં થઈ ગયો હતો.

આ ઉપરાંત ભગવાનના જન્મકલ્યાણકના દિવસે બોલવાનું તથા પ્રસંગોપાત્ત માસિકો વગેરેમાં લખવાનું ચાલુ હતું, એટલે તે અંગે ચિંતન-મનન વધતું જ રહ્યું.

એવામાં જ્યોતિ કાર્યાલય લીમીટેડ નામની જે પ્રકાશન-સંસ્થા મેં ઊભી કરી હતી, તે બંધ થવાનો પ્રસંગ આવ્યો અને હું ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયો. જો આ વખતે ભગવાન મહાવીરનાં વચનો મારા સ્મૃતિપટ પર આવ્યાં ન હોત તો મારું શું થાત? એ હું કહી શકતો નથી. આ વચનોનું મનન-પરિશીલન કરતાં જ મારું મન ઘેરા વિષાદમાંથી મુક્ત થયું. પછી તેમનું ધ્યાન ધરતાં નવો માર્ગ સૂઝ્યો અને મેં સાત વર્ષ સુધી એક આયુર્વેદીય ચિકિત્સક તરીકે-ખાસ કરીને માનસિક રોગોના ચિકિત્સક તરીકે કામ કર્યું. ત્યારબાદ સંયોગો અનુકૂળ થતાં પાછો સાહિત્યલેખન-પ્રકાશન ક્ષેત્રમાં આવી ગયો.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે નાનપણમાં વૈદ્યપુત્રની મિત્રતા થવાથી આયુર્વેદ પ્રત્યે શ્રદ્ધા બંધાણી હતી અને તેની સાથે વગડામાં જઈને હું જુદી જુદી વનસ્પતિઓને ઓળખતો હતો. તેમાં કેટલીક વનસ્પતિના ચમત્કારિક ગુણો મારા જાણવામાં આવ્યા હતા અને તેનો પ્રયોગ કરતાં સફળતા મળી હતી. અમદાવાદમાં વિદ્યા-ભ્યાસ કરતાં આયુર્વેદનું વાંચન વધ્યું હતું અને ત્યાર પછી એ વિષયના કેટલાક જાણકારોના સહવાસમાં આવતા મેં આયુર્વેદીય ચિકિત્સક તરીકે કામ કરવાની હામ ભીડી હતી. આજે હું મહારાષ્ટ્ર રાજ્યના રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશ્નરની યાદી પર છું અને વ્યવસાય તરીકે નહિ, પણ પ્રસંગોપાત્ત સાધુ-મુનિરાજ કે કોઈ સ્નેહી-સંબંધીની ખાસ પ્રસંગોમાં ચિકિત્સા કરીને આનંદ પામું છું. ગત

અષાડ માસમાં અયોધ્યા-સંસ્કૃતકાર્યાલયે મારી આ વિષયમાં નિપુણતા જોઈને **ભિષગ્રત્ન**ની પદવી અર્પણ કરી છે.

છેલ્લાં દશ-બાર વર્ષમાં ભગવાન મહાવીર અંગે ઘણું વાંચવા-વિચારવાના તથા લખવાના પ્રસંગો આવ્યા છે અને આજે પણ તેમની ઉપાસના એકધારી ચાલુ છે. આ સંયોગોમાં મારા અંતરમાં તેમના વચનો પ્રત્યે શ્રદ્ધા-પ્રેમ વિશ્વાસની અતૂટ લાગણી હોય, એમાં આશ્ચર્ય શું ?

ભગવાન મહાવીરનાં વચનો ખરેખર અમૃતતુલ્ય છે, કારણ કે તે વિષય અને કષાયરૂપી વિષનું શીઘ્ર શમન કરે છે અને તેનું પાન કરનારને અલૌકિક આનંદ આપે છે. વળી તેમાં જીવનસુધારણાની સામગ્રી ઠાંસી ઠાંસીને ભરેલી છે, એટલે જ્યારે પણ સમય મળે ત્યારે આ વચનોનો સ્વાધ્યાય અવશ્ય કરવો ઘટે છે.

આ પુસ્તકમાં જિનાગમોમાંથી ચૂંટી કાઢેલાં ભગવાન મહાવીરનાં ૧૦૦૮ વચનોનો સંગ્રહ ૪૦ ધારાઓમાં વ્યવસ્થિત કરીને, અર્થ તથા જરૂરી વિવેચન સાથે, મૂળ સ્થાનના સ્પષ્ટ નિર્દેશપૂર્વક રજૂ કરવામાં આવ્યો છે અને તેમાં ઘણા ઉપયોગી વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે. અન્ય શબ્દોમાં કહું તો જૈન ધર્મના આચાર-વિચારની તમામ મૌલિક સામગ્રી આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે, એટલે વિદ્યાર્થીઓ, વક્તાઓ, વિચારકો તથા લેખકોને તે એક યા બીજા રીતે ઘણી ઉપયોગી પૂરવાર થશે એમ માનું છું.

આ પુસ્તકમાં ભગવાન મહાવીરની ભાવનામય છબી રજૂ કરવામાં આવી છે. ઉપરાંત ઘણા અભ્યાસ તથા મંથનને પરિણામે તૈયાર થયેલી **ભગવાનના જીવનની ઐતિહાસિક રૂપરેખા** પણ આપવામાં આવી છે. વિશેષમાં ભગવાન મહાવીર, તેમનાં વચનો તથા આ ગ્રંથનો સત્કાર કરતાં લખાણો તથા કાવ્યો **સત્કાર વિભાગમાં** આપ્યાં છે.

તેમજ જૈન મહાપુરુષોએ, ભારતના અગ્રગણ્ય પુરુષોએ તથા વિદેશી વિદ્વાનોએ ભગવાન મહાવીરને જે ભાવભરી શ્રદ્ધાંજલિઓ સમર્પિત કરી છે, તેનો ઘણા પ્રયત્ને સંગ્રહ કરીને તથા કેટલીક નવી શ્રદ્ધાંજલિઓ મેળવીને **શ્રદ્ધાંજલિ વિભાગમાં** રજૂ કરવામાં આવી છે, તેથી ભગવાન મહાવીર વિષે જગતના વિચારકવર્ગની કેવી દૃષ્ટિ છે, કેવી સમજણ છે, તે જાણી શકાશે.

પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, પ. પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર્ય તથા મુનિવર્ય શ્રી કુંદકુંદવિજયજી આદિએ આ પ્રયાસના પ્રારંભમાં જ પોતાના મંગલ આશીર્વાદ તથા સહકાર આપીને મને ઉપકૃત કર્યો છે. મુંબઈના જૈન આગેવાનોએ વંદનામાં સહર્ષ ભાગ લઈને મારા આ પ્રયાસને સંગીન ટેકો આપ્યો છે, તેમને પણ કેમ ભૂલી શકું? વળી, ભારતના કેટલાક નામાંકિત વિદ્વાનોએ મારી માગણીને માન આપી શ્રી વીર વચનામૃતનો સત્કાર કરતાં જે કાવ્યો-સંદેશાઓ મોકલી આપ્યા છે, તેમનો પણ હું ઋણી છું. જેમણે આ પુસ્તકની અગાઉથી નકલો નોંધાવી છે, તેમને પણ મારે માનભેર યાદ કરવા જ રહ્યા. તેમના એ સહકારે મને પુસ્તકના વેચાણ સંબંધી ઠીક ઠીક નિશ્ચિંત કરી દીધો છે.

જૈન સમાજના સુપ્રસિદ્ધ દાનવીર શેઠ માણેકલાલ ચુનીલાલ મારા દરેક પ્રકાશન પ્રત્યે મમતા ભરી લાગણી પ્રકટ કરતા આવ્યા છે અને આ પ્રકાશનમાં પણ તેમણે એવી જ મમતા ભરી લાગણી પ્રકટ કરી સારો સહકાર આપ્યો છે, તે માટે તેમનો ખાસ આભાર માનું છું.


શ્રી નાગકુમાર મકાતીએ આ પ્રકાશન અંગે ઘણી મમતા પ્રકટ કરી હતી અને કેટલાંક ઉપયોગી સૂચનો પણ કર્યાં હતાં, પરંતુ તેઓ આજ સદેહે વિદ્યમાન નથી. તેમના આત્માને હું ચિર શાંતિ ઇચ્છું છું.

શ્રી રુદ્રદેવ ત્રિપાઠી, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી તાજમલ બોથરા, શ્રી મોતીલાલ વીરચંદ વગેરે મિત્રોએ આ પુસ્તકમાં અંગત રસ લઈને મને અનેક રીતે સહાય કરી છે, તથા શ્રી વિજયદેવસૂરસંઘ, શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી તથા શ્રી રમણીકચંદ મોતીચંદ ઝવેરીએ પોતાના વિશાળ ગ્રંથભંડારનો મને છૂટથી ઉપયોગ કરવા દીધો છે, તે માટે હું તેમનો ખાસ આભાર માનું છું.

આશા છે કે આ ગ્રંથનું નિત્ય-નિયમિત વાંચન પાઠકોની શ્રેય-સ્સાધનાને વધુ તેજસ્વી બનાવશે.

વિ. સં. ૨૦૧૮
વિજ્યાદશમી
મુંબઈ

સેવક
ધીરજલાલ ટોકરશી શાહ



ભગવાન મહાવીરના જીવનની

ઐતિહાસિક રૂપરેખા

***

૧–જન્મ અને જન્મસ્થાન

ભગવાન મહાવીરનો જન્મ વિક્રમાબ્દ પૂર્વે ૫૪૩માં અને ઈસ્વીસન પૂર્વે ૫૯૯ માં × પૂર્વભારતમાં, વિદેહ જનપથમાં, કુંડગ્રામમાં, ચૈત્ર સુદિ ૧૩ ની મધ્યરાત્રિએ થયો હતો.

પૂર્વભારત એટલે બિહાર–બંગાળ તરફનો પ્રદેશ.

વિદેહ જનપથ એટલે ઉત્તર બિહારનો અમુક ભાગ. એ વખતે તેની સીમા ઉત્તરમાં નગાધિરાજ હિમાલયની તળેટી સુધી, દક્ષિણમાં ગંગા નદીના કિનારા સુધી, પશ્ચિમમાં કોશલ, કુસિનારા અને પાવાનાં રાજ્યો સુધી અને પૂર્વમાં ચંપારણ્યના પ્રદેશ સુધી વિસ્તરેલી હતી. આ પ્રદેશ વનોપવનો, હરિયાળાં ખેતરો અને નાનાં મોટાં જલાશયોથી

× ભગવાન મહાવીરનું નિર્વાણ વિક્રમાબ્દ પૂર્વે ૪૭૦ મા વર્ષે થયું હતું. તેમનું આયુષ્ય ૭૨ વર્ષથી અધિક હતું, એટલે વિક્રમાબ્દ પૂર્વે ૪૭૦+૭૨+૧=૫૪૩ વર્ષે તેમનો જન્મ થયો હતો. વિક્રમાબ્દમાં અને ઈસ્વીસનમાં ૫૬ વર્ષનો ફેર છે, એટલે તેમનો જન્મ ઈસ્વીસન પૂર્વે ૫૯૯માં થયો હતો.

અત્યંત રળિયામણો હતો અને પ્રાચીનકાલમાં થઈ ગયેલા અનેક તત્ત્વજ્ઞ મહાપુરુષોને લીધે 'તત્ત્વજ્ઞોની ભૂમિ' તરીકે ખ્યાતિ પામેલો હતો.

ભગવાન મહાવીર વિદેહ જનપથમાં જન્મ્યા હતા, એનું પ્રમાણ કલ્પસૂત્રમાં તેમજ આચારાંગ સૂત્રના ભાવનાધ્યયનમાં આવતાં विदेहे विदेहजच्चे અને विदेहसुकुमाले એ વિશેષણો પરથી મળે છે. ટીકાકારોએ આ શબ્દોનો અર્થ જુદી જુદી રીતે કર્યો છે, પણ તેનો વાસ્તવિક અર્થ વિદેહવાસી, વિદેહના ઉત્તમ પુરુષ અને વિદેહના સુકુમાર પુરુષ એવો થાય છે. દિગમ્બરગ્રંથ દશભક્તિ, હરિવંશપુરાણ વગેરેમાં તો વિદેહ જનપથનો સ્પષ્ટ નિર્દેશ છે.

કુંડગ્રામ ગંડકી નદીના પૂર્વ કિનારે આવેલું હતું. તે ધનધાન્યથી સમૃદ્ધ હતું, હાટહવેલીથી સુશોભિત હતું અને બાગબગીચાને લીધે અનેરી શોભા ધારણ કરતું હતું. તેની વસ્તીનો અધિકાંશ ભાગ બ્રાહ્મણો અને ક્ષત્રિયોનો હતો. બ્રાહ્મણો તેમના વિભાગમાં રહેતા હતા, ક્ષત્રિયો તેમના વિભાગમાં રહેતા હતા. આ બંને વિભાગો અનુક્રમે **બ્રાહ્મણકુંડ** તથા **ક્ષત્રિયકુંડ** નામે ઓળખાતા હતા. ભગવાન મહાવીરનો જન્મ આ ક્ષત્રિયકુંડના ઉત્તર ભાગમાં થયો હતો, એમ આચારાંગસૂત્રમાં જણાવેલું છે.

આ વખતે વિદેહ જનપથમાં **વજ્જીઓનું** ગણસત્તાક રાજ્ય ચાલતું હતું અને તેની રાજધાનીનું શહેર વૈશાલી હતું. તેનો વૈભવ તથા વિસ્તાર ઘણો હતો. કવિઓની

ભાષામાં કહીએ તો તે લિચ્છવિ ક્ષત્રિયોનું અમરાપુરી હતું. તે કુંડગ્રામથી થોડા માઈલના અંતરે ગંડકી નદીના પૂર્વે કિનારે જ આવેલું હતું.

ગંડકી નદીના પશ્ચિમ કિનારે કુર્માર ગ્રામ, કોલ્લાગ સંનિવેશ, વાણિજ્યગ્રામ વગેરે થોડા થોડા માઈલના અંતરે આવેલાં હતાં. તે બધાનો રોજિંદો વ્યવહાર વૈશાલી તથા કુંડગ્રામ સાથે ઘણો હતો.

પટણાથી સત્તાવીશ માઈલ દૂર મઝફરપુર જિલ્લામાં આવેલું **બસાઢ** એ જ પ્રાચીન વૈશાલીનું સ્થાન છે, એ તરફ સહુથી પ્રથમ લક્ષ ડૉ. કનિંગહામનું ગયું. પછી અન્ય ઈતિહાસકારોએ તેમને પુષ્ટિ આપી અને હવે તો ભારતના પુરાતત્ત્વખાતાએ ત્યાં ખોદકામ કરાવતાં એવાં પ્રમાણો મળી આવ્યાં છે કે જેને આપણે એક સિદ્ધ હકીકત જ માનવી પડે.

૨–માતા–પિતાદિ

ભગવાન મહાવીરનો જન્મ એક સંસ્કારી ધર્મપ્રિય રાજકુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ **સિદ્ધાર્થ** હતું અને માતાનું નામ **ત્રિશલા** હતું.

સિદ્ધાર્થ જ્ઞાતવંશીય ક્ષત્રિય હતા, કાશ્યપ ગોત્રના હતા અને શૂરવીરતા, ઉદારતા આદિ ગુણોને લીધે ખૂબ લોકપ્રિય થયેલા હતા. લોકો તેમને શ્રેયાંસ કે યશસ્વી પણ

કહેતા હતા. તેઓ પોતાના ગણ ઉપર પૂર્ણ સ્વામિત્વ ભોગવનાર રાજા હતા.

અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે વજ્જી ગણુસત્તાકમાં નાના મોટા અનેક રાજાઓ જોડાએલા હતા. બૌદ્ધ ગ્રંથ જાતકકથા મુજબ તેની સંખ્યા ૭૭૦૭ ની હતી, પરંતુ આટલી મોટી સંખ્યા સાથે મળીને દેશનો કારભાર ચલાવી શકે નહિ, એટલે તેમાંથી કેટલાકને આ કામ માટે ખાસ ચૂંટી કાઢવામાં આવ્યા હતા. તેઓ અમુક અમુક વખતે વૈશાલીમાં સંધાગાર નામના રાજભુવનમાં એકઠા થતા, રાજકીય અને સામાજિક બાબતો અંગે ચર્ચા-વિચારણા કરતા અને છેવટે કેટલાક નિર્ણયો કરતા. આ નિર્ણય અનુસાર જ વિદેહનું શાસન ચાલતું હતું. વળી થયેલા નિર્ણયોના અમલ ઉપર દેખરેખ રાખવા માટે તથા બીજા અગત્યના કામકાજ માટે આ રાજાઓમાંથી આઠ કે નવ જણની એક કારોબારી નીમી હશે અને તેમાં શુદ્ધ આર્યવંશી ગણાતા કુલોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હશે, એમ લાગે છે.

પ્રજ્ઞાપના અને સ્થાનાંગસૂત્રમાં ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, જ્ઞાત, અને કૌરવ એ છ વંશોની ગણના શુદ્ધ આર્યવંશોમાં કરી છે. પરંતુ ઇતિહાસકારોએ, ખાસ કરીને મિશ્રબંધુઓએ તેનાં નામો આ પ્રકારે ગણાવ્યાં છેઃ (૧) વિદેહ, (૨) લિચ્છવિ, (૩) જ્ઞાત્રિક, (૪) વજ્જી, (૫) ઉગ્ર, (૬) ભોગ, (૭) ઐક્ષ્વાકુ અને (૮) કૌરવ.

એટલે જ્ઞાતૃવંશ શુદ્ધ આર્યવંશી હતો, એમાં કોઈ સંદેહ નથી. કેટલાકે તેને ઇક્ષ્વાકુ વંશની જ એક શાખા બતાવી છે, તે પણ ઘણું સંભવિત છે. ×

નિરયાવલિકાસૂત્રમાં જણાવ્યા મુજબ વજ્જીઓના આ ગણસત્તાકનો અધિનાયક ચેટકરાજ હતો, જે વાસિષ્ઠ ગોત્રનો લિચ્છવિ ક્ષત્રિય હતો.

આ પરાક્રમી કુલાભિમાની રાજાએ પોતાની વિદ્યાકલા-પ્રિય અને ધર્મનિષ્ઠ ભગિનીનો વિવાહ રાજા સિદ્ધાર્થ સાથે કર્યો હતો, એટલે માનવાને કારણ મળે છે કે સિદ્ધાર્થ રાજા વજ્જિઓના સંઘમાં જ્ઞાતવંશીય ક્ષત્રિયોના પ્રતિનિધિ તરીકે સહુથી ઊંચી સમિતિમાં બિરાજતા હશે અને તેથી વિદેહના ક્ષત્રિયસમાજમાં તેમની પ્રતિષ્ઠા ઘણી જામેલી હશે. જો તેઓ વિદેહના ૭૭૦૭ રાજા પૈકીના જ એક હોત તો ચેટકરાજ તેમને પોતાની ભગિની કદી પણ આપત નહિ. આગળ પર સિદ્ધાર્થ રાજાના પુત્ર નંદિવર્ધનને તે પોતાની પુત્રી પરણાવે છે, એ પરથી પણ સિદ્ધાર્થ રાજાનો માન-મરતબો ઘણો હશે, એ નિશ્ચિત છે.

× શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થસૂત્રની કારિકામાં જણે જ્ઞાતેક્ષ્વાકૂષુ સિદ્ધાર્થનરેન્દ્રકૂલદીપઃ એમ જણાવ્યું છે. આવશ્યકચૂર્ણિમાં 'णाता णाम जे उसभसामिस्स सयणिज्जणा ते णातवंसा–એવો ખુલાસો મળે છે અને શ્રી જિનપ્રભસૂરિએ કલ્પસૂત્રની સન્દેહવિષૌધિ-વૃત્તિમાં સ્પષ્ટ કર્યું છે કે ' तत्र ज्ञाताः श्रीऋषभस्वजनवंशजाः इक्ष्वाकु-वंश्या एव ' ' ज्ञाता इक्ष्वाकुवंशविशेषाः । "

ભગવાન મહાવીરને **નંદિવર્દ્ધન** નામે એક મોટા ભાઈ હતા અને **સુદર્શના** નામે એક મોટી બહેન હતી. તેઓ તેમના માતાપિતાના ત્રીજા અને છેવટના સંતાન હતા.

૩–નામકરણ

ભગવાન મહાવીરનું મૂળ નામ વર્ધમાન હતું. તેઓ માતાના ગર્ભમાં આવ્યા, ત્યારથી સિદ્ધાર્થ રાજાના ઐશ્વર્યમાં તથા સ્નેહ–સત્કારાદિમાં ક્રમશ : વૃદ્ધિ થઈ હતી, તેથી માતાપિતાએ તેમનું આવું ગુણનિષ્પન્ન નામ પાડયું હતું. તેમણે આગળ જતાં, યોગસાધના વખતે પરીષહાદિ જિતવામાં ઘણી જ વીરતા બતાવી હતી, તેથી ભારતની જનતાએ તેમને '**મહાવીર**' તરીકે સંબોધ્યા હતા અને પછી એ નામ જ લોકજિહ્વાએ ચડી રૂઢ બની ગયું હતું.

તેઓ જ્ઞાતવંશમાં જન્મ્યા હતા, તેથી જ્ઞાતપુત્ર અર્થાત્ **નાયપુત્ત** કે **નાત્તપુત્ત** પણ કહેવાયા હતા અને કાશ્યપ વંશના હતા, એટલે કાશ્યપ તરીકે પણ ઓળખાયા હતા. વળી વૈશાલિના વિશેષ સંપર્કમાં આવેલા હોવાથી કોઈક તેમને વૈશાલિક પણ કહેતા હતા અને શ્રમણકુલમાં શ્રેષ્ઠ હોવાને લીધે કેટલાક તેમને શ્રમણ ભગવાન મહાવીર તરીકે પણ સંબોધતા હતા.

૪–બાલ તથા કુમારજીવન

ભગવાન મહાવીરનું બાલ તથા કુમારજીવન વૈભવભર્યા રાજમહેલમાં વ્યતીત થયું હતું.

કલ્પસૂત્રમાં તેમને **દક્ખે, દક્ખપઇન્ને, પડિરૂવે, આલીણે, ભદ્દએ** અને **વિણીએ** એ છ વિશેષણો લગાડવામાં આવ્યાં છે, તે પરથી તેમના સ્વભાવ વગેરે પર કેટલોક પ્રકાશ પડે છે.

તેઓ દક્ષ હતા, અટલે સર્વ કલામાં કુશલ હતા. તેઓ દક્ષપ્રતિજ્ઞ હતા, એટલે લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનારા હતા. **પ્રતિરૂપ** હતા, એટલે આદર્શ રૂપવંત હતા. **આલીન** હતા, એટલે કૂર્મવત્ આત્મગુપ્ત હતા. **ભદ્રક** હતા, એટલે સુલક્ષણા હતા.× અને **વિનીત** હતા, એટલે માતા; પિતા, વડીલો વગેરેનો વિનય કરનારા હતા.

અન્ય ગ્રંથો પરથી એમ સમજાય છે કે તેઓ નાનપણથી જ ઘણા નિર્ભય હતા અને સર્પ, વીંછી, વાઘ, વરૂ, તેમજ ભૂત, પ્રેત, વ્યંતર, યક્ષ, પિશાચ આદિથી જરા પણ ભય પામતા ન હતા. વળી તેમનું શરીર ઘણું સુદૃઢ હતું.

શ્રી હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરા ચૈત્યવંદનવૃત્તિમાં જણાવ્યું છે કે 'તીર્થંકરના આત્માઓ અનાદિકાલથી આ

× ટીકાકારોએ આલીનનો અર્થ સર્વગુણો વડે આલિંગાએલા અને ભદ્રકનો અર્થ સરલ સ્વભાવી કર્યો છે, પણ તેના કરતાં આ અર્થો વધારે સંગત છે. ઇતિહાસમહોદધિ આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિ તથા કલ્પસૂત્રનું બંગાળી ભાષાંતર કરનાર વસંતકુમાર ચટોપાધ્યાય એમ. એ. એ આ અર્થ સ્વીકારેલો છે. જુઓ તીર્થંકર મહાવીર ભાગ ૧ લો, પૃ ૭૯.

સંસારમાં પરોપકાર કરવાના વ્યસનવાળા, સ્વાર્થને ગૌણ કરનારા, સર્વત્ર ઉચિત ક્રિયાને આચરનારા, દીનતા વિનાના, સફલ કાર્યનો જ આરંભ કરનારા, અપકારિ જન ઉપર પણ અત્યંત ક્રોધને ધારણ કરનારા, કૃતજ્ઞતા ગુણના સ્વામી, દુષ્ટ વૃત્તિઓથી નહિ હણાયેલા ચિત્તવાળા, દેવ અને ગુરુનું બહુમાન કરનારા અને ગંભીર આશયને ધારણ કરનારા હોય છે, તેમજ તેમનું સહજ તથાભવ્યત્વ સામગ્રીના યોગે પરિપક્વ થતું જાય છે, તેમ તેમ તેમની ઉત્તમતા બહાર આવતી જાય છે.' એ રીતે ભગવાન મહાવીરમાં આ બધા ગુણો ઉત્કૃષ્ટભાવે ખીલ્યા હતા, એમ માનીએ તો ખોટું નથી.

ભગવાન મહાવીરે ત્રીશ વર્ષની ઉંમરે એક બ્રાહ્મણની માગણી પરથી પોતાનું અર્ધું વસ્ત્ર દાનમાં આપી દીધું, એ પરથી એમ લાગે છે કે તેઓ નાનપણથી જ ઘણા દયાળુ, દાની તથા પરોપકારી હશે અને તેને લગતી અનેક નોંધપાત્ર ઘટનાઓ તેમના જીવનમાં બનવા પામી હશે, પણ તેનો વ્યવસ્થિત સંગ્રહ નહિ થવાનાં કારણે આપણે તે જાણી શકતા નથી.

૫-શિલ્પશાળા

બૌદ્ધ ગ્રંથ ઓપમ્મસંયુત્તની અઠ્ઠકથા પરથી જણાય છે કે એ વખતે વિદેહમાં ક્ષત્રિયકુમારોને તાલીમ આપવા માટે ખાસ શિલ્પશાળાઓ હતી. તેમાં ક્ષત્રિયકુમારોને વિવિધ પ્રકારની કલાઓ શીખવવામાં આવતી, (અક્ષરજ્ઞાન

અને વ્યવહારોપયોગી ગણિતનો તેમાં સમાવેશ થતો) યુદ્ધવિદ્યાના સિદ્ધાંતો તથા પ્રયોગોનું જ્ઞાન આપવામાં આવતું અને ધનુર્વિદ્યાની ઉચ્ચ કોટિની તાલીમ આપવામાં આવતી. પરિણામે ક્ષત્રિયકુમારો યુદ્ધમાં અતિ કુશલ થતા અને અક્ષણુવેધી તથા વાલવેધી બનતા, એટલે કે ક્ષણુમાત્રમાં કોઈ વસ્તુનો વેધ કરી શકતા અને વાળ જેવી અતિ બારીક વસ્તુનું નિશાન લઈ શકતા.

ક્ષત્રિયોની અધિક વસ્તીના કારણે કુંડગ્રામમાં–ક્ષત્રિયકુંડમાં આવી શિલ્પશાળા હશે જ અને તે ત્યાંના ક્ષત્રિયકુમારોને ઉપર જણાવ્યા મુજબની સઘળી તાલીમ આપતી હશે, પરંતુ તેણે ભગવાન મહાવીરને કંઈ તાલીમ આપી હશે કે કેમ? અને આપી હોય તો કેટલી તાલીમ આપી હશે? એ કહેવું મુશ્કેલ છે; કારણકે લઘુ અવસ્થામાં પણ તેમનો જ્ઞાનરાશિ ઘણો પ્રદીપ્ત હતો અને તેઓ યુદ્ધવિદ્યા તથા ધનુર્વિદ્યા જેવી હિંસક વિદ્યાને ચાહતા ન હતા. તેઓ તો 'જે મુક્તિ આપે તે જ સાચી વિદ્યા' અથવા 'બ્રહ્મ જ્ઞાન–આત્મજ્ઞાન તે જ સાચું જ્ઞાન' એ સિદ્ધાંતમાં માનનારા હતા અને તેથી એવી વિદ્યા–એવું જ્ઞાન મેળવવાની વિશેષ રુચિવાળા હતા.

૬–લગ્નજીવન

ભગવાન મહાવીર યૌવન વયમાં આવ્યા, ત્યારે તેમના અંતરમાં વૈરાગ્યની વેલડી પાંગરી રહી હતી અને તેથી તેમની ઇચ્છા વિવાહિત થવાની ન હતી, પણ માતાના

આગ્રહને વશ થઈ તેમણે સમરવીર નામના એક મહા સામંતની પુત્રી **યશોદા**નું પાણિગ્રહણ કર્યું. કાલક્રમે તેમને એક પુત્રીરત્ન પ્રાપ્ત થયું, અને તેનું નામ **પ્રિયદર્શના** પાડવામાં આવ્યું.

આ પુત્રી મોટી થતાં તેનાં લગ્ન તેજ નગરમાં જમાલિ નામના ક્ષત્રિયકુમાર સાથે કરવામાં આવ્યાં કે જે ભગવાનની બહેન સુદર્શનાનો પુત્ર હતો.

આ વખતે કેટલાંક ક્ષત્રિયકુલો મામાની પુત્રીને ગમ્ય ગણી તેની સાથે લગ્ન કરતાં. જ્ઞાતકુલ તેમાંનું એક હતું. ભગવાનના વડીલ બંધુ શ્રી નંદિવર્ધને પણ પોતાના મામા ચેટકની પુત્રી જ્યેષ્ઠા સાથે લગ્ન કર્યું હતું.

પ્રિયદર્શનાને જન્મ આપ્યા, પછી થોડા જ વખતે શ્રી યશોદાદેવી સ્વર્ગવાસી થયા હોય એમ લાગે છે, કારણ કે આગળ તેમના સંબંધી કોઈ ઉલ્લેખ આવતો નથી.

૭–સંસારનો ત્યાગ

ભગવાન મહાવીરને ભોગમાર્ગ છોડી યોગમાર્ગ અંગીકાર કરવાની અને તે અંગે સંસાર છોડવાની ઇચ્છા તો ઘણા વખતથી હતી, પણ આવું પગલું ભરતાં માતાપિતાના વાત્સલ્યપૂર્ણ કોમલ હૃદયને ભારે ચોટ પહોંચશે, એમ માની તેઓ ચૂપ બેઠા હતા. યોગ્ય સમયની પ્રતીક્ષા કરવી, એ સત્પુરુષોનું લક્ષણ છે.

તેમની આ ચિરપિપાસિત ઇચ્છા અમલમાં મૂકવાનો

પ્રસંગ અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે પ્રાપ્ત થયો કે જ્યારે તેમના માતાપિતા બંને સ્વર્ગે સીધાવી ગયા. પરંતુ તે અંગે સ્વજનોની અનુમતિ માગતાં વાતાવરણ હૃદયદ્રાવક બની ગયું. નંદિવર્દ્ધન ગળગળા થઈને કહેવા લાગ્યા કે 'માતાપિતાનો દારુણ વિયોગ તો હજી તાજો જ છે, ત્યાં તમે અમને છોડી જવાની વાત કેમ કરો છો ? તમારો વિયોગ અમારાથી જરા પણ સહન થઈ શકશે નહિ. ઓછામાં ઓછા બે વર્ષ તો અમારી સાથે રહો. પછી તમને ઉચિત લાગે તેમ કરજો.'

ભગવાનનું હૃદય આ વખતે વૈરાગ્યથી ભરપૂર હોવા છતાં તેમણે વડીલનું માન રાખ્યું અને બે વર્ષ થોભી જવાનો નિર્ણય કર્યો, પણ પોતાનું જીવન તો તે જ દિવસથી એક ત્યાગીને અનુરૂપ બનાવી દીધું.

બાર માસ પછી તેમણે પોતાનો સઘળો પરિગ્રહ ઓછો કરવા માંડ્યો અને સગાંવહાલાં વગેરેને જે વસ્તુઓ આપવા જેવી હતી તે તે આપી દીધી. એમ કરતાં જે વધ્યું તે ગરીબ–ગરબાંને તથા જરૂરીઆતવાળાને સ્વહસ્તે વહેંચી દીધું. કલ્પસૂત્રમાં 'दाणं दायारेहिं परिभाइत्ता, दाणं दाइयाणं परिभाइत्ता' એ શબ્દો વડે આ વસ્તુ સૂચિત કરવામાં આવી છે.

ત્રીશ વર્ષની ઉંમરે તેમણે સંસાર છોડ્યો અને યોગમાર્ગ ગ્રહણ કર્યો. એ હતો કારતક વદિ ૧૦નો દિવસ, મારવાડી મિતિ પ્રમાણે માગસર વદિ ૧૦નો દિવસ.

૮–યોગસાધના

યોગમાર્ગ વિના આત્મશુદ્ધિ નથી, આત્માનો સાક્ષાત્કાર નથી, મુક્તિ કે નિર્વાણ નથી, એમ જાણી ભગવાન મહાવીરે તેનો સ્વીકાર કર્યો હતો.

ભોગ અને ઐશ્વર્યનો ત્યાગ કર્યા વિના યોગદીક્ષા લઈ શકાતી નથી, એટલે તેમણે સર્વ પ્રકારની ભોગલાલસા છોડી દીધી હતી અને સર્વ ઐશ્વર્યનો ત્યાગ કરી એક નિર્ગ્રંથની અર્થાત્ શ્રમણની વૃત્તિ સ્વીકારી હતી.

જ્યાં સુધી પાપકારી પ્રવૃત્તિઓ પર પૂર્ણ પ્રતિબંધ ન મૂકાય ત્યાં સુધી આત્મા પવિત્ર–શુદ્ધ–સ્વચ્છ થતો નથી, એટલે તેમણે યોગદીક્ષાનો સ્વીકાર કરતી વખતે સર્વ પાપકારી પ્રવૃત્તિઓનો (સાવદ્યયોગોનો) મન–વચન–કાયાથી ત્યાગ કર્યો હતો.

યોગની સાધના યમપૂર્વક જ સફળ નીવડે છે, એટલે તેમણે યોગસાધનાના પ્રારંભમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમો (મહાવ્રતો) ધારણ કર્યાં હતાં અને તેનું અપ્રમત્તભાવે પાલન કરતા હતા.

યમોની સાથે કેટલાક નિયમોની પણ આવશ્યકતા છે, એટલે તેમણે રાત્રિભોજનત્યાગ વગેરે કેટલાક નિયમો ગ્રહણ કર્યા હતા અને આવશ્યકતા મુજબ તેમાં ઉમેરો કર્યો હતો. દાખલા તરીકે એક તાપસના આશ્રમમાં કંઈક કડવો અનુભવ થતાં તેમણે નીચેના પાંચ નિયમો ધારણ

કર્યા હતાઃ (૧) અપ્રીતિ થાય તેવા સ્થાનમાં રહેવું નહિ. (૨) બને તેટલું ધ્યાનમાં રહેવું. (૩) બને તેટલું મૌન રાખવું. (૪) ભોજન હાથથી જ કરવું અને (૫) ગૃહસ્થનો વિનય કરવો નહિ, અર્થાત્ તેની ખુશામત કરવી નહિ.

ભગવાન દક્ષપ્રતિજ્ઞ હતા, એટલે તેમણે આ નિયમો બરાબર પાળ્યા હતા.

યોગ તો અભ્યાસથી જ સિદ્ધ થાય છે, એમ જાણી તેઓ યોગાભ્યાસમાં દત્તચિત્ત રહેતા હતા અને તેની પ્રક્રિયાઓ એક પછી એક સિદ્ધ કરતા હતા. ભગવાન એમ માનતા હતા કે આસનસિદ્ધિ વિના કાયયોગમાં સ્થિરતા થવી મુશ્કેલ છે. વળી શીત, તાપ, પવન, ધુમ્મસ તથા અનેક પ્રકારના જંતુઓ વડે થતાં ઉપદ્રવમાં ખેદરહિત બનવા માટે પણ તેની ઘણી ઉપયોગિતા છે, તેથી તેમણે સહુથી પહેલું લક્ષ આસનસિદ્ધિ પર આપ્યું હતું અને કેટલાંક આસનો સિદ્ધ કરી લીધાં હતાં. તે અંગે આચારાંગ-સૂત્રમાં લખ્યું છે કે 'ભગવાન ચાંચલ્યરહિતપણે અનેક પ્રકારના આસનોએ સ્થિત થઇ ધ્યાન ધરતા અને સમાધિ-દક્ષ તથા આકાંક્ષા વિનાના થઈને ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ લોકનો વિચાર કરતા.'

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીસમા અધ્યયનમાં કહ્યું છે કે—

ઠાણા વીસરાણાઈયા, જીવસ્સ ઉ સુહાવહા ।
ઉગ્ગા જહા ધરિજ્જંતિ, કાયકિલેસં તમાહિયં ॥૨૭॥

' વીરાસનાદિ આસનો જીવથી સુખે કરી શકાય એવાં છે. તે જ્યારે ઉગ્ર રીતે ધારણ કરવામાં આવે ત્યારે કાયકલેશ નામનું તપ ગણાય છે. '

આ પરથી એમ લાગે છે કે ભગવાન વીરાસન, પદ્માસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન વગેરે સરળ આસનોને વધારે પસંદગી આપતા હશે અને તેમાં લાંબા સમય સુધી સ્થિત થતા હશે.

ભગવાન ઘણી વાર કાયોત્સર્ગાસને પણ રહેતા હતા અને તે વખતે બંને પગ સીધા ઊભા રાખી, આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં તેથી કંઈક ઓછું અંતર રાખતા હતા. વળી પોતાના બંને હાથને ઇક્ષુદંડની જેમ સીધા લટકતા રાખતા હતા.

નિર્ગ્રંથ મુનિઓ ભગવાનના પગલે ચાલી જુદા જુદા આસનો સિદ્ધ કરતા હતા, તેનું પ્રમાણ બૌદ્ધ ગ્રંથોમાંથી પણ મળે છે.

ભગવાને શ્વાસરુંધન રૂપ પ્રાણાયમની ક્રિયાને વિશેષ મહત્ત્વ આપ્યું ન હતું. તેઓ એમ માનતા હતા કે પ્રાણ-વાયુના નિગ્રહથી કદર્થના પામેલું મન જલ્દી સ્વસ્થ થતું નથી. આવશ્યકનિર્યુક્તિમાં ' उस्सासं न निरुंभइ–ઉચ્છ્વાસનો–શ્વાસોચ્છ્વાસનો બળાત્કારે નિરોધ કરવો નહિ ' વગેરે વચનો આવે છે, તેનાથી આ વસ્તુ સ્પષ્ટ થાય છે. પરંતુ તેઓ ભાવપ્રાણાયમને તો જરૂર મહત્ત્વ આપતા હતા. બહિરાત્મભાવનો રેચક, અંતરાત્મભાવનો પૂરક અને સ્થિર

તાનો કુંભક એ ત્રણ બાબતો મુખ્ય હતી. શ્રી હરિભદ્ર-સૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચયની ચોથી દૃષ્ટિમાં આ ભાવપ્રાણા-યમનું વર્ણન કરેલું છે.

પાંચે ઇન્દ્રિયોના વિષયમાંથી મનને ખેંચી લેવું અને પોતાની ઇચ્છા હોય ત્યાં સ્થાપન કરવું, તેને પ્રત્યાહારની ક્રિયા કહેવામાં આવે છે. સામાન્ય મનુષ્ય માટે આ ક્રિયા ઘણી અઘરી છે, કારણ કે તેનું મન, બળખામાં માખી ચોટી જાય તેમ, ઇન્દ્રિયોના વિષયોમાં ચોટેલું રહે છે અને તેમાંથી કેમે કર્યું અલગ પડતું નથી. પરંતુ ભગવાનનું મન સંવૃત હતું અને તેમને પુદ્ગલનો સંગ જરાએ ગમતો ન હતો, એટલે આ ક્રિયા ઝડપથી સિદ્ધ થઈ હતી. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે 'કષાય વિનાના, લાલચ વિનાના, શબ્દ અને રૂપમાં મૂર્છા વિનાના તથા સાધક દશામાં પ્રરાક્રમ કરતા તે ભગવાન જરા પણ પ્રમાદ ન કરતા. તે પોતાની મેળે સંસારનું સ્વરૂપ સમજીને આત્મ-શુદ્ધિમાં સાવધાન રહેતા.'

ભગવાને આટલો યોગાભ્યાસ કર્યા પછી ધારણાને સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો અને તે માટે ભદ્રા, મહાભદ્રા અને સર્વતોભદ્રા નામની પ્રતિમાઓ અંગીકાર કરી હતી. ભદ્રાપ્રતિમાનો વિધિ એવો છે કે બે દિવસનો નકોરડો ઉપવાસ અંગીકાર કરીને પ્રાતઃકાલમાં પૂર્વાભિમુખ થઈને કોઈ એક પદાર્થ ઉપર જ દૃષ્ટિ સ્થિર રાખવી. પછી રાત પડયે દક્ષિણ દિશા તરફ મુખ રાખીને એ જ પ્રમાણે બીજા

કોઈ પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થિર રાખવી. બીજા દિવસે સવાર થતાં પશ્ચિમ દિશામાં મુખ રાખીને અને સાંજે ઉત્તર દિશામાં મુખ રાખીને એજ પ્રમાણે કોઈ પણ વસ્તુ પર દૃષ્ટિ સ્થિર રાખવી. તાત્પર્ય કે આમાં લાગટ બાર કલાક સુધી એક પદાર્થ પર ધારણા કરવાની હોય છે અને એ પ્રયોગ અડતાલીસ કલાક સુધી ચાલુ રાખવાનો હોય છે. આપણે એક વસ્તુ પર વધારેમાં વધારે કેટલા વખત સુધી દૃષ્ટિ સ્થિર રાખી શકીએ છીએ, તેનો વિચાર કરો તો આ વસ્તુનું મહત્ત્વ સમજાશે. ભગવાને આ પ્રયોગ લગભગ દશ વર્ષના યોગાભ્યાસ પછી શ્રાવસ્તી નગરીની બાજુમાં આવેલ સાનુયષ્ઠિક નામના ગામમાં કર્યો હતો અને તેમાં સફલતા મેળવી હતી.

મહાભદ્ર પ્રતિમામાં એક દિશામાં ચોવીશ કલાક રહેવાનું હોય છે અને તેટલો વખત કોઈ પણ એક પદાર્થ પર દૃષ્ટિ સ્થિર કરવાની હોય છે. છન્નુ કલાકના નકોરડા ઉપવાસપૂર્વક આ પ્રતિમા પૂરી થાય છે. ભગવાન તેમાં પણ પાર ઉતર્યા હતા.

સર્વતોભદ્રપ્રતિમાનો વિધિ તો ઘણો જ કઠિન છે. તેમાં ચાર દિશા, ચાર વિદિશા, ઊર્ધ્વ દિશા અને અધોદિશા એમ કુલ દશ દિશામાં એક એક અહોરાત્ર સુધી દૃષ્ટિને સ્થિર કરીને રહેવાનું હોય છે અને દસે દિવસ નકોરડા ઉપવાસ કરવાના હોય છે. ભગવાન તેમાં પણ વિજયી થયા હતા.

ભગવાન પોતાના મનને નવરું રાખતા નહિ. કાં તેને અનુપ્રેક્ષા એટલે તત્ત્વચિંતનમાં જોડતા અને કાં તેને ધર્મધ્યાનમાં લગાડતા. ધારણા સિદ્ધ થવાથી તેમના ધર્મધ્યાનમાં ઘણી સ્થિરતા અને ઉજ્જવલતા આવી હતી. પછી તો તેઓ આત્માના શુદ્ધોપયોગરૂપ શુકલ ધ્યાન ધરવાને સારી રીતે શક્તિમાન થયા હતા.

શુકલ ધ્યાનની પ્રથમ ભૂમિકાએ શ્રતજ્ઞાનના આલંબનપૂર્વક કોઈ પણ એક દ્રવ્યગત પર્યાયોના ભેદનો વિવિધતાપૂર્વક વિચાર કરવાનો હોય છે. તે ભૂમિકા ભગવાને ટૂંક સમયમાં પસાર કરી હતી.

શુકલ ધ્યાનની બીજી ભૂમિકાએ શ્રતજ્ઞાનનાં આલંબનપૂર્વક દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવાનું હોય છે અને અહીં જ મનની સઘળી વૃત્તિઓનો લય થતાં કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેનાથી આત્મા ભૂત, ભવિષ્ય તથા વર્તમાનકાલીન સર્વ વસ્તુઓના સર્વ પર્યાયો જાણી-જોઈ શકે છે, અર્થાત્ સર્વજ્ઞની કોટિમાં બિરાજે છે.

ભગવાન મહાવીર જૃંભિક ગામની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તર કિનારા ઉપર આવેલ કોઈ દેવાલયની સમીપે, શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમાં, શાલ વૃક્ષની નીચે, ઉત્કટિકાસને બેસીને, છઠ્ઠની (બે લાગલગાટ ઉપવાસની) તપશ્ચર્યા પૂર્વક ધ્યાનાવસ્થિત થયા હતા, ત્યારે તેઓ શુકલ ધ્યાનની આ બીજી ભૂમિકાએ પહોંચ્યા અને તેમને કેવલ

જ્ઞાન પ્રાપ્ત થયું. એ હતો વૈશાખ સુદિ ૧૦ નો દિવસ, એ હતો ચોથા પહોરનો સમય.

ચિત્તનું ચલવિચલપણું સર્વથા મટી જાય, એટલે સમાહિત દશા પ્રાપ્ત થાય છે અને તે અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે. આ રીતે ભગવાન મહાવીરને હવે સચ્ચિદાનંદ કે આનંદઘન દશા પ્રાપ્ત થઈ હતી અને તે જીવનના છેડા સુધી ટકી હતી.

એટલું યાદ રહે કે ભગવાન એક મહાન રાજયોગી હતા અને તેમણે આગળ જતાં પોતાના શિષ્યોને પણ રાજયોગની જ દીક્ષા આપી હતી.

૯–યોગસાધનાની કેટલીક વિશેષતા

સામાન્ય રીતે યોગદીક્ષા કોઈ ગુરુ આપે છે અને સાધકે તેમના માર્ગદર્શન પ્રમાણે જ આગળ વધવાનું હોય છે, પણ ભગવાન મહાવીરે યોગદીક્ષા સ્વયં લીધી હતી અને તેઓ પોતાના અનુભવના આધારે જ આગળ વધી કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી પહોંચ્યા હતા. જૈન શાસ્ત્રકારોએ તેમને સ્વયંસંબુદ્ધ કહ્યા છે, તેનું કારણ આ જ છે.

ભગવાને યોગસાધના કરવા માટે કોઈ આશ્રમ કે પર્ણકુટિ પોતાના કર્યા ન હતાં. તેઓ એ સારી રીતે જાણતા હતા કે–આવા આશ્રમો અને આવી પર્ણકુટિઓ આખરે મોહ–મમતાનું કારણ બને છે અને સાધકને સાધનાભ્રષ્ટ કરે છે. સાધુજન તો રમતા જ ભલા !

ભગવાને યોગસાધના શરૂ કરી ત્યારે એક વસ્ત્ર અંગ ઉપર હતું; પણ તે જ દિવસે સોમ નામના બ્રાહ્મણે 'કંઈક આપો' એવી માગણી કરવાથી એ વસ્ત્રનો અર્ધો ટુકડો આપી દીધો હતો. બાકી રહેલું અર્ધું વસ્ત્ર લગભગ બાર મહિના પછી નદીના કિનારે એક કાંટાળા વૃક્ષમાં ભરાઈ ગયું હતું. એ વસ્ત્ર પાછું લેવાની વૃત્તિ તેમને જાગી ન હતી. ત્યાર પછી તેઓ અચેલક દશામાં એટલે વસ્ત્રરહિત અવસ્થામાં જ રહ્યા હતા. અહીં નોંધપાત્ર વસ્તુ એ છે કે તેમણે નાની સરખી લંગોટી પણ પોતાની પાસે રાખી ન હતી. લંગોટી હોય તો તેને સાચવવી પડે, ધોવી પડે અને બદલવી પણ પડે, એટલે ભગવાને એ ઉપાધિમાંથી દૂર રહેવામાં જ શ્રેય માન્યું હતું.

ભગવાને કમંડળ, તુંબડી કે કોઈ કાષ્ઠપાત્ર પણ પોતાની પાસે રાખ્યું ન હતું. અન્ય શબ્દોમાં કહીએ તો તેઓ કરપાત્રી બન્યા હતા અને પોતાના હાથમાં જ આહાર-પાણી ગ્રહણ કરી તેનો ઉપયોગ કરી લેતા હતા.

ભગવાને કોઈ ધૂણી ધખાવી ન હતી, પાસે ચીપિયો કે એવું કોઈ સાધન રાખ્યું ન હતું કે શરીરે ભભૂતિ લગાવી ન હતી. તેઓ અહિંસાના પરમ ઉપાસક તરીકે પૃથ્વીને ખોદતા નહિ, સચિત્ત જળને સ્પર્શ કરતા નહિ, અગ્નિ પ્રકટાવતા નહિ, વીંઝણા વગેરેનો ઉપયોગ કરી પવન ખાતા નહિ, તેમજ લીલી વનસ્પતિને કે ધાન્ય–બીજ વગેરેને સ્પર્શ

કરતા નહિ. તેઓ સદા ખુલ્લા શરીરે રહેતા અને શીત-તાપ તથા દંશ-મશકના પરીષહો સમભાવે સહી લેતા.

તે વખતે સામાન્ય માન્યતા એવી હતી કે મૃગચર્મ, વ્યાઘ્રચર્મ કે કંબલ વગેરે પર આસન માંડવામાં આવે અને તે માટે કોઈ વિશિષ્ટ સ્થાન પસંદ કરવામાં આવે તો જ આસનસિદ્ધ થાય, પણ ભગવાને મૃગચર્માદિ કોઈ વસ્તુનો ઉપયોગ કર્યો ન હતો, તેમજ તેઓ દેશના વિવિધ ભાગોમાં વિચરતા રહ્યા હતા.

તે વખતે યોગીઓ શરીરશુદ્ધિ માટે નેતી, ધોતી, બસ્તી વગેરે સાધનોનો ઉપયોગ કરતા, પણ ભગવાને તે માટે માત્ર તપશ્ચર્યા કરવાનું જ રાખ્યું હતું. તપશ્ચર્યામાં તેઓ ઉપવાસને ઘણું મહત્ત્વ આપતા હતા અને બને તેટલા નકોરડા ઉપવાસ કરતા હતા. જાણીને આશ્ચર્ય થશે કે તેમણે બે વાર તો છ છ માસના ઉપવાસ પણ કર્યા હતા. (બીજા છ માસના ઉપવાસ પાંચ દિવસ ઓછા હતા.) પંદર દિવસ અને એક માસના ઉપવાસ તો તેમને માટે સાધારણ બાબત થઈ પડી હતી. પારણાના દિવસે તેઓ ભૂખ કરતાં થોડું ઓછું જમતા હતા અને આહાર પણ બને તેટલો રસહીન એટલે લૂખો-સૂકો જ લેતા હતા. રાંધેલો ભાત, ખીચડી, સાથવો, અડદના બાકળા વગેરે તેમનો મુખ્ય આહાર હતો.

અપ્રમત્ત ભાવે રહેવું એ તેમનો મુખ્ય સિદ્ધાંત હતો, એટલે તેઓ પ્રમાદ ન આવી જાય તેની ખૂબ સાવચેતી

રાખતા હતા. નિદ્રાને પણ તેઓ યોગસાધનામાં બાધક માનતા હતા, એટલે તેનું સેવન કરતા નહિ. આચારાંગ-સૂત્રમાં કહ્યું છે કે 'ભગવાન કોઈ કોઈ વાર આડા પડખે થતા, પણ તે નિદ્રાની ઇચ્છાથી નહિ. કદાચિત નિદ્રા આવતી તો તેને પ્રમાદ વધારનારી સમજી, ઉઠીને દૂર કરી દેતા. કોઈ વાર ભગવાન મુહૂર્ત સુધી રાત્રે ચંક્રમણ પણ કરતા.' નિદ્રાને દૂર રાખવા માટે તેમનો આ ખાસ પ્રયોગ હતો.

ભગવાને સર્વ ભયોને જિતી લીધા હતા અને મરણના ભયને પણ જિતી લીધો હતો. વળી તેમણે અંતરના કામક્રોધાદિ સર્વ શત્રુઓને જિતી લીધા હતા, એટલે તેમની ગણના 'જિન' તરીકે થઇ હતી.

ઉત્કૃષ્ટ યોગસાધના, ઉગ્ર તપશ્ચર્યા, વિશુદ્ધ જીવન અને જ્યાં જાય ત્યાં આનંદ-મંગલના પ્રવર્તનને લીધે તેઓ સહુના પૂજ્યપાત્ર બન્યા હતા અને 'અર્હત્' તરીકે ઓળખાયા હતા.

યોગસાધના કરતાં ભગવાનને અનેક જાતની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી, પણ તેનો ઉપયોગ તેમણે પોતાના સ્વાર્થ માટે કે લોકોને પ્રભાવિત કરવા માટે કર્યો ન હતો.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે ધ્યાનશતકકના પ્રારંભમાં ભગવાન મહાવીરને યોગીશ્વર તરીકે વંદના કરી છે, તે એમ બતાવે છે કે ભગવાન મહાવીર પરમ યોગવિશારદ હતા અને યોગની સર્વ ક્રિયાઓને સારી રીતે જાણનારા હતા.

૧૮–ખમીરની ખરી કસોટી

ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ કરતાં કંઈક અધિક સમયમાં યોગસાધના પૂરી કરી હતી. આ સમય દરમિયાન તેમને અનેક પ્રકારની કઠિનાઈઓ ભોગવવી પડી હતી. અન્ય શબ્દોમાં કહીએ તો આ સમય તેમના ખમીરની ખરી કસોટી કરનાર નીવડ્યો હતો. પરંતુ તેઓ પોતાના ધ્યેયથી જરા પણ ચલિત થયા ન હતા.

તેઓ જગતના સર્વ પ્રાણીઓને પોતાના મિત્ર સમજતા હતા અને તેથી કદાપિ કોઇનું બૂરું ચિંતવતા નહિ. એક વાર એક ભયંકર દૃષ્ટિવિષ સર્પે તેમના જમણા પગે દંશ દીધો, તો તેમણે 'હે ચંડકૌશિક બુજ્ઝ! બુજ્ઝ!' એ શબ્દો કહીને તેના કલ્યાણની કામના કરી અને તેનો ઉદ્ધાર કર્યો. એક વાર કોઇ કોટવાળે તેમને પરરાજ્યના જાસુસ માની તેમના મુખેથી સત્ય હકીકત કઢાવવા તેમને દોરડાથી મુશ્કેટાટ બાંધ્યા અને કૂવામાં ઉતારી ડૂબકીઓ ખવડાવવાની તૈયારી કરી, છતાં તેમણે એ કોટવાળનો કાંઈ પ્રતિકાર કર્યો નહિ, એટલું જ નહિ પણ મનથીયે તેનું બૂરું ચિંતવ્યું નહિ. તેમણે અભૂતપૂર્વ દૈવી ઉપસર્ગોમાં પણ ધૈર્યનું અવલંબન કર્યું અને 'शिवमस्तु सर्वजगतः–સમસ્ત વિશ્વનું કલ્યાણ થાઓ,' એ ભાવનાનું જ દૃઢતાથી રટણ કર્યું.

ભગવાનની સહુથી વધારે સતામણી રાઢના જંગલી પ્રદેશમાં થઈ. × એ પ્રદેશના વજ્જભૂમિ અને શુદ્ધભૂમિ એવા

× આ પ્રદેશ વિદેહની પૂર્વ સીમા પર આવેલો હતો.

બે વિભાગો હતા. તેમાં વજ્જભૂમિના લોકો ઘણા ક્રૂર અને નિર્દય હતા. તેઓ એમને મારપીટ કરતા, કૂતરા કરડાવતા અને હાંકી કાઢતા. કોઈ વાર તો તેઓ ભગવાનના શરીર પર હથિયારથી પ્રહાર પણ કરતા અને તેમના માથે ધૂળનો વરસાદ વરસાવતા. વળી કોઈ વાર તેમને ઊંચેથી નીચે પટકતા અને આસન પરથી ગબડાવી પાડતા. આ પ્રદેશમાં કેટલોક ભાગ તો એવો હતો કે જ્યાં એક પણ ગામડું ન હતું કે મનુષ્યની વસ્તી ન હતી. પરંતુ ભગવાને આ પ્રદેશમાં રહીને પણ પોતાની યોગસાધના આગળ વધારી હતી અને એક સાધક ધારે તો કેટલી હદે પોતાની સહન-શક્તિ કેળવી શકે છે, તેનું એક અપૂર્વ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

૧૧–સાધનાકાલની વિહારભૂમિ

ભગવાન ચોમાસાના ચાર મહિના એક સ્થાને સ્થિર રહેતા હતા અને બાકીના આઠ માસ જુદા જુદા સ્થળે વિચરતા હતા. તેમણે સાધનાકાળ દરમિયાન વિદેહ, અંગ, મગધ અને કાશી–કોશલ જનપથોમાં જ વિહાર કર્યો હતો, તે સાધનાકાળનાં નીચેનાં ચાતુર્માસોથી જાણી શકાશેઃ

પહેલું ચાતુર્માસ—મોરાક સંનિવેશ પાસે તાપસોના આશ્રમમાં તથા અસ્થિક ગ્રામમાં.

બીજું ચાતુર્માસ—રાજગૃહ નગરની બહાર નાલંદા પાડામાં એક તંતુવાયની શાળામાં(વસ્ત્ર વણવાનાં કારખાનામાં).

ત્રીજું ચાતુર્માસ—અંગ દેશની રાજધાની ચંપા-નગરીમાં.

ચોથું ચાતુર્માસ—પૃષ્ટચંપા નગરીમાં. (આ આખું ચાતુર્માસ ભગવાને ઉપવાસ કરીને યોગસાધનામાં વીતાવ્યું હતું. ત્યાર પછી રાઢના પ્રદેશમાં ગયા હતા.)

પાંચમું ચાતુર્માસ—ભદ્દિલપુરમાં.

છઠું ચાતુર્માસ—ભદ્રિકાપુરીમાં.

સાતમું ચાતુર્માસ—આલભિકા નગરીમાં.

આઠમું ચાતુર્માસ—રાજગૃહમાં.

નવમું ચાતુર્માસ—રાઢના જંગલી પ્રદેશમાં.

દશમું ચાતુર્માસ—શ્રાવસ્તી નગરીમાં.

અગિયારમું ચાતુર્માસ—વૈશાલીમાં.

બારમું ચાતુર્માસ—ચંપાનગરીમાં.

૧૨-ગોશાલક

ભગવાન મહાવીરે સાધનાકાલ દરમિયાન કોઈને ધર્મોપદેશ આપ્યો ન હતો કે કોઈ શિષ્ય કર્યો ન હતો, આમ છતાં એક એવી ઘટના બનવા પામી હતી કે જેનો ઉલ્લેખ અહીં કરવો જ જોઈએ.

ભગવાન મહાવીરનું બીજું ચાતુર્માસ રાજગૃહ નગરની બહાર નાલંદા પાડામાં એક તંતુવાયની શાળામાં હતું. એ વખતે ગોશાલક નામનો મંખળતીય એક ભિક્ષુ પણ ત્યાંજ ચાતુર્માસાર્થ સ્થિર રહ્યો હતો. તેણે ભગવાનને એક એક માસના નકોરડા ઉપવાસ કરતા જોયા, તેમની યોગક્રિયાઓ નિહાળી તથા તેઓ દૂરસ્થ પદાર્થોનું દર્શન કરવાની તથા લોકોના મનોભાવ જાણવાની સિદ્ધિથી યુક્ત છે, એ પણ જાણ્યું. આથી તે ખૂબ પ્રભાવિત થયો અને પોતાને આવી કોઈ સિદ્ધિ મળે તો કામ થઈ જાય એમ માનીને તેમનો પરિચય વધારવા લાગ્યો. પરંતુ એ દિવસોમાં ભગવાન મોટા ભાગે મૌન ધારણ કરતા હતા, અટલે વાતચીતનો પ્રસંગ બહુ ઓછો આવતો, આમ છતાં ગોશાલકે ધૈર્ય ગુમાવ્યું નહિ. જો કંઈ મળશે તો આમની પાસેથી જ મળશે, એમ માનીને તે એમની સાથે સાથે ફરવા લાગ્યો અને જાણે તેમનો શિષ્ય હોય એવી રીતે વર્તવા લાગ્યો. ભગવાને પણ તેનો વિનય અને તેની યોગસિદ્ધિ માટેની ઘગશ જોઈને કૃપાદૃષ્ટિ રાખી.

આ રીતે સાત વર્ષ વ્યતીત થયા પછી એક વખત તે ભગવાનની સાથે કૂર્મગ્રામે આવ્યો. ત્યાં તેણે વૈશિકાયન નામના એક તાપસને માથાપરની જટામાંથી નીચે પડતી જૂઓને પુનઃ જટામાં મૂકતી જોઈને એની મશ્કરી કરી. આથી વૈશિકાયનનો પિત્તો ઉછળ્યો અને તેણે ગોશાલકને શિક્ષા કરવા માટે તેજોલેશ્યા છોડી. તેજોલેશ્યા એટલે

પદાર્થ કે પદાર્થસમૂહને બાળી નાખે એવી આત્મસંચાલિત એક પ્રકારની ઉગ્ર પૌદ્ગલિક શક્તિ.

આ જોઈ ભગવાનને દયા આવી, એટલે તેમણે શીત-લેશ્યા છોડી તેનું નિવારણ કર્યું. ગોશાલકે પ્રભુના ચરણમાં પડી તેમનો પુનઃ પુનઃ આભાર માન્યો.

આ વખતે ગોશાલકે જોયું કે ભગવાન પોતાના પર પ્રસન્ન છે, એટલે તેણે હળવે રહીને વાત છેડીઃ 'પ્રભો! સાત સાત વર્ષથી તમારી સેવા કરું છું, પણ મને હજી સુધી કંઈ મળ્યું નહિ.'

ભગવાને પૂછ્યુંઃ 'તારે શું જોઈએ છે?'

ગોશાલકે કહ્યુંઃ 'તેજોલેશ્યાનો વિધિ. જો આપ મને આ વિધિ બતાવશો, તો જીવનભર આભાર નહિ ભૂલું.'

આજ વખતે ભગવાને પરોપકારની ભાવનાથી તેને તેજોલેશ્યાનો વિધિ બતાવ્યો.

ત્યાર પછી તરત જ ગોશાલક છૂટો પડી ગયો અને તેણે શ્રાવસ્તી નગરીમાં જઈ, યથાવિધિ તપશ્ચર્યા કરી તેજોલેશ્યાની પ્રાપ્તિ કરી. વિશેષમાં પાર્શ્વનાથની પરંપરાના કેટલાક સાધુઓ પાસેથી નિમિત્તાદિ વિદ્યાઓનું જ્ઞાન મેળવ્યું અને આજીવિક સંપ્રદાયનો પ્રવર્તક બન્યો.

આગળ જતાં તેણે ધર્મપ્રચારની હરિફાઈમાં આ તેજોલેશ્યાનો ઉપયોગ ખુદ ભગવાન મહાવીર ઉપર જ કર્યો.

જો કે ભગવાન પર તેની ધારી અસર થઈ નહિ, એટલે કે તેઓ બળીને ભસ્મ થયા નહિ, પણ તેમને થોડી શારીરિક પીડા તો જરૂર થઈ. કેટલાક વખત સુધી લોહીના દસ્ત ચાલુ રહ્યા. આ વખતે વચ્ચે પડનાર ભગવાનના બે સાધુઓ–નામે સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર–બળીને ભસ્મ થઈ ગયા.

ત્યાર પછી સાતમા દિવસે ગોશાલક પશ્ચાત્તાપ કરતો ભૂંડા હાલે મરણ પામ્યો. આ ઘટના ભગવાન મહાવીરને કેવલજ્ઞાન થયા પછી ચૌદમા વર્ષે શ્રાવસ્તી નગરીમાં બની હતી.

કોઈ કોઈ વાર પરોપકાર કરવા જતાં, કેવું વિચિત્ર પરિણામ આવે છે, તેનો આ નોંધપાત્ર દાખલો છે.

૧૩–લોકોદ્ધાર

ઘણા યોગીઓ કૈવલ્ય પ્રાપ્ત થયા પછી નિજાનંદમાં જ મસ્ત રહે છે અને દુનિયાને લગતી કોઈ પ્રવૃત્તિમાં પડતા નથી, પરંતુ ભગવાન મહાવીરે કૈવલ્યપ્રાપ્તિ થયા પછી લોકોદ્ધારનું કાર્ય હાથ ધર્યું અને એ જ એમના જીવનની અસાધારણ મહત્તા હતી.

તેમણે લોકોને ન્યાય–નીતિપરાયણ બનાવવા માટે, સદાચારમાં સ્થિર કરવા માટે, તેમજ ધર્મપ્રિય અને તત્ત્વનિષ્ઠ બનાવવા માટે પ્રવચનો શરૂ કર્યાં. આ પ્રવચનોને

અસાધારણ સફળતા મળી, તેનાં ત્રણ કારણો અમને નીચે પ્રમાણે સમજાયાં છેઃ

(૧) તે વખતના ધર્મોપદેશકો મોટા ભાગે સંસ્કૃત-ભાષાનો આશ્રય લેતા, તેથી અમુક વર્ગ જ તેનો લાભ લઈ શકતો. પરંતુ ભગવાને પોતાનાં પ્રવચનો લોકભાષામાં શરૂ કર્યાં. લોકભાષા એટલે અર્ધમાગધી ભાષા. તે વખતે મગધ અને તેની આસપાસના પ્રદેશમાં આ ભાષા બોલાતી હતી અને તેમાં અન્ય પ્રાંતીય ભાષાના ઘણા શબ્દો હોવાથી ભારતના બધા લોકો તેને સારી રીતે સમજી શકતા હતા. આજે ભારતમાં જે સ્થાન હિંદી ભાષાનું છે, તેજ સ્થાન એ વખતે અર્ધમાગધી ભાષાનું હતું.

(૨) તે વખતના ધર્મોપદેશકોએ બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એ ત્રણ વર્ણને જ ધર્મોપદેશ સાંભળવાના અધિકારી માન્યા હતા. શૂદ્રોને ધર્મ સંભળાવવો નહિ, એ એમનો દૃઢ નિર્ણય હતો; એટલું જ નહિ, પણ કદી કોઈ શૂદ્ર જો આડાકાને ધર્મોપદેશ સાંભળી જાય તો તેને સખત શિક્ષા કરવી અને તેના કાનમાં સીસું રેડી દેવું કે લાખ ભરી દેવી એવી યોજના તેમણે ઘડી રાખી હતી. આ યોજનાનો ક્વચિત્ ક્વચિત્ અમલ પણ થતો હતો. પરંતુ ભગવાન મહાવીરે પોતાની ધર્મસભા કે વ્યાખ્યાનપરિષદ્નાં દ્વાર દેશ, વર્ણ, જાતિ કે લિંગના ભેદ વિના સહુને માટે ખુલ્લાં મૂકી દીધાં, એટલે સમસ્ત પ્રજાએ તેનો ખૂબ લાભ લીધો.

(૩) તે વખતના ધર્મોપદેશકો તત્ત્વજ્ઞાનનાં નામે અનેક અટપટી વાતો રજૂ કરતા, પરંતુ ભગવાન મહાવીરે જીવનના પરમ સત્યો તદ્દન સાદી અને સરલ ભાષામાં રજૂ કરી દીધાં અને તેણે લોકમાનસ પર બહુ ઊંડી અસર કરી.

ધર્મ એ જીવનની જરૂરીઆત છે, એ વસ્તુ ભગવાન મહાવીરે અનેક દાખલા દલીલો પૂર્વક સારી રીતે સમજાવી અને તેની પરીક્ષા કરવાનો સચોટ વિધિ પણ બતાવ્યો.

તેમણે કહ્યું કે 'જ્યાં અહિંસા હોય, પ્રાણી માત્ર પ્રત્યે દયા કે પ્રેમની ભાવના હોય, ત્યાં જ ધર્મ જાણવો; હિંસામાં ધર્મ સંભવે નહિ.'

તેમણે કહ્યું કે ' જ્યાં સંયમ હોય, સદાચાર હોય, શીલની સુગંધ હોય ત્યાં જ ધર્મ જાણવો, અસંયમ, દુરાચાર કે કુશીલમાં ધર્મ સંભવે નહિ.'

અને તેમણે એ પણ કહ્યું કે 'જ્યાં જ્ઞાનપૂર્વકનું તપ હોય, ઇચ્છાઓનું દમન હોય, તૃષ્ણાનો ત્યાગ હોય, ત્યાં જ ધર્મ જાણવો; ભોગલાલસામાં, વિવિધ ઇચ્છાઓની પૂર્તિમાં કે તૃષ્ણાના તાંડવમાં ધર્મ સંભવે નહિ.'

તેમના આ ઉપદેશનો પડઘો જબ્બર પડ્યો. હિંસક યજ્ઞયાગો ઓછા થઈ ગયા અને પશુબલિ પણ મોટા ભાગે બંધ પડ્યો. વળી જીવનના સામાન્ય વ્યવહારમાં પણ અહિંસાનો અમલ થવા લાગ્યો અને પશુ–પક્ષીઓ પ્રત્યે

દયાની ભાવના વિકાસ પામી. વળી સ્વેચ્છાચાર-દુરાચાર ખૂબ ઘટી ગયો અને લોકો બને તેટલું સંયમી જીવન ગાળવા પ્રયત્નશીલ બન્યા. વિશેષમાં લોકો તપશ્ચર્યાનું સાચું સ્વરૂપ સમજ્યા અને તેનું બને તેટલું આરાધન કરવા લાગ્યા.

ભગવાન મહાવીરે બીજું પણ એક મહત્ત્વનું કાર્ય કર્યું. એ વખતે લોકો સ્વોત્કર્ષ માટે પોતાના પુરુષાર્થ પર ભરોસો રાખવાને બદલે દેવદેવીઓ કે યક્ષ-વ્યંતરોની કૃપા પર આધાર રાખતા થઈ ગયા હતા અને તેમને પ્રસન્ન કરવા માટે અનેક જાતના ઉપાયો કરતા હતા. પરંતુ ભગવાન મહાવીરે કહ્યું કે 'अप्पा सो परमप्पा-તમારો આત્મા છે, તે જ પરમાત્મા છે. તેમાં જ્ઞાન અને ક્રિયાની અનંત અપાર શક્તિ ભરેલી છે. તમે એને પ્રકટ કરતાં શીખો તો અન્ય કોઈની સહાય લેવાની જરૂર રહેશે નહિ.'

ઉપરાંત તેમણે પુરુષાર્થની પંચસૂત્રી આપી કે જેને ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પરાક્રમનો સિદ્ધાંત કહેવામાં આવે છે. તેનું રહસ્ય એ છે કે સહુથી પ્રથમ મનુષ્યે આળસ મરડીને-પ્રમાદ ખંખેરીને ઊભા થવું જોઈએ; પછી કામે લાગવું જોઈએ; પછી એ કામમાં પોતાનું સઘળું બળ રેડવું જોઈએ; એ કાર્ય પૂરું કરવાનો દિલમાં ખૂબ ઉમંગ રાખવો જોઈએ; અને કાર્યસિદ્ધિની આડે જે વિઘ્નો, કષ્ટો કે મુશ્કેલીઓ આવે તેનો હિંમતથી સામનો કરી આગળ વધવું જોઈએ. આ રીતે પુરુષાર્થ કરનારને સિદ્ધિ-સફલતા અવશ્ય મળે છે.

ભગવાન મહાવીર ભારે પુરુષાર્થી હતા અને તેમણે ભારતની પ્રજાને આ રીતે પુરુષાર્થી બનવાની હાકલ કરી હતી.

૧૪–સંઘસ્થાપના

લોકો પોતાના અધિકાર મુજબ જ ધર્મનું આચરણ કરી શકે છે, એ વસ્તુ ખ્યાલમાં રાખી ભગવાને ધર્મારાધકોના બે વર્ગ પાડ્યા અને પુરુષ તથા સ્ત્રી બંને વર્ગને તેમાં સ્થાન આપ્યું.

જેઓ ત્યાગી થઈ નિર્વાણસાધક યોગની સારી રીતે સાધના કરી શકે એવા હતા, તેમને શ્રમણ–શ્રમણી વર્ગમાં દાખલ કર્યાં. શ્રમણનો વાસ્તવિક અર્થ છે સમત્વની પ્રાપ્તિ માટે શ્રમ કરનાર સાધુ, તપસ્વી કે યોગી.

જેઓ ત્યાગી થઈ શકે એવા ન હતા, પણ ગૃહવાસમાં રહીને નીતિનિયમો તથા સદાચારનું પાલન કરવાપૂર્વક ધાર્મિક અનુષ્ઠાનો તથા અમુક હદે સંયમ–યોગની સાધના કરી શકે એવા હતા, તેમનો સમાવેશ શ્રમણોપાસક તથા શ્રમણોપાસિકામાં કર્યો. શ્રમણોપાસકનો વાસ્તવિક અર્થ છે શ્રમણોની ઉપાસના–આરાધના કે સેવા-ભક્તિ કરી તેમની પાસેથી અધ્યાત્મજ્ઞાન મેળવનાર મુમુક્ષુ ગૃહસ્થ.

ભગવાને આ ચારે વર્ગનો એક સંઘ સ્થાપ્યો. તે સંસારસાગર તરવા માટે ઉત્તમ પ્રવહણ (વહાણ) જેવો

હોઈ 'તીર્થ'ની સંજ્ઞા પામ્યો અને તેના સ્થાપક તરીકે ભગવાન મહાવીર તીર્થંકર કહેવાયા.

અહીં એટલી સ્પષ્ટતા કરવી જોઈએ કે તેમની અગાઉ આ ભારત દેશમાં શ્રીઋષભાદિ બીજા ત્રેવીશ તીર્થંકરો થઈ ગએલા હોવાથી તેમની ગણના ચોવીશમા તીર્થંકર તરીકે થઈ.

ભગવાનની અપૂર્વ-અદ્‌ભુત ધર્મદેશના વડે આ સંઘ દિન દોગુની-રાત ચોગુની ઉન્નતિ પામવા લાગ્યો.

નોંધપાત્ર બીજા તો એ બની કે કેવળજ્ઞાન થયા પછી લાભનું કારણ જાણીને ભગવાન મહાવીરે એક જ રાતમાં અડતાલીશ કોશનો વિહાર કર્યો. અને તેઓ અપાપાપુરી નગરીએ આવ્યા. ત્યાં મહાસેન વનમાં ધર્મ સભા થઈ. અને તેમનું અત્યંત પ્રભાવશાળી પ્રવચન સાંભળીને લોકો મુગ્ધ બન્યા. તેમણે નગરમાં વાત વહેતી મૂકી કે 'અહીં એક સર્વજ્ઞ આવેલ છે.' એટલે તે ગામમાં એક **મહાન** યજ્ઞ નિમિત્તે એકત્ર થયેલા બ્રાહ્મણ પંડિતો ચોંકયા અને તેમાંના અગિયાર મહાવિદ્વાનો (૧) ઈન્દ્રભૂતિ, (૨) અગ્નિભૂતિ, (૩) વાયુભૂતિ, (૪) વ્યક્ત, (૫) સુધર્મા, (૬) મંડિક, (૭) મૌર્યપુત્ર, (૮) અંકપિત, (૯) અચલ-ભ્રાતા, (૧૦) મેતાર્ય અને (૧૧) પ્રભાસ એક પછી એક ભગવાનની ધર્મસભામાં તેમની પરીક્ષા કરવાને આવ્યા, પણ ભગવાને તેમના મનમાં રહેલી શાસ્ત્રાર્થ વિષેની શંકાઓ અરાબર બતાવી દીધી અને તેના સાચા અર્થો પણ કરી

બતાવ્યા. આથી તે બ્રાહ્મણ પંડિતોએ ત્યાં ને ત્યાં જ ત્યાગ-માર્ગ અંગીકાર કર્યો અને તેમની સાથેના ૪૪૦૦ બ્રાહ્મણ છાત્રોએ પણ પોતાના ગુરુનું અનુકરણ કર્યું. આ રીતે એક જ સભામાં ૪૪૧૧ બ્રાહ્મણો પ્રતિબોધ પામી તેમના ધર્મસંઘમાં દાખલ થયા.

ભગવાને ઇન્દ્રભૂતિ આદિને તેમના શિષ્યગણના આચાર્ય અર્થાત્ ગણધર બનાવ્યા અને પોતાના પટ્ટશિષ્યો તરીકે સ્થાપ્યા. આ પટ્ટશિષ્યોએ ભગવાનનાં પ્રવચનોનો ભાવ ધારી લઈ ને તેના આધારે શાસ્ત્રો બનાવ્યાં, એટલે ભગવાન મહાવીરનાં વચનામૃતનો સંગ્રહ કરવાનો બધો યશ તેમના ફાળે જાય છે.

ભગવાન મહાવીરે સ્થાપેલા ધર્મારાધક સંઘનું ચિત્ર ઘણું ઉજ્જવલ હતું. તેના શ્રમણવર્ગમાં બિંબિસાર-(શ્રેણિક)પુત્ર મેઘકુમાર, નંદિષેણ, રાજા ઉદાયન, રાજા પ્રસન્નચંદ્ર વગેરે ક્ષત્રિયો હતા; ધન્ના-શાલિભદ્ર વગેરે ધનકુબેર વૈશ્યો હતા, તેમજ ખેડૂતો, કારીગરો વગેરે પણ ઘણા હતા. શ્રમણીવર્ગમાં ચંદનબાળા, ભગવાનની પુત્રી પ્રિયદર્શના, મૃગાવતી આદિ ક્ષત્રિયપુત્રીઓ હતી, દેવાનંદા આદિ બ્રાહ્મણ પુત્રીઓ હતી અને બીજી કેટલીક વૈશ્ય-પુત્રીઓ તથા શૂદ્રપુત્રીઓ પણ હતી.

એ વખતે શ્રીપાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ પાળનારા શ્રમણ-શ્રમણીઓ વિદ્યમાન હતા, તે બધા ધીમે ધીમે ભગવાન મહાવીરે સ્થાપેલા આ ધર્મારાધક સંઘમાં ભળી ગયા.

શ્રમણવર્ગમાં કેટલાક કેવળજ્ઞાન સુધી પહોંચ્યા હતા, તો કેટલાક મનના ભાવો જાણવા સુધી, દૂરસ્થ વસ્તુનું દર્શન કરવા સુધી, તેમજ શરીરને નાનું-મોટું કરવાની શક્તિ સુધી પહોંચ્યા હતા. આ પરથી ભગવાને સ્થાપેલા શ્રમણવર્ગમાં યોગસાધના કેટલી વિશદ અને વિપુલ હશે, તેનો ખ્યાલ આવી શકે છે. શ્રમણવર્ગમાં કેટલાક સમર્થ વાદીઓ પણ હતા, જે ધર્મસંબંધી વાદ કરી લોકોને તેનું સાચું સ્વરૂપ સમજાવતા હતા.

શ્રમણોપાસક વર્ગમાં મગધરાજ શ્રેણિક, તેમનો પુત્ર અજાતશત્રુ કોણિક, દશાર્ણ દેશનો રાજા દશાર્ણભદ્ર, અપાપાપુરીનો રાજા હસ્તિપાલ તથા જ્ઞાત, લિચ્છવી અને મલ્લ-ગણના લગભગ બધા રાજાઓ ક્ષત્રિય હતા. આનંદ, કામદેવ, ચૂલણિપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપ્રિય, સાલિહીપિતા વગેરે અનેક ધનકુબેર વૈશ્યો હતા. આ રીતે બ્રાહ્મણો અને શૂદ્રો પણ ઘણા હતા.

શ્રમણોપાસિકાનો વર્ગ ઘણો મોટો હતો. તેમાં જયંતી, સુલસા વગેરે વિદુષી સન્નારીઓનો સમાવેશ થતો હતો.

૧૫-નિર્વાણપ્રાપ્તિ

ભગવાન મહાવીરે ત્રીશ વર્ષ સુધી ભારતના જુદા જુદા ભાગોમાં પરિભ્રમણ કરીને પ્રભાવશાળી પ્રવચનો દ્વારા ખૂબ જાગૃતિ આણી અને વિવિધ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓ

ચોજીને લોકોનો ઉદ્ધાર કર્યો, તેને ભારતની પ્રજા કદી પણ કેમ ભૂલી શકે ?

તીર્થંકર જીવનનું ત્રીશમું ચાતુર્માસ ભગવાને અપાપાપુરીમાં હસ્તિપાલ રાજાની લેખનશાળામાં કર્યું. ત્યાં મલ્લગણના ૯ રાજાઓ લિચ્છવીગણના ૯ રાજાઓ તથા બીજા સંખ્યાબંધ ઉપાસકોને અડતાલીશ કલાક સુધી સતત દેશના આપી આસો વદિ અમાસે નિર્વાણ પામ્યા.

આવો મહાન જગદીપક બૂઝાઈ જતાં તેની ખોટ પૂરી પાડવા માટે તે રાત્રે ભવ્ય દીપમાળાઓ રચવામાં આવી. ત્યારથી દીપાવલી–દીવાળીનું પર્વ શરૂ થયું.

જ્યાં પ્રભુને અગ્નિદાહ દેવામાં આવ્યો, ત્યાંની પવિત્ર ભસ્મને લોકો ખૂબ આદરથી લેવા લાગ્યા. પછી તો ત્યાંની માટીને પણ એટલી જ પવિત્ર માની ગ્રહણ કરવા લાગ્યા. એમ કરતાં ત્યાં મોટો ખાડો પડ્યો અને કાલાંતરે સરોવર બન્યું. આજે એ સરોવરની મધ્યમાં એક શ્વેત સુંદર મંદિર ઊભું છે અને પ્રતિવર્ષ લાખો મનુષ્યો તેની ભાવપૂર્ણ યાત્રા કરે છે.

૧૬–ઉપસંહાર


ભગવાનની વાણીમાં વિશ્વમૈત્રી તથા અનુકંપાનું અમૃત છલોછલ ભર્યું હતું તથા તેમાં ગુણાનુરાગ અને મધ્યસ્થતાનો અનાહત નાદ બરાબર ગુંજતો હતો. ભગ-

વાનની વાણીમાં સત્યનો વિમલ પ્રકાશ અનેરી આભાથી ઝળકતો હતો અને પોતાના દીર્ઘ અનુભવનો નીચોડ યથાર્થપણે ઉતર્યો હતો. એટલે જ તેમની વાણી શિવ–સુંદર બની હતી અને લાખો–કરોડો મનુષ્યમાં ધાર્મિક નવચેતના રેડવામાં સફળ નીવડી હતી. પ્રિય પાઠકો! તમે એ વાણીનું–એ વચનામૃતનું પરમ શ્રદ્ધાથી પાન કરો, એ જ અમારી અભ્યર્થના છે.





મુંબઈ-દાદર ખાતે યોજાયેલ ભવ્ય સમારોહમાં આ ગ્રંથના સંપાદક શ્રી ધીરજલાલ શાહને 'સાહિત્યવારિધિ'નો સુવર્ણચંદ્રક અર્પણ કર્યા પછી શ્રી ગણપતિશંકર દેશાઇ જનતાને સંબોધી રહ્યા છે. શ્રી ધીરજલાલ શાહ બાજુમાં ઉભા છે. (સને ૧૯૫૭).



આ ગ્રંથના સંપાદક શ્રી ધીરજલાલ શાહ ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન તથા મહારાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશને જૈન સાહિત્ય અંગે માહિતી આપી રહ્યા છે. (સને ૧૯૬૦).




જેમાં

ભારતવર્ષના અગ્રગણ્ય પુરુષો તરફથી
આવેલા ખાસ સંદેશાઓ

તથા

પ્રાકૃત, સંસ્કૃત, હિંદી, ઉર્દૂ,
ગુજરાતી, મરાઠી, વગેરે
વિવિધ ભાષામય કાવ્યો
આપવામાં આવ્યા છે.





૧—ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન્ તરફથી મળેલો સંદેશો.



RASHTRAPATI BHAVAN,
NEW DELHI-4
રાષ્ટ્રપતિ ભવન,
નવી દિલ્હી-૪

September 12, 1962.

To a much greater extent than any other country the infliction of pain or the deprivation of life has been viewed with repugnance in India since the earliest times. Compassion is a normal human attribute and as the need for killing to appease hunger lessened among mankind, the act of killing or the infliction of suffering on living beings itself became painful to contemplate. Compassion or ahimsa soon therefore appealed as a high principle to our earliest thinkers and Mahavira emphasised it in his teachings. Today we hold the principle of ahimsa high in independent India and try to follow its implications as far as practicable in our relations with men as well as countries. I am glad to know that the Jain Sahitya Prakashan Mandir is publishing a collection of teachings of Mahavira who is among our greatest sages. I wish all success to this endeavour.

S. Radhakrishnan

રાષ્ટ્રપતિ ભવન
નવી દિલ્હી ૪
સપ્ટેમ્બર ૧૨ ૧૯૬૨

કોઈને દુઃખ દેવું કે કોઈ પ્રાણીની હિંસા કરવી, તેને જગતના અન્ય કોઈ પણ દેશો કરતાં ભારતવર્ષે પ્રાચીન કાળથી ઘણુ વધારે પ્રમાણમાં ખેદની નજરે નિહાળ્યું છે. માનવજાતિમાં સામાન્ય રીતે દયાની ભાવના હોય છે અને તે ક્ષુધાની તૃપ્તિ માટે બીજા પ્રાણીઓને મારવાની વૃત્તિ ઘટાડી નાખે છે. કોઈ પ્રાણીને મારવાનો કે કોઈ જીવંત પ્રાણીની સતામણી કરવાનો વિચાર પોતે જ દુઃખને ઉત્પન્ન કરનારો છે; તેથી દયા કે અહિંસાની ભાવના આપણા મહાપુરુષોને એક ઉચ્ચ કોટિના સિદ્ધાંત તરીકે ગમી ગઈ હતી અને મહાવીરે પોતાના ઉપદેશમાં તેના પર ભાર મૂકયો હતો. આજે સ્વતંત્ર ભારતમાં આપણે અહિંસાના સિદ્ધાંતને ઘણો ઊંચો માનીએ છીએ અને તેને મનુષ્યો તથા દેશો પરસ્પરના સંબંધમાં અને તેટલો વ્યવહારૂ રીતે અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. મને આનંદ થાય છે કે જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર મહાવીરના ઉપદેશનો સંગ્રહ પ્રસિદ્ધ કરી રહ્યું છે. આ પ્રયાસને હું સર્વ પ્રકારે સફળતા ઇચ્છું છું.

૨ – ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેન તરફથી મળેલો સંદેશો.

[અંગ્રેજી પરથી]

વાઈસ પ્રેસીડેન્ટ
ઇન્ડિયા
ન્યુ દિલ્હી,
સપ્ટેમ્બર ૬, ૧૯૬૨

વ્હાલા શ્રી શાહ,

તમારા ચાલુ માસની ચોથી તારીખના પત્ર માટે આભારી છું. તમારા **"વીરવચનામૃત"** પ્રકાશનને સફળતા ઇચ્છું છું.

તમારા પ્રત્યે ભલી લાગણી ધરાવનાર
ઝાકીરહુસેન

૩—ભારતના નિવૃત્ત રાષ્ટ્રપતિ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ તરફથી.

[અંગ્રેજી પરથી]

સદાકત આશ્રમ
પટણા
સપ્ટેમ્બર ૨૬, ૧૯૬૨

મહાન જૈન તીર્થંકર ભગવાન મહાવીર માનવજાતિના એક સર્વશ્રેષ્ઠ ગુરુ હતા.

અણુશસ્ત્રોના ભય નીચે જીવતા આજના જગતને અહિંસા અને વિશ્વપ્રેમના સંદેશાની ખાસ જરૂર છે.

તીર્થંકર મહાવીરના ઉપદેશોના સંગ્રહ રૂપે પ્રકટ થતું '**શ્રી વીર વચનામૃત**' આ જરૂરીઆતને પૂરી પાડવાની દિશામાં એક પગલું છે.

૪—ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેદી નવાઝજંગ તરફથી.

[અંગ્રેજી પરથી]

રાજભવન,
અમદાવાદ
તા. ૧૮-૬-૬૨

ભગવાન મહાવીર સ્વામીનો ઉપદેશ એવો છે કે જે બધા યુગના બધા લોકોને માન્ય થઈ શકે અને તેમનો પ્રેમ અને અહિંસાનો સંદેશો એવો છે કે જેનો સર્વ શિક્ષિત લોકો જાતિ કે ધર્મના ભેદ વિના સ્વીકાર કરી શકે. તેથી એ જાણીને આનંદ થાય છે કે જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર '**શ્રી વીર-વચનામૃત**'નું પ્રકાશન કરી રહ્યું છે. આજે માત્ર આપણા દેશને જ નહિ, પણ સમસ્ત જગતને પ્રભુ મહાવીરના ઉપદેશનું સાચું રહસ્ય સમજવાની અગાઉના કોઈ પણ વખત કરતાં ઘણી વધારે જરૂર છે.

૫—ઓરિસાના રાજ્યપાલ શ્રી વાય. એન. સુખથંકર તરફથી.

[અંગ્રેજી પરથી]

રાજભવન
ભુવનેશ્વર
૮મી સપ્ટેમ્બર, ૧૯૬૨

મને જાણીને આનંદ થાય છે કે ભગવાન મહાવીરના ઉપદેશનો સંગ્રહ કરતો ' **શ્રી વીર-વચનામૃત** ' નામનો ગ્રંથ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિરના ઉપક્રમે પ્રકાશિત થઈ રહ્યો છે. આ પ્રકાશનને હું સર્વ રીતે સફળતા ઇચ્છું છું.

૬—ધી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના માજી પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબર તરફથી.

[અંગ્રેજી પરથી]

૩, ફિરોજશાહ રોડ,
નવી દિલ્હી
૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૨

વ્હાલા શ્રી શાહ,

તમારો ચાલુ સાલનો તા. ૧૭ મીનો પત્ર મને મળ્યો છે.

પ્રભુ મહાવીર મારા માટે હંમેશા સ્પષ્ટ વિચાર અને તેને સમર્પિત થઈ ક્રિયામાં મૂકનાર એક આદર્શ વ્યક્તિ રહ્યા છે. તેમણે સત્યનાં દર્શન કર્યાં અને પરિણામની દરકાર કર્યા વિના તેને ન્યાયપુરઃસર અનુસરવાનો પ્રયત્ન કર્યો, એમાં મને શંકા નથી. આ રીતે પ્રભુ મહાવીરે પરમ સત્ય અને ક્રિયાની શોધ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

૭–ધી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના વર્તમાન મહામંત્રી શ્રી કે. કે. શાહ તરફથી.

[અંગ્રેજી પરથી]

૬૬ ક્વીન્સ રોડ, મુંબઈ ૧
૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૨

વ્હાલા ધીરજલાલભાઈ,

મને જાણીને ઘણો આનંદ થાય છે કે ભારતના એક મહાન સંત પ્રભુ મહાવીરના ઉપદેશનો સંગ્રહ 'શ્રી વીર-વચનામૃત' જૈન સાહિત્ય-પ્રકાશન મંદિર તરફથી પ્રકટ થઈ રહ્યો છે.

અનાદિ કાલથી આસ્તિકો અને નાસ્તિકોએ છેવટે એ અનુભવ કર્યો છે કે જગતને ટકાવવું હોય અને આ વિશ્વને રહેવા લાયક બનાવવું હોય તો અહિંસા અને વિશ્વપ્રેમના સંદેશાનો પ્રચાર કરવો જોઈશે. થોડો અપવાદ બાદ કરતાં દરેક યુગના દરેક ધર્મે તથા દરેક તત્ત્વજ્ઞાને અહિંસા અને વિશ્વપ્રેમની શક્તિનો સ્વીકાર કર્યો છે, પણ તેમાંના બહુ થોડા તેની ઉપયોગિતા અને અસહકારતા પુરવાર કરી શક્યા છે.

પ્રભુ મહાવીરે પોતાના આચરણ વડે અહિંસા અને વિશ્વપ્રેમની શક્તિ તથા સ્થિરતા દર્શાવીને સામાન્ય મનુષ્યમાં પણ અહિંસા અને વિશ્વપ્રેમ પ્રત્યે અચળ શ્રદ્ધા ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી હતી. જેમણે અહિંસા અને વિશ્વપ્રેમને શ્રદ્ધા તથા સમર્પણ સાથે પોતાના જીવનમાં સ્થાન આપ્યું, તેઓ છેવટે તેમાં રહેલી અદ્‌ભુત અને પ્રચંડ તાકાતનો સાક્ષાત્કાર કરી શક્યા. ભગવાન મહાવીર સમસ્ત માનવ-જાતિની કૃતજ્ઞતાભરી પ્રશંસા પામી રહ્યા છે, કારણ કે જેમણે જીવનને વિશ્વવ્યાપી દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો, તેમાં તેઓ અગ્રેસર રહ્યા છે.

કૃપા કરીને, તમે જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિરને આવો પ્રશંસનીય પ્રયત્ન કરવા માટે મારા ઘણા ઘણા અભિનંદન પહોંચાડશો.

૮—પદ્મભૂષણ સૂર્યનારાયણ વ્યાસ તરફથી.

ભારતીજીવન
ઉજ્જૈન (માલવા)
તા. ૬૯-૯-૬૨

શ્રીમાન્

યહ જાનકર પ્રસન્નતા હુઈ કિ આપ વીર-વચનામૃતકા પ્રકાશન કર રહે હૈં. મેરી શુભ કામના.

वीतरागजयं देवं, दयया समलङ्कृतम् ।
महा–वीरं महावीरं, वन्दे जिनवरं वरम् ॥

૯– મુંબઇ યુનિવર્સિટિના વાઇસ–ચેન્સેલર શ્રી વી. આર. આનોલકર તરફથી.

[અંગ્રેજી પરથી]

મુંબઈ
૧૮ મી સપ્ટેમ્બર, ૧૯૬૨

શ્રી ધીરજલાલ ટી. શાહ

મને જાણીને આનંદ થાય છે કે તમે પ્રભુ મહાવીરના ઉપદેશનો સંગ્રહ પ્રકટ કરી રહ્યા છો. તેમણે અહિંસા અને વિશ્વપ્રેમનો જે સંદેશો આપ્યો છે, તેને આપત્રે વિશાળ અર્થમાં સમજ્યો અને સત્કારવો જોઈએ. હું આશા રાખું છું કે પ્રસ્તુત ગ્રંથ એ દિશામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવશે.

૧૦—શ્રી વિષ્ણુ પ્રભાકર તરફથી.

[અંગ્રેજી પરથી]

૮૧૮, કુંડેવાલાન, અજમેરી ગેટ,
દિલ્લી—૬

શ્રીમાન્

તમારો તા. ૧૭-૯-૬૨ નો પત્ર મળ્યો. મને ઘણો આનંદ

થાય છે કે તમો ભારતના મહાન સંત પ્રભુ મહાવીરના ઉપદેશનો સંગ્રહ પ્રકટ કરી રહ્યા છો. અહિંસાના સંદેશનો અર્થ શો છે ? તે આજે કોઈ પણ સમજી શકે એમ છે. તેમણે માનવજાતિને વાસ્તવિક સુખ માટેનો માર્ગ દર્શાવ્યો છે. વળી તેમણે પોતાની જાતમાં જ શ્રદ્ધા રાખવાનું અને પોતે જ પોતાના માર્ગદર્શક બનવાનું જણાવ્યું છે.

આજે આપણે તેમના ઉપદેશનું સાચું રહસ્ય સમજીએ અને તેને નિષ્ઠાપૂર્વક અનુસરીએ એ જ શુભ કામના.

૧૧—રાજસ્થાનના શિક્ષામંત્રી શ્રી હરિભાઉ ઉપાધ્યાય તરફથી.

જયપુર, રાજસ્થાન
૨૪, સિતમ્બર, ૧૯૬૨

પ્રિય ધીરજલાલભાઈ,

दिनांक १७ सितम्बर, १९६२ के आपके पत्र से यह जानकर प्रसन्नता हुई कि 'वीर वचनामृत' नाम से भगवान महावीर के उपदेश का एक संग्रह प्रकाशित किया जा रहा है।

भगवान महावीर का महावीर नाम यथार्थ था। उनके जीवन में अहिंसा की साधना जितनी तीव्र पाई जाती है और उसके लिए उन्होंने जो जो कष्ट–त्रास सहे हैं, वह उनकी सहनशीलता और तितिक्षा इतिहासमें अपूर्व है। जो बाहरी शत्रुओं से लढ कर विजय पाता है वह वीर कहलाता है परन्तु जो आन्तरिक शत्रुओं–अपने विकारों और बाह्य परिस्थितिओं के आघातों को शान्ति के साथ सहता है वह वीर ही नही, महावीर है, उसमें कोइ सन्देह नही। उनकी अद्भुत तपस्या के सामने हठात् सिर झुक जाता है।

૧૨—સુપ્રસિદ્ધ લેખક અને વિચારક શ્રી યશપાલ જૈન દિલ્લી તરફથી.

मुझे यह जानकर बड़ा हर्ष हुआ कि अहिंसा तथा प्रेम के संदेश को व्यापक रूप से प्रसारित करने के लिए भगवान महावीर के बहुमूल्य उपदेशों का एक संग्रह प्रकाशित हो रहा है। मैं इस दूरदर्शितापूर्ण तथा उपयोगी काय का अभिनंदन करता हूं और उसकी योजना के लिये संयोजकों को बधाई देता हू।

भगवान महावीर के सिद्धान्तों की कल्याणकारिता स्वयंसिद्ध है। आज संसार बड़ी विषम परिस्थिति से गुजर रहा है। वह सुख चाहता है, पर काम दुख के करता है। वह शान्ति चाहता है, पर बीज अशान्ति के बोता है। आणविक अस्त्रों का निर्माण करके आज उसने चारों और शीत युद्ध की स्थिति उत्पन्न कर दी है। हिंसा की काली घटाएं हर समय आकाश में मंडराती रहती हैं। समूची मानवजाति आज त्रस्त है। शान्ति और बंधुत्व की बात होती है, पर लोगों का आचरण उनके विपरीत होता है।

ऐसे समय में भगवान महावीर के सिद्धान्तों के प्रसार की आवश्यकता के विषयमें दो मत नहीं हो सकते। वस्तुतः उनकी शिक्षाएं केवल जैन-समाज के लिए ही कल्याणकारी नहीं हैं, अपि तु सारी मानव-जाति के लिए हितकारी हैं। यदि संसार को वास्तविक सुख और स्थायी शांति चाहिए तो भगवान महावीर ने उसका मार्ग बता

दिया है । अहिंसा की अमोघ शक्ति को लेकर चलो, हिंसा स्वतः ही पराभूत हो जायगी; 'जीओ और जीने दो' के मूलमंत्र को जीवन में अपनाओ, युद्ध समाप्त हो जायंगे; स्याद्वाद के राजमार्ग पर चलो, विग्रह देखने को भी नहीं मिलेंगे; अपरिग्रह पर आचरण करो, भौतिकता-जन्य क्लेश दूर जायंगे; प्रेम करो, मानव-जाति एक सूत्र में बंध जायगी ।

ये सब रास्ते भगवान महावीर के बताये हुए हैं । इन पर चलकर आज की भटकती दुनिया को निश्चय ही नया प्रकार, नई प्रेरणा और नया हौसला मिलेगा ।

ढाई हजार वर्ष पहले भगवान महावीर ने जो कुछ कहा था, वह आज भी उतना ही ताजा है, जितना उस समय था ।

मैं आशा करता हूं कि 'वीर-वचनामृत' के पठन और मनन से सभी वर्गों के पाठक अनुप्राणित होंगे और इस जीवन-निर्माणकारी कृति का सभी क्षेत्रों में स्वागत होगा ।

૧૩—ગુજરાતના પંતપ્રધાન શ્રી. જીવરાજ મહેતા તરફથી.

સચિવાલય
અમદાવાદ-૧૫
તા. ૩-૧૦-૬૨

ભગવાન મહાવીરના સુવચનોનો એક સંગ્રહ "**વીર-વચનામૃત**" પ્રકટ થાય છે, તે જાણી આનંદ થયો.

ભારતની સંસ્કૃતિના ઘડવૈયા પ્રાચીન મહાનુભાવોમાં ભગવાન મહાવીરનું નામ હંમેશાં પ્રથમ પંક્તિમાં છે. એમણે પ્રબોધેલા પ્રેમ,

અહિંસા, સંયમ અને સેવાનો સદુપદેશ આજે પણ ભારતને અજવાળી રહ્યો છે.

ભગવાન મહાવીરનાં વચનામૃતો આપણા સહુના જીવનમાં નવો ઉમંગ અને ઉત્સાહ પ્રેરશે એમાં કંઈ શંકા નથી.

આ પ્રકાશનને હું સફલતા ઇચ્છું છું.

૧૪—મહારાષ્ટ્રના ગત રાજ્યપાલ શ્રી પી. સુબ્બારાયન તરફથી.

[અંગ્રેજી પરથી]

મહારાષ્ટ્ર રાજ્યપાલની છાવણી
સપ્ટેમ્બર ૬૨, ૧૯૬૨

મને જાણીને આનંદ થાય છે કે મુંબઈનું જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર અહિંસા અને વિશ્વપ્રેમની ભાવના વધે એ હેતુથી પ્રભુ મહાવીરના ઉપદેશનો સંગ્રહ 'વીર વચનામૃત' નામથી પ્રકટ કરી રહ્યું છે. હું આ પ્રકાશનને દરેક પ્રકારે સફળતા ઇચ્છું છું.

કાવ્ય વિભાગ

પ્રાર્થના

રચયિતા – પ. પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

સુરિંદાણં વિંદં णमइ कमले जस्स चलणे,
सियावाओ गीओ सयलणयमो जेण विमलो ।
समेसिं अत्थाणं परमसमत्तं जमणुगं,
णमंसामो वीरं समणवहधम्मं तमरिहं ॥

જેમનાં ચરણકમલમાં દેવેન્દ્રોનો સમૂહ નમન કરે છે, જેમણે નિર્મલ અને સકલ નયોનો સમન્વય સાધનાર સ્યાદ્વાદ ગાયો છે, જેમને સકલ પદાર્થોનું ઉત્તમ સમાન સ્વરૂપ અનુસરે છે, તે દશ પ્રકારના શ્રમણધર્મથી યુક્ત શ્રી વીર પરમાત્માને અમે નમન કરીએ છીએ.

સંસ્કૃત

[૧]

રચયિતા—નરેન્દ્ર ઝા શર્મા, ન્યાય-વ્યાકરણ-સાહિત્યાચાર્ય
જી. ટી. સંસ્કૃત મહાવિદ્યાલય, મુંબઈ.

लोकोपकारपरमार्थशतावधानी
मानी निरन्तरपरिश्रमणैरिदानीम् ।
काले कलावपि निरस्तुमनाजनाना-
मेनांसि वीरवचनामृतमानयत् किम् ? ॥ १ ॥
श्रीमान् सुधीरजपदं भविकान् समस्ता-
नानेतुमेष किमु यत्नमिमं व्यतानीत् ।
यस्मात्तुवीरवचनामृतमेतदाप्तुं
त्यक्ष्यन्ति नूनममृतं भविकाः प्रसिद्धम् ॥ २ ॥
जैनागमाम्बुनिधिमन्थनजातमेतत्
संस्तुत्य वीरवचनामृतमीक्षिताऽपि ।
मोदं वहन्नतितरामहमस्मिचेत्त-
न्मन्ता भवी पदमवाप्स्यति किं न जाने ॥ ३ ॥
भवेत्पुस्तं लोके हितमपि मनोहारि नियते
सहस्रं वीराख्यप्रणिहितवचांसि श्रितमिदम् ।
अवश्यं भव्यात्मा प्रसृमरमना स्तौति किमपि
प्रकृष्टं किन्त्वेतत् समजनि समेषां स्तुतिपदम् ॥४॥
प्रभुप्रसादेन विशुद्धबुद्धिः
सुधीरयं यातु कृतार्थभावम् ।
निर्माय चान्यान्यपि पुस्तकानि
नरेन्द्रवन्द्रश्रियमातनोतु ॥ ५ ॥

લોકોપકારક અને પરમાર્થ ભરેલા સો અવધાનને કરનાર, પ્રમાણમાં રસ ધારણ કરનાર લેખકે કલિયુગમાં પણ લોકોના પાપ દૂર કરવાની ઈચ્છાથી સતત પરિશ્રમપૂર્વક અહીં (અત્યારે) શું **વીર-વચનામૃતને** પ્રાપ્ત કરાવ્યું ? ૧

શ્રીમાન્ ધીમાન્ આ લેખકે સમસ્ત ભવ્યાત્માઓને શાશ્વતપદ પ્રાપ્ત કરાવવા માટે આ યત્ન વિસ્તાર્યો છે, તેથી આ **વીર-વચનામૃત** મેળવવા માટે ભવ્ય આત્માઓ પ્રસિદ્ધ એવા અમૃતનો ખરેખર ત્યાગ કરશે (એમ હું માનું છું). ૨

જૈનાગમરૂપી સમુદ્રનું મંથન કરવાથી ઉત્પન્ન થયેલ પ્રશંસનીય આ **વીર-વચનામૃતને** જોવા માત્રથી પણ મને ખૂબ જ આનંદ થાય છે, તો પછી આનું મનન કરનાર ભવ્યાત્મા કેવો આનંદ અનુભવશે ? તે હું જાણતો નથી. ૩

લોકોમાં હિતકારક પુસ્તક અવશ્ય લોકોના મનનું હરણ કરનારું થાય છે. તો વીર પરમાત્માના શ્રેષ્ઠ સુન્દર વચનોથી યુક્ત આ પુસ્તકનું તો કહેવું જ શું ? વિશાળ મનવાળો ભવ્ય આત્મા અવશ્ય કોઈ પણ સારી વસ્તુની સ્તુતિ કરે છે, પરંતુ આ પુસ્તક તો સર્વેની સ્તુતિને પાત્ર થયું છે. ૪

પરમાત્માની કૃપાથી વિશુદ્ધ બુદ્ધિ એવા વિદ્વાન્ કૃતાર્થપણાને પામો અને બીજા અનેક પુસ્તકોની રચના કરીને રાજરાજેશ્વરની (નરેન્દ્રચંદ્રની) લક્ષ્મીને વિસ્તારો. ૫

[૨]

રચયિતા—**પંડિત રુદ્રદેવ ત્રિપાઠી**, સાહિત્ય-સાંખ્ય યોગાચાર્ય એમ. એ.
સંપાદક—**' માલવમયૂર ' સંસ્કૃત માસિક-મંદસૌર** (મ. પ્ર.)

આર્તત્રાણકરી સુધાબ્ધિલહરી કારુણ્યપૂર્ણેશ્વરી,
સંસારાર્ણવ-સઙ્કટે પ્રપતતાં તારાય ચૈકા તરી ।

सर्वस्वान्तचरी सुपुण्यनगरी सत्तत्त्वचिन्तादरी,
लोकानामभयाय भातु भुवने श्रीवीरवाणीझरी ॥ १ ॥

દુઃખીઓનું રક્ષણ કરનારી, અમૃતના સમુદ્રની લહરીસ્વરૂપ, કરુણાથી ભરેલી, કોઇ પણ કામમાં અહિત ન કરનારી, સંસારરૂપી સમુદ્રના સંકટમાં પડેલા માનવોને પાર ઉતારવા માટે એક માત્ર નૌકા જેવી, બધા જીવોના અંતરમાં વિચરનારી, પુણ્યોની ખાણ અને તત્ત્વ ચિંતન માટે એકાન્ત કંદરા સમી, **શ્રી વીર પ્રભુની વાણીનો ઝરો** જગતના અભય માટે વિશ્વમાં વ્યાપ્ત થાઓ.

हरतु जनता-तापं सद्यो ददातु सुपौरुषं,
किरतु करुणापूरं क्रियास्वपि कौशलम् ।
मनुज-जननस्याद्यं लक्ष्यं प्रति प्रणुदच्चिरं,
जयतु भुवने वीरस्येयं सदा वचनामृतम् ॥ २ ॥

આ **ભગવાન મહાવીરનું વચનામૃત** જનતાના તાપનું હરણ કરો, પુરુષાર્થ-ચતુષ્ટયીને આપો, કરુણાનો પ્રસાર કરો અને સાંસારિક ક્રિયાઓમાં કુશળતા આપો તથા માનવજીવનનાં આદ્ય લક્ષ્ય-મોક્ષ-પ્રાપ્તિ માટે સતત લાગણી પ્રેરતું આ સંસારમાં સદા વિજયી થાઓ.

[૩]

રચયિતા - **રાજગુરુ ગોસ્વામી પં. ધનગિરિ શાસ્ત્રી, સાહિત્યાલંકાર કાવ્ય-પુરાણ-તીર્થ બૃહન્મઠાચાર્ય-સીતામઉ**

प्रत्नानि रत्नानि बहूनि सन्ति,
प्रायः क्षितौ काऽस्ति कथाऽत्र तेषाम् ।
कस्तत्र चिन्तामणिरित्यमोघं,
यो दर्शयेत् सोऽस्ति सदैव धन्यः ॥ १ ॥

अतुलशान्तिकरं सकलार्तिहं,
परपदाप्तिविधौ सुनिदेशकम् ।
जगति वीरमुखाम्बुधिनिःसृतं,
पिबत रे मनुजाः वचनामृतम् ॥ २ ॥

પ્રાચીન રત્નો તો પ્રાયઃ આ પૃથ્વીને વિષે ઘણાં છે, પણ તેની વાત અહીં શી કરવી? તેમાં અમોઘ એવું ચિંતામણિરત્ન કયાં છે? તેનું દર્શન કરાવે તે પણ સદૈવ ધન્ય છે.

હે મનુષ્યો! તમે આ જગતમાં **શ્રી વીર પ્રભુના મુખરૂપી સમુદ્રમાંથી નીકળેલા વચનામૃતને** પીઓ કે જે અતુલ શાંતિને કરનારું છે, સર્વ પીડાઓને હરનારું છે અને મોક્ષની પ્રાપ્તિનો વિધિ સારી રીતે શીખવનાર છે.

हिन्दी

રચયિતા :—**श्रीमान् अगरचंद नाहटा-बीकानेर**

[१]

सिद्धारथकुल-कमल-दिवाकर, त्रिशलाकुक्षि-मानस-हंस ।
चरम जिनेश्वर महावीर है, मङ्गलमय त्रिभुवन अवतंस ।
यद्यपि उन में अनुपम गुणगण, हैं अनन्त नहीं कोइ पार ।
पा सकता है किन्तु भक्तिवश, करता हूं मैं वही विचार ॥

[२]

आत्मा में तन्मयता जिन की, थी अतीव उन्नत अविचल ।
परभावों की त्यागभावना, थी वैसी ही उग्र विमल ।

विश्वप्रेम भी ओतप्रोत था, जिन के जीवन में पूरा ।
अद्वितीय हो सहनशील घन, दूषणगण जिन ने चूरा ॥

[३]

अहो अहो समता थी कैसी ? सहे कष्ट मरणान्त अनेक ।
अगर और कोई होता तो, निश्चय खो देता सुविवेक ।
पर जिन को था ज्ञान गर्भसे, देहादिक अरु आतम का ।
विचलित वे कैसे होवें जो, पद धरते परमातम का ? ॥

[४]

यज्ञो में पशुहिंसा होती, थी मानों उन में नहीं प्राण ।
किया निवारण बता वीरने, जीव सभी हैं एक समान ।
माना था बस क्रियाकाण्ड में, लोगों ने सर्वस्व तभी ।
कहा वीर ने ज्ञान विना की, क्रिया अफल है सदा सभी ॥

[५]

उच्च-नीचता तब लोगों में, जाति पर ही निर्भर थी ।
स्त्रीजाति की दशा देश में, पूर्ण रूप से बदतर थी ।
प्रकट किया तब महावीर ने, उच्च-नीचतम गुण-संबन्ध ।
स्त्री-जाति आदर्श बने ज्यों, वैसे प्रभु ने किए प्रबन्ध ॥

[६]

वस्तु स्वभावे धर्म सुलक्षण, अतः साध्य सबको निज भाव ।
साधन बहुविध हैं मत झगड़ो, पा करके यह उत्तम दाव ।
कर्मविकार निजातम गुण से, पूर्ण रूप से कर दो दूर ।
वीर प्रभु का भव्य बोध यह, प्रगटाता है अद्भुत नूर ॥

[७]

है अनन्त धर्मात्मक सच्चा, वस्तु मात्र का शुद्ध स्वरूप ।
अनेकान्त से उसको देखो, तब निश्चय होगा अनुरूप ।
यह सिद्धान्त उदार वीर का, स्याद्वाद कहलाता है ।
सर्व दर्शनों में सर्वोपरि, विजय परम पद पाता है ॥

[८]

मानवजीवन ही जिनका है, उपकारी उपदेश विशेष ।
स्मरण स्तव सुखदायक जिनका, हैया से में करुं हमेश ।
अगर पूर्ण विकसित सद्गुण-पुष्पों की विशद विजय वरमाल ।
वीर प्रभु को सादर सविनय, करूं समर्पण मैं समकाल ॥

---

[२]

रचयिता : आशुकवि मुनिश्री नथमलजी

महावीर के प्रति

[१]

ज्योतिपुञ्ज ! तुम अमल चक्षु हो
चकाचौंध में अन्धकार में
स्वयं रम्य हो तन्मयता से
चिन्मयता से तुम अदम्य हो
श्रद्धामय ज्योतिःकिरणों से
स्वयं गम्य हो सहज नम्य हो

स्वयं वचोमय तुम प्रतिपल हो
आत्मजगत में सदाचार में
ज्योतिपुञ्ज ! तुम अमलचक्षु हो,
चकाचौंध में अन्धकार में ॥

[२]

ज्योतिपुञ्ज ! तुम अमलचक्षु हो
चकाचौंध में अन्कार में
स्वयं मुक्ति तुम मुक्तिदूत हो
सत्य-अहिंसा-तपः मूल हो
मोहरश्मि-अभिभूत विश्वमें
ज्ञानलीन चरण-प्रसूत हो
स्फूर्तिमान हो संस्कारों में,
मूर्तिमान हो अनाकार में ।
ज्योतिपुञ्ज ! तुम अचल चक्षु हो,
चकाचौंध में अन्धकार में ॥

ઉર્દૂ

રચયિતા :—**ઔશાક અલિયેગ 'રાજ' એમ. એ. વૃજવાસી**

रूहे[1] इन्साँ को फिर ताजगी दी तूने,
जिस्मे हेवाँ[2] को फिर जिन्दगी दी तूने ।
ए महावीर तुझ पर तमद्दुन[3] निसार,[4]
फिर जहाँ को नई रोशनी दी तूने ॥

दर से रुहानियत५ तेरी फिक्रे-जमील,६
तुझ से रोशन हुए हैं चिरागे हयात्त७ ।
किस तरह हो खिराजे-अकीदत८ अदा,
तेरी मरहूने मिन्नत९ ये कुल कायनात ॥

૧-આત્મા. ૨-પશુ. ૩-સંસ્કૃતિ. ૪-ન્યૌછાવર. ૫-આત્મવાદ. ૬-આદર્શ વિચારધારા. ૭-જીવન. ૮-શ્રદ્ધાંજલિ. ૯-આભારી. ૧૦-સારો સંસાર.

ભાવાર્થ-તેં મનુષ્યોના આત્માને તાજગી આપી, તેં જગતના પશુઓને નાના મોટા જીવોને જીવન આપ્યું. હે મહાવીર ! તારા ઉપર આ સંસ્કૃતિ ન્યૌછાવર છે; કારણ કે તેં આખી દુનિયાને એક નવી જ રોશની આપી છે.

તારો આત્મવાદ આદર્શ વિચારધારાથી ભરેલો છે. જીવનની ચિરાગ પણ તારાથી જ પ્રકાશવંત થયેલી છે; તને હું શ્રદ્ધાંજલિ શી રીતે આપું ? આ આખી દુનિયા જ તારા ઉપકાર નીચે દબાયેલી છે.

મરાઠી

રચયિતા : **શ્રી બાલચંદ્ર હિરાચંદ્ર ચાંદવડકર 'બાલેન્દુ'**
માલેગાંવ (જી. નાશિક)

શ્રી મહાવીર-વચનામૃત

(चाल-फुलें वेलींचीं भूषणें जणुं युवतींचीं)

वीरवचनांचे । वाहती झरे अमृतांचे ॥ धृ० ॥
तरंगनयतत्वांचे गुणकर । चमकति मणिकणिकांचे सुंदर ।
विविध कलाकृतिचें जणुं मंदिर । ज्ञानवारींचे ॥वाहती०॥१॥

उमटति त्यांतुनि मधु मंजुल स्वर। आकर्षति भविमानसमंदिर
ज्ञानविमल रव जन्मति गंभिर। वीरवाणीचे ॥वाहती०॥२॥
नृत्य करिति हर्षे अति सुंदर। ताल-स्वर-लयबद्ध मनोहर।
भविकमयूरमन प्रफुल्ल सत्वर। ज्ञानगंगेचे ॥वाहती०॥३॥
करिती निमज्जन वारितरंगीं। प्रतिपदि होती शुद्ध निजांगीं।
संतमनीचे भाव सुरंगी। वीरवचनांचे ॥वाहती०॥४॥
अशीच राहो वृत्ति ममांगीं। कधि न सरोती भावतरंगी।
तव वचनामृतिं रत गौरांगी। बोध तृप्तीचे ॥वाहती०॥५॥
नय-निक्षेप-तरंगित तटिनी। तृप्त होति जलबोध प्राशुनी।
पुलकितांग होती मनिं जाणुनी। प्रबुद्धचि साचे ॥वाहती०॥६॥
संशयबुद्बुद मनिं जे उठती। ज्ञानगुणें ते सहजचि फुटती।
आत्मबोध आत्म्यास पाहती। वीर वाणीचे ॥वाहती०॥७॥
स्वयं तरुनि जगतास तारिती। जन्म-जरा-मरणासि वारिती।
सुलभ कुशल धर्मासि बोधिली। शुद्ध धर्माचे ॥वाहती०॥८॥

વીર પ્રભુનાં વચનો રૂપી અમૃતનાં ઝરણાંઓ વહી રહ્યાં છે! એ ઝરણાંઓમાં નયના તત્વોના તરંગો જે ગુણને કરનારા છે, તે ઉછળી રહ્યાં છે. એ જાણે રત્નના સુંદર કકડાઓ હોય એવા જણાય છે, અને એ બધા મળી એક કલાકૃતિપૂર્ણ જ્ઞાનરૂપી પાણીનું મંદિર બનેલું છે.

એ પાણીના પ્રવાહોમાંથી ઘણા મીઠા અને મંજુલ ધ્વનિ નીકળી રહ્યા છે, અને એ ભવ્યજીવોના મનરૂપી મંદિરનું આકર્ષણ કરે છે. વળી તેમાં વીરવાણીના ગંભીર અવાજ જન્મે છે.

તેથી ભવ્ય જીવોરૂપી મયૂરો પ્રફુલ્લચિત્ત થઈ હર્ષથી નાચે છે. અને તેમાં આનંદથી તાલ, સ્વર અને લય ભેળવી દે છે. એવા જ્ઞાન-ગંગારૂપી વીરવાણીનાં ઝરણાંઓ વહે છે.

એ ભવ્ય માનવરૂપી મોરલાઓ પાણીના તરંગોમાં ડૂબકી મારે છે. અને એમ કરી દરેક ક્ષણે પોતાના અંગથી શુદ્ધ થાય છે. એવી રીતે સંત પુરુષોના મનમાં સુંદર રંગી વીરવચનોની ભાવના જન્મે છે.

એવી જ વૃત્તિ મારા મનમાં પણ રહો. અને એ ભાવનાતરંગ કદી પણ પૂરા ન થાઓ. તારા વચનરૂપી અમૃતમાં, મારી સ્વચ્છ ભાવના રહી, આત્મતૃપ્તિનો બોધ મને મળતો રહો.

વીર વાણી, જેમાં નય અને નિક્ષેપોના તરંગો ઉછળે છે, એની નદી છે. તેનું જલ પ્રાશન કરી બોધ મેળવી લોકો સમાધાન પામે છે. અને એમ પવિત્ર થઈ મનના આનંદને લીધે શરીરના રુંવાડા સુખ અનુભવે છે.

મનમાં જે સંશયના પરપોટા જાગે છે, તે પરપોટા જ્ઞાનના ગુણથી સહેજે ફૂટી જાય છે અને આત્મા પોતાના આત્માને ઓળખી લ્યે છે. એવા વીરવાણીના અમૃતનાં ઝરણાઓ વહે છે.

એ અમૃતનાં ઝરણાઓ પોતે તરી બીજાઓને પણ તારે છે અને જન્મ-જરા-મૃત્યુનું પણ નિવારણ કરે છે. તેમજ સુલભ અને કુશલ એવો ધર્મમાર્ગ બતાવે છે. એવા વીરવાણીના શુદ્ધ ધર્મ બતાવનારાં અમૃતનાં ઝરણાઓ વહે છે.

ગુજરાતી

[૧]

રચયિતા : પૂ. પંન્યાસ શ્રી કીર્તિવિજયજી ગણિવર

[રાગ—આશાવરી અથવા ધનાશ્રી]

વીર જિણુંદ ભગવાન, જન્મ્યા વીર જિણુંદ ભગવાન,
ક્ષત્રિયકુંડમાં ક્ષત્રિયકુલમાં, ભૂપ સિદ્ધારથ જાણુ;
ત્રિશલા દેવી કુખે જન્મ્યા, ત્રિભુવન તિલક સમાન...જ. ૧
ચૈત્ર સુદ તેરસ દિન શોભે, સાત ગ્રહો ઊંચે જાણુ,
ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા યોગે, ત્રણ ભુવનપ્રધાન...જ. ૨

નારક પણ ક્ષણ સુખ અનુભવતા, સઘળે શાંતિ છવાય.
અજબ જ્યોતિ ત્રિજગે પ્રસરી, સૌને હરખ ન માય...જ. ૩
અનુપમ રૂપ અનુપમ શક્તિ, અનુપમ પુણ્યનિધાન;
સુરવર નરવર ઇંદ્ર ઇંદ્રાણી, ગાયે જિન ગુણગાન...જ. ૪
સુરગિરિ પર પ્રભુ પધરાવી, ઇંદ્રો કરાવે સ્નાન,
અંગૂઠે પ્રભુ મેરુ કંપાવ્યે, અનંત શક્તિમાન...જ. ૫
જગતભરમાં જોડી નહી બીજી, સંયુક્ત જે ત્રણ જ્ઞાન;
લક્ષણ એક હજાર ને આઠ, કરતલ પગતલ માન...જ. ૬
અહિંસા-ધર્મનો ધ્વજ ફરકાવ્યો, આપ્યું અપૂરવ જ્ઞાન;
વિશ્વવત્સલ પ્રભુ કરુણાનિધિ, કર્યું જગત-કલ્યાણ...જ. ૭
આત્મકમલમાં લબ્ધિ અનંતી, અજ્ઞાનતિમિર ભાણુ;
પારાવાર અભ્યંતર લક્ષણ, ફેલી કીર્તિ જહાન...જ. ૮

[૨]

રચયિતા : **શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી** એમ. એ. **શાંતાક્રુઝ, મુંબાઈ**

મહાવીર ત્રિભુવનશિરમોર

જય બ્રાહ્મણવ્રત ક્ષત્રકિશોર,
મહાવીર ત્રિભુવનશિરમોર.

હિંસા દારુણ યજ્ઞધૂમથી નભતલ મલિન અકલ ઘનઘોર,
રણ ઝીકાતી કાતિલ અસિની વીજ ઝબૂકે ચારે કોર,
ભેદભાવ ને વાદવિવાદે તાણે તંત તુમાખી તોર,
'હું સાચો, તું ખોટો' ધુરકે, ઝઘડે મચવે શોરબકોર;
છાયા અંધારાં ચહુ ઓર,
વ્યોમ વીંઝતો વાવંટોળ.

એવી ભારત ભોમે પ્રકટ્યા વર્ધમાન સિદ્ધાર્થ કિશોર,
મોહતિમિર, તીવ્ર તપસ્વી, સૂર્યસમાણા ઝાકમઝોળ.
એનેકાન્તના અમીવર્ષણે વિવાદવિષનું શમાવ્યું જોર,
તપ સંયમ પુરુષાર્થ પ્રકાશે વહેમરૂપ વણસાડ્યા ચોર;

શમી આંધી ને ઊગ્યું પ્હરોડ,
વિશ્વ બન્યું આનંદવિભોર.
જીવસૃષ્ટિની અનન્ત કલના દાખવતી વૈજ્ઞાનિક દોર,
અને અહિંસા-દયાધર્મની ધજા ફરકતી ગગનઝકોર;
હજારને હણનારો શૂરો? ના, કાયર એ સ્વાર્થકઠોર,
આત્મવિજેતા મહાવીરની વિમલ વીરતા ઝળકી ઓર.
જય બ્રાહ્મણવર ક્ષત્રકિશોર,
મહાવીર ત્રિભુવનશિરમોર.

તા. ૨-૧૦-૧૯૬૨

બંગાળી

[૧]

રચયિતા : **શ્રી દક્ષિણારંજન મિત્ર મજુમદાર**

[બંગાળીમાં શિશુ-સાહિત્ય-સમ્રાટની ખ્યાતિ પામેલા આ કવિવરે આજથી ૬૦ વર્ષ પહેલાં ' સુધા ' નામના માસિકમાં આ કાવ્ય પ્રકટ કરેલું હતું. તેઓ આજે હૈયાત નથી, પણ તેમના ઉત્તરાધિકારીઓની અનુમતિથી આ કાવ્ય અહીં પ્રકટ થાય છે.]

મહાવીર સ્વામી
જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ ।
જ્ઞાનપ્રભાદીપ્ત તવ ચિત્ત અભિરામ
રાજપુત્ર, ભારતેર યુગ-અન્ધકારે
જ્વાલિલે અતૂલ શિખા । ત્યાજે સર્બ્બ કામ
જીવનેર જય-વાર્ત્તા દિલે દ્વારે દ્વારે ।
સત્યસાધનાર તૃપ્તિ, કર્મબન્ધનેઇ

चिर विलुप्तिर पथ स्वीय माझे आनि'
प्रतिजने वितरिया परम मोक्षेर
प्राणद्युति श्रेयोलामे जागाछे, सन्धानि ! ॥
साधकेर हृदि-मन नमे तव नामे,
महासिद्ध, जन्मजित्, आदर्श गभीर,
तीर्थस्रष्टा, धर्ममय, अहिंस संग्रामे
महावीर, आनन्द-प्रतीक धरित्रीर ।

હે રાજપુત્ર ! તમારું અભિરામ ચિત્ત જ્ઞાનપ્રભાથી ઉજ્જ્વળ હતું. ભારતના અંધકારયુગમાં તમે (એ જ્ઞાનના) આલોકથી દેશમાં જ્ઞાનની દીપશિખા પ્રજ્વલિત કરી હતી. પોતાની સમસ્ત કામનાઓનો પરિત્યાગ કરી તમે ઘરઘરમાં જીવનની જયવાર્તા પહોંચાડી હતી.

હે સન્ધાનિ ! સત્યસાધનાની તૃપ્તિ અને કર્મબંધનના લયને પોતાના જીવનમાં પ્રકાશિત કરી પ્રત્યેક મનુષ્યને મોક્ષની ચેતના વિતરણ કરી તમે સર્વને શ્રેયપ્રાપ્તિને માટે જાગ્રત કર્યા હતા.

હે મહાસિદ્ધ ! હે જન્મજિત્ ! હે ગંભીર આદર્શ ! હે તીર્થ-સ્રષ્ટા ! હે ધર્મમય અહિંસાસંગ્રામમાં મહાવીર ! (આખ્યાધારી) હે પૃથ્વીના આનંદ-પ્રતીત ! તમારા નામથી સાધકોનાં હૃદય નમી પડે છે.

[૨]

રચયિતા : **શ્રી ગણેશ લાલવાની**

[શ્રી લાલવાની રાજસ્થાની હોવા છતાં બંગાળી ભાષા પર ઘણું પ્રભુત્વ ધરાવે છે અને તેમના લેખો, કાવ્યો વગેરે પ્રસિદ્ધ બંગાળી સામાયિકોમાં છપાય છે. તેમણે ખાસ આ પુસ્તક માટે નિમ્ન કાવ્યની રચના કરી છે.

भगवान महावीर

ए कथा जानिते सुनिश्चय
ज्ञातपुत्र,
अनित्य ए संसारेर किछू सत्य नय
सेइ जय श्रेष्ठ जय
जे करे छे आपनार लय
जे करे छे अधिकार
आत्मार कठिन दूर्ग
क्षय नेइ, क्षति नेइ तार
वन्ध केनो, सेई विश्वजयी ।
ताइ ए मृन्मयी
पृथिवीर आसक्त-बन्धन
छिन्न करि चले गेले, छिन्न-बाधा
निहारिका ज्योतिर मतन
अमित जीवन ।
तारपर
निरन्तर
से दूर्ग करिते अधिकार
तू ले निले स्कन्धे जेइ सुकठिन संयमेर भार
ये कृच्छ साधन
दिवसेर
निशीथेर

ए विश्वेर करे छिलो हृदय हरण ।
आत्मजित्, जयी तूमि
एइ मर्त्य भूमि
धन्य ताइ
पूराय ताइ
तव पदरजः वक्षे करिया धारण
हे तमःहरण ।
आज ताइ तव नामे
विश्वेर साधक चित्त नत हय सश्रद्धा प्रणामे ॥

હે જ્ઞાતપુત્ર ! તમે એ વાતને નિશ્ચિત રૂપથી જાણતા હતા કે અનિત્ય સંસારમાં કંઈ પણ સત્ય (સાર) નથી, જેથી તમારી જાતનો એમાં લય કરી દીધો અને તેણે સર્વશ્રેષ્ઠ વિજય પ્રાપ્ત કર્યો છે. જેમણે આત્મારૂપી કઠિન કર્મનો અધિકાર કરી લીધો છે, તેને ક્ષય, હાનિ કે બંધન હોતાં નથી, તે વિશ્વવિજયી હોય છે.

હે અમિત જીવન ! તેથી તમે આ મૃણુમયી પૃથ્વીના આસક્તિ-બંધનને તોડી નીહારિકાજ્યોતિની માફક ચાલ્યા ગયા. પછી તમે તે આત્મારૂપી કઠિન દુર્ગનો અધિકાર કરવાને માટે (કમળને મેળવવા માટે) નિરંતર જે સંયમનો ભાર ઉઠાવ્યો અને દિનરાત જે કઠિન સાધનામાં પોતાને લીન કરી દીધા, તેણે આ વિશ્વનું હૃદય જીતી લીધું.

હે આત્મજિત્ ! તમે જયી છો. હે તમઃહરણ ! તમારી પદ-ધૂલિકાને વક્ષઃસ્થલ (છાતી) પર ધારણ કરીને આ મનુષ્યભૂમિ આજ પવિત્ર છે અને પોતાને ધન્ય માને છે.

આજ તમારા નામથી વિશ્વના સાધકોનું ચિત્ત શ્રદ્ધાપૂર્વક પ્રણામમાં નમે છે.

અંગ્રેજી

રચયિતા–મી. ફ્રેન્ક. આર. મેન્સેલ (ઈગ્લાંડ)

Adoration.

Disperser of darkness,
Gladdener of hearts,
Bringer of hope,
Illumination of the world,
Truth personified
Like the sun in splendour,
Bright Mahavira,
We Bow to Thee.

Holding fast to the great ideal
Thou hast destroyed the dreadful magnet of desire.
and by the quenchless fire of concentration,
Hast consumed utterly
The accumulated defilement;
Faith personified,
Ever self-centered,
Great Mahavira
We Bow to Thee.

Lord, Thou has understood all,
Withstood all,
Endured all,
Conquered all,
And freed Thyself by thine own exertion,
Worthy of adoration,
Will personified,

Lord Mahavira !
We Bow to Thee.
અંધકારને દૂર કરનાર
હૈયાંઓને પ્રમુદિત કરનાર
આશાને લાવનાર
વિશ્વના મહાપ્રકાશ
મૂર્તિમંત સત્ય
જાણે ઝળહળતો સૂર્ય
એવા તેજસ્વી હે મહાવીર !
અમે તને નમીએ છીએ.
મહાન આદર્શને દૃઢતાથી વળગી રહેનાર
વાસનાઓના ભયાનક આકર્ષણનો નાશ કરનાર
અને ધ્યાનના પ્રબળ અગ્નિ વડે
પૂર્વ સંચિત કર્મનો
સર્વાંશે ક્ષય કરનાર
શ્રદ્ધામૂર્તિ
સદા સંયમી
મહામહાવીર !
અમે તને નમીએ છીએ.
પ્રભો ! તમે બધું જાણ્યું છે,
બધાની સામે ટકયા છો,
બધું સહન કર્યું છે,
બધું જિત્યા છો,
અને સ્વયં પુરુષાર્થથી જ મુક્ત થયા છો;
તમે પૂજ્ય છો, સંકલ્પમૂર્તિ
પ્રભુ મહાવીર !
અમે તમને નમીએ છીએ.



[૧]
પૂર્વકાલીન જૈન મહાપુરુષો તરફથી
૧ થી ૧૫

[૨]
વર્તમાનકાલીન જૈન મહાપુરુષો તરફથી
૧૬ થી ૨૨

[૩]
ભારતના અગ્રગણ્ય મહાપુરુષો તરફથી
૨૩ થી ૫૧

[૪]
વિદેશી વિદ્વાનો તરફથી
૫૨ થી ૫૮



૧–પૂર્વકાલીન જૈન મહાપુરુષો તરફથી

૧–પંચમ ગણધર આર્યસુધર્મા સ્વામી :

'ભગવાન અનુત્તર (શ્રેષ્ઠ) ધર્મ કહેતા હતા અને અનુત્તર ધ્યાન ધરતા હતા. (ગા. ૧૬)

'એ પરમ મહર્ષિ અનુત્તર જ્ઞાન, શીલ અને દર્શનથી અનંત સિદ્ધિને પ્રાપ્ત થયા. (ગા. ૧૭)

'જેમ વૃક્ષોમાં શાલ્મલિ અને વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે, તેમ દીર્ઘપ્રજ્ઞ મહાવીર જ્ઞાન અને શીલમાં શ્રેષ્ઠ હતા. (ગા. ૧૮)

'જેમ ઉદધિમાં સ્વયંભૂ શ્રેષ્ઠ છે, નાગોમાં ધરણેન્દ્ર ઉત્તમ છે અને રસોમાં ઈક્ષુરસ જયવંત છે, તેમ મહામુનિ (ભગવાન મહાવીર) તપ – ઉપધાનમાં જયવંત હતા. (ગા. ૨૦)

'જેમ હાથીઓમાં ઐરાવણ, વનચરોમાં સિંહ, જલમાં ગંગા-જલ અને પક્ષીઓમાં વેણુદેવ ગરુડ પ્રધાન છે, તેમ નાયપુત્ત નિર્વાણ-વાદીઓમાં પ્રધાન હતા. (ગા. ૨૧)

'જેમ યોદ્ધાઓમાં વાસુદેવ શ્રેષ્ઠ છે, પુષ્પોમાં અરવિંદ શ્રેષ્ઠ છે, ક્ષત્રિયોમાં દંતવક્ર શ્રેષ્ઠ છે, તેમ વર્ધમાન ઋષિઓમાં શ્રેષ્ઠ હતા. (ગા. ૨૨)

'જેમ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્યમાં નિરવદ્ય વચન શ્રેષ્ઠ છે અને તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે, તેમ નાયપુત્ત શ્રમણોમાં શ્રેષ્ઠ હતા. (ગા. ૨૩)

'તેઓ પૃથ્વી જેવા ક્ષમાશીલ હતા, રાત દિવસ કર્મોને ખેરવતા હતા, ગૃદ્ધિભાવથી રહિત હતા, જરા પણ સંચય કરતા નહિ અને ઘણા આશુપ્રજ્ઞ હતા. એમણે મહાઘોર સંસારસમુદ્ર પાર કર્યો. એ વીર અનંતજ્ઞાનચક્ષુવાલા હતા અને અભયદાની પણ હતા. (ગા. ૨૫)

'આ અર્હત્ મહર્ષિ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર અધ્યાત્મદોષોનું નિત્ય વમન કરતા હતા. તેઓ કદી પાપ કરતા નહિ, બીજાની પાસે કરાવતા નહિ અને કરતા ને અનુમોદન આપતા નહિ. (ગા. ૨૬)

'આ મહાન અર્હત્ દ્વારા કહેવાયેલા અર્થ અને પદને સાંભળીને તથા એમાં શ્રદ્ધા રાખીને ઘણા મનુષ્યો આયુષ્ય(ની શૃંખલા) રહિત સિદ્ધ થશે અથવા દેવ થશે.' (ગા. ૨૯)

—સૂત્રકૃતાંગ સૂત્ર, શ્રુ૦ ૧, અ૦ ૬.

૨–વાચકશેખર શ્રી ઉમાસ્વાતિ મહારાજ :

મોહરહિત, પૂજ્યતમ, પરમ ઋષિ ભગવાન મહાવીરને મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક નમસ્કાર કરું છું.

— તત્ત્વાર્થાધિગમસૂત્રકારિકા.

૩–શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ :

જેમણે શુકલ ધ્યાનરૂપી અગ્નિથી દુષ્ટ કર્મરૂપી ઇંધનોને દગ્ધ કરી નાખ્યાં, તે યોગીશ્વર વીરને પ્રણામ કરું છું.

— ધ્યાનશતક, મંગલાચરણ.

૪–શ્રી સિદ્ધસેન દિવાકર :

અમારો પરિશ્રમ જીવોના હિતને માટે છે, આ રીતે માયા-વૃત્તિથી જગતને સમજાવનારા, અસત્ય માર્ગના નાયક, સાધુજનના દ્વેષી, યુક્તિવિકલ બોલનારા અને નિરપરાધી તથા સુખના પિપાસુ પ્રાણીઓને વિષે નિર્દય એવા એકાન્તવાદીઓથી લાંબા કાળ સુધી અમે વિહ્વળ થયા હતા; હવે હે વીર! આપના શરણમાં આદરવાળા એવા અમે સુવ્યવસ્થિત (સ્વસ્થ) થયા છીએ.

— ત્રીજી દ્વાત્રિંશિકા–શ્લો. ૨

૫–આચાર્યશ્રી વીરસેન :

જેમના કેવલજ્ઞાન રૂપી ઉજ્જવલ દર્પણમાં લોક અને અલોક પ્રતિબિમ્બિત થાય છે અને જે વિકસિત કમલના ગર્ભ જેવા પીત વર્ણ છે, તે વીર ભગવાન જયવંત હો.

— જયધવલા – મંગલાચરણ.

૬–શ્રી દેવવાચકગણિ :

જગત અને જીવયોનિના વિજ્ઞાપક, જગતના ગુરુ, જગતના જીવોને આનંદ આપનાર, જગન્નાથ, જગબંધુ, જગત્ પિતામહ, અપૂર્વ આત્મતેજથી યુક્ત, સર્વ શ્રુતના પ્રભવસ્થાન, લોકોને ધર્મની શિક્ષા આપનાર, ચરમ તીર્થંકર મહાત્મા મહાવીર જય પામે છે.

— નન્દિસૂત્ર.

૭–શ્રી હરિભદ્રસૂરિ :

સંસારરૂપી દાવાનલનો દાહ ઓલવવામાં વીર સમાન, સંમોહ-રૂપી ધૂળને ઉડાડવા માટે પવન સમાન, માયારૂપી પૃથ્વીના પડોને તોડવા માટે તીક્ષ્ણ હળ સમાન અને ધૈર્યમાં મેરુ પર્વત સમાન શ્રી વીર પ્રભુને હું નમસ્કાર કરું છું.

— શ્રી મહાવીરસ્તુતિ

૮–આચાર્ય શ્રી મલયગિરિ :

કેવલજ્ઞાનવડે સર્વત્ર અબાધિત પ્રકાશ કરનાર, સદા ઉદયવંત, સ્થિર અને તાપરહિત એવા વિશ્વના શ્રેષ્ઠ ભાનુ શ્રી વર્ધમાન જિન જય પામે છે.

— નન્દિવૃત્તિ.

૯–શ્રી હેમચંદ્રસૂરિ :

પરમાનન્દરૂપી સરોવરમાં રાજહંસ સ્વરૂપ અને અલૌકિક શોભાથી યુક્ત શ્રી મહાવીર પરમાત્માને મારો નમસ્કાર હો.

— ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર

દુર્વાર રાગાદિ શત્રુઓના સમૂહનું નિવારણ કરનાર, જગતના જીવોનું રક્ષણ કરનાર, અર્હત્ અને યોગીશ્વર એવા શ્રી વીર પ્રભુને હું નમસ્કાર કરું છું.

— યોગશાસ્ત્ર

૧૦–**શ્રી અભયદેવસૂરિ :**

શ્રમણ ભગવાન મહાવીર જય પામો કે જેઓ સર્વ જિનોમાં ઉત્તમ હતા, લોકના નાથ હતા, સ્વયં બોધ પામેલા હતા અને સમસ્ત લોકનું સ્વરૂપ સારી રીતે જાણી ચૂકેલા હતા.

— શ્રી મહાવીરસ્તોત્ર

૧૧–**શ્રી ધર્મઘોષસૂરિ :**

મેરુ પર્વત સમાન ધીર, અતિ ગંભીર, મહા વીરતાથી યુક્ત, જિનોમાં શ્રેષ્ઠ અને સર્વ અર્થની સિદ્ધિ કરનાર શ્રી સિદ્ધાર્થ રાજાના પુત્ર જય પામો.

— શ્રી વીરજિનસ્તવન.

૧૨–**શ્રી દેવેન્દ્રસૂરિ :**

જેમણે અનંત કાલથી એકત્ર થયેલા કર્મવિપાકરૂપી કાદવને સૂર્યની માફક ઉત્તમ ધ્યાનના પ્રતાપથી એક સામટો શોષવી નાખ્યો, તે શ્રી વર્ધમાન દેવ તમને આનંદને માટે થાઓ.

— કર્મગ્રંથવૃત્તિ.

૧૩–**ઉપાધ્યાય શ્રી યશોવિજયજી :**

જેમના વાક્યરૂપી રસને ચાખીને દેવોને અમૃતપાનમાં પણ લજ્જા થાય છે, જેમની વાણી જગતને હિતકારી છે, જે મુનિઓના સ્વામી છે, તે શ્રી વર્ધમાન પ્રભુને હું નમસ્કાર કરું છું.

— વૈરાગ્યકલ્પલતા.

હે વર્ધમાન જિનવર! તમારા ગુણો વિશાળ છે, તેનું વર્ણન

સાંભળતાં મારા કર્ણમાં જાણે અમૃત રેડાતું હોય એવો આનંદ થાય છે અને મારો દેહ પવિત્ર થાય છે.

હે પ્રભો ! તમે જ મારી ગતિ છો, તમે જ મારી મતિ છો, તમે જ મારો આશ્રય છો અને તમે જ મારું આલંબન છો. તમે મને ખૂબ પ્યારા છો અને મારા જીવનના આધાર છો.

— સ્તવન.

૧૪-મહાત્મા આનંદઘનજી :

વીરપણું તે આતમહાણે, જાણ્યું તુમચી વાણે રે;
કામવીર્ય વશે જિમ ભોગી, તિમ થયો આતમભોગી રે,
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહ તિમિર ભય ભાગું, જીતનગારૂં વાગું રે.

૧૫-શ્રીમદ્ દેવચંદ્રજી :

પરમ બ્રહ્મ, શુદ્ધ આનન્દરસથી યુક્ત, સિદ્ધાર્થ રાજાના નંદન અને લોકને આનંદ આપનાર શ્રી વીર પ્રભુને નમસ્કાર કરું છું.

— નયચક્રસાર.

૨ - વર્તમાનકાલીન જૈન મહાપુરુષો તરફથી

૧૬-શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ :

વિશ્વોદ્ધારક, વિશ્વવત્સલ, વીતરાગ, સર્વજ્ઞ, તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીએ પૂર્વ જીવનમાં ઘોર તપસ્યા, સંયમ, શ્રુત અને સ્વાધ્યાય સાથે અરિહંતાદિ વીસ સ્થાનકની વિશિષ્ટ સાધના કરી તીર્થંકરપદનું પ્રકૃષ્ટ પુણ્ય ઉપાર્જન કર્યું અને છેલ્લા ભવમાં ઉત્કૃષ્ટ વૈરાગ્ય તથા પ્રશાન્તતાદિ અનેક ગુણવિભૂષિત ગૃહવાસ સેવી ત્રીશ વર્ષની ભર યુવાનીમાં ચારિત્ર ગ્રહણ કરી પ્રખર સંયમ, પરીષહ-ઉપસર્ગ સહન, ઉગ્ર તપશ્ચર્યા તથા તત્ત્વરમણુતાની ભવ્ય સાધના કરી વીતરાગ સર્વજ્ઞ

તીર્થંકર બન્યા તથા ધર્મશાસનની સ્થાપના કરીને અનેક ભવ્યાત્માઓના તારણહાર બન્યા. તેમનાં ચરણે મારું શિર વારંવાર ઝુકે છે.

૧૭–શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મહારાજ :

ભગવાન મહાવીરનું જ્ઞાન અલૌકિક અને પૂર્ણ હતું. ભગવાન મહાવીરનું જીવનદોષરહિત અને તદ્દન શુદ્ધ હતું. ભગવાન મહાવીરનું ચારિત્ર અહિંસાના ઉત્કૃષ્ટ આદર્શને વરેલું હતું. તેમાંથી આજની પ્રજાને ઘણું ઘણું શીખવાનું મળે તેમ છે. આજે જગતમાં ચારે બાજુ વેર-ઝેર અને સ્વાર્થમય કુટિલતાનો જે પ્રચંડ અગ્નિ ભભૂકી રહ્યો છે, તે શ્રી વીર પરમાત્માના વચનરૂપી અમૃતનો છંટકાવ થવાથી જ શાંતિ ધારણ કરશે. જગતના સર્વ જીવો સાથે મૈત્રી રાખવાનો ઉચ્ચતમ આદર્શ રજૂ કરનાર તથા ગુણાનુરાગની પરમ હિમાયત કરનાર એ જગદ્‌ગુરુ જગદ્‌વંદ્ય પરમાત્માને મારી કોટિ કોટિ વંદના હો.

૧૮–શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ :

— યજ્ઞયાદિના વ્યાજે હિંસાવાદ જ્યારે ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરીને ભૂમિને ક્ષારમયી ને રક્તલિપ્તા કરી રહ્યો હતો, ત્યારે અહિંસાવાદના અમૃતરસનું સિંચન કરીને ધર્મારામ-ધર્મબગીચાને નવપલ્લવિત કરનાર હે મહામાહણ!

— મહામોહ જ્યારે એકાન્તવાદનું સંમોહન જન્માવીને ધર્મસામ્રાજ્યને શત ખંડમાં વિભક્ત કરી રહ્યો હતો, ત્યારે અનેકાન્તવાદના દૃઢ સૂત્રથી તેને સંબદ્ધ અને સુશ્લિષ્ટ કરી એકચ્છત્ર – અખંડિત આજ્ઞા પ્રવર્તાવનારા હે સર્વજ્ઞ!

— પરિગ્રહના ગ્રહથી પરિપીડિત પ્રજાને અપરિગ્રહના–મુક્તિના આહ્લાદનો અનુભવ કરાવી અપરિગ્રહીની મહત્તાનું સ્થાપન કરનારા હે મહાવીર!

— વિશ્વને વશ કરવું હોય, વિશ્વ પર સત્તા જમાવવી હોય

અને વિશ્વમાં યથેચ્છ વિહરણ કરવું હોય તો શરીરને સૌન્દર્યપૂર્ણ, દૃઢ અને પુષ્ટ રાખવું જોઈએ એમ સમજનારાઓની સમજ મિથ્યા છે, એવું છડે ચોક ઉપદેશી આત્મા સૌન્દર્યપૂર્ણ, દૃઢ અને પુષ્ટ કરવો જરૂરી છે, તે માટે તપથી – મહાતપથી સર્વ વિકારોને શોષવી નાંખવા આવશ્યક છે, એવું સ્વયં આચરી, વિશ્વને પૂર્ણ પ્રતીતિ કરાવનારા હે શ્રમણ !

— વૈર – વિરોધના ભીષણ વહ્નિથી પ્રજ્વળતાં વિશ્વને ક્ષમાનું સવીર્ય સેવન કરાવી શાંત કરનારા હે વર્ધમાન !

— આપને અમારું અન્તઃકરણ – કોટાકોટિ શ્રદ્ધાસુમનસોનું અભિવર્ષણ કરે છે.

૧૯-શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ :

* જે **વીર-વચનામૃત** ક્ષણે ક્ષણે ભાવમરણને આધીન બનેલા સંસારી આત્માઓને અજર અમર બનાવનાર છે.
* જે **વીર-વચનામૃત** ભયંકર દ્રવ્ય-ભાવ રોગોના નિવારણ માટે સંજીવની ઔષધિ છે.
* જે **વીર-વચનામૃત** ચિરકાળના સંચિત થયેલા પાપપુંજને ભસ્મીભૂત કરવામાં પ્રચંડ અગ્નિ સમાન છે.
* જે **વીર-વચનામૃત** અધમાધમ આત્માને પણ ઉત્તમોત્તમ બનાવનાર છે.
* જે **વીર-વચનામૃત** પામર આત્માને પણ પરમાત્મદશાની પ્રભુતા પ્રાપ્ત કરાવનાર છે.
* જે **વીર-વચનામૃત** આષાઢી અમાવાસ્યાની મેઘલી અંધકારમય રાત્રિમાં દીપકની જેમ આત્માના અજ્ઞાન અંધકારમાં દિવ્ય જ્યોત પ્રગટાવનાર છે.

* જે **વીર-વચનામૃત** વિષય-કષાયના દાવાનલથી સંતપ્ત બનેલા સંસારી જીવો માટે પુષ્કરાવર્ત મેઘ સમાન છે.
* જે **વીર-વચનામૃત** ભવસાગરમાં ડૂબતા આત્માઓને માટે પ્રવહણ સમાન છે.

અને

* જે **વીર-વચનામૃત** કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ તેમજ ચિંતામણિરત્નથી પણ અધિક બાહ્ય-અભ્યંતર સુખશાંતિ અર્પણ કરનાર છે; એ **વીર-વચનામૃતને** મારી વારંવાર વંદના હો!!!

૨૦-શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ (ચિત્રભાનુ)

અંધકારમાં મૂંઝાયેલું જગત પ્રકાશની પ્રાર્થના કરે અને આકાશમાં સૂર્ય આવે તેમ જાણે હિંસા અને અવ્યવસ્થામાં મૂંઝાયેલા વિશ્વે પ્રાર્થના કરી અને ભારતની ધરતી પર પ્રભુ મહાવીર પધાર્યા.

ઈશુ પહેલા ૫૯૯ વર્ષે ભગવાન મહાવીર આ ધરતી પર આવ્યા. એમના આગમન પહેલાં રાજાઓ ભોગ અને કલહમાં ડૂબ્યા હતા, બ્રાહ્મણો જાતિવાદના ઘમંડ અને પશુબલિના યજ્ઞમાં પડ્યા હતા, વૈશ્યો શોષણ અને વિલાસમાં મગ્ન હતા, શૂદ્રો દાસની જેમ ગુલામીની પ્રથામાં આમતેમ અથડાતા હતા, ચારે તરફ અવ્યવસ્થાનાં અંધારાં હતાં.

ત્યારે ભગવાન મહાવીરે આવી વ્યવસ્થાનો પ્રકાશ પાથર્યો.

ભગવાન મહાવીરની એ અનેકમુખી વિચારધારામાં આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત આ બે વિચાર તો એટમબોમ્બના ભયથી ધ્રુજતા આજના આ યુગ માટે એક રક્ષક બળરૂપ છે.

અનેકાન્તની વિચારસરણીથી માનવ માનવ વચ્ચે ઊભી થયેલી પૂર્વ ગ્રહોની, બાહ્ય મતોની અને વિચારસંકુચિતતાની દિવાલો તૂટશે અને માનવ માનવની નજીક આવશે, માનવ માનવને સહૃદયતાના આ દૃષ્ટિબિન્દુથી સમજશે તો યુદ્ધભય પણ દૂર થશે.

અહિંસાની વિચારધારાથી આજે જે પ્રાણીઓની હિંસાનું તાંડવ ખેલાય છે અને લોહીનો વ્યાપાર થાય છે, તે અટકશે.

અહિંસાથી પ્રેમની ભાવના વધશે અને માનવ મૂક પ્રાણીનો મિત્ર બનવા પ્રયત્ન કરશે.

પણ આ વિચારધારાનો પ્રચાર એ દૂર દૂરના સીમાડા સુધી કરશે કોણ ?

પોતાના નાનકડા વર્તુલની મહત્તામાં મહાલનાર ? પોતાની પૂજાઓમાં જ મગ્ન થઈ વિશ્વની આ કટોકટીભરી પરિસ્થિતિ સામે ઉપેક્ષા કરનાર ? ના; એવાથી કંઈ જ નહિ બને.

જેના લોહીના અણુ અણુમાં પ્રભુ મહાવીરના આ વિચારો રમતા હોય, દુનિયાનું દર્દ અને હિંસા જોઈ જેની ઊંઘ જ ઊડી ગઈ હોય, પ્રાણીઓનો આ સામૂહિક સંહાર જોઈ માત્ર વાતો કે ભાષણોથી નહિ, પણ કંઈક સક્રિય કરવા જે સમર્પિત થઈ જવા તૈયાર હોય, તેવો આત્મા જ આ **વીર-વચનામૃત**ના છાંટણાંથી સળગતા વિશ્વને શાન્તિ અને શાતા આપી શકશે.

૨૧-આચાર્યશ્રી તુલસીજી

भगवान् महावीर निर्वाणवादियों में श्रेष्ठ थे । उनका निर्वाण है – आत्मा का पूर्णोदय ।

भगवान महावीर अनन्त-चक्षु थे । उन्होंने सत्य को अनन्त दृष्टियों से देखा । अनन्त सत्य के लिए एकान्त दृष्टि पर्याप्त नहीं होती । भगवान् ने कहा-अनन्त को अनन्त से देखो, फिर वही दिखेगा जो जैसे है ।

भगवान् महावीर स्याद्वादी थे । उन्होंने कहा- अनन्त विचार हैं और उनकी अभिव्यक्ति के लिए अपार

शब्द-राशि । उसके साथ 'स्यात्' जोड़ दो, शब्द-प्रयोग सम्यक् हो जाएगा । विचार यथार्थ हो जाएगा । 'स्यात्' को निकाल दो, शब्दप्रयोग विरोधाभास से उलझ जाएगा और अर्थ लुप्त हो जाएगा ।

भगवान् महावीर मुक्ति-मार्ग के द्रष्टा थे । उन्होंने कहा-मुक्ति का मार्ग सम्यग्-दर्शन है । दर्शन सम्यक् होगा तो ज्ञान सम्यग् होगा । सम्यक्-ज्ञान एक दिन आचार-का रूप ले लेगा ।

भगवान् महावीर आत्मवादी थे । उन्होंने कहा-जो तीर्थिक कहते हैं-हमारे उपस्थान में आओ तुम्हारी मुक्ति हो जाएगी अन्यथा नहीं होगी, वे सत्य से दूर हैं । मुक्ति किसी संस्थान का सदस्य बनने मात्र से नहीं, किन्तु कषाय-त्याग से होती है । वह किसी भी वेष में हो सकती है, यदि आत्मा कषाय-मुक्त हो और वह किसी भी वेष में नहीं होती, यदि आत्मा कषाय-युक्त हो । भगवान् के सामने चारों ओर आत्मा ही आत्मा का साम्राज्य था । आत्मा से भिन्न उनका कोई सम्प्रदाय नहीं था । वे ही महावीर मेरे आराध्य हैं । क्योंकि वे—

(१) आत्मोदयी हैं ।
(२) अनन्तचक्षु हैं ।
(३) स्याद्वादी हैं ।
(४) मुक्ति के उपदेष्टा हैं ।
(५) आत्म-सम्प्रदाय के उन्नायक हैं ।

२२-पं. श्री सुशीलकुमारजी महाराज

हमारे इस विश्व को भय से विमुक्त करने के लिए जितना साहसिक एवं उन्मुक्त चिन्तन भगवान महावीर ने दिया है, उतना अन्यत्र मिलना दुर्लभ है। उद्वेगों से पराजित मानव जाति को, प्रतिष्ठा एवं लालसा से प्रेरित बुद्धि के गलत नेतृत्व को, बाह्य आसक्ति एवं अन्य प्राणियों को हानि पहुंचाने की दुर्भावना को, जिस आत्म-विश्वास के सहारे श्रद्धेय महावीर ने हमें उद्‌बोधन दिया है, वह युग युग तक हमारे इस जगत के लिए सुख-समृद्धि का प्रशस्ततम मार्ग है। हम इसका मूल्यांकन कर सकें या नहीं, यह एक अलग बात है, किन्तु यह निश्चित है कि राम की कर्तव्य-भावना, कृष्ण की लोकनीति और बुद्ध की करुणा में भगवान महावीर के त्याग को जबतक प्रतिष्ठित नहीं कर दिया जाएगा तब तक आर्यसंस्कृति प्रतिष्ठित न हो सकेगी और न हीं विश्वसंस्कृति प्राणवान बन सकेगी।

૩-ભારતવર્ષના અગ્રગણ્ય પુરુષો તરફથી

२३-श्री रवीन्द्रनाथ ठाकुर :

શ્રી મહાવીરે ડીંડીમનાદથી મોક્ષનો એવો સંદેશો હિંદમાં વિસ્તાર્યો કે ધર્મ એ માત્ર સામાજિક રૂઢી નહિ, પણ વાસ્તવિક સત્ય છે. મોક્ષ એ સાંપ્રદાયિક ક્રિયાકાંડ પાળવાથી મળતો નથી, પણ સત્ય ધર્મના સ્વરૂપનો આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે અને ધર્મમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી.

કહેતાં આશ્ચર્ય ઉપજે છે કે આ શિક્ષણે સમાજમાં જડ ઘાલીને બેઠેલાં વિચારરૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાખ્યાં અને આખા દેશને વશીભૂત કર્યો.

૨૪–મહાત્મા ગાંધી :

ભગવાન મહાવીર અહિંસાના અવતાર હતા, તેમની પવિત્રતાએ સંસારને જિતી લીધો. જો મહાવીરસ્વામીનું નામ આજે કોઈ પણ સિદ્ધાન્તને માટે પૂજ્યનું હોય તો તે અહિંસા છે. અહિંસાતત્ત્વનો જો કોઈએ અધિકમાં અધિક વિકાસ કર્યો હોય તો તે મહાવીરસ્વામીએ.

૨૫–લોકમાન્ય બાળગંગાધર ટિળક :

ચોવીસ તીર્થંકરોમાં મહાવીર અંતિમ તીર્થંકર હતા. તેમણે જૈન ધર્મને પુનઃ પ્રકાશમાં આણ્યો, અહિંસાધર્મ વ્યાપક બન્યો. આજકાલ યજ્ઞોમાં પશુહિંસા થતી નથી, બ્રાહ્મણ અને હિંદુ ધર્મમાં માંસભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયાં છે, તે આ જૈન ધર્મનો પ્રભાવ છે.

૨૬–ડૉ. રાજેન્દ્રપ્રસાદ :

હું પોતાને ધન્ય માનું છું કે મને મહાવીર સ્વામીના પ્રદેશમાં રહેવાનું મળ્યું છે. અહિંસા જૈનોની વિશેષ સંપત્તિ છે, જનતાના અન્ય કોઈ ધર્મમાં અહિંસાસિદ્ધાન્તનું પ્રતિપાદન આટલી સરલતાથી થયું નથી. શ્રી મહાવીરજીના ઉપદેશ અનુસાર ચાલવાથી આજના સંઘર્ષમય અશાંત સંસારમાં શાંતિ પ્રાપ્ત થઈ શકશે.

૨૭–પંડિત જવાહરલાલ નહેરૂ :

ભગવાન મહાવીર દ્વારા પ્રણીત સેવા અને ત્યાગની ભાવનાનો પ્રચાર કરવામાં સરળતા મળવાની આશા છે.

૨૮-લાલા લજપતરાય :

ભગવાન મહાવીર સમસ્ત પ્રાણીઓનું કલ્યાણ કરનાર મહા-પુરુષ હતા.

૨૯-રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડન :

ભગવાન મહાવીર એક મહાન તપસ્વી હતા, જેમણે સદા સત્ય અને અહિંસાનો પ્રચાર કર્યો.

૩૦-કાકા કાલેલકર :

હું ભગવાન મહાવીરને પરમ આસ્તિક માનું છું. શ્રી ભગવાન મહાવીરે કેવલ માનવજાતિને માટે જ નહિ, પણ સમસ્ત પ્રાણીઓના વિકાસ માટે અહિંસાનો પ્રચાર કર્યો. એમનાં હૃદયમાં પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના સદૈવ જ્વલંત હતી. એથી જ તેઓ વિશ્વકલ્યાણનો પ્રશસ્ત માર્ગ અંગીકાર કરી શકયા. હું દૃઢતાની સાથે કહું છું કે એમના અહિંસા-સિદ્ધાન્તથી વિશ્વકલ્યાણ તથા શાંતિની સ્થાપના થઈ શકે એમ છે.

૩૧-આચાર્ય નરેન્દ્રદેવ :

ભગવાન મહાવીરે જન્મ-મરણની પરંપરા પર વિજય પ્રાપ્ત કર્યો હતો, એમની શિક્ષા માનવના કલ્યાણ માટે હતી. જો એમની શિક્ષા સંકીર્ણ હોત તો જૈનધર્મ અરબસ્તાન આદિ દેશો સુધી પહોંચત નહિ.

૩૨-ધર્માનંદ કૌસંબી :

ભગવાન મહાવીરે પૂરા બાર વર્ષના તપ અને ત્યાગ પછી અહિંસાનો સંદેશ આપ્યો. દરેક ઘરમાં યજ્ઞ થતા હતા. જો તેમણે અહિંસાનો સંદેશ ન આપ્યો હોત તો આજ હિંદુસ્તાનમાં અહિંસાનું નામ પણ લેવાત નહિ.

૩૩-આચાર્ય શ્રી વિનોબા ભાવે :

બુદ્ધ અને મહાવીર ભારતીય આકાશના બે ઉજ્વળ નક્ષત્રો છે;

ગુરુ-શુક્રના જેવાં તેજસ્વી અને મંગલ-દર્શન સમાં છે. બુદ્ધનો પ્રકાશ દુનિયામાં વ્યાપક રીતે ફેલાઈ ગયો; મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયના ઊંડાણુમાં ઉતરી ગયો. બુદ્ધે મધ્યમ માર્ગ શીખવ્યો, મહાવીરે મધ્યસ્થ દૃષ્ટિ દીધી. બંને દયાળુ અને અહિંસાધર્મી હતા. બુદ્ધ બોધ-પ્રધાન હતા. મહાવીર વીર્યવાન તપસ્વી હતા.

બુદ્ધ ને મહાવીર બંને કર્મવીર હતા. લેખનવૃત્તિ એમનામાં હતી નહિ. તેઓ નિર્ગ્રન્થ હતા, કોઈ શાસ્ત્રરચના એમણે નથી કરી, પણ તેઓ જે બોલતા હતા, એમાંથી જ શાસ્ત્રો રચાતાં હતાં. એમનું બોલવું સહજ થતું હતું. એમની વાણીનો સંગ્રહ પણ પછીના લોકોને એકત્ર કરવો પડ્યો.

૩૪-ગણેશ વાસુદેવ માવલંકર :

ભગવાન મહાવીર એક મહાન આત્મા હતા, જે કેવલ જૈનોને માટે જ નહિ, પણ સમસ્ત સંસારને માટે પૂજ્ય હતા. આજ કાલના ભયાનક સમયમાં ભગવાન મહાવીરની શિક્ષા ઘણી જરૂરી છે. આપણું કર્તવ્ય છે કે એમની યાદ તાજી કરવા માટે એમણે બતાવેલા માર્ગ પર ચાલીએ.

૩૫-કનૈયાલાલ માણેકલાલ મુનશી :

આશા છે કે ભગવાન મહાવીરનો ઉપદેશ ભારતને સુદૃઢ કરશે.

૩૬-સર અકબર હૈદરી :

મહાવીરનો સત્સંદેશ અમારા હૃદયમાં વિશ્વબંધુત્વનો શંખનાદ બજાવે છે.

૩૭-જયરામદાસ દોલતરામ :

જે સિદ્ધાન્તોનો ભગવાન મહાવીરે ઉપદેશ આપ્યો, તેની આજના માનવસમાજ માટે પરમ આવશ્યકતા છે.

૩૮-**લાલબહાદુર શાસ્ત્રી** :

જો ભગવાન મહાવીરની સુંદર અને પ્રભાવશાળી શિક્ષાઓનું પાલન કરવામાં આવે તો ફ઼ૈરવત, બેઇમાની, અત્યાચાર વગેરે જરૂર નષ્ટ થાય.

૩૯-**રા. તારાચંદ** :

મહાવીર સ્વામી ત્રીશ વર્ષની ભર યુવાનીમાં ઘરબાર છોડી સાધુ બની ગયા. તેમણે આત્મધ્યાનથી ઇન્દ્રિયોને વશ કરીને ઘોર તપશ્ચર્યા કરી બેતાલીશ વર્ષની આયુમાં રાગદ્વેષનાં બંધનોમાંથી મુક્ત થઈ ' માર્ફ઼ત ઇલાહી ' (કેવલજ્ઞાન) પ્રાપ્ત કર્યું અને કર્મરૂપી શત્રુઓને જિતીને અર્હંત તથા જિનેન્દ્રની ઉત્તમ પદવી પ્રાપ્ત કરી.

૪૦-**લાલા દુનીચંદ** :

ભગવાન મહાવીર સહુથી મહાન પૂજ્ય પુરુષોમાંના છે કે જેમણે અહિંસાનો જબરદસ્ત પ્રચાર કર્યો. મારો તો એ વિશ્વાસ છે કે અહિંસા વિના સાચા સુખની પ્રાપ્તિ અસંભવિત છે.

૪૧-**મહાત્મા ભગવાન દીન** :

ભરયુવાનીમાં ભર્યું ઘર તથા ભરપૂર ભંડારને છોડીને ચાલ્યા જનાર યથાનામ તથાગુણ વર્ધમાનના વિષયમાં જે કંઈ લખવામાં આવ્યું છે, તે બરાબર છે, પણ વાસ્તવમાં એમના અંતરની જલતી જવાલા માટે આથી વધારે લખાયું હોય તો પણ ઓછું છે.

૪૨-**વેદતીર્થ આચાર્ય નરદેવ** :

ભગવાન મહાવીરની અહિંસા દુર્બળ અહિંસા ન હતી, પરંતુ સંસારના પ્રબળમાં પ્રબળ પુરુષની અહિંસા હતી.

૪૩-**મહાત્મા આનન્દ સરસ્વતી** :

મને ભગવાન મહાવીરના જીવનમાં ત્રણ વસ્તુઓ બહુ સુંદર લાગે છે; ત્યાગ, તપ અને અહિંસા.

૪૪-મહાત્મા નારાયણસ્વામી :

ભગવાન મહાવીરે દુનિયાને સાચું સુખ અને શાંતિ દેનારી અહિંસાધર્મની શિક્ષા આપી છે.

૪૫-પંડિત માધવાચાર :

જૈન તત્ત્વોએ પદાર્થના સૂક્ષ્મ તત્ત્વનો જે વિચાર કર્યો છે, તે જોઈને આજકાલ ફિલસુફો મોટા આશ્ચર્યમાં પડી જાય છે અને કહે છે કે મહાવીર સ્વામી આધુનિક વિજ્ઞાનના સહુથી પહેલા જન્મદાતા છે.

૪૬-સાધુ ટી. એલ. વસવાણી :

મહાવીરના વિષયમાં મેં જે કંઈ જાણ્યું, તેનો મારા પર ઘણો પ્રભાવ પડયો છે. એમનું જીવન અદ્વિતીય ઉદારતા અને સૌન્દર્યથી પરિપૂર્ણ હતું.

૪૭-શ્રી વિજયરાઘવાચાર્ય :

શ્રી મહાવીર પ્રાચીન ભારતનું ઘડતર કરનારા પુરુષોમાંના એક હતા.

૪૮-ડૉ. કાલિદાસ નાગ :

મહાવીર નવા ધર્મના સંસ્થાપક નહિ, પણ પ્રાચીન ધર્મના સુધારક હતા. તેઓ ગૌતમ બુદ્ધ પહેલાં થયા હતા અને તેમના સમકાલીન હતા. જૈન સાહિત્યમાં ગૌતમ બુદ્ધને નહિ, પણ ઇન્દ્રભૂતિ ગૌતમને મહાવીરના શિષ્ય તરીકે ઓળખાવવામાં આવ્યા છે. બૌદ્ધ લેખકોએ નિર્ગ્રંથ નાત્તપુત્તને બુદ્ધના પ્રતિસ્પર્ધી તરીકે ગણાવ્યા છે. ખરી વાત એ છે કે એ બંનેના દૃષ્ટિકોણમાં ઘણો તફાવત હતો, એટલે જ બૌદ્ધ ધર્મ દુનિયાના જુદા જુદા ભાગોમાં ફેલાયો, પણ જૈન ધર્મ તો ભારતનો રાષ્ટ્રીય ધર્મ જ રહ્યા.

૪૯-**સી. એસ. મેઘકુમાર :**

ભગવાન શ્રી મહાવીરનું સાધુઓ સંબંધી બંધારણ થોડા ફેર-ફાર સાથે બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મે સ્વીકાર્યું હતું અને એનો વિસ્તાર બાકટ્રીયા અને ડેસીઆ (Baktria and decia) પર્યંત પહોંચ્યો હતો.

૫૦-**યતીન્દ્રમોહન ચટ્ટોપાધ્યાય :**

મોક્ષની કામના પણ કામના જ છે, બંધનસ્વરૂપ. એ કામનાથી મુક્ત હતા માટે જ વર્ધમાન મહાવીર..તેઓ હતા સર્વ પ્રકારે બંધન મુક્ત નિર્ગ્રંથ.....આ જૈન દર્શનનો જેમણે પ્રચાર કર્યો હતો તે વર્ધમાનનું પવિત્રતમ ચરિત્ર મનુષ્યના વિસ્મય તેમજ શ્રદ્ધાને આકર્ષિત કર્યા વિના રહી શકતું નથી. [જૈન ગીતાના મુખબંધમાંથી]

૫૧-**અક્ષયકુમાર જૈન :** (સંપાદક : નવભારત-ટાઈમ્સ, દિલ્લી)

જ્યાં ભગવાન મહાવીરના ઉપદેશથી મોક્ષમાર્ગનું પ્રતિપાદન થયું ત્યાં આમ જનતાને માટે પણ દિશાનિર્દેશ થયો. તેમાંના એકનો પણ જો અમલ કરવામાં આવે તો માનવમાત્રનું કલ્યાણ થઈ શકે એમ છે. 'જીવો અને જીવવા દો' અર્થાત્ જીવવાનો જે અધિકાર આપણને મળ્યો છે, તે બીજાને પણ મળ્યો છે, એમ સમજીને કામ કરવામાં આવે તો કોઈને કોઈથી કષ્ટ થાય નહિ. આજે જો આ સિદ્ધાન્તનું દરેક દેશ પાલન કરે તો યુદ્ધની જે આશંકા છે, તે સમાપ્ત થઈ જાય અને શાંતિયુગની સ્થાપનામાં કંઈ કહિનાઈ ન આવે.

બીજો સિદ્ધાંત છે-' પરિગ્રહ-પરિમાણનો. ' તેનો અર્થ છે પોતાની પાસે આવશ્યકતાથી અધિક વસ્તુનો સંગ્રહ ન કરવો. જો આજે દરેક માનવ આ ભાવનાનો સ્વીકાર કરે તો બધી સમસ્યાઓ ઉકેલાતી નજરે આવશે અને સમાન વિતરણ પણ સ્વયમેવ થઈ જશે.

૪–વિદેશી વિદ્વાનો તરફથી

૫૨–ડા. હર્મન યાકોબી

Mahavir must have been a great man in his way and an eminent leader among his contemporaries.

મહાવીર એક અનોખા મહાપુરુષ હોવા જ જોઈએ. તેઓ એમની રીતે તેમના સમકાલીનોમાં અગ્રેસર હતા.

૫૩–ડા. હોર્નલે :

Like his great rival Buddha he must have been an eminently impressive personality.

મહાવીરનું વ્યક્તિત્વ તેમના મહાન હરીફ બુદ્ધની જેમ ઘણું જ પ્રભાવશાળી હતું.

૫૪–ડૉ. આલ્ફ્રેડ ડબલ્યુ પારકર

Whatever name we give to our creed, whether we believe in souls of animals or not, the noble words of Mahavir are highest expression of human ethics. The Law of Ahimsa, the Law of Non-violence, as it is called in the western world, is the strongest fundament of which a moral world can be built for the blessing of all mankind.

આપણે આપણા સિદ્ધાન્તને ગમે તે નામ આપીએ, આપણે પશુઓમાં આત્મા છે એમ માનીએ કે ન માનીએ, પણ મહાવીરના ઉમદા શબ્દો માનવજાતિની ઉચ્ચતમ નીતિમત્તાને વ્યક્ત કરે છે. અહિંસાનો સિદ્ધાન્ત કે જેને આપણા પાશ્ચિમાત્ય જગતમાં 'નોન–

ચાયોલન્સ 'નો સિદ્ધાન્ત કહેવામાં આવે છે, તેના પર સમસ્ત માનવ-જાતિના આશીર્વાદ મળે તેવા મહાન નૈતિક જગતનો મજબૂત પાયો નાખી શકાય એમ છે.

૫૫ ડૉ. મેથ્યુ મેક-કેય

He has left the method of soul-realisation to all the world.

મહાવીર સમસ્ત વિશ્વને માટે આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા મૂકતા ગયા છે.

૫૬-ડૉ. આલ્બર્ટ શ્વેત્ઝર

The teachings of Mahavir sound like the triumphant song of victorious soul.

મહાવીરનો ઉપદેશ એક વિજયી આત્માના મસ્ત ગાન જેવો લાગે છે.

૫૭-ડૉ. ફ્રૌંડ્રૉ બેલીની ફીલીપ્પી

All Mahavira's life bears the marks of virya; vigour against the opponent leaders, against the self-indulgent and false ascetics of his own Order, against Himself in order to set up severity of penance. And his virya at last succeeded in instituting a durable system of religion, based on Truth and Ahimsa, which baffles time. Rightly then was He styled Vira and Jina; the Hero, the triumphant One.

મહાવીરના સમસ્ત જીવન પર વીર્યની છાપ અંકિત થયેલી છે. તેમણે આ વીર્ય અર્થાત્ સામર્થ્ય પ્રતિસ્પર્ધી ધર્મપ્રચારકો સામે,

પોતાના સંપ્રદાયના ભોગપ્રિય શિથિલ સાધુઓ સામે તથા પોતાની જાત સામે પણ વાપર્યું હતું કે જેથી તપશ્ચર્યાને લગતું કડક નિયમન બરાબર જળવાઈ રહે. અને તેમનું આ સામર્થ્ય છેવટે કાલથી અબાધિત એવા સત્ય અને અહિંસા પર રચાયેલ ધર્મની સંગીન પદ્ધતિને દાખલ કરવામાં સફળ થયું, તેથી તેમને **વીર** અને **જિન** અર્થાત્ મહાપરાક્રમી અને વિજયી પુરુષ કહેવામાં આવ્યા, તે યથાર્થ છે.

૫૮–ડો. ફ્રેલીકસ વાલ્યી

The most striking feature in the genius of Mahavir from the psychological point of view is the tremendous will power which characterizes every act of his career during the most significant century in the history of human thought. Deliberately without a single moment of hesitation or doubt, Mahavir proceeds to demonstrate in his oun example how the human mind can be disciplined and controlled in such way that the highest intellectual and spiritual level can be attained in a single life-time.

મહાવીરના માનસિક વૈભવમાં માનસશાસ્ત્રની દૃષ્ટિએ સહુથી વધારે ધ્યાન ખેંચે એવી વસ્તુ એ તેમનું દૃઢ સંકલ્પ બળ છે કે જે માનવવિચારની મહાન ઐતિહાસિક સદીમાં તેમના જીવનની દરેક ઘટનાને એક નિરાળું રૂપ આપી દે છે. જરાયે સંકોચ વિના, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના મહાવીર આગળ વધે છે અને પોતાના દાખલાથી જ એમ બતાવી આપે છે કે (મનુષ્ય ધારે તો) એક જ ભવમાં બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉચ્ચતમ ભૂમિકાને સ્પર્શે એટલી હદે મનને વ્યવસ્થિત અને નિયંત્રિત કરી શકાય છે.

શુદ્ધિપત્રક

[પ્રથમ અશુદ્ધ પાઠોને શુદ્ધ કર્યા પછી આ પુસ્તક ઉપયોગમાં લેવા વિનંતિ છે.]

પ્રારંભિક

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૫૧	૨	વિખીએ	વિણીએ
૫૬	૪	અશ્વર્યનો	ઐશ્વર્યનો
૫૬	૭	અશ્વર્યનો	ઐશ્વર્યનો
૫૭	૨૧	વીસરાણાઈયા	વીરાસણાઈયા
૬૦	૧૯	વિવિશા	વિદિશા
૬૧	૭	શ્રતજ્ઞાનના	શ્રુતજ્ઞાનનાં
૬૧	૧૧	શ્રતજ્ઞાનનાં	શ્રુતજ્ઞાનનાં
૬૫	૨૦	ધ્યાનશતકના	ધ્યાનશતકના
૬૬	૧૪	જુસુસ	જાસુસ
૧૦૨	૬	કંપાવ્યે	કંપાવ્યો
૧૦૨	૨૬	એનેકાન્તના	અનેકાન્તના


શ્રી વીર-વચનામૃત

૧૦	૨૨	એકેકે	એકેક
૫૬	૧૫	કર્મણવર્ગણાઓ	કાર્મણ વર્ગણાઓ
૫૮	૪	શકાતો	શકતો
૬૧	મથાળું	ધર્મના પ્રકારો	કર્મના પ્રકારો
૬૧	૮	દસણે	દંસણે
૭૭	૭	રક્ખિવય વો	રક્ખિયવ્વો
૭૯	૧૬	અપ્પણામેવ	અપાણમેવ

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૮૧	મથાળું	વિશ્વતંત્ર	આત્મજય
૮૨	૨	સંવ્યવહારિક	સંવ્યાવહારિક
૯૪	૧૫	भित्तण	भित्तूण
૧૦૨	૧૦	अबाहिकलुसं	अबोहिकलुसं
૧૦૩	૫	पाडवज्जइ	पडिवज्जइ
૧૧૧	૩	तत्तो म	तत्तो य
૧૧૩	૧૮	[ગાથાનો ક્રમ] ૧૧	૧૦
૧૨૨	૧૧	पयायए	पियायए
૧૨૯	૭		લીટીના પ્રારંભમાં ઉમેરવું 'અથવા'
૧૪૨	૪	नियम-पाण	नियम-णाण
૧૪૩	૭	माणस्स	माणवस्स
૧૪૩	૯	दुत्तरमत्थि	दुत्तरमत्थि
૧૪૭	૯	गतभूसणामट्ठं	गतभूसणमिट्ठं
૧૫૮	૧૭	दुक्खविमायगा	दुक्खविमोयगा
૧૬૧	૧	सपूर्ण	संपूर्ण
૧૬૧	૧૬	ददठुमददठुमेव	दट्ठुमददट्ठुमेव
૧૬૫	૧૯	દશ૦ ચૂ૦ અ૦ ૧	દશ૦ ચૂ૦ ૧
૧૭૬		ગા૦ ૪૪-૪૫	૪૨-૪૩
૧૭૬	૧૯	रहे तो	रहेतो
૧૭૮	૭	पुअणं	पूअणं
૧૮૮	૩	પા૦	ગા૦
૧૮૮	૮	सीओदगसभारंभे	सीओदगसमारंभे
૧૮૯	૨૦	गोअरपग्गविट्ठस	गोअरग्गपविट्ठस
૧૯૫	૯	ચૂ૦ અ૦ ૧,	ચૂ૦ ૧,
૧૯૬	૯	ચૂ૦ અ૦ ૧,	ચૂ૦ ૧,

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯૬	૧૫	सुसमादिया	सुसमाहिया
૧૯૯	૧	विसिवन्ति	विसीअन्ति
૨૦૪	૧૮	तंमे	तं मे
૨૦૮	૧	पाढं	पीढं
૨૨૬	૧૬	सुलभक्ष्य	सुभक्ष्य
૨૩૩	૮	राजते ना	राजतो न
૨૩૫	૧૨	संजमे ए	संजमे अ
૨૩૫	૨૩	त न	तं न
૨૩૯	૭	नामिकंखे	नाभिकंखे
૨૪૨	૧૦	बहुं	बहु
૨૪૩	૧૧	धन	द्दान
૨૪૫	૨	तेनुं	જેનું
૨૬૪	૨૦	लाभात्ति	छाभोत्ति
૨૬૯	૧	एगिऽत्थ	एगेऽत्थ
૨૮૨	૨૩	असुंवडा	असवुडा
૩૧૦	૧૪	કર્મને	કર્મનો
૩૨૧	૧		શરૂઆતમાં ઉમેરવું 'ज्ञान'
૩૩૭	૧	निसग्गुवएरुई	निसग्गुवएसरुई
૩૩૪	૧૬	बोहि	बोही
૩૪૧	૧૩	अवशय	अवश्य
૩૫૩	૧૮	या	य
૩૫૯	૨૧	अणंतोगुणो	अणंतगुणो
૩૬૦	૧૮	साहिस्सिओ	साहस्सिओ
૩૮૪	૧	सढी	सड्ढी
૩૮૫	૧૫	पच्छा	पज्झा

શ્રી વીર-વચનામૃત



ધારા પહેલી
વિશ્વતંત્ર

जीवा चेव अजीवा य, एस लोए वियाहिए ।
अजीवादेसमागासे, अलोए से वियाहिए ॥१॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨]

જેમાં જીવો પણ હોય અને અજીવો પણ હોય, તેને લોક કહેલો છે; અને જેમાં અજીવનો એક ભાગ એટલે માત્ર આકાશ હોય, તેને અલોક કહેલો છે.

વિવેચન—જેને આપણે વિશ્વ, જગત્ કે દુનિયા કહીએ છીએ, તેના બે વિભાગો છે : એક લોક, બીજો અલોક. તેમાં લોક, જીવો અને અજીવો એટલે ચેતન અને જડ પદાર્થોથી વ્યાપ્ત છે, જ્યારે અલોકમાં અજીવ એવા આકાશ સિવાય બીજું કંઈ નથી. અન્ય શબ્દોમાં કહીએ તો સર્વત્ર આકાશ વ્યાપેલું છે, તેના એક ભાગમાં લોક રહેલો છે. બાકી જે ભાગ રહ્યો, તે અલોક એટલે નિરવધિ આકાશ (Infinite space) છે. ત્યાં આકાશ સિવાય બીજો કોઈ પણ પદાર્થ નથી.

પ્રસિદ્ધ ગણિતજ્ઞ પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટીને આ સિદ્ધાંતનું સમર્થન કર્યું છે. તે પોતાના એક નિબંધમાં જણાવે છે કે 'લોક પરિમિત છે, અલોક અપરિમિત. લોક પરિમિત હોવાના કારણે દ્રવ્ય અથવા શક્તિ લોકની બહાર જઈ શકતી નથી. લોકની બહાર એ શક્તિનો અભાવ છે કે જે ગતિમાં સહાયક થાય છે.'

આ વસ્તુની નોંધ અહીં એટલા માટે કરવામાં આવી છે કે વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ભગવાન મહાવીરે કહેલા સિદ્ધાંતોનું સમર્થન કરતું જાય છે, એ વાત પાઠકોના ખ્યાલમાં આવે.

धम्मो अहम्मो आगासं, कालो पुग्गल-जंतवो ।
एस लोगोत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥२॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૭]

ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યના સમૂહને સર્વદર્શી જિનભગવંતોએ લોક કહેલો છે.

ત્રિ૦ લોક જીવો અને અજીવોથી અર્થાત્ ચેતન અને જડ પદાર્થોથી વ્યાપ્ત છે, એ વસ્તુ ઉપર કહેવામાં આવી, પણ તેમાં મૌલિક દ્રવ્યો કેટલાં છે? તેનો ખુલાસો આ ગાથામાં કરવામાં આવ્યો છે. એમાં જણાવ્યું છે કે લોકમાં મૌલિક કે મૂળભૂત દ્રવ્યો છ છે: પાંચ જડ અને એક ચેતન. તેમાં જડની સંખ્યા મોટી હોવાથી તેની ગણના પ્રથમ કરી છે. પાંચ જડ દ્રવ્યોનાં નામ આ પ્રમાણે જાણવાં:—

૧ ધર્મ—ધર્માસ્તિકાય.
૨ અધર્મ—અધર્માસ્તિકાય.
૩ આકાશ—આકાશાસ્તિકાય.
૪ કાલ
૫ પુદ્ગલ—પુદ્ગલાસ્તિકાય.

ચેતન દ્રવ્યને જીવ–જીવાસ્તિકાય કહેવામાં આવે છે.

ધર્મ અને અધર્મ શબ્દો સામાન્ય રીતે પુણ્ય–પાપના અર્થમાં વપરાય છે, પણ અહીં તો તેમને દ્રવ્યનાં નામ-વિશેષ જ સમજવાનાં છે.

છ દ્રવ્યમાં પાંચને અસ્તિકાય કહેવામાં આવે છે, તેનું કારણ એ છે કે એ દ્રવ્યોમાં પ્રદેશોનો સમૂહ હોય છે. કાલમાં પ્રદેશોનો સમૂહ હોતો નથી, એટલે તેને અસ્તિકાય ગણવામાં આવતો નથી. અન્ય શબ્દોમાં કહીએ તો છમાંનાં પાંચ દ્રવ્યો એવાં છે કે જેના વિસ્તાર (Magnitude)નો કંઈક ખ્યાલ આવે છે, એટલે તેને અસ્તિકાયની સંજ્ઞા આપવામાં આવી છે, પરંતુ કાલ દ્રવ્ય એવું છે કે જેનું અસ્તિત્વ સમજી શકાય છે, પણ તેના વિસ્તારનો (લંબાઈ–પહોળાઈનો) કોઈ ખ્યાલ આવી શકતો નથી, એટલે તેને અસ્તિકાયની સંજ્ઞા લાગુ પડતી નથી.

આ છ દ્રવ્યો ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, એટલે કે તે કોઈનાં ઉત્પન્ન કરેલાં નથી કે તેનો આત્યંતિક નાશ થતો નથી. અલબત્ત, તેના પર્યાયોમાં–તેની અવસ્થાઓમાં પરિવર્તન થયા કરે છે અને તેથી જ આ લોક સનાતન હોવા છતાં પરિવર્તનશીલ જણાય છે.

જ્યારે પૌરાણિક માન્યતાઓના થર ખાઝી ગયા હતા અને વિશ્વવ્યવસ્થા માટે ઈશ્વર નામના એક અગમ્ય તત્ત્વને આગળ ધરવામાં આવતું હતું, ત્યારે આવી સ્પષ્ટ વૈજ્ઞાનિક વિચારધારા સર્વજ્ઞ સિવાય બીજું કોણ રજૂ કરી શકે ?

धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं ।
अणंताणि य दव्वाणि, कालो पुग्गल–जंतवो ॥३॥

[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૮

ધર્મ, અધર્મ અને આકાશ, એ ત્રણને એક એક દ્રવ્ય કહેલાં છે. કાલ, પુદ્ગલ અને જીવ એ ત્રણને અનંત દ્રવ્ય કહેલાં છે.

વિ૦ સમસ્ત લોકમાં ધર્મદ્રવ્ય અખંડપણે વ્યાપીને રહેલું છે, એટલે તે એક છે. તેના આપણે બુદ્ધિથી વિભાગ કલ્પી શકીએ, પણ વાસ્તવમાં તેના કોઈ વિભાગ નથી. અધર્મ અને આકાશ દ્રવ્યનું પણ એમ જ છે; પરંતુ કાલ, પુદ્ગલ અને જીવ એ ત્રણે દ્રવ્યો અનંત છે, એટલે કે તેનો નિર્દેશ સંખ્યાથી થઈ શકે એમ નથી. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જગતના બધા વિદ્વાનો જેનો નિર્દેશ સંખ્યાથી ન થઈ શકે તેને અસંખ્યાત કહીને છોડી દે છે, પરંતુ જૈન મહર્ષિઓએ તેના પણ બે વિભાગ કરેલા છે. તેમાં પ્રથમ વિભાગને અસંખ્યાત અને બીજા વિભાગને અનંત કહેવામાં આવે છે. અસંખ્યાત કરતાં અનંતનું પ્રમાણ ઘણું મોટું છે. અસંખ્યાત કયારે કહેવાય ? તેનો ખુલાસો પાંચમી ગાથાના વિવેચનમાં જોઈ શકાશે.

गइलक्खणो उ धम्मो, अहम्मो ठाणलक्खणो ।
भायणं सव्वदव्वाणं, नहं ओगाहलक्खणं ॥४॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૯]

ધર્મદ્રવ્ય ગતિલક્ષણવાળું છે; અધર્મદ્રવ્ય સ્થિતિ-લક્ષણવાળું છે; આકાશદ્રવ્ય અવકાશલક્ષણવાળું છે અને તે સર્વ દ્રવ્યોને રહેવાનું સ્થાન છે.

વિ૦ દરેક દ્રવ્યને ઓળખવા માટે તેનાં લક્ષણો જાણવાની

જરૂર છે, તેથી અહીં તેના લક્ષણોનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે.

ધર્મદ્રવ્ય ગતિલક્ષણવાળું છે, એનો અર્થ એ છે કે તે પોતાના સ્વભાવથી ગતિ કરી રહેલા ચેતન તથા જડ પદાર્થોને ગતિ કરવામાં સહાયભૂત થાય છે. અહીં સ્વાભાવિક જ પ્રશ્ન થશે કે જો એક દ્રવ્ય પોતાના સ્વભાવથી જ ગતિ કરતું હોય તો તેને અન્ય દ્રવ્યની સહાયની શી જરૂર ? તેનું સમાધાન એ છે કે જેમ માછલામાં તરવાની શક્તિ રહેલી છે, પણ તે જળ વિના તરી શકતું નથી, તેમ ચેતન અને જડ પદાર્થોમાં ગતિ કરવાની શક્તિ છે, પણ તે ધર્માસ્તિકાય દ્રવ્યની સહાય વિના ગતિ કરી શકતા નથી. આધુનિક વૈજ્ઞાનિકોએ પણ એ વાતનો સ્વીકાર કર્યો છે કે પદાર્થો આકાશમાં— અવકાશમાં જે ગતિ કરે છે, તે ઈથર નામના એક અદૃશ્ય પદાર્થના આધારે જ કરે છે. આ ઈથરના સ્વરૂપ વિષે તેઓ એકમત નથી, પણ વિશેષ સંશોધનનાં પરિણામે તેઓ ધર્માસ્તિકાયના સિદ્ધાંતની ઘણા નજીક આવી રહ્યા છે.

અધર્મદ્રવ્ય સ્થિતિલક્ષણવાળું છે, એનો અર્થ એ છે કે તે પોતાના સ્વભાવથી સ્થિર થયેલા ચેતન અને જડ પદાર્થોને સ્થિર થવામાં સહાયભૂત થાય છે. સ્થિર થવાની શક્તિવાળા મનુષ્યને સ્થિર થવામાં શય્યા તથા આસન વગેરે સહાયભૂત થતાં નથી શું ? અહીં પણ તે પ્રમાણે જ સમજવું.

ધર્મ અને અધર્મદ્રવ્ય લોકમાં વ્યાપેલાં છે, પણ લોક બહાર વ્યાપેલાં નથી, એટલે કોઈ પણ ચેતન–જડ પદાર્થની ગતિ–સ્થિતિ લોકમાં જ સંભવે છે, પણ લોક બહાર સંભવતી નથી.

આકાશદ્રવ્ય અવકાશલક્ષણવાળું છે, એનો અર્થ એ છે કે તે દરેક પદાર્થને પોતાની અંદર રહેવાની જગા આપે છે અને તેથી જ વિશ્વના ચરાચર સર્વ પદાર્થો આકાશમાં રહેલા છે. આકાશના જેટલા ભાગમાં લોક વ્યાપેલો છે, તેને લોકાકાશ કહેવામાં આવે છે અને બાકીના ભાગને અલોકાકાશ કહેવામાં આવે છે.

ટૂંકમાં ધર્મ એટલે ગતિસહાયક દ્રવ્ય (Medium of motion), અધર્મ એટલે સ્થિતિસહાયક દ્રવ્ય (Medium of rest) અને આકાશ એટલે અવકાશ (Space).

वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ।
नाणेणं दंसणेणं च, सुहेण दुहेण य ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૦]

કાલ વર્તનાલક્ષણવાળો છે અને જીવ ઉપયોગ-લક્ષણવાળો છે. જીવને જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખ વડે જાણી શકાય છે.

વિ૦ કાલ (Time) વર્તનાલક્ષણવાળો છે, એનો અર્થ એ છે કે કોઈ પણ વસ્તુ કે પદાર્થની વર્તના જાણવી હોય, તો તે કાલથી જાણી શકાય છે. 'આ વસ્તુ છે,' 'આ વસ્તુ હતી,' 'આ વસ્તુ હશે,' વગેરે શબ્દપ્રયોગો કાલને લીધે જ સંભવે છે.

અહીં એ પણ જાણવાની જરૂર છે કે કોઈ પણ ક્રિયા કે પરિવર્તન થવામાં કાલ એ મુખ્ય કારણ છે. કાલની સહાય ન હોય તો કોઈ પણ ક્રિયા કે પરિવર્તન થઈ શકતું નથી. કોઈ સાધુ-મહાત્માનાં દર્શન કરવા જવું હોય તો

કાલ અર્થાત્ સમય જોઈએ, કોઈ ઉત્તમ ગ્રંથનું વાંચન કરવું હોય તો પણ સમય જોઈએ. તે જ રીતે ગર્ભમાંથી બાળક થવા માટે, બાળકમાંથી યુવાન થવા માટે અને યુવાનમાંથી વૃદ્ધ થવા માટે પણ સમય જોઈએ.

કાલ એ અરૂપી–અદૃશ્ય દ્રવ્ય છે, એટલે તેને પકડી શકાતું નથી, પણ સંકેતોના આધારે તેનું માપ નીકળી શકે છે. જૈન શાસ્ત્રોમાં એ માપ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે :

કાલનો નિર્વિભાજ્ય ભાગ	= સમય
અસંખ્યાત સમય	= આવલિકા
સંખ્યાત આવલિકા	= શ્વાસ
બે શ્વાસ	= પ્રાણ
સાત પ્રાણ	= સ્તોક
સાત સ્તોક	= લવ
સિત્તોત્તેર લવ	= મુહૂર્ત
ત્રીશ મુહૂર્ત	= અહોરાત્ર (૨૪ કલાક)
પંદર અહોરાત્ર	= પક્ષ
બે પક્ષ	= માસ
બે માસ	= ઋતુ
ત્રણ ઋતુ	= અયન
બે અયન	= સંવત્સર (વર્ષ) +
સો વર્ષ	= શતાબ્દી
દશ શતાબ્દી	= સહસ્રાબ્દી

+ એક વર્ષમાં ઋતુઓ છ હોય છે : હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ્. અયન બે હોય છે : ઉત્તરાયણ અને દક્ષિણાયન.

આઠસો ચાલીશ સહસ્રાબ્દી = પૂર્વાંગ
ચોરાશી લાખ પૂર્વાંગ = એક પૂર્વ

[આ રીતે એક પૂર્વમાં ૭૦૫૬૦૦૦૦૦૦૦૦ વર્ષ થાય છે.]

ચોરાશી લાખ પૂર્વને ભેગા કરીએ તો એક ત્રુટીતાંગ થાય અને તેવા ચોરાશી લાખ ત્રુટીતાંગને ભેગા કરીએ તો એક ત્રુટીત થાય. આ રીતે આવેલા માપને ચોરાશી લાખથી ગુણતાં જઈએ તો અનુક્રમે અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિતાંગ, નલિત, અર્થનિપુરાંગ, અર્થનિપુર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા નામનાં માપો બને છે. શીર્ષપ્રહેલિકાનાં વર્ષોની સંખ્યા ૧૯૪ અંક સુધી પહોંચે છે. આથી અનેક ગણી વધારે સંખ્યાને અસંખ્યાત કહેવામાં આવે છે.

તેની આગળ પણ શાસ્ત્રકારોએ માપો બતાવ્યાં છે, પણ તેમાં સંખ્યા કામની નહિ હોવાથી ઉપમાનોનો આધાર લીધો છે. આ રીતે એક યોજન લાંબા, એક યોજન પહોળા અને એક યોજન ઊંડા ખાડાને ઝીણા વાળના ટૂકડાથી ભરવામાં આવે અને તેના પરથી ચક્રવર્તીની સેના ચાલી જાય તો પણ દબાય નહિ, એટલા ઠાંસીને ભરવામાં આવે, પછી તેમાંથી સો સો વર્ષે વાળનો એકેકે ટૂકડો કાઢતાં જેટલાં વર્ષે તે ખાડો ખાલી થાય, તેટલા વર્ષોને પલ્યોપમ

કહેવાય. આવા દશ કોટાકોટી (૧૦૦૦૦૦૦૦૦ × ૧૦૦૦૦૦૦૦૦) પલ્યોપમ વર્ષ ભેગા થાય તેને સાગરોપમ કહેવાય. આવા વીસ કોટાકોટી સાગરોપમનું એક કાલચક્ર બને. અને એવા અસંખ્યાત કાલચક્રનું એક પુદ્ગલપરાવર્ત બને.

જીવ ઉપયોગ લક્ષણવાળો છે, એનો અર્થ એ છે કે તે કોઈ પણ વસ્તુને સામાન્ય કે વિશેષપણે જાણવા માટે ચેતના-વ્યાપાર કરી શકે છે. વસ્તુને સામાન્યપણે જાણવી એ દર્શન કહેવાય છે અને વિશેષપણે જાણવી એ જ્ઞાન કહેવાય છે.

જીવને શી રીતે જાણવો ? એના ઉત્તરમાં અહીં એમ કહેવામાં આવ્યું છે કે જ્યાં જ્ઞાન હોય, દર્શન હોય, તેમજ સુખ-દુઃખનો અનુભવ હોય, ત્યાં જીવ છે એમ જાણવું. આપણામાં જ્ઞાન-દર્શન અને સુખ-દુઃખનો અનુભવ છે, માટે આપણામાં જીવ છે. ગાય, ભેંસ આદિ પશુઓમાં, કાગડા, કબૂતર આદિ પક્ષીઓમાં, તથા જંતુઓ અને કીડામાં પણ કંઈક જાણવાની શક્તિ તથા સુખ-દુઃખનું સંવેદન છે, માટે તેમાં પણ જીવ છે; અને લીલી વનસ્પતિમાં પણ કંઈક જાણવાની શક્તિ તથા સુખ-દુઃખનું સંવેદન છે, એટલે તેમાં પણ જીવ છે. આ રીતે જ્યાં જ્યાં જ્ઞાન, દર્શન કે સુખ-દુઃખનો અનુભવ જોવામાં આવે, ત્યાં ત્યાં જીવ છે, એમ જાણવું. તેથી વિપરીત જેમાં જાણવાની શક્તિ નથી કે સુખ-દુઃખનું સંવેદન નથી, ત્યાં જીવ નથી એમ જાણવું. દાખલા તરીકે લોઢાનો, કાચનો કે પત્થરનો ટુકડો. તેમાં જાણવાની શક્તિ નથી કે સુખ-દુઃખનું કોઈ સંવેદન નથી, માટે તે અજીવ છે.

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ ६ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૧]

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય (શક્તિ કે સામર્થ્ય) અને ઉપયોગ, આ બધાં જીવનાં લક્ષણો છે.

વિ૦ જ્યાં સામાન્ય કે વિશેષ કોઈ પ્રકારનું જ્ઞાન જોવામાં આવે, સંયમ કે તપની આરાધના જોવામાં આવે, વીર્યનું સ્ફુરણ જોવામાં આવે કે ઉપયોગ જોવામાં આવે ત્યાં જીવ છે, એમ સમજવું; કારણ કે જીવ વિના અન્ય કોઈ પણ દ્રવ્યમાં આ વસ્તુઓ હોતી નથી.

सद्दंधयार उज्जोओ, पहा छायातवेइ वा ।
वन्न-रस-गंध-फासा, पुग्गलाणं तु लक्खणं ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૨]

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપ એ પૌદ્ગલિક વસ્તુઓ છે. વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્ગલનું લક્ષણ છે.

વિ૦ શબ્દ એટલે ધ્વનિ કે અવાજ (Sound). અંધકાર એટલે તિમિર કે અંધારું. ઉદ્યોત એટલે રત્નાદિનો પ્રકાશ કે ચળકાટ. પ્રભા એટલે ચંદ્ર વગેરેનો શીત પ્રકાશ. છાયા એટલે પડછાયો અને આતપ એટલે સૂર્યનો તડકો વગેરે ઉષ્ણ પ્રકાશ. આ બધી પૌદ્ગલિક વસ્તુઓ છે.

કેટલાક શબ્દ અર્થાત્ ધ્વનિને આકાશનો ગુણ માનતા હતા, પણ આધુનિક શોધખોળોએ પૂરવાર કરી આપ્યું છે

કે શબ્દ એ આકાશનો નહિ, પણ પુદ્ગલનો ગુણ છે અને તેથી જ તેને યુક્તિથી પકડી શકાય છે. ગ્રામોફોનની રેકર્ડો, રેડિયો વગેરે તેનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે.

પુદ્ગલનું મુખ્ય લક્ષણ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ છે. તેમાં વર્ણ પાંચ પ્રકારનો છે : (૧) કૃષ્ણ–કાળો, (૨) નીલ–વાદળી, (૩) પીત–પીળો, (૪) રક્ત–રાતો, અને (૫) શ્વેત–ધોળો. રસ પાંચ પ્રકારનો છે : (૧) તિક્ત–કડવો, (૨) કટુ–તીખો, (૩) મધુર–મીઠો, (૪) અમ્લ–ખાટો અને (૫) કષાય તુરો. ગંધ બે પ્રકારનો છે : (૧) સુગંધ અને (૨) દુર્ગંધ. સ્પર્શ આઠ પ્રકારનો છે : (૧) સ્નિગ્ધ–ચીકણો, (૨) રૂક્ષ–લૂખો, (૩) શીત–ઠંડો, (૪) ઉષ્ણ–ગરમ, (૫) મૃદુ–સુંવાળો, (૬) કર્કશ–કઠોર, (૭) ગુરુ–ભારે અને (૮) લઘુ–હળવો.

गुणाणमासओ दव्वं, एगदव्वस्सिया गुणा ।
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिआ भवे ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૮]

દ્રવ્ય ગુણોને આશ્રય આપે છે અને ગુણો એક દ્રવ્યને આશ્રિત હોય છે. પરંતુ પર્યાયનું લક્ષણ એ છે કે તે દ્રવ્ય અને ગુણ ઉભયને આશ્રિત હોય છે.

વિ૦ દ્રવ્ય ગુણોને આશ્રય આપે છે, એટલે દરેક દ્રવ્યને પોતાના વિશિષ્ટ ગુણો હોય છે. આ ગુણો દ્રવ્યને આશ્રિત હોય છે, એટલે તે દ્રવ્યની સાથે જ રહેનારા હોય છે, તેનાથી અલગ પડતા નથી. દાખલા તરીકે ચૈતન્ય એ જીવ દ્રવ્યનો ગુણ છે, તો તે તેની સાથે જ જોવામાં આવે

છે, પણ તેનાથી અલગ જોવામાં આવતો નથી. પર્યાય એટલે અવસ્થાવિશેષ. તે દ્રવ્ય અને ગુણ બંનેના આધારે જ હોય છે; પરંતુ એકલા દ્રવ્યથી કે એકલા ગુણથી હોતી નથી. દાખલા તરીકે ઘડો એ પુદ્ગલનો પર્યાય છે, તો તેમાં પુદ્ગલ દ્રવ્ય પણ છે અને તેના સ્પર્શ, રસ, વર્ણ, ગંધ વગેરે ગુણો પણ છે. આનો સારાંશ એ છે કે વિશ્વની વ્યવસ્થા કરનાર જે છ દ્રવ્યોની ગણના ઉપર કરવામાં આવી છે, તે છયે દ્રવ્યો ગુણ અને પર્યાયથી યુક્ત હોય છે. તે કદી પણ ગુણરહિત કે પર્યાયરહિત હોતા નથી. શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમસૂત્રના પાંચમા અધ્યાયમાં गुणपर्यायवद्द्रव्यम् ॥३८॥ એ સૂત્રથી આ વસ્તુ સ્પષ્ટ કરી છે. અહીં સમજવાનું એટલું છે કે ગુણ એ સહભાવી છે, એટલે સદા સાથે રહેનાર છે અને પર્યાય એ ક્રમભાવી છે, એટલે એક પર્યાયનો નાશ થયા પછી નવા સ્વરૂપે ઉત્પન્ન થનાર છે.

ભગવાન મહાવીરે દ્રવ્યનું લક્ષણ सत् માન્યું છે અને તેને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યવાળું જણાવ્યું છે, તેનું રહસ્ય પણ આ જ છે. કોઈ પણ દ્રવ્યમાં નવા પર્યાયની ઉત્પત્તિ ત્યારે જ થાય છે કે જ્યારે તેના જુના પર્યાયનો વ્યય થાય–નાશ થાય. આ બંને ક્રિયાઓ સાથે જ થાય છે, એટલે કે જુનો પર્યાય નાશ પામતો જાય છે અને નવો પર્યાય ઉત્પન્ન થતો જાય છે. મનુષ્ય બાળકમાંથી યુવાન બને છે, ત્યારે બાળકપણું મટવાની ક્રિયા અને યુવાનપણું આવવાની ક્રિયા ભિન્ન ભિન્ન સમયે થતી નથી, પણ સાથે જ થાય છે. આ રીતે જુના પર્યાયનો નાશ અને નવા પર્યાયની ઉત્પત્તિ

થવા છતાં મૂળ દ્રવ્ય તો ધ્રૌવ્યવાળું એટલે કાયમ જ રહે છે. અન્ય શબ્દોમાં કહીએ તો પર્યાયના આ રૂપાંતર સમયે પણ તેના ગુણો કાયમ જ રહે છે અને તેથી એ દ્રવ્યનું સાતત્ય આપણા અનુભવમાં આવે છે.

एगत्तं च पुहुत्तं च, संखा संठाणमेव य ।
संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ।। ९ ।।

[ઉત્ત૦ અ૦ ૨૮ ગા૦ ૧૩]

એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ એ પર્યાયોનું લક્ષણ છે.

વિ૦ આપણને વસ્તુના એકત્વનો, પૃથક્ત્વનો, સંખ્યાનો, સંસ્થાન એટલે આકારનો, સંયોગ એટલે કોઈની સાથે જોડાયાનો કે વિભાગ એટલે તેના જુદા જુદા ભાગોનો ખ્યાલ પર્યાયને લીધે જ આવે છે. દાખલા તરીકે ભિન્ન ભિન્ન પરમાણુઓનો બનેલો હોવા છતાં આ એક ઘડો છે, એવો ખ્યાલ તેના ઘટત્વ–પર્યાય પરથી જ આવે છે. આ ઘડો બીજાથી જુદો છે, એવો ખ્યાલ પણ તેના પર્યાય પરથી જ આવે છે. આ એક છે, બે છે કે તેથી અધિક છે, એવો ખ્યાલ પણ તેના પર્યાય પરથી જ આવે છે; અને આ ગોળ છે, લાંબો છે કે અમુક આકારનો છે, એવો ખ્યાલ પણ તેના પર્યાય પરથી જ આવે છે. વળી તે પાટિયાથી જોડાયેલો છે કે ભૂમિથી સંલગ્ન છે, એવો ખ્યાલ પણ તેના પર્યાય પરથી જ આવે છે અને આ ઘડાનો કાંઠો છે, આ ઘડાનું પેટ છે, એવા વિભાગોનો ખ્યાલ પણ તેના પર્યાય પરથી જ આવે છે.

ધારા બીજી
સિદ્ધ જીવોનું સ્વરૂપ

संसारत्था य सिद्धा य, दुविहा जीवा वियाहिया ।
सिद्धा णेगविहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥ १ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૪૮]

જીવો બે પ્રકારના કહેલા છે: સંસારી અને સિદ્ધ. સિદ્ધો અનેક પ્રકારના કહેલા છે. તેનું વર્ણન મારી પાસેથી સાંભળો.

વિ૦ આ લોકમાં જીવો અનંત છે, તે મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચાયેલા છે: સંસારી અને સિદ્ધ. જે જીવો કર્મવશાત્ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે, એટલે કે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાં વારંવાર ઉત્પન્ન થઈ જન્મ-જરા-મરણાદિનાં દુઃખો ભોગવી રહ્યા છે, તે સંસારી; અને જે જીવો કર્મના બંધનમાંથી મુક્ત થવાને કારણે સંસારસાગરનો પાર કરી ગયા છે, તે સિદ્ધ. તેમાંથી સિદ્ધ થયેલા જીવોનું વર્ણન અહીં પ્રસ્તુત છે. સિદ્ધના જીવો અનેક પ્રકારના છે, તે આ પ્રમાણે:

इत्थीपुरिससिद्धा य, तहेव य नपुंसगा ।
सलिंगे अन्नलिंगे य, गिहिलिंगे तहेव य ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૪૯]

સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહલિંગસિદ્ધ આદિ.

વિ૦ સિદ્ધ થયા પછી તો બધા જીવો સમાન અવસ્થાને પ્રાપ્ત થાય છે, પણ સિદ્ધ થતી વખતે બધા જીવોની અવસ્થા એક સરખી હોતી નથી. આ અવસ્થાભેદ સમજાવવા માટે જ અહીં સિદ્ધના પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે.

ચાર ગતિમાં સંસરણ કરી રહેલા જીવો માત્ર મનુષ્ય ગતિમાંથી જ સિદ્ધ થઈ શકે છે, એટલે અહીં વર્ણવેલા તમામ પ્રકારો મનુષ્યસંબંધી જ સમજવાના છે.

લિંગની દૃષ્ટિએ મનુષ્યના ત્રણ ભેદો પડે છે: સ્ત્રી, પુરુષ અને નપુંસક. આ ત્રણે લિંગે મનુષ્ય સિદ્ધ થઈ શકે છે. ચંદનબાળા વગેરે સ્ત્રીલિંગે સિદ્ધ થયા, ઈલાચીકુમાર વગેરે પુરુષલિંગે સિદ્ધ થયા અને ગાંગેય વગેરે નપુંસક-લિંગે સિદ્ધ થયા. આનો પરમાર્થ એ છે કે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવામાં લિંગ કોઈ રીતે બાધક નથી. જે કોઈ કર્મનો ક્ષય કરે, તે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

મનુષ્ય સ્વલિંગે એટલે શ્રમણના વેશમાં જ સિદ્ધ થાય એવો પણ કોઈ નિયમ નથી. અન્ય સાધુઓના વેશમાં પણ તે સિદ્ધ થઈ શકે છે. શ્રી ગૌતમાદિ મહામુનિઓ સ્વલિંગે સિદ્ધ થયા અને વલ્કલચીરી વગેરે મહાનુભાવો તાપસના વેશમાં પણ સિદ્ધ થયા. વળી ચિલાતીપુત્ર આદિ કેટલાક મહાનુભાવો ગૃહિલિંગ એટલે ગૃહસ્થના વેશમાં પણ સિદ્ધ થયા છે. તાત્પર્ય કે સિદ્ધ થવામાં વેશ પણ મહત્ત્વની વસ્તુ નથી, માત્ર કર્મક્ષય જ મહત્ત્વની વસ્તુ છે.

અહીં છ પ્રકારોનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે અને આદિ

પદથી બીજાની સંભવિતતા દર્શાવી છે, એટલે સ્પષ્ટ કરવાની જરૂર રહે છે કે જૈન સિદ્ધાંતમાં કુલ પંદર પ્રકારના સિદ્ધ મનાયેલા છે. એ રીતે નવ પ્રકારના સિદ્ધોનું વર્ણન બાકી રહ્યું, તે અહીં પ્રજ્ઞાપનાસૂત્રના પ્રથમ પદના આધારે આપવામાં આવે છે :

(૭) **તીર્થસિદ્ધ**—તીર્થની વિદ્યમાનતામાં સિદ્ધ થયેલા. અહીં તીર્થથી શ્રી જિનેશ્વર ભગવંતોએ સ્થાપેલ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ સમજવાનો છે.

(૮) **અતીર્થસિદ્ધ**—તીર્થની સ્થાપના થયા પહેલાં કે તીર્થના વ્યવચ્છેદ-કાલમાં જાતિસ્મરણાદિ જ્ઞાનથી સિદ્ધ થયેલા.

(૯) **તીર્થંકરસિદ્ધ**—શ્રી ઋષભદેવ વગેરેની જેમ તીર્થંકર થઈને સિદ્ધ થયેલા.

(૧૦) **અતીર્થંકર સિદ્ધ**—શ્રી ભરત ચક્રવર્તી વગેરેની જેમ સામાન્ય કેવળી થઈને સિદ્ધ થયેલા.

(૧૧) **સ્વયંબુદ્ધ સિદ્ધ**—શ્રી આર્દ્રકુમાર વગેરેની જેમ જાતે જ બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૨) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ**—શ્રી કરકંડૂ વગેરેની જેમ કોઈ નિમિત્તથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૩) **બુદ્ધબોધિતસિદ્ધ**—આચાર્યાદિ ગુરુથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૪) **એકસિદ્ધ**—એક સમયે એક સિદ્ધ થયેલા.

(૧૫) **અનેકસિદ્ધ**—એક સમયે અનેક સિદ્ધ થયેલા.

આ છેલ્લા બે ભેદો પરથી એવું સૂચન મળે છે કે મનુષ્ય કોઈ પણ કાળે–કોઈ પણ સમયે સિદ્ધ થઈ શકે છે. તે માટે અમુક જ સમય જોઈએ એવું નથી. જો એવું હોય તો જીવો સમયે સમયે સિદ્ધ શી રીતે થઈ શકે ?

કહિં પડિહયા સિદ્ધા ? કહિં સિદ્ધા પઇટ્ઠિયા ?।
કહિં બોંદિં ચઇત્તાણં ? કત્થ ગંતૂણ સિજ્ઝઈ ?॥ ૩ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૫૫]

સિદ્ધ થનાર જીવો કયાં જઈને અટકે છે ? કયાં સ્થિર થાય છે ? કયાં શરીરનો ત્યાગ કરે છે ? અને કયાં જઈને સિદ્ધ થાય છે ?

વિ૦ જે જીવે ચાર ઘાતી કર્મોનો નાશ કર્યો હોય, તે અંત સમયે બાકીના ચાર અઘાતી કર્મોનો અવશ્ય નાશ કરે છે અને એ રીતે સકલ કર્મથી મુક્ત થઈને દેહ છોડે છે. એ વખતે તે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વ ગતિને પ્રાપ્ત થાય છે અને કોડો માઈલની ઝડપે ઊંચે ને ઊંચે ચાલ્યો જાય છે. આ રીતે ગતિ કરી રહેલો જીવ કયાં જઈને અટકે ? એ પ્રશ્ન છે. વળી એ રીતે અટકયા પછી તે કયાં સ્થિર થાય ? એ પણ જાણવાની જરૂર છે. તે સાથે સિદ્ધ થનારો જીવ છેલ્લું શરીર કયાં છોડે ? અને કયાં જઈને સિદ્ધ થાય ? તે પણ સ્પષ્ટ થવાની આવશ્યકતા છે. તેના ઉત્તરો નીચેની ગાથામાં આ પ્રમાણે આપવામાં આવ્યા છે:

અલોએ પડિહયા સિદ્ધા, લોયગ્ગે ય પઇટ્ઠિયા ।
ઇહં બોંદિં ચઇત્તાણં, તત્થ ગંતૂણ સિજ્ઝઈ ॥ ૪ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૫૬]

સિદ્ધના જીવો અલોકની સીમા પર અટકે છે અને લોકના અગ્ર ભાગ પર સ્થિર થાય છે. તેઓ અહીં એટલે મનુષ્યલોકમાં શરીર છોડે છે અને લોકાગ્ર પર જઈને સિદ્ધ થાય છે.

વિ૦ ઊર્ધ્વગતિ કરી રહેલો જીવ જ્યાં સુધી ધર્માસ્તિકાય દ્રવ્ય વ્યાપેલું હોય, ત્યાં સુધી જ ગતિ કરે છે, એટલે અલોકની સીમા પર અટકે છે. ત્યાંથી આગળ ગતિ કરી શકતો નથી, કારણ કે ત્યાં તેને ગતિમાં સહાય કરનારું દ્રવ્ય વિદ્યમાન નથી. જો જીવ ધર્માસ્તિકાય દ્રવ્યની સહાય વગર પણ ગતિ કરી શકતો હોય. તો આ તેની ઊર્ધ્વ ગતિ ચાલુ જ રહે અને કદાપિ તેનો અંત આવે નહિ, કારણ કે આકાશ અનંત છે.

ઊર્ધ્વગતિ કરી રહેલો જીવ જે સ્થળે અટકે છે, તે લોકનો અગ્ર ભાગ છે. ત્યાં પહોંચ્યા પછી તે કોઈ પણ પ્રકારની ગતિ કરતો નથી, અર્થાત્ સ્થિર થાય છે અને અનંત કાલ સુધી એ જ અવસ્થામાં રહે છે.

સિદ્ધ થનારો જીવ સામાન્ય રીતે મનુષ્યલોકની મર્યાદામાં જ પોતાનું શરીર છોડે છે અને તે જ્યારે લોકાગ્ર પર પહોંચે ત્યારે જ સિદ્ધ થયો ગણાય છે.

સિદ્ધ થયેલા જીવો પરમાત્મદશાને પામેલા હોય છે, એટલે તેમની ગણના પરમાત્મા તરીકે થાય છે અને તેથીજ તેમને અરિહંત ભગવંતની જેમ વંદનીય તથા પૂજનીય માનવામાં આવે છે.

बारसहिं जोयणेहिं, सव्वट्ठस्सुवरिं भवे ।
ईसीपब्भारनामा उ, पुढवी छत्तसंठिया ॥ ५ ॥

पणयालसयसहस्सा, जोयणाणं तु आयया ।
तावइयं चेव वित्थिन्ना, तिगुणो साहिय परिरओ ॥ ६ ॥

अट्ठजोयणबाहल्ला, सा मज्झंमि वियाहिया ।
परिहायंती चरिमंते, मच्छियपत्ताउ तणुयरी ॥ ७ ॥

अज्जुणसुवन्नगमई, सा पुढवी निम्मला सहावेण ।
उत्ताणयछत्तय-संठिया य भणिया जिणवरेहिं ॥ ८ ॥

संखंककुंद-संकासा, पंडुरा निम्मला सुभा ।
सीयाए जोयणे तत्तो, लोगंतो उ वियाहिओ ॥ ९ ॥
[उत्त० अ० ३६, गा० ५७ थी ६१]

સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજન ઉપર છત્રના આકારવાળી ઇષત્પ્રાગ્ભાર નામની પૃથ્વી છે. તે પીસ્તાલીશ લાખ યોજન લાંબી, એટલી જ પહોળી અને ત્રણ ગણાથી વધારે પરિધિવાળી છે. તાત્પર્ય કે તે વર્તુલાકારે છે. તે પૃથ્વી મધ્યમાં આઠ યોજન જાડી છે, ત્યાંથી ઓછી થતી થતી છેડા પર માખીની પાંખ જેવી પાતળી છે. તે ઇષત્-પ્રાગ્ભાર પૃથ્વી સ્વભાવથીજ શ્વેત, નિર્મલ અને અર્જુન નામના શ્વેત સુવર્ણ જેવી છે. તેનો આકાર ઉલટા કરેલા છત્ર જેવો છે, એમ શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. આ પૃથ્વી શંખ, અંક રત્ન અને મચકુંદના પુષ્પ સમાન શ્વેત, નિર્મલ અને સોહામણી છે. તેના પર લોકનો અંત કહેલો છે.

વિ૦ આપણે મનુષ્ય લોકમાં વસીએ છીએ, અહીંથી ઘણું ઉપર જઈએ તો પ્રથમ જ્યોતિષચક્ર એટલે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે આવે; તેની ઉપર બાર દેવલોક આવે; તેના ઉપર નવ ગ્રૈવેયક નામના વિમાનો આવે; અને તેના ઉપર પાંચ અનુત્તર વિમાનો આવે; તેમાંનું એક વિમાન સર્વાર્થસિદ્ધ છે. અહીંથી એટલે મનુષ્યલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનની ઊંચાઈ ક્રોડો માઇલની છે; તેના ઉપર બાર યોજન જઈએ તો ઈષત્ પ્રાગ્ભાર નામની પૃથ્વી આવે. આ પૃથ્વીનું માપ તેટલું જ છે કે જેટલું મનુષ્યલોકનું છે. બીજું વર્ણન સ્પષ્ટ છે.

जोयणस्स उ जो तत्थ, कोसो उवरिमो भवे ।
तस्स कोसस्स छब्भाए, सिद्धाणोगाहणा भवे ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૬૨]

ત્યાં ઉપરના એક યોજનમાં એક કોશના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના છે, અર્થાત્ સિદ્ધના જીવો ત્યાં રહેલા છે.

વિ૦ આ સ્થાનને સિદ્ધશિલા કહે છે.

अरूविणो जीवघणा, नाण-दंसण-सण्णिया ।
अउलं सुहं संपत्ता, उवमा जस्स नत्थि उ ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૬૬]

તે સિદ્ધના જીવો-સિદ્ધ ભગવંતો અરૂપી છે, ઘન છે (તેમના જીવ-પ્રદેશો વચ્ચે કોઈ પોલાણ નથી), જ્ઞાન અને દર્શનના ઉપયોગવાળા છે; તથા અપરિમિત સુખને પ્રાપ્ત થયેલા છે કે જેને માટે કોઈ ઉપમા નથી.

अत्थि एगं धुवं ठाणं, लोगग्गम्मि दुरारुहं ।
जत्थ नत्थि जरा मच्चू, वाहिणो वेयणा तहा ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૨૩, ગા૦ ૮૧]

લોકના અગ્રભાગ ઉપર એક નિશ્ચલ સ્થાન છે, જ્યાં જરા, મૃત્યુ, રોગ અને દુઃખ નથી; પરંતુ ત્યાં પહોંચવું ઘણું કઠિન છે.

निव्वाणं ति अबाहं ति, सिद्धि लोगग्गमेव य !
खेमं सिवमणाबाहं, जं चरंति महेसिणो ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૨૩, ગા૦ ૮૩]

એ સ્થાનનું નામ નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અનાબાધ છે. તેને મહર્ષિઓ પ્રાપ્ત કરે છે.

વિ૦ અબાધ એટલે પીડા વગરનું. અનાબાધ એટલે તેના સ્વાભાવિક સુખમાં અંતરાય વિનાનું.

तं ठाणं सासयं वासं, लोगग्गंमि दुरारुहं ।
जं संपत्ता न सोयन्ति, भवोहन्तकरा मुणी ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૨૩, ગા૦ ૮૪]

હે મુનિ ! તે સ્થાન શાશ્વત નિવાસરૂપ છે, લોકના અગ્રભાગ પર આવેલું છે, પણ ત્યાં પહોંચવું ઘણું કઠિન છે. જેમણે એ સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેના ભવોનો અંત આવે છે અને તેને કોઈ પણ પ્રકારનું દુઃખ રહેતું નથી.

ધારા ત્રીજી
સંસારી જીવોનું સ્વરૂપ

સંસારત્થા ઉ જે જીવા, દુવિહા તે વિયાહિયા ।
તસા ય થાવરા ચેવ, થાવરા તિવિહા તહિં ॥ ૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૬૮]

જે જીવો સંસારી છે, તે બે પ્રકારના કહેલા છે: ત્રસ અને સ્થાવર. તેમાં સ્થાવર ત્રણ પ્રકારના છે.

વિ૦ સિદ્ધના જીવોનું વર્ણન પૂરું થયું. હવે સંસારી જીવોનું વર્ણન શરૂ થાય છે. સંસારી જીવો મુખ્યત્વે બે પ્રકારના છે: (૧) ત્રસ એટલે ચર-હલનચલન કરી રહેલા અને (૨) સ્થાવર એટલે અચર-સ્થિર રહેલા.

પુઢવી આઉજીવા ય, તહેવ ય વણસ્સઈ ।
ઇચ્ચેતે થાવરા તિવિહા, તેસિં ભેએ સુણેહ મે ॥ ૨ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૬૯]

સ્થાવર જીવો પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક એમ ત્રણ પ્રકારના છે. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

વિ૦ પૃથ્વી-માટી એજ જેની કાયા છે, તે પૃથ્વીકાયિક જીવ; અપ્-પાણી એજ જેની કાયા છે, તે અપ્-કાયિક જીવ; અને વનસ્પતિ એજ જેની કાયા છે તે વનસ્પતિકાયિક જીવ. આ ત્રણે પ્રકારના જીવોનો સ્થાવરમાં સમાવેશ થાય છે.

દુવિહા પુઢવી જીવા ઉ, સુહુમા બાયરા તહા ।
પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો ॥ ૩ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૭૦]

પૃથ્વીકાયિક જીવ બે પ્રકારના છેઃ સૂક્ષ્મ અને બાદર. વળી તે દરેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે પ્રકારો છે.

વિ૦ અહીં સૂક્ષ્મ શબ્દથી એવા સૂક્ષ્મ જીવોનો નિર્દેશ કે જે કોઈ પણ સંયોગોમાં દૃષ્ટિગોચર થતા નથી, એટલું જ નહિ પણ તેના પર શસ્ત્રાદિ કોઈ પ્રયોગની અસર પણ થતી નથી. આવા સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો સમસ્ત લોકમાં વ્યાપેલા છે. બાદર એટલે સ્થૂલ, દૃષ્ટિગોચર થાય એવા. પરંતુ બાદર પૃથ્વીકાયિક એ જીવનું શરીર આપણી દૃષ્ટિનો વિષય બની શકતું નથી. આપણે પૃથ્વીકાયનું જે શરીર જોઈએ છીએ, તે અસંખ્ય જીવોના અસંખ્ય શરીરનો એક પિંડ હોય છે, પરંતુ સમુદ્રિત અવસ્થામાં તે જોઈ શકાય છે, માટે તેને બાદર કહેવામાં આવે છે.

જીવ વિગ્રહગતિ દ્વારા નવા જન્મસ્થાને પહોંચ્યા પછી જીવન ધારણ કરવા માટે જરૂરી પુદ્ગલો એકત્ર કરવા માંડે છે, તેને આહારની ક્રિયા કહેવામાં આવે છે. તેમાંથી તે શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનની રચના કરે છે. શાસ્ત્રીય પરિભાષામાં આ છ વસ્તુઓને પર્યાપ્તિ કહેવામાં આવે છે. પરંતુ બધા જીવો છએ પર્યાપ્તિના અધિકારી નથી. એકેંદ્રિય જીવો આહાર, શરીર, ઇન્દ્રિય

અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિના અધિકારી છે. બેઇંદ્રિયથી અસંજ્ઞી પંચિંદ્રિય સુધીના જીવો પાંચમી ભાષા પર્યાપ્તિના પણ અધિકારી છે અને સંજ્ઞી પંચિંદ્રિય જીવો છયે પર્યાપ્તિના અધિકારી છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ઇન્દ્રિયના ધોરણે સંસારી જીવોના વિભાગ પાડીએ તો પાંચ વિભાગો પડે છે: (૧) એગિંદિય, (૨) બેઇંદિય, (૩) તેઇંદિય, (૪) ચઉરિંદિય અને (૫) પંચિંદિય. તેમાં એગિંદિય જીવને એક સ્પર્શનેન્દ્રિય હોય છે. સ્પર્શનેન્દ્રિય એટલે સ્પર્શ પારખનારી ઇન્દ્રિય; તેનું મુખ્ય સાધન ચામડી છે. બેઇંદિય જીવને સ્પર્શનેન્દ્રિય ઉપરાંત રસનેન્દ્રિય પણ હોય છે. રસનેન્દ્રિય એટલે રસ-સ્વાદ પારખનારી ઇન્દ્રિય. તેનું મુખ્ય સાધન જીભ છે. તેઇંદિય જીવને આ બે ઇન્દ્રિયો ઉપરાંત ત્રીજી ઘ્રાણેન્દ્રિય પણ હોય છે. ઘ્રાણેન્દ્રિય એટલે વાસ પારખનારી ઇન્દ્રિય; તેનું મુખ્ય સાધન નાસિકા છે. ચઉરિંદિય જીવને આ ત્રણ ઇન્દ્રિયો ઉપરાંત ચોથી ચક્ષુરિન્દ્રિય પણ હોય છે. ચક્ષુરિન્દ્રિય એટલે વસ્તુઓને જોનારી ઇન્દ્રિય. તેનું મુખ્ય સાધન ચક્ષુ-આંખ છે. અને પંચિંદિય જીવને આ ચાર ઇન્દ્રિયો ઉપરાંત પાંચમી શ્રોતેન્દ્રિય પણ હોય છે. શ્રોતેન્દ્રિય એટલે સાંભળનારી ઇન્દ્રિય. તેનું મુખ્ય સાધન શ્રોત એટલે કાન છે.

આમાંથી એગિંદિય જીવો ચાર પર્યાપ્તિના અધિકારી છે, એટલે તેઓ પહેલી ચાર પર્યાપ્તિ પૂરી કરે ત્યારે પર્યાપ્ત

કહેવાય છે અને તેમણે એ પર્યાપ્તિ પૂરી કરી ન હોય કે પૂરી કર્યા વિના જ મૃત્યુ પામે તો અપર્યાપ્ત કહેવાય છે. પૃથ્વીકાયિક જીવો એકિંદિય છે, એટલે તેણે ચાર પર્યાપ્તિ પૂરી કરવાની હોય છે.

અહીં એટલું યાદ રાખવું ઘટે કે કોઈ પણ જીવ આહાર, શરીર અને ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના મરણ પામતો નથી.

આ વર્ગીકરણ અનુસાર પૃથ્વીકાયિક જીવના મુખ્ય ચાર ભેદો બને છે :

(૧) સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ.
(૨) સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ.
(૩) બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ.
(૪) બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ.

बायरा जे उ पज्जत्ता, दुविहा ते वियाहिया ।
सण्हा खरा य बोधव्वा, सण्हा सत्तविहा तहिं ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૭૧]

પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક જીવના બે ભેદો કહેલા છે : શ્લક્ષ્ણ અર્થાત્ કોમળ અને ખર અર્થાત્ કઠોર. તેમાં શ્લક્ષ્ણ પૃથ્વી સાત પ્રકારની છે.

कण्हा नीला य रुहिरा य, हालिद्दा सुक्किला तहा ।
पंडुपणगमट्टिया, खरा छत्तीसईविहा ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૭૨]

કાળી, નીલી (વાદળી કે લીલી), લાલ, પીળી, શ્વેત,

પાંડુ (ફીક્કી, થોડી પીળાશ પડતી) અને પનક (અત્યંત સૂક્ષ્મ રજોરૂપ). ખર પૃથ્વી છત્રીશ પ્રકારની છે.

પુઢવી ય સક્કરા વાલુયા ય ઉવલે સિલા ય લોણૂસે ।
અય તઉય-તંબ-સીસગ-રુપ્પ-સુવન્ને ય વયરે ય ॥ ૬ ॥
હરિયાલે હિંગુલએ, મણોસિલા સાસગંજણ-પવાલે ।
અબ્ભપડલબ્ભવાલુ ય બાયરકાયે મણિવિહાણા ॥ ૭ ॥
ગોમિજ્જએ ય રુયગે અંકે ફલિહે ય લોહિયક્ખે ય ।
મરગય - મસારગલ્લે ભૂયમોયગ - ઇંદનીલે ય ॥ ૮ ॥
ચંદણ-ગેરુય-હંસગબ્ભ-પુલએ સોગંધિએ ય બોધવ્વે ।
ચંદપ્પભ - વેરુલિએ જલકંતે સૂરકંતે ય ॥ ૯ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૭૩ થી ૭૬]

(૧) શુદ્ધ પૃથ્વી.
(૨) કાંકરા.
(૩) વાલુકા-રેતી.
(૪) ઉપલ-નાના પથ્થરો.
(૫) શિલા-પથ્થરની મોટી ચટાન.
(૬) લવણ-સમુદ્રના જલમાંથી તૈયાર થતું મીઠું.
(૭) ખારી માટી-ખારો.
(૮) લોઢું-ખાણમાં હોય છે ત્યારે. રાસાયણિક પ્રક્રિયા પછી તે ટુકડા કે પતરાનું રૂપ ધારણ કરે છે, ત્યારે અજીવ બને છે.
(૯) જસત- ,,
(૧૦) તાંબુ- ,,

(૧૧) સીસું– ,,
(૧૨) રૂપું– ,,
(૧૩) સોનું– ,,
(૧૪) વજ્ર–હીરો. ખાણમાં હોય છે ત્યારે.
(૧૫) હરિતાલ– ,,
(૧૬) હિંગળો– ,,
(૧૭) મણસિલ– ,,
(૧૮) સાસક–એક પ્રકારની ધાતુ.
(૧૯) અંજન–સૂરમો.
(૨૦) પ્રવાલ–પરવાળાં.
(૨૧) અભ્રક–અબરખ. ખાણમાં હોય છે ત્યારે.
(૨૨) અભ્રવાલુકા–અભ્રકના મિશ્રણવાળી રેતી.

આ બાવીશ પ્રકારમાં ચૌદ પ્રકારનાં રત્નો મેળવતાં કુલ છત્રીશ પ્રકાર થાય છે. ચૌદ રત્નોનાં નામ આ પ્રમાણે જાણવાં :

(૨૩) ગોમેદક.
(૨૪) રુચક.
(૨૫) અંકરત્ન.
(૨૬) સ્ફટિક અને લોહિતાક્ષ.
(૨૭) મરકત અને મસારગલ્લ.
(૨૮) ભુજમોચક.
(૨૯) ઈન્દ્રનીલ.
(૩૦) ચંદન–ગૈરિક અને હંસગર્ભ.
(૩૧) પુલક.

(૩૨) સૌગન્ધિક.
(૩૩) ચન્દ્રપ્રભ.
(૩૪) વૈડૂર્ય.
(૩૫) જલકાન્ત.
(૩૬) સૂર્યકાન્ત.

રત્નપરીક્ષા આદિ ગ્રંથોમાં આ રત્નોનું વિશેષ વર્ણન આપેલું છે. આ બધાં રત્નો જમીનમાં હોય છે, ત્યારે જીવનશક્તિથી યુક્ત હોવાનાં કારણે પૃથ્વીકાય જીવમાં ગણાય છે. બહાર નીકળ્યા પછી તેમાં જીવનશક્તિ હોતી નથી, એટલે તે અજીવ ગણાય છે.

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणदेसओ वा वि, विहाणाइं सहस्ससो ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૮૩]

આ જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી હજારો ભેદ થાય છે.

दुविहा आउ जीवा उ, सुहुमा बायरा तहा ।
पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ ११ ॥
बायरा जे उ पज्जत्ता, पंचहा ते पकित्तिआ ।
सुद्धोदए . अ जस्से, हरतणू महिआहिमे ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૮૪-૮૫]

અપ્કાયિક જીવના બે પ્રકારો છે: સૂક્ષ્મ અને બાદર. તેના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદો છે.

જે બાદર પર્યાપ્ત અપ્કાય જીવો છે, તે પાંચ પ્રકારના કહેલા છેઃ (૧) શુદ્ધોદક–મેઘનું જળ, (૨) ઓસ–ઝાકળ, (૩) તૃણ ઉપરના જલબિંદુ, (૪) ધુમ્મસ અને (૫) બરફ.

વિ૦ અપ્કાયિક સૂક્ષ્મ જીવો પૃથ્વીકાયિક સૂક્ષ્મ જીવો જેટલા જ સૂક્ષ્મ છે અને તે સકલ લોકમાં વ્યાપેલા છે.

दुविहा वणस्सई जीवा, सुहुमा बायरा तहा ।
पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ १३ ॥
बायरा जे उ पज्जत्ता, दुविहा ते विआहिआ ।
साहारणसरीरा य, पत्तेगा य तहेव य ॥ १४ ॥
पत्तेअसरीरा उ, णेगहा ते पकित्तिया ।
रुक्खा गुच्छा य गुम्मा य, लया वल्ली तणा तहा ॥ १५ ॥
वलय [लया] पव्वया कुहणा, जलरुहा ओसही तहा ।
हरियकाया य बोधव्वा, पत्तेया इति आहिया । १६ ॥
साहारणसरीरा उ, णेगहा ते पकित्तिया ।
आलूए मूलए चेव सिंगवेरे तहेव य ॥ १७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬ ગા૦ ૯૨ થી ૯૬]

વનસ્પતિકાયિક જીવ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે અને તે દરેકના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદો છે.

જે બાદર પર્યાપ્ત છે, તે બે પ્રકારના કહેલા છે: સાધારણ–શરીરી અને પ્રત્યેક–શરીરી.

પ્રત્યેક–શરીરી અનેક પ્રકારના કહેલા છે. જેમ કે–

વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી, તૃણ, વલય, પર્વજ, કૂહણ, જલરુહ, ઔષધિ, હરિતકાય, આદિ.

સાધારણ-શરીરી અનેક પ્રકારના કહેલા છે. જેમ કે આલૂ, મૂળા, શ્રંગબેર આદિ.

વિ૦ વનસ્પતિકાયિક સૂક્ષ્મ જીવો પણ પૃથ્વીકાયિક સૂક્ષ્મ જીવો જેટલા જ સૂક્ષ્મ છે અને તે સમસ્ત લોકમાં વ્યાપેલા છે.

અનેક જીવો વચ્ચે એક સાધારણ-સમાન શરીર હોય, તે સાધારણ-શરીરી કહેવાય અને એક જીવને એક શરીર હોય, તે પ્રત્યેક-શરીરી કહેવાય. અહીં એટલું યાદ રાખવું કે ફલ, ફૂલ, છાલ, લાકડું, મૂળ, પાંદડાં અને બીજ એ દરેકનું સ્વતંત્ર શરીર ગણાય છે.

સાધારણ-શરીરીને સાધારણ વનસ્પતિ અને પ્રત્યેક-શરીરીને પ્રત્યેક વનસ્પતિ કહેવામાં આવે છે. આ બંને વનસ્પતિઓને શી રીતે પારખવી ? તેનો ઉત્તર જીવવિચાર-પ્રકરણની નિમ્ન ગાથામાં આ પ્રકારે અપાયેલો છે :

ગુઢસિરસંધિપવ્વં, સમભંગ મહીરુગં ચ છિન્નરુહં ।
સાહારણં સરીરં, તવ્વિવરિઅં ચ પત્તેયં ॥ ૧૨ ॥

'જેનાં કણુસલાં, નસો અને ગાંઠા વગેરે ગુપ્ત હોય, જેનાં ભાંગવાથી સરખા ભાગ થાય તથા તાંતણા હોય નહિ, તેમ જ જેને છેદીને વાવીએ તો ફરી ઉગે તેને સાધારણ વનસ્પતિ જાણવી; અને તેથી વિપરીત લક્ષણવાળી હોય તેને પ્રત્યેક વનસ્પતિ જાણવી.

પ્રત્યેક વનસ્પતિના અનેક પ્રકારો છે. જેવા કે—

(૧) વૃક્ષ—આંબો, લીમડો આદિ.
(૨) ગુચ્છ—વૈંતાકડી આદિ.
(૩) ગુલ્મ—નવમાલિકા આદિ.
(૪) લતા—ચંપકલતા આદિ.
(૫) વલ્લી—વેલા. કહોળા, તુરિયા આદિ.
(૬) તૃણ—ઘાસ.
(૭) વલય—વલયાકૃતિવાળી વિશિષ્ટ વનસ્પતિ.
(૮) પર્વજ—શેરડી આદિપર્વવાળી વનસ્પતિ.
(૯) કુહણ–ભૂમિફોડા.
(૧૦) જલરુહ—જલમાં ઉગનારા, કમલ આદિ.
(૧૧) ઔષધિ—ધાન્ય વર્ગ, ડાંગર, ઘઉં આદિ.
(૧૨) હરિત—ભાજીપાલો.

સાધારણ વનસ્પતિ પણ અનેક પ્રકારની છે. અહીં આલૂ, મૂળા અને શૃંગબેરનાં નામ આપ્યાં છે, તે બધાં એક જાતના કંદો છે. આલૂ એટલે આલૂકંદ. મૂળા પ્રસિદ્ધ છે. શૃંગબેર એટલે આદુ. તાત્પર્ય કે તમામ પ્રકારના કંદોની ગણના સાધારણ વનસ્પતિમાં કરવાની છે. આ ઉપરાંત તમામ વનસ્પતિના ફણગા, કુંપળો, ફૂણાં ફળો તથા જેના કણસલાં તથા નસો ગુપ્ત હોય તેની ગણના પણ સાધારણ વનસ્પતિમાં કરવાની છે. સાધારણ વનસ્પતિને અનંતકાય પણ કહેવામાં આવે છે, કારણ કે તેના એક સૂક્ષ્મ ટુકડામાં પણ અનંત જીવો હોય છે.

તેઉ વાઊ અ બોધવ્વા, ઉરાલા ય તસા તહા ।
ઇચ્ચેએ તસા તિવિહા તેસિં ભેએ સુણેહ મે ॥ ૧૮ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૦૭]

ત્રસ જીવો ત્રણ પ્રકારના છે: તેજસ્કાયિક, વાયુકાયિક અને પ્રધાનત્રસકાય. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

વિ૦ તેજસ્કાયિક અને વાયુકાયિક જીવો એકેંદ્રિય છે, પણ તે હલનચલનવાળા હોવાથી તેમની ગણના ત્રસમાં કરવામાં આવી છે.

જે જીવો ભયગ્રસ્ત થઈને હલનચલન કરે છે, તે પ્રધાનત્રસ કહેવાય છે. આ ત્રણેના ભેદ હવે પછી કહેવાશે.

દુવિહા તેઉજીવા ઉ, સુહુમા બાયરા તહા ।
પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો ॥ ૧૯ ॥
બાયરા જે ઉ પજ્જત્તા, ણેગહા તે વિયાહિયા ।
ઇંગાલે મુમ્મુરે અગણી, અચ્ચિ જાલા તહેવ ય ॥ ૨૦ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૦૮-૯]

તેજસ્કાયિક જીવો બે પ્રકારના છે: સૂક્ષ્મ અને બાદર. તેના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદો છે.

જે બાદર પર્યાપ્ત તેજસ્કાયિક જીવો છે, તે અનેક પ્રકારના કહેલા છે. જેમ કે—અંગારા, ચિનગારી, અગ્નિ, શિખા, જવાલા વગેરે.

વિ૦ અહીં વગેરે પદથી ઉલ્કા, વિદ્યુત્ તથા અગ્નિમય બીજા પદાર્થો પણ સમજવા. સૂક્ષ્મ તેજસ્કાયિક જીવો પૃથ્વીકાયિક સૂક્ષ્મ જેવા જ સૂક્ષ્મ છે અને તે સકલ લોકમાં

વ્યાપેલા છે.

દુવિહા વાઉજીવા ઉ, સુહુમા બાયરા તહા ।
પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો ॥ ૨૧ ॥
બાયરા જે ઉ પજ્જત્તા, પંચહા તે પકિત્તિયા ।
ઉક્કલિયા-મંડલિયા ઘણ-ગુંજા-સુદ્ધવાયા ય ॥ ૨૨ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૧૭-૮]

વાયુકાયિક જીવો બે પ્રકારના છે : સૂક્ષ્મ અને બાદર. તેના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદો છે.

જે બાદર-પર્યાપ્ત-વાયુકાયિક જીવો છે, તે પાંચ પ્રકારના કહેલા છે. જેમ કે-(૧) ઉત્કલિક વાયુ, (૨) મંડલિક વાયુ, (૩) ઘન વાયુ, (૪) ગુંજા વાયુ અને (૫) શુદ્ધ વાયુ.

વિ૦ સૂક્ષ્મ વાયુકાયિક જીવો પૃથ્વીકાયિક સૂક્ષ્મ જીવો જેવા જ સૂક્ષ્મ છે અને તે સકલ લોકમાં વ્યાપેલા છે.

જે થોભી થોભીને ફરી વાય તે ઉત્કલિક વાયુ. જે ચક્કર ચક્કર ફરતો આવે અર્થાત્ વાવાઝોડારૂપ હોય તે મંડલિક વાયુ. જે વાયુ ઘટ્ટ હોય તે ઘનવાયુ. આ વાયુ લોકને ટકાવનાર ઘનોદધિને આધાર રૂપ હોય છે. જે વાયુ ગુંજારવ કરતો વહે તે ગુંજા વાયુ અને જે વાયુની મંદ મંદ લહરિઓ આવે તે શુદ્ધ વાયુ.

ઓરાલા તસા જે ઉ, ચઉહા, તે પકિત્તિઆ ।
બેઇંદિયા તેઇંદિયા, ચઉરો પંચિંદિયા ચેવ ॥ ૨૩ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૨૬]

પ્રધાનત્રસજીવ ચાર પ્રકારના કહેલા છે: (૧)

બેઇંદિય, (૨) તેઇંદિય, (૩) ચઉરિંદિય અને (૫) પંચિંદિય.

બેઇંદિઆ ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિઆ ।
પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે ॥ ૨૪ ॥
કિમિણો સુમંગલા ચેવ, અલસા માઇવાહયા ।
વાસીમુહા ય સિપ્પીઆ, સંખા સંખણગા તહા ॥ ૨૫ ॥
પલ્લોયાણુલ્લયા ચેવ, તહેવ ય વરાડગા ।
જલૂગા જાલગા ચેવ, ચંદણા ય તહેવ ય ॥ ૨૬ ॥
ઇહ બેઇંદિયા એએ, ણેગહા એવમાયઓ ।
લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા ॥ ૨૭ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૨૭ થી ૧૩૦]

બેઇંદિય જીવો બે પ્રકારના કહેલા છે : પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

કૃમિ (અશુચિમય પદાર્થોમાં ઉત્પન્ન થતા), સુમંગલ, અળસિયા, માતૃવાહક (ચૂડેલ), વાસીમુખ, છીપ, શંખ, શંખલા, પલ્લક, અનુપલ્લક, કોડી, જલો, જાલક, ચંદનક (સ્થાપનાચાર્યમાં મૂકાય છે તે) આદિ.

આ બેઇંદિય જીવો અનેક પ્રકારના છે. તે સર્વેને લોકના એક ભાગમાં કહેલા છે, નહિ કે સર્વત્ર.

વિ૦ જેમને સામાન્ય રીતે જંતુઓ અને કીડા (worms and inseets) કહેવામાં આવે છે, તેનો સમાવેશ બેઇંદિય, તેઇંદિય અને ચઉરિંદિય જીવોમાં થાય છે.

તેઇંદિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા ।
પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે ॥ ૨૮ ॥

कुंथु–पिवीलिया दंसा, उक्कलुद्देहिया तहा ।
तणहार–कट्ठहारा य, मालूगा पत्तहारका ॥ २९ ॥
कपासट्ठिमिंजा य, तिंदुगा तउसमिंजगा ।
सदावरी य गुम्मी य, बोधव्वा इंदगाइया ॥ ३० ॥
इंदगोवमाइया, णेगहा एवमायओ ।
लोएगदेसे ते सव्वे, न सव्वत्थ वियाहिया ॥ ३१ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૩૬ થી ૧૩૯]

તેઇંદ્રિય જીવો બે પ્રકારના કહેલા છે : પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

કંથવા, કીડી, ડાંસ, ઉત્કલ, ઉધેઈ, તૃણાહારક, (ઘાસમાં થનારા), કાષ્ઠાહારક (લાકડામાં થનારા), માલુકા, પત્રાહારક (પાંદડામાં થનારા), કાપાસિક (કપાસ વગેરેમાં થનારા), અસ્થિજાત (ગોટલી–ગોટલા વગેરેમાં થનારા), તિંદુક, ત્રપુષ, ભિંજગ, શતાવરી, ગુલ્મી, ઈન્દ્રકાયિક આદિ.

ઇંદ્રિગોપ (ગોકળગાય) વગેરે તેઇંદ્રિય જીવો અનેક પ્રકારના છે, તે લોકના એક ભાગમાં કહેલા છે, નહિ કે સર્વત્ર.

चउरिंदिया उ जे जीवा, दुविहा ते पकित्तिया ।
पज्जत्तमपज्जत्ता, तेसिं भेए सुणेह मे ॥ ३२ ॥
अंधिया पुत्तिया चेव, मच्छिया मसगा तहा ।
भमरे कीड–पयंगे य, ढिंकुणे कुंकणे तहा ॥ ३३ ॥
कुकुडे सिंगिरीडी य, नंदावत्ते य विंछिए ।
डोले य भिंगिरीडी य, विरिली अच्छिवेहए ॥ ३४ ॥
अच्छिले माहए अच्छि–रोडए विचित्तचित्तए ।

उहिंजलिया जलकारी य, तंनीया तंबगाइया ।। ३५ ।।
इइ चउरिंदिया एए, णेगहा एवमायओ ।
लोगस्स एगदेसंमि, ते सव्वे परिकित्तिया ।। ३६ ।।
[उत्त० अ० ३६, गा० १४५ थी १४६]

ચઉરિંદિય જીવો બે પ્રકારના કહેલા છે: પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

અંધક, પૌતિક, માખી, મશક, ભ્રમર, કીટ, પતંગ, બગાઈ, કુંકણ, કર્કટ, સિંગરીટી, નન્દ્યાવર્ત્ત, વિંછી, ખડમાકડી, ભૃંગરીટક, અક્ષિવેધક, અક્ષિલ, માગધ, અક્ષિરોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઉદધિજલકા, જલકારી, તન્નિક, તામ્રક, વગેરેને ચઉરિંદિય જીવો કહેલા છે. તે સર્વે લોકના એક ભાગમાં રહેલા છે (નહિ કે સર્વત્ર).

पंचिदिया उ जे जीवा, चउव्विहा ते वियाहिया ।
नेरइया तिरिक्खाय, मणुया देवा य आहिया ।। ३७ ।।
[उत्त० अ० ३६, गा० १५५]

જે જીવો પંચિંદિય છે, તે ચાર પ્રકારના કહેલા છે: નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

नेरइया सत्तविहा, पुढवीसू सत्तसू भवे ।
रयणाभ-सक्कराभा, वालुयाभा य आहिया ।। ३८ ।।
पंकाभा य धूमाभा, तमा तमतमा तहा ।
इइ नेरइया एए, सत्तहा परिकित्तिया ।। ३९ ।।
[उत्त० अ० ३६, गा० १५६-१५७]

નારક જીવો સાત પ્રકારના છે; કારણ કે નરકને

લગતી પૃથ્વીઓ સાત પ્રકારની છે. તે આ પ્રમાણે : (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમપ્રભા અને (૭) તમતમાપ્રભા.

વિ૦ પહેલી કરતાં બીજી નરકમાં અને બીજી કરતાં ત્રીજી નરકમાં એમ ઉત્તરોત્તર વધારે અંધકાર હોય છે. સાતમી નરક તમતમા નામની છે, એટલે તેમાં ઘોર અંધારું હોય છે.

પંચિંદિય તિરિક્ખા ઉ, દુવિહા તે વિયાહિયા ।
સંમુચ્છિમ-તિરિક્ખા ઉ, ગબ્ભવક્કંતિયા તહા ॥ ૪૦ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૭૦]

પંચેંદ્રિય તિર્યંચજીવો બે પ્રકારના કહેલા છે : સંમૂર્ચ્છિમ અને ગર્ભોત્પન્ન-ગર્ભજ.

વિ૦ સંમૂર્ચ્છિમ જીવો મનઃપર્યાપ્તિના અભાવે મૂઢ દશામાં હોય છે. તે અમુક પદાર્થોમાં ઉત્પન્ન થાય છે. ગર્ભોત્પન્ન ગર્ભમાં ઉત્પન્ન થાય છે.

દુવિહા વિ તે ભવે તિવિહા, જલયરા થલયરા તહા ।
નહયરા ય બોધવ્વા, તેસિં ભેએ સુણેહ મે ॥ ૪૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૭૧]

આ બંને પ્રકારના તિર્યંચ જીવોના ત્રણ ભેદો છે : (૧) જલચર, (૨) સ્થલચર અને (૩) નભચર અર્થાત્ ખેચર. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

મચ્છા ય કચ્છભા ય, ગાહા ય મગરા તહા ।
સુંસુમારા ય બોધવ્વા, પંચહા જલયરાહિયા ॥ ૪૨ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૭૨]

જલચર જીવો પાંચ પ્રકારના કહેલા છે : (૧) મચ્છ, (માછલાની જાતિ), કચ્છપ (કાચબાની જાતિ), ગ્રાહ, (ઝુંડ જાતિ), મદર અને સુંસુમાર (બ્હેલ વગેરેની જાતિ).

चउप्पया य परिसप्पा, दुविहा थलयरा भवे ।
चउप्पया चउव्विहा, ते मे कित्तयओ सुण ॥ ४३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૭૯]

સ્થલચર જીવો બે પ્રકારના છે : ચતુષ્પદ અને પરિસર્પ. તેમાં ચતુષ્પદ ચાર પ્રકારના છે, તેના ભેદો મારી પાસેથી સાંભળો.

एगखुरा दुखुरा चेव, गंडीपय सणप्पया ।
हयमाई गोणमाई, गयमाई सीहमाइणो ॥ ४४ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૮૦]

(૧) એક ખરીવાળા, તે અશ્વ વગેરે. (૨) બે ખરીવાળા, તે ગાય વગેરે. (૩) ગંડીપદ, તે હાથી વગેરે અને (૪) સનખપદ, તે સિંહ વગેરે.

भु-उरगपरिसप्पा य, परिसप्पा दुविहा भवे ।
गोहाई अहिमाई, इक्केका णेगविहा भवे ॥ ४५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૮૧]

પરિસર્પ બે પ્રકારના છે : (૧) ભુજપરિસર્પ, તે ઘો, કાચીંડા વગેરે. અને (૨) ઉરપરિસર્પ, તે સાપ, અજગર વગેરે. તે દરેક પણ અનેક પ્રકારના છે.

चम्मे उ लोमपक्खीया, तइया समुग्गपक्खिया ।
वियय पक्खीय बोधव्वा, पक्खिणो य चउव्विहा ॥ ४६ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૮૮]

ખેચર અર્થાત્ પક્ષીઓ ચાર પ્રકારના છે: (૧) ચર્મ–પક્ષી–ચામડાની પાંખવાળા, તે ચામાચીડિયા વગેરે. (૨) રોમપક્ષી–રૂંવાટીવાળી પાંખવાળા, તે રાજહંસ વગેરે. (૩) સમુદ્ગપક્ષી–બીડેલી પાંખવાળા, તે માનુષોત્તર પર્વતની બહાર હોય છે. અને (૪) વિતત પક્ષી–બધો વખત ખુલ્લી પાંખ રાખનારા.

मणुया दुविह भेया उ, ते मे कित्तयओ सुण ।
संमुच्छिमा य मणुया, गब्भवक्कंतिया तहा ॥ ४७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૯૫]

મનુષ્યના બે ભેદ છે: તે મારી પાસેથી સાંભળો: સંમૂર્ચ્છિમ અને ગર્ભોત્પન્ન.

વિ૦ મનુષ્યના દેશ, રંગ, જાતિ અનુસાર અનેક ભેદો પડે છે.

देवा चउव्विहा वुत्ता, ते मे कित्तयओ सुण ।
भोमिज्ज – वाणमंतर – जोइस – वेमाणिया तहा ॥ ४८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૦૪]

દેવો ચાર પ્રકારના કહેલા છે: તેના ભેદો મારી પાસેથી સાંભળો: (૧) ભુવનપતિ, (૨) વાણુવ્યંતર, (૩) જ્યોતિષ અને (૪) વૈમાનિક.

दसहा उ भवणवासी, अट्ठहा वणचारिणो ।
पंचविहा जोइसिया, दुविहा वेमाणिया तहा ॥ ४९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૦૫]

ભવનવાસીના દશ પ્રકાર છે, વાણુવ્યંતર અર્થાત્–

વનચારી દેવોના આઠ પ્રકાર છે, જ્યોતિષી દેવોના પાંચ પ્રકાર છે અને વૈમાનિક દેવોના બે પ્રકાર છે.

અસુરા નાગ-સુવ્વણ્ણા, વિજ્જૂ અગ્ગી ય આહિયા ।
દીવોદ્દહી-દિસા-વાયા, થણિયા ભવણવાસિણો ॥ ૫૦ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૦૬]

ભવનપતિના દશ પ્રકારો આ પ્રમાણે જાણવા : (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુત્કુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિશાકુમાર, (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર.

પિસાય-ભૂયા જક્ખા ય, રક્ખસા કિંનરા ય કિંપુરિસા ।
મહોરગા ય ગંધવ્વા, અટ્ઠવિહા વાણમંતરા ॥ ૫૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૦૭]

વાણવ્યંતર દેવોના આઠ પ્રકારો આ પ્રમાણે જાણવા : (૧) પિશાચ, (૨) ભૂત, (૩) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કિન્નર, (૬) કિંપુરુષ, (૭) મહોરગ અને (૮) ગંધર્વ.

ચંદા સૂરા ય નક્ખત્તા, ગહા તારાગણા તહા ।
દિસવિચારિણો ચેવ, પંચહા જોઇસાલયા ॥ ૫૨ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૦૮]

જ્યોતિષી દેવો પાંચ પ્રકારના છે : (૧) ચંદ્ર, (૨) સૂર્ય, (૩) નક્ષત્ર, (૪) ગ્રહ અને (૫) તારા. આ બધા મનુષ્યલોકમાં ચર છે એટલે ગતિમાન છે અને મનુષ્યલોકની બહાર સ્થિર છે, એટલે કદી ગતિ કરતા નથી.

वेमाणिया उ जे देवा, दुविहा ते वियाहिया ।
कप्पोवगा य बोधव्धा, कप्पाईया तहेव य ॥ ५३ ॥
[उत्त० अ० ३६, गा० २०९]

વૈમાનિક દેવો બે પ્રકારના છે : (૧) કલ્પોત્પન્ન અને (૨) કલ્પાતીત.

कप्पोवगा य बारसहा, सोहम्मीसाणगा तहा ।
सणंकुमार – माहिंदा, बंभलोगा य लंतगा ॥ ५४ ॥
महासुक्का सहस्सारा, आणया पाणया तहा
आरणा अच्चुया चेव, इइ कप्पोवगा सुरा ॥ ५५ ॥
[उत्त० अ० ३६, गा० २१०–१]

કલ્પોત્પન્ન વૈમાનિક દેવો બાર પ્રકારના છે : (૧) સૌધર્મ, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મ, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત.

कप्पाइया उ जे देवा, दुविहा ते वियाहिया ।
गेविज्जाऽणुत्तरा चेव, गेविज्जा विहाहिया ॥ ५६ ॥
[उत्त० अ० ३६, गा० २१२]


કલ્પાતીત દેવ બે પ્રકારના કહેલા છે : (૧) ગ્રૈવેયક અને અનુત્તર.

વિ૦ ગ્રૈવેયક દેવો નવ પ્રકારના છે.

विजया वेजयंता य, जयंता अपराजिया ।
सव्वट्ठसिद्धगा चेव, पंचहाणुत्तरा सुरा ॥ ५७ ॥
[उत्त० अ० ३६, गा० २१५–६]

અનુત્તર વિમાનોના પાંચ પ્રકારો આ પ્રમાણે જાણવા : (૧) વિજય, (૨) વૈજયંત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ.

વિ૦ સંસારી જીવોનું આ સ્વરૂપ જાણવાથી જીવ-સૃષ્ટિ કેટલી વ્યાપક છે અને તેના કેવા વિભાગો છે, તેનો બોધ થાય છે. અહિંસાના પાલન માટે પણ તેનું જ્ઞાન જરૂરી છે.



ધારા ચોથી
કર્મવાદ

નો ઇન્દિયગેજ્ઝ અમુત્તભાવા,
અમુત્તભાવા વિ ય હોઇ નિચ્ચો ।
અજ્ઝત્થહેઉં નિયયસ્સ બંધો,
સંસારહેઉ ચ વયંતિ બંધં ॥ ૧ ॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૧૯]

આત્મા અમૂર્ત છે, તેથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી. અમૂર્ત હોવાનાં કારણે જ આત્મા નિત્ય છે. મિથ્યાત્વ આદિ કારણોથી આત્માને કર્મબંધન છે અને કર્મબંધન જ સંસારનું કારણ કહેવાય છે.

વિ૦ જેમાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ હોય તે જ વસ્તુ મૂર્ત હોઈ શકે છે; પરંતુ આત્મામાં વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ નથી, એટલે તે અમૂર્ત છે અને તેથી તે ઇન્દ્રિયો વડે ગ્રાહ્ય નથી. વળી અમૂર્ત વસ્તુ નિત્ય હોય છે, જેમકે આકાશ; આ રીતે આત્મા નિત્ય છે. આવા અમૂર્ત અને નિત્ય આત્માને કર્મબંધન થવાનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિ દોષો છે. બાંધેલાં કર્મોનું ફળ ભોગવવા માટે આત્માને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે, એટલે કર્મબંધન એ જ સંસારવૃદ્ધિનું કારણ છે.

આત્મા પ્રથમ કર્મરહિત હતો અને પછી તેને કર્મનું બંધન થયું, એમ નથી. જો શુદ્ધ આત્માને કર્મનો બંધ

માનીએ તો સિદ્ધના જીવોને પણ કર્મબંધનનો પ્રસંગ આવે, જે ઉચિત નથી. એટલે આત્મા પ્રથમથી જ કર્મયુક્ત હતો અને કર્મબંધનનાં કારણો વિદ્યમાન હોવાથી તે કર્મ બાંધતો રહ્યો અને તેનું ફળ ભોગવતો રહ્યો, એમ માનવું ઉચિત છે. સોનું જ્યારે ખાણમાં હોય છે, ત્યારે માટીથી મળેલું હોય છે. તાત્પર્ય કે તેમાં સોનું અને માટી એમ બંનેનું મિશ્રણ હોય છે. પછી તેના પર રાસાયણિક પ્રક્રિયા થતાં માટી છૂટી પડે છે અને શુદ્ધ સોનું જુદું તરી આવે છે, તેમ આત્માનું પણ સમજવું. સંયમ, તપ, વગેરે ક્રિયાથી આત્માને લાગેલાં કર્મો ખરી પડે છે અને તેનું શુદ્ધ સ્વરૂપ પ્રકટ થાય છે.

सव्वजीवा ण कम्मं तु, संगहे छद्दिसागयं ।
सव्वेसु वि पएसेसु, सव्वं सव्वेण बज्झगं ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૧૮]

સર્વ જીવો પોતાની આસપાસ છયે દિશાઓમાં રહેલા કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે અને આત્માના સર્વ પ્રદેશોની સાથે સર્વ કર્મોનો સર્વ પ્રકારથી બંધ પડે છે.

વિ૦ કર્મરૂપે પરિણમવા યોગ્ય પુદ્ગલની એક પ્રકારની વર્ગણાને કાર્મણવર્ગણા કે કર્મપુદ્ગલ કહેવામાં આવે છે. પુદ્ગલની વર્ગણાઓ અનેક પ્રકારની હોય છે. તેમાં ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ એ નામોવાળી સોળ વર્ગણાઓ વિશેષ પ્રકારે સમજવા યોગ્ય છે. તે આ પ્રમાણે :—

(૧) ઔદારિક શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૨) ઔદારિક શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૩) ઔદારિક–વૈક્રિય શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૪) વૈક્રિય શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૫) વૈક્રિય–આહારક શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૬) આહારક શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૭) આહારક–તૈજસ શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૮) તૈજસ શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૯) તૈજસ શરીર અને ભાષા માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૦) ભાષા માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૧) ભાષા અને શ્વાસોચ્છ્વાસ માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૨) શ્વાસોચ્છ્વાસ માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૩) શ્વાસોચ્છ્વાસ અને મન માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૪) મન માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૫) મન અને કર્મ માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

(૧૬) કર્મ માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા.

આ સોળમી મહાવર્ગણાને જ કાર્મણ વર્ગણા કહેવામાં આવે છે.

આ કાર્મણ વર્ગણાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ અને અધો એ છયે દિશામાં સર્વત્ર ભરેલી હોય છે. તેમાંથી જ આત્મા એ વર્ગણાઓને ગ્રહણ કરી લે છે અને તેનો આત્માના સર્વ પ્રદેશો સાથે સર્વ પ્રકારે એટલે પ્રકૃતિથી, સ્થિતિથી, રસથી અને પ્રદેશથી એમ ચાર પ્રકારે બંધ પડે છે. અહીં એટલું યાદ રાખવું કે આત્મપ્રદેશોના કેન્દ્રમાં જે આઠ રુચકપ્રદેશો હોય છે, તે સદા ખુલ્લા હોય છે. તેને કર્મનો બંધ થતો નથી.

जमिणं जगई पुढो जगा,
कम्मेहिं लुप्पन्ति पाणिणो ।
सयमेव कडेहिं गाहई,
णो तस्स मुच्चेज्जऽपुट्ठयं ॥ ३ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૨, ઉ. ૧, ગા૦ ૪]

આ જગતમાં જેટલા પણ પ્રાણીઓ છે, તે પોત પોતાનાં સંચિત કર્મોથી જ સંસાર-પરિભ્રમણ કરે છે અને સ્વકૃત કર્મઅનુસાર જ જુદી જુદી યોનિઓ પામે છે. ફલ ભોગવ્યા વિના ઉપાર્જિત કર્મોથી પ્રાણીઓનો છૂટકારો થતો નથી.

વિ૦ જીવને ઉત્પન્ન થવાનાં સ્થાનને યોનિ કહે છે. તેની સંખ્યા ૮૪ લાખની માનવામાં આવી છે, તે આ પ્રમાણે :—

પૃથ્વીકાયની યોનિ		૭ લાખ
અપ્કાયની	,,	૭ લાખ

તેજસ્કાયની	યોનિ	૭ લાખ
વાયુકાયની	,,	૭ લાખ
પ્રત્યેક વનસ્પતિકાયની	,,	૧૦ લાખ
સાધારણ	,, ,,	૧૪ લાખ
બેઇંદ્રિય જીવોની	,,	૨ લાખ
તેઇંદ્રિય જીવોની	,,	૨ લાખ
ચઉરિંદ્રિય જીવોની	,,	૨ લાખ
દેવતાની	,,	૪ લાખ
નારકીની	,,	૪ લાખ
તિર્યંચ પંચિંદ્રિયની	,,	૪ લાખ
મનુષ્યની	,,	૧૪ લાખ
		૮૪ લાખ

આ યોનિઓ મુખ્યત્વે નવ પ્રકારની છે : (૧) સચિત્ત, (૨) અચિત્ત, (૩) સચિત્તાચિત્ત, (૪) શીત, (૫) ઉષ્ણ, (૬) શીતોષ્ણ, (૭) સંવૃત, (૮) વિવૃત અને (૯) સંવૃત-વિવૃત. તેમાં જીવ પ્રદેશવાળી યોનિ તે સચિત્ત, જીવ પ્રદેશોથી રહિત યોનિ તે અચિત્ત અને તે બંનેના મિશ્રણવાળી તે સચિત્તાચિત્ત. જેનો સ્પર્શ ઠંડો હોય તે શીત, જેનો સ્પર્શ ગરમ હોય તે ઉષ્ણ અને જેનો સ્પર્શ કેટલાક ભાગમાં ઠંડો અને કેટલાક ભાગમાં ગરમ હોય તે શીતોષ્ણ. જે ઢંકાયેલી હોય તે સંવૃત, ઉઘાડી હોય તે વિવૃત અને જે કેટલાક અંશે ઢંકાયેલી અને કેટલાક અંશે ખુલ્લી હોય તે સંવૃત-વિવૃત.

અન્ય સંપ્રદાયો પણ ૮૪ લાખ યોનિની માન્યતા ધરાવે છે, પણ તેની ગણના જુદી રીતે કરે છે.

अस्सिं च लोए अदु वा परत्था,
सयग्गसो वा तह अन्नहा वा ।
संसारमावन्न परं परं ते,
बंधंति वेदंति य दुन्नियाणि ॥ ४ ॥
[सू. श्रु. १, अ० ७, गा० ४]

કરેલાં કર્મો આ જન્મમાં અથવા પછીના જન્મમાં, જે પ્રકારે એ કર્મો કરવામાં આવ્યાં હોય તે પ્રકારે કે બીજા પ્રકારે પણ પોતાનું ફલ આપે છે. સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ માનસિક, વાચિક અને કાયિક દુષ્કૃતોનાં કારણે નવાં નવાં કર્મોને બાંધે છે તથા તેનાં ફળો ભોગવે છે.

सव्वे सयकम्मकप्पिया,
अवियत्तेण दुहेण पाणिणो ।
हिण्डन्ति भयाउला सढा,
जाइजरामरणेहिऽभिहुया ॥ ५ ॥
[सू. श्रु. १, अ० २, उ. ३, गा० १८]

સર્વ પ્રાણીઓ પોતપોતાના કર્માનુસાર જુદી જુદી યોનિઓમાં વ્યવસ્થિત છે. કર્મોની અધીનતાને લીધે એકેન્દ્રિયાદિની અવસ્થામાં તે અવ્યક્ત દુઃખથી દુઃખિત હોય છે અને અશુભ કર્મોને કારણે જન્મ, જરા અને મરણથી સદા પીડા પામતા તથા ભયાકુલ રહેતા ચાર ગતિ રૂપ સંસારમાં ભટકે છે.

कामेहि य संथवेहि गिद्धा,
कम्मसहा कालेण जन्तवो ।
ताले जह बन्धणच्चुए,
एवं आयुक्खयम्मि तुट्टती ॥ ६ ॥
[सू. श्रु १. अ० २, उ० १ गा० ६]

કર્મોનું ફલ ભોગવી રહેલા પ્રાણીઓ અનેક પ્રકારની ભોગેચ્છામાં ગૃદ્ધ બની જાય છે (અને મૃત્યુનો વિચાર કરતા નથી), પણ આયુષ્યનો ક્ષય થતાં બંધનથી મુક્ત થયેલા તાડફળની જેમ તેઓ તૂટી પડે છે, અર્થાત્ મરણને શરણ થાય છે.

तेणे जहा सन्धिमुहे गहीए,
सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए,
कडाण कम्माण न मोक्खु अत्थि ॥ ७ ॥
[उत्त० अ० ४, गा० ३]

જેમ ચોર ખાતરની સન્મુખ પકડાઈ ગયો અને તેણે પોતાનાં કર્મનું ફળ ભોગવ્યું, તેમ પાપ કરનાર આત્મા આ લોકમાં કે પરલોકમાં તેનું ફળ ભોગવે છે. કરેલાં કર્મોમાંથી છૂટાતું નથી.

વિ૦ એક મોટો મહેલ હતો. તેના પર ચડવાનું ઘણું મુશ્કેલ હતું, છતાં એક ચોર તેના પર ચડી ગયો, ત્યાં ખાતર પાડયું અને તેમાંથી ધન લઈને બહાર આવ્યો. બીજા દિવસે સવારે લોકો ત્યાં એકત્ર થયા અને કહેવા લાગ્યા કે 'અહો! આ કોઈ અજબ ચોર લાગે છે. તે આ મહેલ પર શી રીતે ચડયો હશે? અને આવડાં નાનાં

ખાતરમાંથી શી રીતે ગયો–આવ્યો હશે ?' આ રીતે લોકોને પોતાની પ્રશંસા કરતાં સાંભળી તે ચોર ખુશ થઈ ગયો અને ત્યાં ઊભો રહીને એ ખાતરને વારંવાર પ્રમુદિત નયને જોવા લાગ્યો તથા તેની પ્રશંસા કરવા લાગ્યો. આથી રક્ષકોએ જાણ્યું કે આ જ ચોર છે, એટલે તેને પકડી લીધો અને રાજાની આગળ રજૂ કરતાં તેને શૂલીની શિક્ષા થઈ. આ રીતે ચોરને પોતાનાં કરેલાં કર્મનું ફળ મળ્યું, તેમ પ્રાણીઓને પોતાનાં કરેલાં કર્મોનું જ ફળ મળે છે. કરેલાં કર્મોમાંથી એમને એમ છૂટાતું નથી. તાત્પર્ય કે તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે અને ત્યારે જ તેમાંથી છૂટકારો થાય છે.

तम्हा एएसिं कम्माणं, अणुभागा वियाणिया ।
एएसिं संवरे चेव, खवणे य जए बुहो ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૨૫]

તેથી આ કર્મોની ફલ દેવાની શક્તિનો વિચાર કરી બુદ્ધિમાન પુરુષ નવાં કર્મોના સંચયને રોકવામાં તથા પુરાણાં કર્મોનો ક્ષય કરવામાં સદા યત્નવાન રહે.

जहा महातलागस्स, सन्निरुद्धे जलागमे ।
उस्सिंचणाए तवणाए, कमेणं सोसणा भवे ॥ ९ ॥
एवं तु संजयस्सवि, पावकम्मनिरासवे ।
भवकोडिसंचियं कम्मं, तवसा निज्जरिज्जइ ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૫–૬]

જેમ કોઈ વિશાળ તળાવમાં પાણી આવવાના માર્ગને બંધ કરવામાં આવે, અને તેમાં રહેલા પાણીને ઉલેચી

નાખવામાં આવે કે સૂર્યના તાપથી ક્રમે ક્રમે સૂકવી નાખવામાં આવે, તેમ સંયમી પુરુષ સંવરદ્વારા નવીન પાપકર્મોને રોકે છે અને નિર્જરા–તપશ્ચર્યા દ્વારા ક્રોડો ભવમાં સંચિત કરેલાં કર્મોનો નાશ કરે છે.

વિ૦ કહેવાનું તાત્પર્ય એ છે કે કર્મોનો નાશ કરવા માટે સંવર એટલે સંયમસાધના કે યોગસાધના અને નિર્જરા એટલે અંતર્બાહ્ય વિવિધ પ્રકારની તપશ્ચર્યા એ બે મુખ્ય સાધનો છે.

રાગો ય દોસો વિ ય કમ્મબીયં,
કમ્મં ચ મોહપ્પભવં વયંતિ ।
કમ્મં ચ જાઈમરણસ્સ મૂલં,
દુક્ખં ચ જાઈમરણં વયંતિ ॥ ૧૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૭]

રાગ અને દ્વેષ એ બંને કર્મોના બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે, એમ જ્ઞાનીઓનું કહેવું છે. કર્મ જન્મ–મરણનું મૂળ છે અને એ જન્મ–મરણને જ દુઃખ કહેવામાં આવે છે.

સુક્કમૂલે જહા રુક્ખે, સિંચમાણે ણ રોહતિ ।
એવં કમ્મા ણ રોહંતિ, મોહણિજ્જે ખયં ગએ ॥ ૧૨ ॥
[દશાશ્રુત૦ અ૦ ૫, ગા૦ ૧૪]

જેમ મૂળ સૂકાઈ ગયા પછી તેના પર ગમે તેટલું પાણી સીંચવામાં આવે તો પણ તે લીલુંછમ થતું નથી, તેમ મોહનીય કર્મનો ક્ષય થઈ જતાં ફરી કર્મો ઉત્પન્ન થતાં નથી.

जहा दड्ढाणं बीयाणं, ण जायंति पुण अंकुरा ।
कम्मबीएसु दड्ढेसु, न जायंति भवंकुरा ॥ १३ ॥
[दशाश्रुत० अ० ५, गा० १५]

જેમ દગ્ધ (શેકાઈ ગયેલાં) બીજમાંથી પુનઃ અંકુર પ્રકટ થતા નથી, તેમ કર્મરૂપી બીજો દગ્ધ થયા પછી-બળી ગયા પછી ભવરૂપી અંકુરો પ્રકટ થતા નથી.

जह जीवा बज्झंति मुच्चंति जह य परिकिलिस्संति जह दुक्खाण अंतं करेंति केई अपडिबद्धा ॥ १४ ॥
[औप० सू. ३४]

જેમ જીવો કર્મથી બંધાય છે, તેમ કર્મથી મુક્ત પણ થાય છે અને જેમ કર્મના સંચયથી મહાન કષ્ટ પામે છે, તેમ કેટલાક કર્મથી રહિત થતાં સર્વ દુઃખોનો અંત કરે છે.

अदुदुहट्टियचित्ता जह जीवा दुक्खसागरमुवेंति जह वेरग्गमुवगया कम्मसमुग्गं विहाडेंति ॥ १५ ॥
[औप० सू. ३४]

જેમ આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી વિકલ્પ ચિત્તવાળા જીવો દુઃખસાગરને પ્રાપ્ત થાય છે, તેમ વૈરાગ્ય પામેલા જીવો કર્મ સમૂહને નષ્ટ કરી નાખે છે.


जह रागेण कडाण कम्माणं पावगो फलविवागो
जह य परिहीणकम्मा सिद्धा सिद्धालयमुवेंति ॥ १६ ॥
[औप० सू. ३४]

જેમ રાગ (દ્વેષ) દ્વારા ઉપાર્જિત કર્મોનું ફળ બૂરું હોય છે, તેમ સર્વ કર્મોના ક્ષયથી જીવ સિદ્ધ થઈને સિદ્ધ-

લોકમાં પહોંચે છે.

जह मिउलेवालित्तं गरुयं तुबं अहो वयइ एवं ।
आसवकयकम्मगुरू, जीवा वच्चंति अहरगइं ॥ १७ ॥
तं चेव तविमुक्कं, जलोवरिं ठाइ जायलहुभावं ।
जह तह कम्मविमुक्का, लोयग्गपइट्ठिया होंति ॥ १८ ॥
[જ્ઞાતાસૂત્ર, અ૦ ૬]

જેવી રીતે તુંબડાને માટી ચોપડવાથી તે ભારે થઈ જાય છે, અને ડૂબવા લાગે છે, તેમ હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, તથા મૂર્છા-મોહ ઇત્યાદિ આશ્રવ રૂપ કર્મો કરવાથી આ આત્મા ઉપર કર્મનો લેપ લાગી જાય છે અને તે ભારે થઈ અધોગતિ પામતો જાય છે. જો તુંબડા ઉપરના માટીના લેપને કાઢી નાખવામાં આવે તો તે હળવું થઈને પુનઃ પાણી ઉપર આવે છે અને ત્યાં રહી શકે છે, તેમ આ આત્મા જ્યારે કર્મબંધનોથી સંપૂર્ણ રીતે મુક્ત થાય છે, ત્યારે ઉર્ધ્વગતિ પામીને લોકના અગ્ર ભાગે પહોંચે છે અને ત્યાં સ્થિર થાય છે.



ધારા પાંચમી
કર્મના પ્રકારો

अट्ठ कम्माइं वोच्छामि, आणुपुव्वि जहक्कमं ।
जेहिं बद्धो अयं जीवो, संसारे परियत्तए ॥ १ ॥

नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥ २ ॥

नामकम्मं च गोयं च, अंतरायं तहेव य ।
एवमेयाइं कम्माइं, अट्ठे व उ समासओ ॥ ३ ॥

હું આઠ કર્મોનું સ્વરૂપ યથાક્રમ કહું છું કે જેનાથી બદ્ધ થયેલો આ જીવ સંસારમાં વિવિધ પર્યાયોનો અનુભવ કરતો પરિભ્રમણ કરે છે.

(૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય, એ પ્રમાણે સંક્ષેપમાં આઠ કર્મો કહેલાં છે.

વિ. આત્મા મિથ્યાત્વ, અવિરતિ આદિ દોષોને કારણે કાર્મણ વર્ગણાઓને પોતાના તરફ ખેંચે છે અને કર્મણવર્ગણાઓ આત્મપ્રદેશ સાથે મળી જાય છે, ત્યારથી તેને 'કર્મ' સંજ્ઞા પ્રાપ્ત થાય છે. કર્મનું મુખ્ય કાર્ય આત્માની શક્તિઓ પર આવરણ લાવવાનું છે, એટલે તેને આત્માનું વિરોધી તત્ત્વ માનવામાં આવે છે.

કર્મ કુલ આઠ પ્રકારના છે, જ્ઞાનાવરણીય આદિ.

તેમાં જે કર્મ વડે આત્માના જ્ઞાનગુણ પર આવરણ આવે તેને જ્ઞાનવરણીય કર્મ કહેવાય છે. આ કર્મ આંખના પાટા જેવું છે. આંખમાં જોવાની શક્તિ હોવા છતાં પાટાને લીધે તે બરાબર જોઈ શકતી નથી, તેમ આત્મા અનંત જ્ઞાનવાળો હોવા છતાં જ્ઞાનવરણીય કર્મને લીધે બરાબર જાણી શકતો નથી.

જે કર્મવડે આત્માની દર્શનશક્તિનું આવરણ થાય તેને દર્શનાવરણીય કર્મ કહેવાય આ કાર્ય રાજાના પ્રતિહારી જેવું છે. પ્રતિહારી જેમ રાજાનું દર્શન કરવામાં અટકાયત કરે છે, તેમ દર્શનાવરણીય કર્મ આત્માને વસ્તુસ્વરૂપનું દર્શન કરતાં અટકાવે છે.

જે કર્મને લીધે આત્માને સાતા અને અસાતાનો અનુભવ થાય તેને વેદનીયકર્મ કહેવાય. આ કર્મ મધથી ખરડાયેલી તરવારની ધાર જેવું છે. મધથી ખરડાયેલી તરવારની ધાર ચાટતાં જેમ સાતા ઉપજે છે અને જીભ કપાઈ જતાં જેમ અસાતા ઉપજે છે, તેમ આત્મા મૂળ સ્વરૂપે આનંદઘન હોવા છતાં વેદનીય કર્મને લીધે તે કૃત્રિમ સુખ-દુઃખનો અનુભવ કરે છે.

જે કર્મને લીધે આત્માના સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યક્ ચારિત્રરૂપ ગુણોનો રોધ થાય, તેને મોહનીય કર્મ કહેવાય છે. આ કર્મ મદિરાપાન જેવું છે. મદિરાપાન કરવાથી જેમ મનુષ્યમાં માનસિક વિકાર પેદા થાય છે, તેમ મોહનીય કર્મને લીધે આત્માની નિર્મળ શ્રદ્ધાનો વિપર્યાસ થાય છે અને શુદ્ધ ચારિત્રમાં વિકૃતિ પેદા થાય છે.

જે કર્મને લીધે આત્માને એક શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે તેને આયુકર્મ કહેવાય છે. આ કર્મ બેડ જેવું છે. બેડમાં પૂરાયેલો મનુષ્ય જેમ તેની મુદત પૂરી થયા વિના તેમાંથી છૂટી શકાતો નથી, તેમ આયુ કર્મને લીધે આત્મા અમુક સમય પૂરો કર્યા વિના ધારણ કરેલા દેહમાંથી છૂટી શકતો નથી.

જે કર્મને લીધે આત્મા મૂર્તપણાને પામે અને શુભ-અશુભ શરીરને ધારણ કરે તેને નામકર્મ કહેવાય. આ કર્મ ચિતારા જેવું છે. ચિતારો જેમ જુદી જુદી જાતનાં ચિત્રોનું નિર્માણ કરે છે, તેમ નામકર્મ આત્માને ધારણ કરવાનાં સારાં નરસાં જુદાં જુદાં રૂપ, રંગ, અવયવો, યશ, અપયશ, સૌભાગ્ય, દુર્ભાગ્ય વગેરેનું નિર્માણ કરે છે.

જે કર્મને લીધે આત્માને ઊંચા-નીચાપણું પ્રાપ્ત થાય, તેને ગોત્ર કર્મ કહેવાય. આ કર્મ કુંભાર જેવું છે. કુંભાર જેમ માટીના પીંડામાંથી નાનાં અને મોટાં વાસણો ઉતારે છે, તેમ આ કર્મને લીધે જીવને ઊંચા કુલમાં કે નીચા કુલમાં જન્મ ધારણ કરવો પડે છે.

જે કર્મને લીધે આત્માની લબ્ધિ-(શક્તિ)માં અંતરાય થાય, તેને અંતરાય કર્મ કહેવાય. આ કર્મ રાજાના ભંડારી જેવું છે. રાજાની આજ્ઞા થઈ હોય, છતાં ભંડારીના આપ્યા વિના જેમ ભંડારમાં રહેલો માલ મળતો નથી, તેમ અંતરાય કર્મને લીધે આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યરૂપ લબ્ધિનો પૂર્ણપણે વિકાસ થતો નથી.

જગતના બધા જીવો મૂળભૂતસ્વરૂપે સમાન હોવા

છતાં તેમની અવસ્થામાં જે વિચિત્રતા દેખાય છે, તેનું કારણ કર્મના આ પ્રકારો છે.

नाणावरणं पंचविहं, सुयं आभिणिबोहियं ।
ओहिनाणं च तइयं, मणनाणं च केवलं ॥ ४ ॥

જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારનું છેઃ (૧) શ્રુતજ્ઞાનાવરણીય, (૨) મતિજ્ઞાનાવરણીય, (૩) અવધિજ્ઞાનાવરણીય, (૪) મનઃપર્યાયજ્ઞાનાવરણીય અને (૫) કેવલજ્ઞાનાવરણીય.

વિ. જ્ઞાનના પાંચ પ્રકારો છેઃ (૧) આભિનિબોધિક અથવા મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન. આ પાંચે જ્ઞાનને આવરનારાં કર્મો જુદાં જુદાં હોય છે, એટલે જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકારો માનેલા છે. અહીં શ્રુત જ્ઞાનાવરણીય કર્મ પહેલું અને મતિજ્ઞાનાવરણીય કર્મ બીજું કહ્યું છે, પણ જ્ઞાનના ક્રમ પ્રમાણે મતિજ્ઞાનાવરણીય પહેલું અને શ્રુતજ્ઞાનાવરણીય બીજું સમજવું.

निद्दा तहेव पयला, निद्दानिद्दा य पयलपयला य ।
तत्तो अ थीणगिद्धी उ, पंचमा होइ नायव्वा ॥ ५ ॥
चक्खुमचक्खू ओहिस्स, दंसणे केवले अ आवरणे ।
एवं तु नवविगप्पं; नायव्वं दंसणावरणं ॥ ६ ॥

નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ (થીણદ્ધી) એમ નિદ્રાના પાંચ પ્રકાર છે.

તે ઉપરાંત ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને કેવળ દર્શનાવરણીય એમ દર્શના-

વરણીય કર્મના બીજા ચાર પ્રકારો છે, એટલે દર્શનાવરણીય કર્મ કુલ નવ પ્રકારનું છે.

વિ. નિદ્રા દર્શનશક્તિનો અવરોધ કરનારી હોઈ તેની ગણના દર્શનાવરણીય કર્મમાં થાય છે. તેમાં (૧) સુખપૂર્વક એટલે અવાજ માત્રથી ઉઠાડી શકાય એવી નિદ્રા તે નિદ્રા. (૨) દુઃખપૂર્વક એટલે ખૂબ ઢંઢોળવા વગેરેથી ઉઠાડી શકાય એવી નિદ્રા તે નિદ્રાનિદ્રા. (૩–૪) બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં આવે પણ સુખપૂર્વક જગાડી શકાય એવી નિદ્રા તે પ્રચલા અને દુઃખપૂર્વક જગાડી શકાય તે પ્રચલા–પ્રચલા. (૫) જેમાં દિવસે ચિંતવેલું કાર્ય કરી નાખવામાં આવે અને જાગે ત્યારે બબર ન હોય એવી ગાઢ નિદ્રા તે સ્ત્યાનગદ્ધિ કે થીણદ્ધી નિદ્રા. આ નિદ્રામાં મનુષ્યનું બળ અસાધારણ વધી જાય છે. વિજ્ઞાને પણ આવી નિદ્રાની નોંધ લીધી છે અને તેને લગતા અનેક દાખલાઓનો સંગ્રહ કર્યો છે.

(૬) જે ચક્ષુરિન્દ્રિય દ્વારા થતા સામાન્ય બોધને રોકે તે ચક્ષુદર્શનાવરણીય, (૭) જે ચક્ષુ સિવાયની બાકીની ચાર ઇન્દ્રિયો તથા પાંચમા મન દ્વારા થતા સામાન્ય બોધને રોકે તે અચક્ષુદર્શનાવરણીય. (૮) જે આત્માને થતા રૂપી દ્રવ્યના સામાન્ય બોધને રોકે તે અવધિદર્શનાવરણીય અને (૯) જે કેવલદર્શન દ્વારા થનારા વસ્તુમાત્રના સામાન્ય બોધરૂપ કેવલદર્શનને રોકે તે કેવલદર્શનાવરણીય.

वेयणियं पि दुविहं, सायमसायं च आहियं ।
सायस्स उ बहू भेया, एमेव आसायस्स वि ॥ ७ ॥

વેદનીય કર્મ બે પ્રકારનું કહેલું છે. (૧) સાતા વેદનીય અને (૨) અસાતાવેદનીય. તે બંનેના અવાંતર ભેદો ઘણા છે.

વિ. જેના લીધે શારીરિક તથા માનસિક સુખશાંતિનો અનુભવ થાય તે સાતાવેદનીય અને દુઃખ તથા અશાંતિનો અનુભવ થાય તે અસાતાવેદનીય.

मोहणिज्जं पि दुविहं, दंसणे चरणे तहा ।
दंसणे तिविहं वुत्तं, चरणे दुविहं भवे ॥ ८ ॥

મોહનીય કર્મ પણ બે પ્રકારનું છેઃ (૧) દર્શન-મોહનીય અને (૨) ચારિત્રમોહનીય. તેમાં દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારનું અને ચારિત્રમોહનીય કર્મ બે પ્રકારનું કહેલું છે.

सम्मत्तं चेव मिच्छत्तं, सम्मामिच्छत्तमेव य ।
एयाओ तिण्णि पयडीओ, मोहणिज्जस्स दंसणे ॥ ९ ॥

(૧) સમ્યકત્વમોહનીય, (૨) મિથ્યાત્વમોહનીય. અને (૩) મિશ્રમોહનીય. આ રીતે દર્શનમોહનીય કર્મની ત્રણ ઉત્તરપ્રકૃતિઓ છે.

વિ. આત્મા પોતાના અધ્યવસાયથી મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ કરે અને તેમાંથી મિથ્યાત્વ ચાલ્યું જાય, તેને સમ્યકત્વમોહનીય કહેવાય. આ કર્મનો ઉદય થતાં જીવને સમ્યકત્વની પ્રાપ્તિ તો થાય છે, પરંતુ તે જ્યાં સુધી મોજુદ હોય છે, ત્યાં સુધી મોક્ષની સમીપે લઈ જનાર ક્ષાયિક ગુણને અટકાવે છે.

જેના લીધે આત્મા મિથ્યાત્વમાં રાચે તે મિથ્યાત્વ-મોહનીય કહેવાય. મિથ્યાત્વના ઉદયથી જીવ સત્યને અસત્ય અને અસત્યને સત્ય માને છે અને તેથી તે સત્યનો સાક્ષાત્કાર કરી શકતો નથી. આ સંયોગોમાં તે બીજી આધ્યાત્મિક પ્રગતિ શી કરી શકે ?

જેને લીધે કેટલુંક મિથ્યાત્વ ચાલ્યું જાય અને કેટલુંક બાકી રહે, તેને મિશ્રમોહનીય કહેવાય. આ કર્મના ઉદય વખતે જીવ સત્ય અને અસત્ય બંનેને સરખા સમજે છે, એટલે સત્યને માટે આગ્રહી બની શકતો નથી. આ સ્થિતિ પણ આધ્યાત્મિક પ્રગતિ માટે એટલી જ બાધક છે.

चरित्तमोहणं कम्मं दुविहं तं विआहियं ।
कसायमोहणिज्जं तु, नोकसायं तहेव य ॥ १० ॥

ચારિત્રમોહનીય કર્મ બે પ્રકારનું કહેલું છેઃ (૧) કષાયમોહનીય અને નોકષાયમોહનીય.

सोलसविहभेएणं, कम्मं तु कसायजं ।
सत्तविहं नवविहं वा, कम्मं च नोकसायजं ॥ ११ ॥

કષાયમોહનીય કર્મ સોળ પ્રકારનું છે અને નોકષાય મોહનીય કર્મ સાત કે નવ પ્રકારનું છે.

વિ. જે જીવના શુદ્ધ સ્વરૂપને કલુષિત કરે તે કષાય કહેવાય છે; અથવા જે ઘણા પ્રકારનાં સુખ અને દુઃખના ફલને યોગ્ય એવા કર્મક્ષેત્રનું કર્ષણ કરે છે–ખેડે છે, તે કષાય કહેવાય છે; અથવા જેનાથી કષ એટલે સંસારનો, આય એટલે લાભ થાય, અર્થાત્ સંસારની વૃદ્ધિ થાય તે કષાય કહેવાય છે. આ કષાયના મુખ્ય ચાર પ્રકારો છેઃ (૧)

ક્રોધ, (૨) માન (અભિમાન), (૩) માયા (કપટ) અને (૪) (તૃષ્ણા). લોભ તે દરેકના તરતમતા અનુસાર (૧) અનંતાનુબંધી, (૨) પ્રત્યાખ્યાની (૩) અપ્રત્યાખ્યાની તથા (૪) સંજ્વલન એવા ચાર ચાર પ્રકારો છે. આમ કષાયના કુલ સોળ પ્રકારો બને છે.

અનંતાનુબંધી કષાય અતિ તીવ્ર હોય છે; પ્રત્યાખ્યાની કષાય તીવ્ર હોય છે. અપ્રત્યાખ્યાની કષાય મંદ હોય છે; અને સંજ્વલન કષાય અતિ મંદ હોય છે.

આ કષાયની તરતમતા સમજાવવા માટે જૈન શાસ્ત્રોમાં નીચે પ્રમાણે દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે:

ક્રોધ

અનંતાનુબંધી—પર્વતમાં પડેલી ફાટ જેવો. પર્વતમાં ફાટ પડી હોય તો તે સંધાતી નથી, તેમ આ ક્રોધ ઉત્પન્ન થયો હોય તો જીવનભર શાંત થતો નથી.

અપ્રત્યાખ્યાની–પૃથ્વીમાં પડેલી ફાટ જેવો. પૃથ્વીમાં ફાટ પડી હોય તો વરસાદ આવે ત્યારે પૂરાઈ જાય છે, તેમ આ ક્રોધ ઉત્પન્ન થયો હોય તો ઘણા વખતે શાંત થાય છે.

પ્રત્યાખ્યાની—રેતીમાં દોરેલી રેખા જેવો. રેતીમાં રેખા દોરી હોય તો પવનનો સપાટો આવતાં લય પામે છે. તેમ આ ક્રોધ ઉત્પન્ન થયો હોય તો થોડા વખતમાં શાંત થાય છે.

સંજ્વલન—પાણીમાં દોરેલી રેખા જેવો. પાણીમાં રેખા દોરી હોય તો તરત લય પામે છે, તેમ આ ક્રોધ ઉત્પન્ન થયો હોય તો તરત શાંત થઈ જાય છે.

માન

અનંતાનુબંધી—પથ્થરના થાંભલા જેવો, જે કોઈ રીતે નમે જ નહિ.

અપ્રત્યાખ્યાની—હાડકાં જેવો, જે મહાકષ્ટે નમે.

પ્રત્યાખ્યાની—કાષ્ઠ જેવો, જે ઉપાય કરવાથી નમે.

સંજ્વલન—નેતરની સોટી જેવો, જે સહેલાઈથી નમી જાય.

માયા

અનંતાનુબંધી—વાંસના કઠણ મૂળ જેવી, જે કોઈ રીતે પોતાની વક્રતા છોડે નહિ.

અપ્રત્યાખ્યાની—ઘેટાનાં શીંગડાં જેવી, જે ઘણા પ્રયત્ને પોતાની વક્રતા છોડે.

પ્રત્યાખ્યાની—બળદના મૂત્રની ધારા જેવી, જે પવન આવતાં દૂર થાય.

લોભ

અનંતાનુબંધી—કિરમજના રંગ જેવો કે જે એક વખત ચડ્યો હોય તો દૂર ન થાય.

અપ્રત્યાખ્યાની—ગાડાની મળી જેવો કે જે કપડે લાગ્યો હોય તો ઘણા પ્રયત્ને દૂર થાય.

પ્રત્યાખ્યાની—કાદવ જેવો કે જે કપડે લાગ્યો હોય તો થોડા પ્રયત્ને દૂર થાય.

સંજ્વલન—હળદરના રંગ જેવો કે જે સૂર્યનો તડકો લાગતાં જ દૂર થાય.

નોકષાયના સાત પ્રકારો આ પ્રમાણે સમજવા : (૧) હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ, (૪) ભય, (૫) શોક, (૬)

જુગુપ્સા અને (૭) વેદ (જાતીય સંજ્ઞા—Sexual iustinct).

જો વેદના સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારો ગણીએ તો હાસ્યાદિ છ અને ત્રણ વેદ મળી નવ પ્રકારો થાય છે.

નેરઇયતિરિક્ખાઉં, મણુસ્સાઉં તહેવ ય ।
દેવાઉઅં ચઉત્થં તુ, આઉકમ્મં ચઉવ્વિહં ॥ ૧૨ ॥

આયુકર્મ ચાર પ્રકારનું છે: (૧) નરકાયુ, (૧) (૨) તિર્યંચાયુ, (૩) મનુષ્યાયુ અને (૪) દેવાયુ.

વિ૦ જીવને જેનાથી નરકયોનિમાં રહેવું પડે તે નરકાયુ, તિર્યંચ યોનિમાં રહેવું પડે તે તિર્યંચાયુ, મનુષ્ય યોનિમાં રહેવું પડે તે મનુષ્યાયુ અને દેવયોનિમાં રહેવું પડે તે દેવાયુ.

નામકમ્મં તુ દુવિહં, સુહં અસુહં ચ આહિયં ।
સુહસ્સ તુ બહુ ભેયા, એમેવ અસુહસ્સ વિ ॥ ૧૩ ॥

નામકર્મ બે પ્રકારનું કહેલું છે: (૧) શુભ અને (૨) અશુભ. શુભનામકર્મના બહુ ભેદો છે, તેમ અશુભ નામકર્મના પણ બહુ ભેદો છે.

વિ૦ જેના યોગથી જીવને મનુષ્ય અને દેવનું શરીર, સુંદર અંગોપાંગ, સારું રૂપ, વચનની મધુરતા, લોકપ્રિયતા, યશસ્વિતા, વગેરે પ્રાપ્ત થાય, તે શુભ નામકર્મ કહેવાય અને નરક તથા તિર્યંચનું શરીર, બેડોળ અંગોપાંગ, કુરૂપતા, વચનની કઠોરતા, અપ્રિયતા, અપયશ વગેરે પ્રાપ્ત

થાય તે અશુભનામકર્મ કહેવાય.

શુભ નામકર્મના અનંત ભેદો છે, પરંતુ મધ્યમ અપેક્ષાએ ૩૭ ભેદો મનાય છે અને અશુભ નામકર્મના પણ અનંત ભેદો છે, પરંતુ મધ્યમ અપેક્ષાએ ૩૪ ભેદો મનાય છે. તેનો વિસ્તાર કર્મગ્રંથોથી જાણવો.

गोयकम्मं तु दुविहं, उच्चं नीअं च आहिअं ।
उच्चं अट्ठविहं होइ, एवं नीअं वि आहिअं ।। १४ ।।

ગોત્રકર્મ બે પ્રકારનું કહેલું છે: (૧) ઉચ્ચ અને (૨) નીચ. વળી તે દરેકના આઠ આઠ પ્રકારો કહેલા છે.

વિ૦ ઉચ્ચગોત્ર કર્મના આઠ પ્રકારો આ પ્રમાણે સમજવા: (૧) ઉચ્ચજાતિમાં ઉત્પન્ન થવું, (૨) ઉચ્ચ કુલમાં ઉત્પન્ન થવું, (૩) બળવાન થવું, (૪) સૌંદર્યવાન થવું, (૫) તપસ્વી થવું, (૬) પ્રત્યેક વ્યવહારમાં અર્થ પ્રાપ્તિ થવી, (૭) વિદ્વાન થવું અને (૮) સંપત્તિવાન થવું. નીચ ગોત્રના આઠ પ્રકારો આથી વિરુદ્ધ સમજવા.

दाणे लाभे य भोगे य, उवभोगे वीरिए तहा ।
पंचविहमंतरायं, समासेण विआहियं ।। १५ ।।
[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૧ થી ૧૫]

અંતરાયકર્મ સંક્ષેપમાં પાંચ પ્રકારનું કહેલું છે: (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યંતરાય.

વિ૦ આપવાની વસ્તુ વિદ્યમાન હોવા છતાં અને દાન આપવાથી થતાં લાભોનો ખ્યાલ હોવા છતાં, જેને

લીધે દાન આપી ન શકાય તે દાનાંતરાયકર્મ, પ્રયત્ન કરવા છતાં જેને લીધે વસ્તુનો લાભ ન થાય તે લાભાંતરાય કર્મ, ખાન-પાનાદિને લગતી સઘળી સામગ્રીઓ હોવા છતાં, જેને લીધે તે ખાઈ-પી ન શકાય, અગર કદાચ ખાઈ-પી શકાય તો હજમ ન કરી શકાય તે ભોગાંતરાય કર્મ. જે એક જ વખત કામમાં આવે તે ભોગ્ય પદાર્થ કહેવાય છે; જેમકે ભોજન, પાણી વગેરે. જે વારંવાર ઉપયોગમાં લઈ શકાય તે ઉપભોગ્ય કહેવાય છે; જેમકે વસ્ત્ર, આભૂષણ વગેરે. જેને લીધે ઉપભોગ માટેની સામગ્રીઓ જોઈએ તેવા અને તેટલા પ્રમાણમાં સ્વાધીન હોવા છતાં તેનો ઉપયોગ ન થઈ શકે, તે ઉપભોગાંતરાય કર્મ. તથા જેનો ઉદય હોવાથી પોતે યુવાન અને બળવાન હોવા છતાં પણ કોઈ કાર્ય સિદ્ધ કરી શકે નહિ તે વીર્યાંતરાય કર્મ.

उदहीसरिसनामाणं, तीसई कोडिकोडीओ ।
उक्कोसिया ठिई होइ, अंतोमुहुत्तं जहण्णिया ॥ १६ ॥
आवरणिज्जाण दुण्हं पि, वेयणिज्जे तहेव य ।
अंतराए य कम्मंमि, ठिई एसा विआहिआ ॥ १७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૧૯-૨૦]

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મોની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની હોય છે.


વિ૦ આત્મપ્રદેશો સાથે કર્મનો બંધ થાય છે, ત્યારે તેની સ્થિતિ એટલે ટકવાનો સમય પણ નક્કી થાય

છે. એટલે એ કર્મ એટલો વખત આત્મા સાથે રહે છે. તેનું જઘન્ય એટલે ઓછામાં ઓછું અને ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે કેટલું પ્રમાણ હોય છે, તે અહીં દર્શાવવામાં આવ્યું છે. નવ સમયથી માંડીને બે ઘડીમાં એક ઓછા સમય સુધીનો કાલ અંતર્મુહૂર્ત કહેવાય છે.

उदहिसरिसनामाणं, सत्तरिं कोडिकोडीओ ।
मोहणिज्जस्स उक्कोसा, अन्तोमुहुत्तं जहण्णिया ॥ १८ ॥
तित्तीसं सागरोवम, उक्कोसेण वियाहिया ।
ठिई उ आउकम्मस्स, अन्तोमुहुत्तं जहण्णिया ॥ १९ ॥
उदहीसरिसनामाणं, वीसई कोडिकोडीओ ।
नामगोत्ताण उक्कोसा, अट्ठमुहुत्ता जहण्णिया ॥ २० ॥

[ઉત્ત૦ અ૦ ૩૩, ગા૦ ૨૧-૨૨-૨૩]

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની અને જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની હોય છે.



ધારા છઠ્ઠી
દુર્લભ સંયોગ

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥ १ ॥

આ સંસારમાં પ્રાણીઓને મનુષ્યજન્મ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમની પ્રવૃત્તિ, એ ચાર ઉત્તમ અંગોની પ્રાપ્તિ થવી ઘણી દુર્લભ છે.

समावण्णाण संसारे, णाणागोत्तासु जाइसु ।
कम्मा णाणाविहा कट्टु, पुढो विस्संभिया पया ॥ २ ॥

આ વિશ્વ પ્રાણીઓથી ભરેલું છે. આ પ્રાણીઓ નાના પ્રકારના કર્મો કરીને અલગ અલગ જાતિ અને ગોત્રમાં ઉત્પન્ન થાય છે.

एगया देवलोएसु, नरएसुऽवि एगया ।
एगया आसुरे काये, आहाकम्मेहिं गच्छइ ॥ ३ ॥

આ જીવ પોતાના કર્મ અનુસાર કોઈ વાર દેવલોકમાં, કોઈ વાર નરકમાં તો કોઈ વાર અસુરકાયમાં (ભુવનપતિ ઇત્યાદિમાં) ઉત્પન્ન થાય છે.

एगया खत्तिओ होई, तओ चंडालबुक्कसो ।
तओ कीड–पयंगो य, तओ कुंथू-पिवीलिया ॥ ४ ॥

જીવ કોઈ વાર ક્ષત્રિય, કોઈ વાર ચંડાળ, કોઈ વાર બુક્કસ (વર્ણસંકર જાતિનો), કોઈ વાર કીડો, કોઈ વાર પતંગિયું, કોઈ વાર કંથવો તો કોઈ વાર કીડી થાય છે.

एवमावट्टजोणीसुं, पाणिणो कम्मकिव्विसा ।
ण णिव्विज्जन्ति संसारे, सव्वट्ठेसु व खत्तिया ॥ ५ ॥

જેમ સર્વ પ્રકારની ઋદ્ધિ હોવા છતાં પણ ક્ષત્રિયોની રાજ્યતૃષ્ણા શાંત થતી નથી, તેમ અશુભ કર્મવાળા જીવ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરવા છતાં વિરક્ત થતા નથી.

कम्मसंगेहि सम्मूढा, दुक्खिया बहुवेयणा ।
अमाणुसासु जोणीसु, विणिहम्मन्ति पाणिणो ॥ ६ ॥

કર્મના સંબંધથી મૂઢ થયેલા પ્રાણીઓ ઘણી વેદના પામીને તથા દુઃખી થઈને મનુષ્ય સિવાયની યોનિઓમાં વારંવાર જન્મીને હણાયા કરે છે.

कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता, आयंयंति मणुस्सयं ॥ ७ ॥

અનુક્રમે અર્થાત્ એક યોનિમાંથી બીજી યોનિમાં ભટકતાં અકામનિર્જરાને લીધે કર્મોનો ભાર હળવો થવાથી જીવો શુદ્ધિને પ્રાપ્ત થાય છે અને કોઈક વાર મનુષ્ય ભવમાં આવે છે.

વિ૦ અજ્ઞાન કે મૂઢ દશામાં દુઃખો સહન કરતાં કર્મની જે નિર્જરા થાય છે, તે અકામનિર્જરા કહેવાય છે.

મનુષ્ય ભવની દુર્લભતા સમજાવવા માટે શ્રી ભદ્રબાહુ-સ્વામીએ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિમાં નીચેનાં દશ દૃષ્ટાંતો આપેલાં છે :

चुल्लग पासग धन्ने, जूए रयणे अ सुमिण चक्के य ।
चम्म जुगे परमाणू, दस दिट्ठंता मणुअलंभे ॥

૧. **ચૂલાનું દૃષ્ટાંત**–ચક્રવર્તી રાજા છ ખંડ ધરતીનો ધણી હોય છે. તેના રાજ્યમાં કેટલા ચૂલા હોય? પ્રથમ ચક્રવર્તીના ચૂલે જમવાનું હોય અને પછી દરેક ચૂલે જમવાનું હોય તો ચક્રવર્તીના ચૂલે ફરી જમવાનું ક્યારે મળે?

૨. **પાસાનું દૃષ્ટાંત**–કોઈ રમતમાં કળવાળા પાસાનો ઉપયોગ કરીને એક માણસનું બધું ધન પડાવી લીધું હોય અને ફરીને માણસને પાસાની રમત રમીને તે ધન પાછું મેળવવું હોય તો ક્યારે મળે?

૩. **ધાન્યનું દૃષ્ટાંત**–લાખો મણ ધાન્યના ઢગલામાં થોડા સરસવના દાણા ભેળવ્યા હોય અને તે પાછા મેળવવા મથીએ તો ક્યારે મળી રહે?

૪. **જુગારનું દૃષ્ટાંત**–એક રાજમહેલને ૧૦૦૮ સ્થંભો હોય અને તે દરેક સ્થંભને ૧૦૮ હાંસ હોય અને તે દરેક હાંસને જુગારમાં જિતવાથી જ રાજ્ય મળે તેમ હોય તો એ રાજ્ય ક્યારે મળે?

૫. **રત્નનું દૃષ્ટાંત**–સાગરમાં સફર કરતાં પોતાની પાસે રહેલાં રત્નો અગાધ જળમાં ડૂબી ગયાં હોય તો શોધ કરતાં એ રત્નો પાછાં ક્યારે મળે?

૬. **સ્વપ્નનું દૃષ્ટાંત**–રાજ્યની પ્રાપ્તિ કરાવે એવું શુભ સ્વપ્ન આવ્યું હોય અને તેથી રાજ્યની પ્રાપ્તિ થઈ હોય, એવું સ્વપ્ન લાવવાનો બીજો મનુષ્ય પ્રયત્ન કરે, તો એવું સ્વપ્ન ક્યારે આવે?

૭. **ચક્રનું દૃષ્ટાંત**–ચક્ર એટલે રાધાવેધ. સ્થંભના મથાળે યંત્રપ્રયોગથી એક પૂતળી ચકર ચકર ફરતી હોય, તેનું નામ રાધા. સ્થંભની નીચે તેલની કડાઇ ઉકળતી હોય, સ્થંભના મધ્યભાગમાં ત્રાજવું હોય અને તે ત્રાજવામાં ઊભા રહીને નીચે કડાઈમાં પડતાં રાધાનાં પ્રતિબિંબના આધારે બાણ મારીને તેની ડાબી આંખ વીંધવી હોય તો કયારે વીંધાય ?

૮. **ચર્મનું દૃષ્ટાંત**–અહીં ચર્મ શબ્દથી ચામડા જેવી જાડી થઈ ગયેલી સેવાળ સમજવી. કોઈ પૂનમની રાતે તેના પર પવનનો ઝપાટો આવતાં તે આઘીપાછી થઈ ગઈ હોય અને એ રીતે પડેલાં બાકોરામાંથી કોઈ કાચબાએ ચંદ્રનું દર્શન કર્યું હોય, તેવું જ ચંદ્રદર્શન એ કાચબાને પોતાનાં સગાંવહાલાંઓને કરાવવું હોય તો કયારે કરાવી શકે ? પવનના ઝપાટાથી એજ જગાએ બાકોરું પડવું અને તે વખતે પૂનમનો જ યોગ હોવો, એ બધું કેટલું દુર્લભ છે ?

૯. **યુગનું દૃષ્ટાંત**–યુગ એટલે ઘોંસરી. તે બળદના ખભા પર બરાબર બેસાડવા માટે સમોલ એટલે લાકડાના નાનકડા દંડુકાનો ઉપયોગ કરવામાં આવે છે. હવે ઘોંસરી મહાસાગરના એક છેડેથી નાખી હોય અને બીજા છેડેથી સમોલ નાખી હોય તો એ ઘોંસરીમાં સમોલ પેસે ખરી ? અને પેસે તો કયારે પેસે ?

૧૦. **પરમાણુનું દૃષ્ટાંત**–એક સ્થંભનું અત્યંત બારીક ચૂર્ણ કરીને એક ભૂંગળીમાં ભર્યું હોય અને કોઈ

પર્વતની ટોચ ઉપર ઊભા રહીને તેને ફૂંક વડે હવામાં ઉડાડવામાં આવ્યું હોય તો એ ચૂર્ણના બધા પરમાણુ ફરી ક્યારે એકત્ર થાય ?

જો આ બધા પ્રશ્નોનો જવાબ ' ઘણા કાળે અને ઘણાં કષ્ટે ' હોય તો મનુષ્યભવ પણ ઘણા કાળે અને કષ્ટે પ્રાપ્ત થાય છે, એટલે કે તે અતિ દુર્લભ છે.

માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સુઈ ધમસ્સ દુલ્લહા ।
જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખન્તિમહિંસયં ॥ ૮ ॥

કદાચ મનુષ્યનો ભવ મળી ગયો તો પણ ધર્મ-શાસ્ત્રનાં વચનો સાંભળવા ઘણા દુર્લભ છે કે જે સાંભળીને જીવો તપ, ક્ષમા તથા અહિંસાને અંગીકાર કરે.

આહચ્ચ સવણં લદ્ધું, સદ્ધા પરમદુલ્લહા ।
સોચ્ચા ણેયાઉયં મગ્ગં, બહવે પરિભસ્સઇ ॥ ૯ ॥

કદાચિત્ ધર્મશાસ્ત્રનાં વચનો સાંભળી લે તો પણ તેના પર શ્રદ્ધા થવી ઘણી દુર્લભ છે. ન્યાયમાર્ગને સાંભળવા છતાં ઘણા મનુષ્યો (તેને અનુસરતા નથી અને દુરાચારી કે સ્વચ્છંદી જીવન ગાળી) ભ્રષ્ટ થાય છે.

સુઇં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।
બહવે રોયમાણા વિ, ણો ય ણં પડિવજ્જઇ ॥ ૧૦ ॥

કદાચિત્ ધર્મશાસ્ત્રોનાં વચનો સાંભળ્યાં અને શ્રદ્ધા પણ બેઠી, પરંતુ સંયમમાર્ગમાં વીર્ય ફોરવવું અર્થાત્ પ્રવૃત્તિ કરવી ઘણી દુર્લભ છે. ઘણા મનુષ્યો શ્રદ્ધાસંપન્ન હોવા છતાં સંયમમાર્ગની પ્રવૃત્તિ કરતા નથી.

माणुसत्तम्मि आयाओ, धम्मं सोच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ॥ ११ ॥

જે જીવ મનુષ્યભવ પામીને ધર્મશાસ્ત્રનાં વચનો સાંભળે છે, તેના પર શ્રદ્ધા કરે છે અને સંયમમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તે તપસ્વી અને સંવૃત (સંવરવાળો) થઈને પોતાના (બદ્ધ તથા બદ્ધમાન) કર્મોને ખંખેરી નાખે છે. તાત્પર્ય કે મુક્તિ પામે છે.

सोही उज्जुभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठई ।
णिव्वाणं परमं जाइ, घयसित्तोव पावए ॥ १२ ॥

સરળતાવાળા આત્માની શુદ્ધિ થાય છે અને એવા શુદ્ધ આત્મામાં જ ધર્મ ટકી શકે છે. ઘૃતથી સિંચાયેલ અગ્નિની માફક તે દેદીપ્યમાન થઈને પરમ નિર્વાણ (મુક્તિ) પામે છે.

विगिंच कम्मुणो हेउ, जसं संचिणु खंतिए ।
पाढवं सरीरं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥ १३ ॥

કર્મોના હેતુને અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ વગેરેને દૂર કરો. ક્ષમા, સરલતા, મૃદુતા, નિર્લોભતા વગેરે મેળવીને યશનો સંચય કરો. આમ કરનારો મનુષ્ય પાર્થિવ શરીર છોડીને ઉર્ધ્વદિશા તરફ પ્રયાણ કરે છે, અર્થાત્ સ્વર્ગ કે મોક્ષમાં જાય છે.

विसालिसेहिं सीलेहिं, जक्खा उत्तर उत्तरा ।
महासुक्का व दिप्पंता, मन्नंता अपुणोच्चयं ॥ १४ ॥

ઉત્કૃષ્ટ આચારોનું પાલન કરવાથી જીવ ઉત્તરોત્તર વિમાનવાસી દેવ થાય છે. ત્યાં તે અતિશય સુશોભિત અને

દેદીપ્યમાન શરીરો ધારણ કરે છે તથા સ્વર્ગીય સુખોમાં એટલો લીન થઈ જાય છે કે મારે અહીંથી ચ્યવવાનું નથી એમ માની લે છે.

अप्पिया देवकामाणं, कामरूवविउव्विणो ।
उड्ढं कप्पेसु चिट्ठंति, पुव्वा वाससया बहू ॥ १५ ॥

દેવ સંબંધી કામસુખોને પ્રાપ્ત થયેલા અને ઇચ્છાનુસાર રૂપ બનાવવાની શક્તિવાળા આ દેવો સેંકડો પૂર્વ વર્ષો સુધી વિમાનોમાં રહે છે.

વિ૦ એક પૂર્વ=૭૦૫૬૦૦૦૦૦૦૦૦ સીત્તેર હજાર પાંચસોને સાઠ અબજ વર્ષ.

तत्थ ठिच्चा जहाठाणं, जक्खा आउक्खए चुया ।
उवेंति माणुसं जोणिं, से दसंगेऽभिजायइ ॥ १६ ॥

ત્યાં પોત-પોતાના સ્થાનમાં રહેલા દેવો આયુષ્યનો ક્ષય થતાં ચ્યવીને મનુષ્યયોનિને પ્રાપ્ત કરે છે અને ત્યાં એને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

खित्तं वत्थु हिरण्णं च, पसवो दासपोरुसं ।
चत्तारि कामखंधाणि, तत्थ से उववज्जइ ॥ १७ ॥

તે સ્વર્ગમાંથી ચ્યવેલા દેવો જ્યાં ક્ષેત્ર (ખુલ્લી જમીન-બાગબગીચા વગેરે), વાસ્તુ (મકાન, મહેલ વગેરે), હિરણ્ય (સોનું, રૂપું, ઝવેરાત, રોકડ વગેરે) અને પશુ તથા દાસ-દાસીઓ રૂપી ચાર કામસ્કંધો એટલે સુખ-ભોગની સામગ્રી હોય છે, ત્યાં જન્મ ધારણ કરે છે.

मित्तवं नाइवं होइ, उच्चागोत्तेय वण्णवं ।
अप्पायके महापन्ने, अभिजाय जसो बले ॥ १८ ॥

[ઉપર ચાર કામ-સ્કંધરૂપી એક અંગનો નિર્દેશ કરવામાં આવ્યો છે. હવે બીજા નવ અંગોનું આ ગાથામાં વર્ણન કરે છે.] (૨) તેને અનેક સન્મિત્રો હોય છે, (૩) તેને ઘણા કુટુંબીજનો હોય છે, (૪) તે ઊંચા ગોત્રમાં જન્મ પામે છે, (૫) સૌંદર્યવાન હોય છે, (૬) અલ્પ વ્યાધિવાળો હોય છે, (૭) બુદ્ધિશાળી હોય છે, (૮) વિનીત હોય છે, (૯) યશસ્વી હોય છે અને (૧૦) બલવાન પણ હોય છે. (આ રીતે તેને દશ અંગની પ્રાપ્તિ થાય છે.)

भोच्चा माणुस्सए भोए, अप्पडिरूवे अहाउयं ।
पुव्विं विसुद्धसद्धत्तमे, केवलं बोहि बुज्झिया ॥ १९ ॥

આયુષ્ય અનુસાર મનુષ્યના ઉત્તમ ભોગો ભોગવીને પૂર્વભવમાં કરેલા શુદ્ધ ધર્મનાં આચરણને લીધે તે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે.

चउरंगं दुल्लभं मच्चा, संजमं पडिवज्जिया ।
तवसा धुयकम्मंसे, सिद्धे भवति सासए ॥ २० ॥
[ઉત્ત૦ અ૦ ૩, ગા૦ ૧-૨૦]

આ ચાર અંગોને દુર્લભ માનીને મનુષ્યે સંયમમાર્ગને સ્વીકારવો જોઈએ. તપદ્વારા કર્મોને ખંખેરી નાખનારો મનુષ્ય શાશ્વત સિદ્ધ થાય છે.

ધારા સાતમી
આત્મજય

सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो, जं तरन्ति महेसिणो ॥ १ ॥
[उत्त० अ० २३, गा० ७३]

શરીરને 'નાવ' કહેલ છે, આત્માને 'નાવિક' કહેલ છે અને આ સંસારને 'સમુદ્ર' કહેલો છે, જેને મહર્ષિઓ તરી જાય છે.

अप्पा खलु सययं रक्खिवयव्वो,
सव्विन्दिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ,
सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥ २ ॥
[દશ. ચૂલિકા ૨, ગા. ૧૬]

સર્વ ઇંદ્રિયોને બરાબર સમાધિયુક્ત કરીને આત્માને પાપપ્રવૃત્તિઓથી નિરંતર બચાવ્યા જ કરવો જોઈએ; કારણ કે એ રીતે નહિ બચાવામાં આવેલો આત્મા સંસારમાં રખડ્યા કરે છે, જ્યારે સુરક્ષિત આત્મા તમામ દુઃખોથી મુક્ત થાય છે.

जस्सेवमप्पा उ हवेज्ज निच्छिओ,
चइज्ज देहं न हु धम्मसासणं ।
तं तारिसं नो पइलन्ति इन्दिया,
उवंतिवाया य सुदसणं गिरिं ॥ ३ ॥
[દશ. ચૂલિકા ૧, ગા. ૧૭]

પવનના જોરદાર સપાટા મેરુ પર્વતને ડગાવી શકતા નથી, તેમ 'દેહને ભલે છોડી દઉં પણ ધર્મના શાસનને તો ન જ છોડું,' એવા દૃઢ નિશ્ચયવાળા આત્માને ઇન્દ્રિયો કદી પણ ડગાવી શકતી નથી.

અપ્પા ચેવ દમેયવ્વો, અપ્પા હુ ખલુ દુદ્દમો ।
અપ્પા દન્તો સુહી હોઇ, અસ્સિં લોએ પરત્થ ય ॥ ૪ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૫]

આત્માને જ દમવો જોઈએ. આત્મા ખરેખર દુર્દમ્ય છે. આત્માનું દમન કરનારો આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

વિ૦ અહીં આત્માથી પોતાની જાત સમજવી.

વરં મે અપ્પા દન્તો, સંજમેણ તવેણ ય ।
માઽહં પરેહિં દમન્તો, બન્ધણેહિ વહેહિ ય ॥ ૫ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૬]

બીજા કોઈ મારા આત્માને બંધનોમાં નાખીને અને માર મારીને દમે, એ કરતાં તો હું પોતે જ મારા આત્માને સંયમ અને તપ વડે દમું, એ શ્રેષ્ઠ છે.

અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કૂડસામલી ।
અપ્પા કામદુહા ધેણૂ, અપ્પા મે નન્દણં વણં ॥ ૬ ॥
[ઉત્ત૦ અ૦ ૨૦, ગા૦ ૩૬]

મારો આત્મા જ વૈતરણી નદી છે અને મારો આત્મા જ કૂટ શાલ્મલી વૃક્ષ છે; મારો આત્મા જ કામધેનુ છે અને મારો આત્મા જ નંદનવન છે.

अप्पा कत्ता विकत्ता य, दुक्खाण य सुहाण य ।
अप्पा मितममित्तं च, दुप्पट्ठिय-सुपट्ठिओ ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૨૦, ગા૦ ૩૭]

આત્મા પોતે જ દુઃખો તથા સુખોનો ઉત્પન્ન અને નાશ કરનારો છે. સન્માર્ગે ચાલનારો–સદાચારી આત્મા મિત્રરૂપ છે, અને કુમાર્ગે ચાલનારો–દુરાચારી આત્મા શત્રુરૂપ છે.

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૩૪]

જે પુરુષ દુર્જય સંગ્રામમાં દશ લાખ શત્રુઓને જિતે, તે કરતાં એક પોતાના આત્માને જિતે એ શ્રેષ્ઠ વિજય છે.

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ? ।
अप्पणामेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૩૫]

હે પુરુષ ! તું આત્માની સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે? આત્માવડે જ આત્માને જિતવાથી સાચું સુખ મળે છે.

पंचिन्दियाणि कोहं, माणं मायं तहेव लोहं च ।
दुज्जयं चेव अप्पाणं, सव्वमप्पे जिए जियं ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૩૬]

પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભની

વૃત્તિઓ, તેમજ આત્માને જિતવો એ ઘણું કઠિન કામ છે. જેણે આત્માને જિત્યો તેણે સર્વ જિત્યું.

न तं अरी कंठछित्ता करेइ,
जं से करे अप्पणिया दुरप्पा ।
से नाहिई मच्चुमुहं तु पत्तो,
पच्छाणुतावेण दयाविहूणो ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૨૦, ગા૦ ૪૮]

દુરાચારમાં પ્રવૃત્ત થયેલો આત્મા પોતાનું જેટલું અનિષ્ટ કરે છે, તેટલું અનિષ્ટ ગળું કાપનારો શત્રુ પણ કરતો નથી. આવો દયાવિહીન મનુષ્ય મૃત્યુના મુખમાં જતાં પોતાનો દુરાચાર જાણશે અને પછી પશ્ચાતાપ કરશે.

जो पव्वइत्ताण महव्वयाइं,
सम्मं च नो फासयई पमाया ।
अनिग्गहप्पा य रसेसु गिद्धे,
न मूलओ छिन्दइ बन्धणं से ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૨૦, ગા૦ ૩૯]

જે સાધક પ્રવજ્યા લીધા પછી પ્રમાદવશાત્, સ્વીકારેલાં મહાવ્રતોને સારી રીતે પાળતો નથી, તેમજ રસોમાં લાલચુ થઈને પોતાના આત્માનો નિગ્રહ કરતો નથી, તેનાં બંધનો મૂળથી છેદાતાં નથી.


से जाणं अजाणं या, कट्टु आहम्मियं पयं ।
संवरे खिप्पमप्पाणं, बीयं तं न समायरे ॥ १३ ॥
[દ૦ અ૦ ૮, ગા૦ ૩૧]

વિવેકી પુરુષ જાણતા અથવા અજાણતા કોઈ અધર્મ કૃત્ય કરી બેસે તો પોતાના આત્માને તરત જ એનાથી દૂર કરી લે અને ફરી બીજી વાર એવું ન કરે.

पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ एवं दुक्खा पमोक्खसि।। १४ ।।

[આ૦ અ૦ ૩, ઉ૦ ૩, સૂ૦ ૧૧૯]

હે પુરુષ ! તું પોતાના આત્માને જ વશ કર. એમ કરવાથી તું સર્વ દુઃખોમાંથી મુક્ત થઈશ.



ધારા આઠમી
મોક્ષમાર્ગ

નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।
એયમગ્ગમણુપ્પત્તા, જીવા ગચ્છંતિ સોગ્ગઇં ॥ ૧ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩]

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ [એ મોક્ષમાર્ગ છે.]. આ માર્ગને પ્રાપ્ત થયેલા જીવો સુગતિમાં જાય છે.

વિ૦ સર્વ મુમુક્ષુઓ મોક્ષપ્રાપ્તિની અભિલાષા રાખે છે; પરંતુ મોક્ષની એ અવસ્થાએ પહોંચવાનો સાચો-ભરોસાપાત્ર માર્ગ કયો ? એ જાણવાની જરૂર છે. તેથી જ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની યથાર્થ આરાધના એ મોક્ષપ્રાપ્તિનો સાચો માર્ગ છે. એ માર્ગને અનુસરનારા જીવો અવશ્ય સુગતિમાં અર્થાત્ મોક્ષમાં જાય છે.

નાણેણ જાણઇ ભાવે, દંસણેણ ય સદ્દહે ।
ચરિત્તેણ નિગિણ્હાઇ, તવેણ પરિસુજ્ઝઈ ॥ ૨ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩૫]

જ્ઞાનથી પદાર્થોને જાણી શકાય છે, દર્શનથી તેના પર શ્રદ્ધા થાય છે, ચારિત્રથી કર્મનો આસ્રવ રોકાય છે અને તપથી આત્માની સંપૂર્ણ શુદ્ધિ થાય છે.

તત્થ પંચવિહં નાણં, સુયં આભિણિબોહિયં ।
ઓહિનાણં તુ તઇયં, મણનાણં ચ કેવલં ॥ ૩ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૪]

તેમાં જ્ઞાન પાંચ પ્રકારનું છે : (૧) આભિનિબોધિક, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યવ અને (૫) કેવલ.

વિ૦ તેમાં એટલે મોક્ષના ચતુર્વિધ સાધનોમાં. જ્ઞાન પ્રથમ છે, એટલે તેનું વર્ણન પ્રથમ કર્યું છે. જેના વડે વસ્તુ જણાય, ઓળખાય કે સમજાય તે જ્ઞાન કહેવાય. તેના પાંચ પ્રકારો છે, આભિનિબોધિક આદિ.

પાંચ ઇન્દ્રિયો તથા છઠ્ઠા મન વડે વસ્તુનો જે અર્થાભિમુખ નિશ્ચિત બોધ થાય તે આભિનિબોધિક જ્ઞાન કહેવાય. તેને મતિજ્ઞાન પણ કહેવામાં આવે છે. આપણે સ્પર્શ કરીને, ચાખીને, સૂંઘીને, જોઈને તથા સાંભળીને જે જ્ઞાન મેળવીએ છીએ, તે આ પ્રથમ પ્રકારનું મતિજ્ઞાન છે.

આ જ્ઞાન ચાર પગથિયે થાય છે. તેમાંનું પહેલું પગથિયું અવગ્રહ છે, બીજું પગથિયું ઈહા છે, ત્રીજું પગથિયું અપાય છે અને ચોથું પગથિયું ધારણા છે.

એક વસ્તુનો સ્પર્શ થતાં 'કંઈક' એવો જે અવ્યક્ત બોધ થાય તે અવગ્રહ. 'આ શું હશે?' એવી વિચારણા તે ઈહા. 'આ વસ્તુ અમુક જ છે,' એવો નિર્ણય તે અપાય. અને 'મને આ વસ્તુનો સ્પર્શ થયો' એવું જે સ્મરણ તે ધારણા. લાકડાનો સ્પર્શ થતાં જ 'મને લાકડું અડ્યું' એમ લાગે છે, પણ એટલી વારમાં આ ચારે ક્રિયાઓ અતિ ઝડપથી બની જાય છે. અજાણી વસ્તુનો સ્પર્શ થતાં આ ક્રિયાઓ ધીમેથી થાય છે, એટલે તેનો ખ્યાલ આવે છે; ચિરપરિચિત વસ્તુમાં ઉપયોગની ઝડપ

ઘણી હોય છે, એટલે તેનો ખ્યાલ આવતો નથી.

શ્રુતજ્ઞાનનો સાદો અર્થ છે સાંભળીને મેળવેલું જ્ઞાન. આપણે વ્યાખ્યાન સાંભળીને કે પુસ્તક વાંચીને જે જ્ઞાન મેળવીએ છીએ, તે આ બીજા પ્રકારનું શ્રુતજ્ઞાન છે.

તમામ સંસારી જીવોને આ બે જ્ઞાન વ્યક્ત કે અવ્યક્ત અવશ્ય હોય છે.

આત્માને રૂપી દ્રવ્યોનું અમુક કાળ અને અમુક ક્ષેત્ર પૂરતું જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન, અન્યના મનના પર્યાયોનું-ભાવોનું જે જ્ઞાન થાય તે મનઃપર્યય કે મનઃપર્યવ જ્ઞાન, અને કોઈ પણ વસ્તુના સર્વ પર્યાયોનું જે સર્વકાલીન જ્ઞાન થાય તે કેવલજ્ઞાન.

અવધિજ્ઞાન નારકી અને દેવના જીવોને સહજ હોય છે, એટલે કે તેઓ જન્મે ત્યારથી જ અવધિજ્ઞાનથી યુક્ત હોય છે અને તિર્યંચ તથા મનુષ્યોને આ જ્ઞાન વિશિષ્ટ લબ્ધિથી પ્રાપ્ત થાય છે. મનઃપર્યવ અને કેવળજ્ઞાન માત્ર મનુષ્યને જ પ્રાપ્ત થાય છે અને તે માટે વિશિષ્ટ અવસ્થાની અપેક્ષા રહે છે.

અવધિ, મનઃપર્યવ અને કેવલ આ ત્રણે જ્ઞાનો ઇન્દ્રિય અને મનની મદદ વિના આત્માને સીધા થાય છે, એટલે તેની ગણના પ્રત્યક્ષ જ્ઞાનમાં કરવામાં આવે છે. આ અપેક્ષાએ આભિનિબોધિક તથા શ્રુતજ્ઞાન પરોક્ષ છે. વ્યવહારની ગણતરી આથી ઊલટી છે. તે ઇન્દ્રિય અને મનના નિમિત્તથી થતાં જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે અને

આત્માને થતા સીધા જ્ઞાનને પરોક્ષ કહે છે. શાસ્ત્રકારોએ સંવ્યવહારિક પ્રત્યક્ષ અને સંવ્યવહારિક પરોક્ષ તરીકે તેની નોંધ લીધી છે.

એયં પંચવિહં નાણં, દવ્વાણ ય ગુણાણ ય ।
પજ્જવાણં ય સવ્વેસિં, નાણં નાણીહિ દેસિયં ॥ ૪ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૫]

સર્વ દ્રવ્યો, સર્વ ગુણો અને સર્વ પર્યાયોનું સ્વરૂપ જાણવા માટે જ્ઞાનીઓએ આ પાંચ પ્રકારનું જ્ઞાન બતાવ્યું છે.

વિ૦ આ કથનનું તાત્પર્ય એ છે કે કોઈ પણ જ્ઞેય વસ્તુ આ પાંચ જ્ઞાનની મર્યાદા બહાર નથી.

પાંચ જ્ઞાનનું સ્વરૂપ તથા તેની પ્રક્રિયા નંદિસૂત્ર તથા વિશેષાવશ્યકભાષ્યમાં વિસ્તારથી જણાવી છે. તે અંગે વર્તમાન ભાષામાં જાણવા ઇચ્છનારે અમારું લખેલું 'જ્ઞાનોપાસના' (ધર્મબોધ ગ્રંથમાળાનું પુસ્તક આઠમું) જોવું.

જીવાઽજીવા બંધો ય, પુણં પાવાઽસવો તહા ।
સંવરો નિજ્જરા મોક્ખો, સંતે એ તહિયા નવ ॥ ૫ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૪]

(૧) જીવ, (૨) અજીવ, (૩) બંધ, (૪) પુણ્ય, (૫) પાપ, (૬) આશ્રવ, (૭) સંવર, (૮) નિર્જરા અને (૯) મોક્ષ આ નવ તત્ત્વો છે.

વિ૦ આ જગતમાં જે કંઈ જાણવા યોગ્ય છે, તેને જ્ઞેય તત્ત્વ કહેવામાં આવે છે; જે કંઈ છોડવા યોગ્ય છે,

તેને હેય તત્ત્વ કહેવામાં આવે છે; અને જે કંઈ આદરવા યોગ્ય છે, તેને ઉપાદેય તત્ત્વ કહેવામાં આવે છે.

આ ત્રણ તત્ત્વોના વિસ્તાર રૂપે નવ તત્ત્વોની યોજના છે. જ્ઞેય તત્ત્વના બે ભાગ છે: જીવ અને અજીવ. આ બંને તત્ત્વોનો પરિચય આગળ આવી ગયો છે. હેય તત્ત્વના ત્રણ વિભાગો છે: આસ્રવ, બંધ અને પાપ. જેનાથી કર્મો આત્મપ્રદેશ ભણી ખેંચાય તે આસ્રવ, જેનાથી કર્મો આત્મપ્રદેશ સાથે ઓતપ્રોત થાય તે બંધ અને જેનાથી આત્માને અશુભ ફળ ભોગવવું પડે તે પાપ. ઉપાદેય તત્ત્વના ચાર વિભાગો છે: સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્ય. આસ્રવને અટકાવનારી ક્રિયા તે સંવર, આત્મપ્રદેશોની સાથે ઓતપ્રોત થયેલા કર્મોનું અલ્પ કે બહુવંશે ખરી જવું તે નિર્જરા, સકલ કર્મોનો ક્ષય થવો તે મોક્ષ, અને શુભફળ આપનારું કર્મ તે પુણ્ય. તેમાં પુણ્ય કથંચિત્ ઉપાદેય છે, કારણકે તેનાથી સત્ સાધનોની પ્રાપ્તિ થાય છે, પણ મોક્ષમાં જવા માટે તેનો ક્ષય કરવો પડે છે.

નવતત્ત્વ-પ્રકરણ તથા સટીક કર્મગ્રંથોમાં આ નવતત્ત્વો સંબંધી ઉપયોગી માહિતી આપેલી છે. અને અમોએ 'જૈન ધર્મ-દર્શન' નામના બૃહદ્ ગ્રંથમાં આ વિષય પર વૈજ્ઞાનિક તુલના સાથે ઘણું વિવેચન કરેલું છે.

तहियाणं तु भावाणं, सब्भावे उवएसेणं ।
भावेण सद्दहंतस्स, सम्मत्तं तं वियाहियं ॥ ६ ॥

[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૫]

સ્વભાવથી કે ઉપદેશથી આ તત્ત્વોના યથાર્થ સ્વરૂપની ભાવપૂર્વક શ્રદ્ધા કરવી, એને સમ્યગ્દર્શન કહેલું છે.

વિ૦ સમ્યગ્દર્શન એટલે તત્ત્વોના યથાર્થ સ્વરૂપની ભાવપૂર્વક શ્રદ્ધા. તે સ્વભાવથી એટલે નસર્ગિક રીતે અને ઉપદેશથી એટલે ગુરુજનોના વ્યાખ્યાનાદિ શ્રવણ કરવાથી એમ બે પ્રકારે થાય છે. શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રથમ અધ્યાયમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' અને 'तन्निसर्गादधिगमाद् वा' આ બે સૂત્રોવડે તેની સ્પષ્ટતા કરી છે.

परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वा वि ।
वावन्नकुदंसणवज्जणा य सम्मत्तसद्दहणा ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૨૮]

પરમાર્થસંસ્તવ, પરમાર્થજ્ઞાતૃસેવન, વ્યાપન્ન દર્શનીનો ત્યાગ અને કુદર્શનીનો ત્યાગ, એ સમ્યગ્ દર્શનને લગતા શ્રદ્ધાનાં ચાર અંગો છે.

વિ૦ પરમાર્થસંસ્તવ એટલે તત્ત્વની વિચારણા, તત્ત્વો અંગે ચિંતન–પરિશીલન.

પરમાર્થજ્ઞાતૃસેવન એટલે તત્ત્વને જાણનારા ગીતાર્થ ગુરુઓના ચરણની સેવા.

વ્યાપન્ન દર્શનીનો ત્યાગ એટલે જે એક વાર સમ્યક્ત્વથી યુક્ત હોય, પણ કોઈ કારણે તેમાંથી ભ્રષ્ટ થયેલો હોય તેનાથી દૂર રહેવું.

કુદર્શનીનો ત્યાગ એટલે મિથ્યા દર્શનની માન્યતા

ધરાવનારથી દૂર રહેવું. આ ચાર અંગોમાં પહેલાં બે અંગો શ્રદ્ધાને પુષ્ટ કરનારાં છે અને પછીનાં બે અંગો શ્રદ્ધાનું સંરક્ષણ કરનારાં છે.

नादंसणिस्स नाणं, नाणेण विना न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥ ८ ॥

[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩૦]

સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોતું નથી; સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ ચારિત્રના ગુણો હોતા નથી; સમ્યક્ ચારિત્રના ગુણો વિના સર્વ કર્મોમાંથી છૂટકારો થતો નથી; અને સર્વ કર્મોમાંથી છૂટકારો થયા વિના નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.

વિ૦ જ્ઞાનથી પદાર્થોને જાણી શકાય છે અને દર્શનથી તેના પર શ્રદ્ધા થાય છે, એટલે 'नाणं च दंसणं चेव' એ ક્રમ કહેલો છે. પરંતુ મોક્ષમાર્ગ ભણીનું સાચું પ્રયાણ તો જીવને સમ્યગ્દર્શનની–સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી જ થાય છે; એ વસ્તુ અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય તેને જ સમ્યગ્જ્ઞાન થાય. આનો અર્થ એમ સમજવાનો કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પહેલાં જીવને જે કંઈ જ્ઞાન છે, તે વાસ્તવમાં અજ્ઞાન છે; કારણ કે મોક્ષની પ્રાપ્તિમાં તે ઉપકારક થઈ શકતું નથી. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી એ જ જ્ઞાન સમ્યગ્ બની જાય છે.

જેને સમ્યગ્જ્ઞાન થયું હોય તેને જ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આનો અર્થ એમ સમજવાનો કે મનુષ્ય

ગમે તેવું ઊંચું ચારિત્ર પાળતો હોય પણ સમ્યગ્જ્ઞાનથી રહિત હોય તો તેનું એ ચારિત્ર સમ્યક્ નથી અને તેથી તેના દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી.

અહીં તપનો સમાવેશ સમ્યક્ચારિત્રમાં જ કરેલો છે, એટલે તેની ભિન્ન ગણના કરી નથી.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ સાધનોને રત્નત્રયી કહેવામાં આવે છે. શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રારંભમાં મોક્ષમાર્ગનાં સાધનો તરીકે આ રત્નત્રયીનો જ ઉલ્લેખ કર્યો છે.

આ ત્રણ સાધનોનો સંક્ષેપ જ્ઞાન અને ક્રિયા એ બે સાધનોમાં કરાય છે; ત્યાં દર્શનનો સમાવેશ જ્ઞાનમાં કરવામાં આવે છે, અને ચારિત્રના સ્થાને ક્રિયા શબ્દ બોલાય છે. 'नाणकिरियाहिं मोक्खो' એ વચન તેનાં પ્રમાણરૂપ છે. તાત્પર્ય કે અહીં મોક્ષમાર્ગના ચતુર્વિધ સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે, પણ એ સાધનો ચાર જ હોય, તેથી ઓછાં કે વધુ ન હોય એવો એકાન્ત આગ્રહ નથી. અપેક્ષાભેદથી આ સાધનોની સંખ્યા ઓછી વત્તી થઈ શકે છે.

सामाइय त्थ पढमं, छेओवट्ठावणं भवे बीयं ।
परिहारविसुद्धीयं, सुहुमं तह संपरायं च ॥ ९ ॥
अकसायमहक्खायं, छउमत्थस्स जिणस्स वा ।
एयं चयरित्तकरं, चारित्तं होइ आहियं ॥ १० ॥

[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩૨–૩૩]

પહેલું સામાયિક નામનું ચારિત્ર છે, બીજું છેદોપસ્થાપન નામનું ચારિત્ર છે, ત્રીજું પરિહારવિશુદ્ધિ નામનું ચારિત્ર છે અને ચોથું સૂક્ષ્મસંપરાય નામનું ચારિત્ર છે.

કષાયથી રહિત ચારિત્ર યથાખ્યાત કહેવાય છે. તે છદ્મસ્થ અને કેવળીને હોય છે. આ પાંચે ચારિત્ર કર્મોનો નાશ કરનાર છે, એમ ભગવાને કહેલું છે.

વિ૦ આત્માને શુદ્ધદશામાં સ્થિર કરવાનો પ્રયત્ન એ ચારિત્ર છે. તેને સંવર, સંયમ, ત્યાગ કે પ્રત્યાખ્યાન પણ કહેવામાં આવે છે. પરિણામશુદ્ધિના તરતમભાવની અપેક્ષાએ ચારિત્રના પાંચ પ્રકારો પાડવામાં આવ્યા છે. છદ્મ એટલે પડદો. હજી જેના જ્ઞાન પર પડદો છે, તે છદ્મસ્થ. કેવલજ્ઞાન થયા પહેલાં બધા આત્માઓ આ અવસ્થામાં રહેલા મનાય છે.

મન, વચન અને કાયાથી પાપકર્મ કરવું નહિ, કરાવવું નહિ તથા કરતાને અનુમતિ આપવી નહિ, એવા સંકલ્પપૂર્વક જે ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે, તેને સામાયિક ચારિત્ર કહે છે. આ ચારિત્ર વ્રતધારી ગૃહસ્થોને અલ્પાંશે અને સાધુઓને સર્વાંશે હોય છે.

નવા શિષ્યને દશવૈકાલિક સૂત્રનું ષડ્જીવનિકા નામનું ચોથું અધ્યયન ભણાવ્યા પછી જે વડીદીક્ષા આપવામાં આવે છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. અથવા એક તીર્થંકરના સાધુ બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરે, તેને નવું ચારિત્ર લેવું પડે છે, તેને પણ છેદોપસ્થાપનીય

ચારિત્ર કહે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચાતુર્યામ વ્રતવાળા સાધુઓએ પાંચ મહાવ્રતવાળો શ્રી મહાવીર સ્વામીનો માર્ગ સ્વીકાર્યો, ત્યારે નવેસરથી ચારિત્ર ગ્રહણ કર્યું; તે આ પ્રકારનું હતું. સામાયિકચારિત્ર કરતાં આ ચારિત્રમાં કેટલાક નિયમો વધારે પાળવાના હોય છે.

વિશિષ્ટ પ્રકારની તપશ્ચર્યાથી આત્માની વિશુદ્ધિ કરવી એ પરિહારવિશુદ્ધિ નામનું ત્રીજું ચારિત્ર છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોને સંપરાય કહેવામાં આવે છે. તે સૂક્ષ્મ થઈ જાય, એટલે ઉપશમ પામે અથવા ક્ષય પામે, ત્યારે સૂક્ષ્મસંપરાય ચારિત્રની પ્રાપ્તિ થઈ ગણાય છે. આ ચારિત્રમાં સૂક્ષ્મ લોભનો અંશ બાકી રહે છે.

જ્યારે સૂક્ષ્મ લોભ પણ ચાલ્યો જાય અને એ રીતે સંપૂર્ણ કષાયરહિત અવસ્થા પ્રાપ્ત થાય, ત્યારે યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થઈ ગણાય છે. આ ચારિત્રને વીતરાગ ચારિત્રપણ કહે છે, કારણ કે એ વખતે આત્મા રાગ અને દ્વેષ બંનેથી પર થઈ સંપૂર્ણ માધ્યસ્થભાવને પ્રાપ્ત થાય છે.

છદ્મસ્થ આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધિને પ્રાપ્ત કરતો આ અવસ્થાએ પહોંચે છે અને કેવલજ્ઞાન પામ્યા પછી પણ આ ચારિત્રમાં સ્થિર હોય છે.

આ બધાં ચારિત્રો ઉત્તરોત્તર શુદ્ધ છે અને કર્મનો ક્ષય કરવામાં ઉપકારક છે.

तवो य दुविहो वुत्तो, बाहिरब्भन्तरो तहा ।
बाहिरो छव्विहो वुत्तो, एयमब्भन्तरो तवो ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩૪]

તપ બે પ્રકારનું કહેલું છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપ છ પ્રકારનુ કહેલું છે અને અભ્યંતર તપ પણ એટલા જ પ્રકારનું કહેલું છે.

વિ૦ જે શરીરની સાતે ધાતુને તથા મનને તપાવે તે તપ કહેવાય છે. કર્મની નિર્જરા કરવા માટે તે ઉત્તમ સાધન છે. આ તપ બે પ્રકારનું છેઃ બાહ્ય અને અભ્યંતર. તેમાં બાહ્ય તપ શરીરની શુદ્ધિમાં વિશેષ ઉપકારક છે અને અભ્યંતર તપ માનસિક શુદ્ધિમાં વિશેષ ઉપકારક છે. આ બંને તપના છ-છ પ્રકારો છે.

अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ ।
कायकिलेसो संलीणया, य बज्झो तवो होई ॥१२॥
[ઉત્ત૦ અ૦ ૩૦, ગા૦ ૮]

બાહ્ય તપના છ પ્રકારો આ પ્રમાણે જાણવા; (૧) અનશન, (૨) ઊનોદરિકા, (૩) ભિક્ષાચરી, (૪) રસપરિત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલીનતા.

વિ૦ ભોજનનો અમુક વખત માટે કે બધા વખત માટે ત્યાગ કરવો તે અનશન. એગાસણુ, આયંબિલ, ઉપવાસ એ બધા આ તપના પ્રકારો છે. ભૂખથી થોડું ઓછું જમવું તે ઊનોદરિકા. શુદ્ધ ભિક્ષા પર નિર્વાહ કરવો તે ભિક્ષાચરી. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને

પકવાન્ન એ છ રસોમાંથી એક કે વધારે રસોનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ. અમુક આસન ગ્રહણ કરી તેના પર લાંબા વખત સુધી સ્થિર થવું તે કાયકલેશ, અથવા કેશલુંચન, પાદચર્યા આદિ કષ્ટ સહન કરવા તે કાયકલેશ. અને અંગોપાંગ સંકોચીને રહેવું, તેમજ એકાંતમાં વસવું તે સંલીનતા.

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो विय, अब्भिन्तरो तवो होई ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૦, ગા૦ ૩૦]

આંતરિક તપના છ પ્રકારો આ પ્રમાણે જાણવાઃ (૧) પ્રાયશ્ચિત, (૨) વિનય; (૩) વૈયાવૃત્ય (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ.

વિ૦ જે કામ કરવા યોગ્ય નથી, એવું કામ થઈ જતાં એની વિશુદ્ધિ માટે યથોચિત અનુષ્ઠાન કરવું, તે પ્રાયશ્ચિત. દેવ, ગુરુ, ધર્મ તથા મોક્ષનાં સાધનો પ્રત્યે ઉચ્ચ આદરભાવ રાખવો, તે વિનય. દેવ, ગુરુ, ધર્મની સેવા કરવી તે વૈયાવૃત્ય. આત્મોન્નતિકારક શાસ્ત્રોનું અધ્યયન કરવું, તે સ્વાધ્યાય. મનને અશુભ વૃત્તિમાંથી હઠાવવું અને શુભ વૃત્તિમાં એકાગ્ર કરવું, તે ધ્યાન. અને લોકસમૂહનો ત્યાગ કરી એકાકી ભાવે વિચરવું તથા કાયાનું મમત્વ છોડી આત્મભાવે રહેવું, તે વ્યુત્સર્ગ.

તપોરત્નમહોદધિ ગ્રંથમાં વિવિધ પ્રકારનાં તપોનું વર્ણન કરેલું છે અને અમોએ તપવિચાર, તપનાં તેજ,

(ધર્મબોધ ગ્રં. ભા પુ. ૧૨) અને તપની મહત્તા (જૈન શિક્ષાવલી પહેલી શ્રેણી પુ. ૮) તથા આયંબિલ-રહસ્ય (જૈન શિક્ષાવલી, બીજી શ્રેણી પુ. ૯) નામનાં પુસ્તકોમાં તપ અંગે વિવિધ દૃષ્ટિએ વિવેચન કરેલું છે.

खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।
सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ॥ १४ ॥
[उत्त० अ० २८, गा० ३६]

જે મહર્ષિઓ છે, તે સંયમ અને તપથી પૂર્વ કર્મોનો ક્ષય કરીને સમસ્ત દુઃખોથી રહિત એવા મોક્ષ પ્રત્યે શીઘ્ર ગમન કરે છે.

सद्धं नगरं किच्चा, तवसंवरमग्गलं ।
खन्तिं निउणपागारं, तिगुत्तं दुप्पधंसगं ॥ १५ ॥
धणुं परक्कमं किच्चा, जीवं च ईरियं सया ।
धिइं च केयणं किच्चा, सच्चेण परिमन्थए ॥ १६ ॥
तवनारायजुत्तेण, भित्तणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो, भवाओ परिमुच्चए ॥ १७ ॥
[उत्त० अ० ९, गा० २०-२१-२२]

શ્રદ્ધારૂપી નગર, ક્ષમારૂપ કિલ્લો અને તપ-સંયમરૂપ અર્ગલા બનાવી ત્રિગુપ્તિરૂપ શસ્ત્રોદ્વારા કર્મશત્રુઓથી પોતાની રક્ષા કરવી જોઈએ.

પુનઃ પરાક્રમરૂપી ધનુષની ઈર્યાસમિતિરૂપ દોરી બનાવીને ધૈર્યરૂપી કેતનથી સત્ય દ્વારા એને બાંધવી જોઈએ.

એ ધનુષ્ય પર તપરૂપી બાણ ચડાવીને કર્મરૂપ

કવચનું ભેદન કરવું જોઈએ. આ પ્રકારે સંગ્રામનો હંમેશ માટે અંત લાવીને મુનિ ભવભ્રમણથી મુકત થઈ જાય છે.

વિ૦ આ વર્ણનનું તાત્પર્ય એ છે કે મોક્ષમાર્ગના પથિકે નીચેના ગુણો કેળવવા જોઈએઃ—

(૧) શ્રદ્ધા–આત્મશ્રદ્ધા, દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા, નવતત્ત્વો પરની શ્રદ્ધા.

(૨) ક્ષમા–ક્રોધ પર વિજય. અહીં માન, માયા અને લોભ પરના વિજયનો નિર્દેશ કર્યો નથી, પણ તે સમજી લેવાના છે. એ રીતે આર્જવતા, સરલતા અને નિર્લોભતા પણ કેળવવી જોઈએ.

(૩) તપ–નાના પ્રકારનાં તપો.

(૪) સંયમ–પાંચ ઇન્દ્રિયો પર કાબૂ.

(૫) ત્રિગુપ્તિ–ગુપ્તિ એટલે પ્રશસ્ત નિગ્રહ. તેના ત્રણ પ્રકારો છે: (૧) મનગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ. સંયમમાર્ગમાં આગળ વધવા માટે આ ત્રણે ગુપ્તિ ઘણું અગત્યનું સાધન છે.

(૬) પરાક્રમ–વિઘ્નોની પરવા કર્યા વિના ધ્યેય તરફ ધસવાનો ભારે પુરુષાર્થ.

(૭) ઇર્યાસમિતિ–સમિતિ એટલે સમ્યક્ પ્રવૃત્તિ. તેના પાંચ પ્રકારો છે: (૧) ઇર્યાસમિતિ, (૨) ભાષા-સમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાન–નિક્ષેપ–સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા

સમિતિ. આ પાંચે સમિતિઓનું પાલન સંયમસાધનામાં ઘણું ઉપકારક છે.

ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિને અષ્ટપ્રવચન-માતા કહેવામાં આવે છે. તેનું વર્ણન આ ગ્રંથની અઢારમી ધારામાં કરેલું છે.

(૮) ધૈર્ય-ચિત્તસ્વાસ્થ્ય. જે સાધકનું ચિત્ત સ્વસ્થ નથી, તે મોક્ષમાર્ગની સાધનામાં આગળ વધી શકતો નથી. ગમે તેવાં કષ્ટ પડે તો પણ તેને વેઠી લેવાની તૈયારી રાખવી જોઈએ.

(૯) સત્ય-સત્યની ઉપાસના, સત્યનો આગ્રહ.

(૧૦) તપ-અહીં તપ શબ્દથી ઇચ્છા નિરોધરૂપ તપ સમજવું.

(૧૧) કર્મરૂપ કવચનું ભેદન-સકલ કર્મોનો નાશ.

तस्सेस मग्गो गुरु-विद्धसेवा,
विवज्जणा बालजणस्स दूरा ।
सज्झायएगंतनिसेवणा य,
सुत्तत्थसंचिन्तणया धिई य ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩]

ગુરુ અને વૃદ્ધ સંતોની સેવા, અજ્ઞાની જીવોના સંગનું દૂરથી વર્જન, સ્વાધ્યાય, સૂત્રાર્થનું સારી રીતે ચિંતન તથા ધૈર્ય એ એકાંતિક સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

વિ૦ મોક્ષમાર્ગના પથિકમાં બીજા પણ જે ગુણો હોવા ઘટે છે, તે અહીં દર્શાવેલા છે :

(૧) ગુરુની સેવા—જ્ઞાન આપે તે ગુરુ. તેમનો વિનય કરવાથી, તેમની સેવા કરવાથી શાસ્ત્રોનું રહસ્ય સમજાય છે અને મોક્ષની સાધનામાં ઝડપથી આગળ વધી શકાય છે.


(૨) વૃદ્ધસંતોની સેવા—એ પણ ગુરુ સેવા જેટલી જ ઉપકારક છે.

(૩) અજ્ઞાનીઓના સંગનું વર્જન—જે બાલભાવમાં રમી રહેલા છે, તેમને અજ્ઞાની સમજવા. તેમનો સંગ કરવાથી મોક્ષસાધનાનો ઉત્સાહ ઠંડો પડી જાય છે, અથવા તો તેમાંથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ પણ આવે છે, માટે તેમના સંગનો ત્યાગ કરવો. સંગ કરવો તે પરમાર્થને જાણનારા જ્ઞાનીઓનો જ કરવો, જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય.

(૪) સ્વાધ્યાય—આપ્તપ્રણીત શાસ્ત્રોનો અભ્યાસ.

(૫) સૂત્રાર્થનું સારી રીતે ચિંતન—સૂત્ર અને અર્થ બંને પર સારી રીતે ચિંતન કરવાથી મનનો વિક્ષેપ ટળે છે અને મોક્ષસાધનાનો ઉત્સાહ વૃદ્ધિ પામે છે.

(૬) ધૈર્ય—ચિત્તની સ્વસ્થતા.



सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं छेयं तं समायरे ॥ १ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૧]

સાધક સદ્‌ગુરુનો ઉપદેશ શ્રવણ કરવાથી કલ્યાણનો–સ્વહિતનો માર્ગ જાણી શકે છે, અને સદ્‌ગુરુનો ઉપદેશ શ્રવણ કરવાથી પાપનો અર્થાત્ અકલ્યાણનો–અહિતનો માર્ગ પણ જાણી શકે છે. આ રીતે જ્યારે તે હિત અને અહિત બંનેનો માર્ગ જાણે, ત્યારે જે હિતકર હોય તેનું આચરણ કરે.

जो जीवे वि न जाणेइ, अजीवे वि न जाणइ ।
जीवाऽजीवे अयाणंतो कहं सो नाहीइ संजमं ॥ २ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૨]

જે જીવને પણ જાણતો નથી, તે અજીવને પણ જાણતો નથી. આ રીતે જીવ અને અજીવ બંનેને નહિ જાણનારો સંયમને શી રીતે જાણી શકે ?

વિ૦ સાધકે સહુથી પ્રથમ જીવનું–આત્મતત્ત્વનું જ્ઞાન મેળવી લેવું જોઈએ, અર્થાત્ તેનાં લક્ષણ વગેરેથી પરિચિત થવું જોઈએ. જેણે આ પ્રકારનું જ્ઞાન મેળવ્યું નથી, તેને અજીવનું જ્ઞાન પણ થતું નથી, કારણ કે તે બે વચ્ચેનો ભેદ તેનાથી સમજી શકાતો નથી. આ રીતે જે

જીવ અને અજીવ બંનેના સ્વરૂપથી અજાણ છે, તે સંયમનું સ્વરૂપ પણ જાણી શકતો નથી, કારણ કે સંયમ-પાલનને જીવદયા સાથે ગાઢ સંબંધ છે.

જો જીવે વિ વિયાણેઇ, અજીવે વિ વિયાણઇ ।
જીવાઽજીવે વિયાણંતો, સો હુ નાહીઇ સંજમં ॥ ૩ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૩]

જે જીવને સારી રીતે જાણે છે, તે અજીવને પણ સારી રીતે જાણે છે. આ રીતે જીવ અને અજીવ બંનેને સારી રીતે જાણનારો સંયમને જાણે છે.

જયા જીવમજીવે ય, દો વિ એએ વિયાણઇ ।
તયા ગઇં બહુવિહં, સવ્વજીવાણ જાણઇ ॥ ૪ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૪]

જ્યારે સાધક જીવ અને અજીવ બંનેને સારી રીતે જાણે છે, ત્યારે તે સર્વ જીવોની બહુવિધ ગતિને જાણે છે.

વિ૦ અહીં ગતિ શબ્દથી એક ભવમાંથી બીજા ભવમાં જવાની ક્રિયા સમજવાની છે. આ ગતિ એક પ્રકારની નથી, પણ બહુ પ્રકારની છે, એટલે કે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારની છે; સંસારી જીવને આ ચાર ગતિમાંથી એક ગતિમાં અવશ્ય ઉત્પન્ન થવું પડે છે, કારણ કે તેણે એ પ્રકારનું કર્મ બાંધેલું હોય છે અને તેનું ફળ ભોગવ્યા સિવાય તેનો છૂટકો થતો નથી.

जया गइं बहुविहं, सव्वजिवाण जाणइ ।
तया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणइ ॥ ५ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૫]

જ્યારે સાધક સર્વ જીવોની બહુ પ્રકારની ગતિને જાણે છે, ત્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે છે.

વિ૦ એક જીવને સદ્ગતિમાં અને બીજાને દુર્ગતિમાં જતો જોઈને પુણ્ય-પાપનો સિદ્ધાંત સમજાય છે, એટલે કે જે જીવે પુણ્ય કર્યું હોય તેની સદ્ગતિ થાય છે અને પાપ કર્યું હોય તેની દુર્ગતિ થાય છે, એ વાત તેના ખ્યાલમાં આવે છે. પછી વિશેષ વિચાર કરતાં પુણ્ય અને પાપ એક પ્રકારનો કર્મબંધ છે, એ વાત તેને સમજાય છે; અને જ્યાં કર્મબંધ છે, ત્યાં તેમાંથી છૂટકારો થવાની ક્રિયા પણ અવશ્ય હોવી જોઈએ, એવું અનુમાન થતાં મોક્ષનો નિર્ણય થાય છે.

जया पुण्णं च पावं च, बंधं मोक्खं च जाणइ ।
तया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ॥ ६ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૬]

જ્યારે સાધક પુણ્ય, પાપ, બંધ અને મોક્ષનું સ્વરૂપ બરાબર જાણે છે, ત્યારે તેને સ્વર્ગીય તથા માનુષિક ભોગો તરફ વૈરાગ્ય થાય છે; અર્થાત્ આ બન્ને જાતના ભોગો અસાર છે, એ વસ્તુ તેના ખ્યાલમાં આવે છે અને તેથી તેના પરની આસક્તિ ઉડી જાય છે.

जया निव्विंदए भोए, जे दिव्वे जे य माणुसे ।
तया चयइ संजोगं, सब्भिन्तरबाहिरं ॥ ७ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૭]

જ્યારે સાધકને સ્વર્ગીય તથા માનુષિક ભોગો તરફ વૈરાગ્ય થાય છે, ત્યારે તે અભ્યંતર અને બાહ્ય સંયોગ છોડી દે છે.

વિ૦ અહીં અભ્યંતર સંયોગથી કષાયો અને બાહ્ય-સંયોગથી ધન, ધાન્યાદિનો પરિગ્રહ તેમજ કુટુંબીજનોનો સંબંધ સમજવો. તાત્પર્ય કે સાધકને જ્યારે સ્વર્ગીય કે માનુષિક કોઇ ભોગની ઇચ્છા રહેતી નથી, ત્યારે કષાય કરવાનું કારણ રહેતું નથી અને ધનધાન્યાદિ તથા કુટુંબીજનો પરનું મમત્વ આપોઆપ ઘટી જાય છે.

जया चयइ संजोगं, सब्भिन्तर–बाहिरं ।
तया मुण्डे भवित्ताणं, पव्वयइ अणगारियं ॥ ८ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૮]

જ્યારે સાધક અભ્યંતર અને બાહ્ય સંયોગો છોડી દે છે, ત્યારે માથું મુંડાવીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થાય છે.

વિ૦ અણગારધર્મ એટલે શ્રમણધર્મ કે સાધુધર્મ. પ્રવ્રજિત થવું એટલે દીક્ષિત થવું. નિર્ગ્રંથ સંપ્રદાયમાં સાધુ-ધર્મની દીક્ષા લેતી વખતે માથે મુંડન કરાવવાનું ફરજિયાત હોય છે. બૌદ્ધ શ્રમણો પણ દીક્ષા ગ્રહણ કરતી વખતે મસ્તકનું મુંડન કરાવે છે. મસ્તક મુંડાવ્યું એટલે શરીર

સંબંધી સર્વ શોભાનો, મમત્વનો ત્યાગ કર્યો, એમ સમજવાનું છે.

जया मुण्डे भवित्ताणं, पव्वयइ अणगारियं ।
तया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥ ९ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૯]

જ્યારે સાધક માથું મુંડાવીને અણગારધર્મમાં પ્રવ્રજિત થાય છે, ત્યારે ઉત્કૃષ્ટ સંયમરૂપ ધર્મને સારી રીતે આચરી શકે છે.

जया संवरमुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ॥१०॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૦]

જ્યારે સાધક ઉત્કૃષ્ટ સંયમરૂપ ધર્મને સારી રીતે આચરે છે, ત્યારે મિથ્યાત્વજનિત કલુષિત ભાવોથી ઉત્પન્ન થયેલી કર્મરજને ખંખેરી નાખે છે.

जया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥ ११ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૧]

જ્યારે સાધક મિથ્યાત્વજનિત કલુષિત ભાવોથી ઉત્પન્ન થયેલી કર્મરજને ખંખેરી નાખે છે, ત્યારે સર્વવ્યાપી જ્ઞાન (કેવળજ્ઞાન) અને સર્વવ્યાપી દર્શન (કેવલદર્શન) ને મેળવી શકે છે.

जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥ १२ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૨]

જ્યારે સાધક સર્વવ્યાપી જ્ઞાન અને સર્વવ્યાપી દર્શનને મેળવે છે, ત્યારે તે લોક અને અલોકને જાણે છે અને જિન તથા કેવલી બને છે.

જયા લોગમલોગં ચ, જિણો જાણઇ કેવલી ।
તયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પાડવજ્જઇ ॥ ૧૩ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૩]

જ્યારે સાધક લોક અને અલોકને જાણનાર જિન તથા કેવલી બને છે, ત્યારે અંતસમયે મન, વચન અને કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે, અર્થાત્ પર્વત જેવી સ્થિર–અકંપ દશા પ્રાપ્ત કરે છે.

જયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઇ ।
તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ॥ ૧૪ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૪]

જ્યારે સાધક મન, વચન, કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે તમામ કર્મોને ખપાવી, શુદ્ધ થઈ સિદ્ધિને પામે છે.

જયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ।
તયા લોગમત્થયત્થો, સિદ્ધો હવઇ સાસઓ ॥ ૧૫ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૫]

જ્યારે તે તમામ કર્મોને ખપાવી શુદ્ધ થઇ સિદ્ધિને પામે છે, ત્યારે લોકના મસ્તક પર રહેનારો શાશ્વત સિદ્ધ બને છે.

सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहोयस्स, दुल्लहा सुगई तारिसगस्स ॥१६॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૬]

જે શ્રમણ બાહ્ય સુખનો અભિલાષી છે, અને સુખ કેમ મળે? એ વિચારથી નિરંતર વ્યાકુલ રહે છે, સૂત્રાર્થની વેળા ઓળંગીને ઘણા વખત સુધી સૂતો પડ્યો રહે છે, જે શરીરસૌંદર્ય વધારવાને માટે પોતાના હાથ-પગ આદિ સદા ધોતો-સાફ કરતો રહે છે, તે નામધારી શ્રમણને મોક્ષ મળવો ઘણો દુર્લભ છે.

तवोगुणपहाणस्स, उज्जुमइ खन्तिसंजमरयस्स ।
परीसहे जिणन्तस्स, सुलहा सुगई तारिसगस्स ॥ १७ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨૭]

જે શ્રમણ તપોગુણમાં પ્રધાન છે અર્થાત્ ઘણું તપ કરે છે, જે પ્રકૃતિથી સરલ છે, ક્ષમા અને સંયમમાં અનુરક્ત છે, અને જે પરીષહોને જિતે છે, તેને મોક્ષની પ્રાપ્તિ સુલભ છે.

વિ૦ ચારિત્રનું પાલન કરતાં જે કંઈ કષ્ટ, મુશીબત કે મુશ્કેલી આવી પડે તેને સમતાથી સહન કરી લેવી તેને પરીષહજય કહેવામાં આવે છે. તેના બાવીશ પ્રકારો નીચે મુજબ છે :

(૧) ક્ષુધાપરીષહ—ભૂખથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

(૨) તૃષાપરીષહ—તૃષાથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

(૩) શીતપરીષહ—ઠંડીથી થતી વેદના સહન કરવી.

(૪) ઉષ્ણપરીષહ—તાપથી થતી વેદના સહન કરવી.

(૫) દંસ-મશકપરીષહ—ડાંસ અને મચ્છરના કરડવાથી ઉત્પન્ન થતી વેદના સહન કરવી.

(૬) અચેલકપરીષહ—વસ્ત્ર રહિત કે ફાટેલાં વસ્ત્રવાળી સ્થિતિથી ખેદ ન પામવો.

(૭) અરતિપરીષહ—ચારિત્ર પાળતાં મનમાં ગ્લાનિ થવા ન દેવી.

(૮) સ્ત્રીપરીષહ—સ્ત્રીઓનાં હાવભાવાદિ પ્રસંગથી મનને ચલાયમાન થવા દેવું નહિ.

(૯) ચર્યાપરીષહ—કોઈ ગામ ઉપર મમત્વ ન રાખતાં રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું અને એ રીતે વિહાર કરતાં-પરિભ્રમણ કરતાં જે કષ્ટો આવે તે સહન કરી લેવાં.

(૧૦) નિષદ્યાપરીષહ—સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનમાં રહી એકાંતવાસ સેવવો.

(૧૧) શય્યાપરીષહ—સૂવાની જગા કે સૂવાની પાટ વગેરે ગમે તેવી મળે તેથી ખેદ ન પામવો.

(૧૨) આક્રોશપરીષહ—કોઈ મનુષ્ય આક્રોશ કરે, તિરસ્કાર કરે, અપમાન કરે તેને શાંતિથી સહી લેવું.

(૧૩) વધપરીષહ—કોઈ મારઝૂડ કરે તો પણ શાંતિ રાખવી.

(૧૪) યાચનાપરીષહ—સાધુને દરેક વસ્તુ યાચીને જ મેળવવાની હોય છે, તેથી મનમાં કંટાળો લાવવો નહિ.

(૧૫) અલાભપરીષહ—ભિક્ષા માગવા છતાં કોઈ વસ્તુ ન મળે તો તેનો સંતાપ કરવો નહિ.

(૧૬) રોગપરીષહ—ગમે તેવો રોગ કે વ્યાધિ ઉત્પન્ન થાય પણ હાયવોય કે બૂમબરાડા ન પાડતાં તેની બધી વેદના શાંતિથી સહન કરી લેવી.

(૧૭) તૃણસ્પર્શપરીષહ—બેસતાં, ઉઠતાં તથા સૂતાં દર્ભાદિ તૃણોનો જે કઠોર સ્પર્શ થાય તે શાંતિથી સહન કરી લેવો.

(૧૮) મલપરીષહ—પરસેવા તથા વિહાર વગેરેનાં કારણે શરીર પર મેલ ચડી જવા છતાં સ્નાનની ઇચ્છા કરવી નહિ.

(૧૯) સત્કારપરીષહ—કોઈ ગમે તેવો સત્કાર કરે તેથી અભિમાન ન કરતાં મનને કાબૂમાં રાખવું અને આ સત્કાર મારો નહિ પણ ચારિત્રનો થાય છે, તેમ સમજવું.

(૨૦) પ્રજ્ઞાપરીષહ—બુદ્ધિ કે જ્ઞાનનો મદ કરવો નહિ.

(૨૧) અજ્ઞાનપરીષહ—ઘણો પરિશ્રમ કરવા છતાં સૂત્ર-સિદ્ધાંતનો જોઈએ તેવો બોધ ન થાય તો તેથી નિરાશ થવું નહિ.

(૨૨) સમ્યક્ત્વપરીષહ—કોઈ પણ સ્થિતિમાં સમ્યક્ત્વને ડગમગવા ન દેતાં તેનું સંરક્ષણ કરવું.

ધારા દશમી
ધર્માચરણ

जरामरण वेगेणं, वुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥ १ ॥
[उत्त० अ० २३, गा० ६८]

જરા અને મરણના વેગથી ઘસડાતા જીવોને માટે ધર્મ બેટ રૂપ છે, ટકી રહેવાના સ્થાન રૂપ છે, આધાર રૂપ છે અને ઉત્તમ શરણ રૂપ છે.

વિ૦ જ્યાં જન્મ હોય ત્યાં જરા અને મરણ અવશ્ય હોય છે. આ જરા અને મરણનો વેગ એવો પ્રચંડ છે કે તે ખાળી શકાતો નથી; અર્થાત્ તેના જોરદાર પ્રવાહમાં સહુને ઘસડાવું પડે છે અને વિવિધ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરવો પડે છે. આવા પ્રસંગે ધર્મ મદદે આવે છે, તેના આધારે જીવો ટકી શકે છે, અને તેમનું ઉત્તમ પ્રકારે રક્ષણ થાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો જેણે ધર્મનું આચરણ કર્યું નથી, તેને વૃદ્ધાવસ્થામાં બહુ દુઃખી થવું પડે છે અને તેનું મરણ બગડે છે.

मरिहिसि रायं जया तया वा,
मणोरमे कामगुणे विहाय ।
एक्को हु धम्मो नरदेव ताणं,
न विज्जई अन्नमिहेइ किंचि ॥ २ ॥
उत्त० अ० १४, गा० ४०]

હે રાજન્! આ મનોહર દેખાતા કામભોગોને છોડીને તું ગમે ત્યારે મરવાનો જ છે. હે નરદેવ! એ વખતે તને માત્ર ધર્મ જ શરણ રૂપ થવાનો છે. તે સિવાય આ જગતમાં એવી કોઈ વસ્તુ વિદ્યમાન નથી કે જે તને ઉપયોગમાં આવે.

વિ૦ અહીં રાજાને સંબોધન કરેલું છે, પણ વસ્તુ દરેકને એક સરખી લાગુ પડે છે.

जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढई ।
जाविंदिया न हायंति, ताव धम्मं समाचरे ॥ ३ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૬]

જ્યાં સુધી જરા પીડે નહિ, જ્યાં સુધી વ્યાધિ વધે નહિ અને જ્યાં સુધી ઇન્દ્રિયો બલહીન થાય નહિ, ત્યાં સુધીમાં ધર્મનું આચરણ સારી રીતે કરી લેવું.

વિ૦ કેટલાક મનુષ્યો એમ સમજે છે કે જ્યારે મોટા થઈશું-ઘરડા થઈશું, ત્યારે ધર્મનું આચરણ કરીશું. હાલ તો મોજશોખ કરી લેવા દો. પણ એ સમજણ ખોટી છે. દેહ ક્ષણભંગુર છે, તે કયારે પડી જશે એ કહી શકાતું નથી. છતાં એમ માની લઈએ કે આયુષ્ય મોટું છે અને મનુષ્ય ઘરડો થવાનો છે, તેા શું એ વખતે તે ધર્મનું આચરણ કરી શકશે ખરો? એ વખતે શારીરિક શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય છે, નાના મોટા અનેક પ્રકારના વ્યાધિઓ લાગુ પડેલા હોય છે અને ઇન્દ્રિયો ધાર્યું કામ આપતી નથી. આ સંયોગોમાં ધર્મનું આચરણ શી રીતે થવાનું? માટે સુજ્ઞ મનુષ્યે ધર્મનું આચરણ

પ્રારંભથી જ સારી રીતે કરી લેવું. વળી એ હકીકત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જેણે બાલ્યવય કે યુવાનીમાં ધર્મ આચર્યો નથી, તેને વૃદ્ધાવસ્થામાં ધર્મ ગમતો નથી, એટલે ધર્મનું આચરણ તો મનુષ્ય સમજણો થાય ત્યારથી જ શરૂ કરી દેવું જોઈએ.

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अफला जन्ति राइओ ॥ ४ ॥
जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
धम्मं च कुणमाणस्स, सफला जन्ति राइओ ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૨૪-૨૫]

જે જે રાત્રિ જાય છે, તે પાછી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ નિષ્ફળ જાય છે.

જે જે રાત્રિ જાય છે, તે પાછી આવતી નથી. ધર્મ કરનારની રાત્રિઓ સફળ થાય છે.

વિ૦ જે જે રાત્રિ જાય છે, તે પાછી આવતી નથી, તેમ જે જે દિવસ જાય છે, તે પણ પાછો આવતો નથી. તાત્પર્ય કે જે સમય ચાલ્યો ગયો, તે કાયમને માટે હાથથી ગયો, તે ફરી પાછો આવવાનો નહિ. આ સંયોગોમાં બુદ્ધિમાન મનુષ્યોનું એ કર્તવ્ય છે કે તેમણે સમયનો બની શકે તેટલો સદુપયોગ કરી લેવો. જે મનુષ્ય અધર્મ આચરે છે, તેના સમયનો દુરુપયોગ થયો સમજવો, કારણ કે તેથી નવું કર્મબંધન થાય છે અને પરિણામે અનેક પ્રકારનાં દુઃખો ભોગવવા પડે છે. જે મનુષ્ય ધર્મ

આચરે છે, તેના સમયનો સદુપયોગ થયો સમજવો, કારણ કે તેથી નવાં કર્મો બંધાતાં નથી અને જે સત્તામાં હોય છે, તેનો પણ નાશ થાય છે. પરિણામે તેની ભવ-પરંપરાનો અંત આવે છે અને તે સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसन्ति, जस्स धम्मे सया मणो ॥ ६ ॥
[દશ૦ અ૦ ૧, ગા૦ ૧]

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. તે અહિંસા, સંયમ અને તપ રૂપ છે. જેના મનમાં સદા ધર્મ છે, તેને દેવો પણ વંદે-પૂજે છે.

વિ૦ આ જગતમાં લોકો અહર્નિશ મંગલની કામના કર્યા કરે છે, પણ તેમને ખબર નથી કે સહુથી ઉત્કૃષ્ટ મંગલ તો ધર્મ જ છે, કારણ કે તેનાથી દુરિતો દૂર નાસે છે અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ અહીં ધર્મ શબ્દથી અહિંસા, સંયમ અને તપની ત્રિપુટી સમજવાની છે. જ્યાં કોઈ પણ પ્રકારની હિંસા હોય ત્યાં ધર્મ નથી. જ્યાં કોઈ પણ પ્રકારનો સ્વચ્છંદ કે દુરાચાર હોય ત્યાં પણ ધર્મ નથી. અને જ્યાં એક યા બીજા પ્રકારે ભોગ-વિલાસની પુષ્ટિ હોય ત્યાં પણ ધર્મ નથી. જે અહિંસા, સંયમ અને તપોમય ધર્મનું નિરંતર પાલન કરે છે, તે માત્ર માનવસમાજને જ નહિ, પણ દેવોને ય વંદનીય-પૂજનીય બને છે. સારાંશ કે ધર્મના પાલનથી મનુષ્ય

સર્વશ્રેષ્ઠ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

અહિંસ સચ્ચં ચ અતેણગં ચ,
તત્તો ય બમ્ભં અપરિગ્ગહં ચ ।
પડિવજ્જિયા પંચ મહવ્વયાણિ,
ચરિજ્જ ધમ્મં જિણદેસિયં વિદૂ ॥ ૭ ॥
[ઉત્ત૦ અ૦ ૨૧, ગા૦ ૧૨]

બુદ્ધિમાન મનુષ્યે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને શ્રી જિન ભગવાને ઉપદેશેલા ધર્મનું આચરણ કરવું.

વિ૦ જે આ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરી શકે નહિ, તેને માટે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ બાર પ્રકારના વ્રતોની યોજના છે. કદાચ એ પણ ન બની શકે તો આમાંથી જેટલું શકય હોય તેટલું આચરવાનું છે અને દિવસે દિવસે તેમાં વધારે પ્રગતિ કેમ થાય? એ લક્ષ્ય રાખવાનું છે.

બહિયા ઉડ્ઢમાદાય, નાવકંક્ખે કયાઇ વિ ।
પુવ્વકમ્મક્ખયટ્ઠાએ, ઇમં દેહં સમુદ્ધરે ॥ ૮ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૧૪]

સંસારથી બહાર અને સર્વથી ઉંચે-ઉપર સિદ્ધશિલા નામનું જે સ્થાન છે, ત્યાં પહોંચવાનો ઉદ્દેશ રાખીને વર્તવું. કદાપિ વિષયભોગની આકાંક્ષા કરવી નહિ. પૂર્વે જે કર્મોનો સંચય કર્યો છે, તેનો ક્ષય કરવા માટે જ આ કાયાને ધારણ કરવી.

વિ૦ મોક્ષમાં પહોંચવાની તક માત્ર માનવભવમાં જ રહેલી છે અને માનવભવ અનંત ભવભ્રમણ કર્યા પછી મહાકષ્ટે પ્રાપ્ત થાય છે. આ વસ્તુનો ખ્યાલ રાખીને સુજ્ઞ મનુષ્યે મોક્ષપ્રાપ્તિને જ પોતાનું ધ્યેય બનાવવું જોઈએ. આ માનવદેહ ભોગવિલાસ માટે નથી, પણ પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરવા માટે છે, એ વાત ફરી ફરીને મનમાં ઠસાવવાની જરૂર છે. જો આ વાત મનમાં બરાબર ઠસે તો જ ભોગો પ્રત્યેની આસક્તિ દૂર થાય અને ધર્માચરણ કરવાનો ઉત્સાહ વધે.

धम्मे हरए बम्भे संतितित्थे,
अणाविले अत्तपसन्नलेसे ।
जहिं सिणाओ विमलो विसुद्धो,
सुसीतिभूओ पजहामि दोसं ॥ ९ ॥

[ઉત્ત૦ અ૦ ૧૨, ગા૦ ૪૬]

મિથ્યાત્વઆદિ દોષોથી રહિત અને આત્મપ્રસન્ન લેશ્યાથી યુક્ત એવો ધર્મ એ જલાશય છે અને બ્રહ્મચર્ય એ શાંતિતીર્થ છે. તેમાં સ્નાન કરીને હું વિમલ, વિશુદ્ધ અને સુશીતલ થાઉં છું, તેમજ કર્મોનો નાશ કરું છું.

વિ. કેટલાક મનુષ્યો માત્ર ન્હાવું-ધોવું અને બહારથી શુદ્ધ રહેવું તેને જ ધર્મ માને છે, પણ વાસ્તવિક ધર્મ અંતરની શુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે. આ અંતરની શુદ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય વગેરે દોષો દૂર કરવામાં આવે છે અને આત્માના પરિણામોને વિશુદ્ધ રાખવામાં આવે છે.

આત્માના પરિણામોની તરતમતા સમજાવવા માટે ભગવાન મહાવીરે છ લેશ્યાનું સ્વરૂપ પ્રકાશ્યું છે. તેમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ આત્માના અશુદ્ધતમ–અશુદ્ધતર અને અશુદ્ધ પરિણામોનું સૂચન કરનારી છે અને પીત, પદ્મ તથા શુકલ એ ત્રણ લેશ્યાઓ આત્માના શુદ્ધ–શુદ્ધતર–શુદ્ધતમ પરિણામોનું સૂચન કરનારી છે, એટલે ધર્મારાધકે હંમેશ આ શુદ્ધ લેશ્યામાં જ રહેવું જોઈએ.

ધર્મારાધનમાં બ્રહ્મચર્યનું મહત્ત્વ પણ ઘણું છે. જે બ્રહ્મચર્ય પાળે છે, તેનું મન વિષયવિકારથી દૂર રહે છે અને તેથી અનન્ય શાંતિ પામે છે.


ટૂંકમાં જે આ પ્રકારનો લોકોત્તર–ઉચ્ચ ધર્મ આચરે છે, તેનો સર્વ મલ દૂર થાય છે, તેની સર્વ અશુદ્ધિઓ દૂર થાય છે અને તેના અંતરનો સર્વ તાપ ટળી અનુપમ શાંતિની પ્રાપ્તિ થાય છે. આવા આત્માનાં સર્વ કર્મો શીઘ્રતાથી નાશ પામે, એ સ્વાભાવિક છે.

पडंति नरए घोरे, जे नरा पावकारिणो ।
दिव्वं च गइं गच्छंति, चरित्ता धम्ममारियं ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૧૮, ગા૦ ૨૫]

જે મનુષ્યો પાપ કરનારાઓ છે, તે ઘોર નરકમાં પડે છે અને આર્યધર્મનું આચરણ કરનારા છે, તે દિવ્ય ગતિમાં જાય છે.

વિ૦ કર્મનો કાયદો અબાધિત છે. તેમાં કોઈની

લાગવગ કે સિફારસ ચાલતી નથી. જે ખોટાં કામો કરે છે, અધર્મ આચરે છે, પાપપ્રવૃત્તિમાં મચ્યા રહે છે, તેમને મૃત્યુ બાદ ભયંકર નરકસ્થાનમાં ઉત્પન્ન થવું પડે છે અને ત્યાં અકથ્ય દુઃખો સહન કરવા પડે છે. તે જ રીતે જે સારાં કામો કરે છે, આર્યધર્મ આચરે છે, એટલે કે દયા-દાન પરોપકારાદિ પ્રવૃત્તિમાં મચ્યા રહે છે, તેમને મૃત્યુ બાદ સ્વર્ગીય સુખો કે સિદ્ધિગતિ મળે છે.



नाइवाइज्ज किंचण ॥ १ ॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૪

કોઈ પણ પ્રાણીની હિંસા ન કરો.

सव्वे पाणा पियाउया सुहसाया दुक्खपडिकूला
अप्पियवहा पियजीवणो जीविउकामा सव्वेसिं
जीवियं पियं ॥ २ ॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩]

(કારણ કે) સર્વ પ્રાણીઓને પોતાનું આયુષ્ય પ્રિય છે, સુખ અનુકૂલ છે, દુઃખ પ્રતિકૂલ છે; વધ સર્વને અપ્રિય છે, જીવવું સર્વને પ્રિય છે. સર્વ જીવો જીવવાની કામનાવાળા છે, સર્વને પોતાનું જીવન પ્રિય લાગે છે.

एस मग्गो आरिएहिं पवेइए, जहेत्थ कुसले नोवलिंपिज्जासि ॥३॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૨]

આ અહિંસાનો માર્ગ આર્ય મહાપુરુષો દ્વારા કહેવાયેલો છે, તેથી કુશલ પુરુષ પોતાને હિંસાથી લેપે નહિ.

वणया वीरा महावीहिं ॥ ४ ॥

[આ૦ શ્રુ૦ ૧, આ૦ ૧, ઉ૦ ૩]

કુશલ પુરુષો પરીષહ સહન કરવામાં વીર હોય છે અને અહિંસાના મહાપંથ પર ચાલનારા હોય છે.

अदुवा अदिन्नाणं ॥ ५ ॥

[આ૦ શ્રુ૦ ૧. અ૦ ૧, ઉ૦ ૩]

જીવોની હિંસા કરવી, એ અદત્તાદાન અર્થાત્ ચોરી છે.

तं से अहियाए, तं से अबोहिए ॥ ६ ॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૧, ઉ૦ ૧]

તે પૃથ્વીકાયિક (આદિ) જીવોની હિંસા, કરનારને માટે અહિતકર થાય છે અને અબોધિ (અજ્ઞાન-મિથ્યાત્વ) નું કારણ બને છે.

आयातुले पयासु ॥ ७ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૩]

પ્રાણીઓ પ્રત્યે આત્મતુલ્ય ભાવ રાખો.

सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खाय, अओ सव्वे न हिंसया ॥ ८ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૯]

બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રકારની યુક્તિઓથી વિચાર કરીને તથા બધા પ્રાણીઓને દુઃખ ગમતું નથી, એ હકીકતને ધ્યાનમાં લઈને કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.

एयं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण ।
अहिंसा समयं चेव, एयावन्तं वियाणिया ॥ ९ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૧૦]

જ્ઞાનીઓનાં વચનનો સાર એ છે કે 'કોઈ પણ પ્રાણીને હણવું નહિ.' અહિંસાને જ શાસ્ત્રોમાં કહેલો શાશ્વત ધર્મ સમજવો.

संबुज्झमाणे उ नरे मइमं,
पावाउ अप्पाण निवट्टएज्जा ।
हिंसप्पसूयाइं दुहाइं मत्ता,
वेराणुबन्धीणि महब्भयाणि ॥ १० ॥
[सू० श्रु० १, अ० १०, गा० २१]

દુઃખો હિંસાથી જન્મેલાં છે, વેરને બાંધનારાં–વધારનારાં છે અને મહાભયંકર છે, એમ જાણીને સમજણવાળો મતિમાન મનુષ્ય પોતાની જાતને હિંસાથી અટકાવે.

सयं तिवायए पाणे, अदुवाऽन्नेहिं घायए ।
हणन्तं वाऽणुजाणाइ, वेरं वड्ढइ अप्पणो ॥ ११ ॥
[सू० श्रु० १, अ० १, उ० १, गा० ३]

પરિગ્રહમાં આસક્ત બનેલો મનુષ્ય પોતે પ્રાણીને હણે છે, અથવા બીજા પાસે હણાવે છે, અથવા હણનારને પોતાનું અનુમોદન આપે છે, અને એમ કરીને પોતાનું વેર વધારે છે.

વિ૦ જેમ હિંસાનું ક્ષેત્ર વધે છે, તેમ વૈરનો વિસ્તાર થાય છે, કારણ કે જે જે પ્રાણીઓને હણવામાં આવે છે, તે બધા પોતાનું વેર લેવા ઇચ્છે છે; એટલે પોતાનું હિત ઇચ્છનાર આત્માએ કોઈ પણ પ્રાણીને સ્વયં હણવું નહિ, બીજા પાસે હણાવવું નહિ કે કોઈ હણતો હોય તો તેનું અનુમોદન કરવું નહિ.

अणेलिसस्स खेयन्ने,
ण विरुज्झेज्ज केणइ ॥ १२ ॥
[सू० श्रु० १, अ० १५, गा० १३]

સંયમમાં નિપુણ પુરુષ કોઈની સાથે વૈર-વિરોધ કરે નહિ.

सया सच्चेण संपन्ने,
मितिं भूएहिं कप्पए ॥ १३ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૩]

જેનો અંતરાત્મા સદા સત્ય ભાવોથી ઓતપ્રોત છે, તેણે સર્વ ભૂતો પ્રત્યે મૈત્રી રાખવી ઘટે.

सव्वं जगं तू समयाणुपेही,
पियमप्पियं कस्सइ नो करेज्जा ॥ १४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૦, ગા૦ ૭]

મુમુક્ષુ સર્વ જગત્ અર્થાત્ સર્વ જીવોને સમભાવથી જુએ. તે કોઈને પ્રિય અને કોઈને અપ્રિય ન કરે.

डहरे य पाणे बुड्ढे य पाणे,
ते आत्तओ पासइ सव्वलोए ॥ १५ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૨, ગા૦ ૧૮]

મુમુક્ષુ નાના અને મોટા સર્વ પ્રાણીઓને આત્મ-સમાન દેખે.

पुढवीजीवा पुढो सत्ता, आउजीवा तहाऽगणी ।
वाउजीवा पुढो सत्ता, तणरुक्खा सबीयगा ॥ १६ ॥
अहावरा तसा पाणा, एवं छक्कायं आहिया ।
एयावए जीवकाए, नावरे कोइ विज्जई ॥ १७ ॥
सव्वाहिं अण्डजुतीहिं, मईमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खा य, अओ सव्वे न हिंसया ॥ १८ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૭-૮-૯]

પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને બીજસહિત તૃણ, વૃક્ષ આદિ વનસ્પતિકાય–એ સર્વ જીવો અતિ સૂક્ષ્મ છે. (ઉપરથી એક આકારવાળા દેખાવા છતાં સર્વેનું પૃથક્ પૃથક્ અસ્તિત્વ છે.)

ઉકત પાંચ સ્થાવરકાય ઉપરાંત બીજા ત્રસ પ્રાણીઓ પણ છે. એ છ ષડ્જીવનિકાય કહેવાય છે. સંસારમાં જેટલા પણ જીવો છે, તે સર્વેનો સમાવેશ આ ષડ્જીનિકાયમાં થઈ જાય છે. એના સિવાય બીજી કોઈ જીવ–નિકાય નથી.

બુદ્ધિમાન પુરુષ ઉક્ત ષડ્જીવનિકાયનું સર્વ પ્રકારે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે અને 'સર્વે જીવો દુઃખથી ગભરાય છે' એમ જાણીને તેને દુઃખ દે નહિ.

જે કેઇ તસા પાણા, ચિટ્ઠન્તિ અદુ થાવરા ।
પરિયાએ અત્થિ સે અઞ્જૂ, જેણ તે તસથાવરા ॥ ૧૯ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧, ઉ૦ ૪, ગા૦ ૮]

જગતમાં કેટલાક ત્રસ જીવો છે અને કેટલાક સ્થાવર જીવો છે. એક પર્યાયમાં હોવું કે બીજા પર્યાયમાં હોવું એ કર્મની વિચિત્રતા છે. અર્થાત્ સર્વ જીવો પોત પોતાના કર્મ અનુસાર ત્રસ કે સ્થાવર થાય છે.

ઇરાલં જગઓ જોગં,
વિવજ્જાસં પલિન્તિ ય ।
સવ્વે અક્કંતદુક્ખા ય,
અઓ સવ્વે અહિંસિયા ॥ ૨૦ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧, ઉ૦ ૪, ગા૦ ૯]

એક જ જીવ જે એક જન્મમાં ત્રસ થાય છે, તે બીજા જન્મમાં સ્થાવર થઈ શકે છે. ત્રસ હો કે સ્થાવર, સર્વ જીવોને દુઃખ અપ્રિય હોય છે, એમ સમજીને મુમુક્ષુ સર્વ જીવો પ્રતિ અહિંસક બને.

उड्ढं अहे य तिरियं,
जे केइ तसथावरा ।
सव्वत्थ विरइं विज्जा,
सन्ति निव्वाणमाहियं ॥ २१ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૧૧]

ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોક, એ ત્રણે લોકમાં જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે, તેના પ્રાણનો અતિપાત (નાશ) કરતાં વિરમવું જોઈએ. વૈરની શાંતિને જ નિર્વાણ કહેલું છે.

વિ૦ ઊર્ધ્વલોક એટલે ઉપરનો ભાગ અર્થાત્ સ્વર્ગ; અધોલોક એટલે નીચેનો ભાગ અર્થાત્ પાતાલ; અને તિર્યગ્લોક એટલે એ બેની વચ્ચેનો ભાગ, અર્થાત્ મનુષ્ય લોક. જ્યારે કોઈ પણ પ્રાણી પ્રત્યે હૃદયના એક અંશમાં પણ વૈર-વૃત્તિ ન રહે, ત્યારે નિર્વાણની પ્રાપ્તિ થઈ સમજવી. તાત્પર્ય કે અહિંસાની પૂર્ણતા એ જ નિર્વાણ છે.

पभू दोसे निराकिच्चा,
न विरुज्झेज्ज केण वि ।
मणसा वयसा चेव,
कायसा चेव अन्तसो ॥ २२ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૧૨]

ઇન્દ્રિયોને જિતનારો સમર્થ પુરુષ કોઈ પણ પ્રાણીની સાથે યાવજ્જીવ મન, વચન, કાયાથી વૈર-વિરોધ કરે નહિ.

વિરએ ગામધમ્મેહિં, જે કેઇ જગઈ જગા ।
તેસિં અવુત્તમાયાએ, થામં કુવ્વં પરિવ્વએ ॥ ૨૩ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૩૩]

શબ્દાદિ વિષયોથી ઉદાસીન થયેલો પુરુષ, આ જગતમાં જેટલા પણ ત્રસ અને સ્થાવર જીવો છે, તેમને આત્મતુલ્ય જોઈ તેમનો બચાવ કરવામાં શક્તિનો ઉપયોગ કરે અને એ રીતે સંયમનું પાલન કરે.

જે ય બુદ્ધા અતિક્કંતા,
જે ય બુદ્ધા અણાગયા ।
સંતિ તેસિં પઇટ્ઠાણં,
ભૂયાણં જગઈ જહા ॥ ૨૪ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૧, ગા૦ ૩૬]

જેમ જીવોનું આધારસ્થાન પૃથ્વી છે, તેમ થઈ ગયેલા અને થનાર તીર્થંકરોનું આધારસ્થાન શાંતિ અર્થાત્ અહિંસા છે. તાત્પર્ય કે તીર્થંકરોને આટલું ઊંચું પદ અહિંસાના ઉત્કૃષ્ટ પાલનથી જ મળે છે.

પુઢવી ય આઊ અગણી ય વાઊ,
તણ રુક્ખ બીયા ય તસા ય પાણા ।
જે અણ્ડયા જે ય જરાઉ પાણા,
સંસેયયા જે રસયાભિહાણા ॥ ૨૫ ॥
એયાઇં કાયાઇં પવેઇયાઇં,
એએસુ જાણે પડિલેહ સાયં ।

एएण काएण य आयदण्डे,
एएसु या विप्परियासुविन्ति ॥ २६ ॥
[सू० श्रु० १, अ० ७, गा० १-२]

(૧) પૃથ્વી, (૨) જલ, (૩) તેજ, (૪) વાયુ, (૫) તૃણ, વૃક્ષ, બીજ આદિ વનસ્પતિ તથા (૬) અંડજ, જરાયુજ, સ્વેદજ, રસજ–આ સર્વ ત્રસ પ્રાણીઓને જ્ઞાનીઓએ જીવસમૂહ કહ્યો છે. એ બધામાં સુખની ઇચ્છા છે, તે જાણો અને સમજો.

જે આ જીવકાયોનો નાશ કરીને પાપનો સંચય કરે છે, તે વારંવાર આ પ્રાણીઓમાં જન્મ ધારણ કરે છે.

अज्झत्थं सव्वओ सव्वं, दिस्स पाणे पियायए ।
न हणे पाणिणो पाणे, भयवेराओ उवरए ॥ २७ ॥
[उत्त० अ० ६, गा० ७]

બધાં સુખ-દુઃખોનું મૂળ આપણા અંતરમાં છે, એમ જાણીને તથા પ્રાણીમાત્રને પોતાના પ્રાણ વહાલા છે, એમ સમજીને ભય અને વૈરથી નિવૃત્ત થવાપૂર્વક કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.

समया सव्वभूएसु, सत्तुमित्तेसु वा जगे ।
पाणाइवायविरई, जावज्जीवाए दुक्करं ॥ २८ ॥
[उत्त० अ० १९, गा० २५]

સંસારના શત્રુ કે મિત્ર સર્વ પ્રાણીઓ પર સમભાવ રાખવો, એ અહિંસા છે. જીવનપર્યંત કોઈ પણ પ્રાણીની મન–વચન–કાયાથી હિંસા ન કરવી, એ ખરેખર દુષ્કર વ્રત છે.

અભઓ પત્થિવા તુબ્ભં, અભયદાયા ભવાહિ ય ।
અણિચ્ચે જીવલોગમ્મિ, કિં હિંસાએ પસજ્જસિ ॥ ૨૯ ॥
[ઉત્ત૦ અ૦ ૧૮. ગા૦ ૧૧]

હે પાર્થિવ ! તને અભય છે. તું પણ અભયદાતા બન. આ નાશવંત સંસારમાં જીવોની હિંસામાં કેમ આસક્ત થઇ રહ્યો છે ?

જગનિસ્સિએહિં ભૂએહિં, તસનામેહિં થાવરેહિં ચ ।
નો તેસિમારભે દંડં, મણસા વયસા કાયસા ચેવ ॥ ૩૦ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૧૦]

સંસારમાં ત્રસ અને સ્થાવર જેટલા પણ જીવો છે, તેમના પ્રતિ મન, વચન અને કાયાથી દંડપ્રયોગ કરવો નહિ.

વિ૦ કોઈ પણ પ્રાણી આપણને પીડા આપે, આપણી સતામણી કરે કે આપણા માર્ગમાં વિઘ્નભૂત થાય છતાં તેને દંડવાનો–તેની હિંસા કરવાનો વિચાર મનથી કરવો નહિ, વચનથી પણ કરવો નહિ અને કાયાથી પણ કરવો નહિ. જ્યારે પીડા આપનાર આદિ પ્રત્યે પણ આવું વર્તન રાખવું યોગ્ય છે, તો જેણે આપણું કદી બગાડયું નથી કે આપણને કોઈ રીતે હરકત પહોંચાડી નથી, તેને તો દંડ દેવાય જ કેમ ? તાત્પર્ય કે મુમુક્ષુએ મન, વચન અને કાયાથી અહિંસાનું પાલન કરવું યોગ્ય છે.

સમણા મુ એગે વયમાણા,
પાણવહ મિયા અયાણન્તા ।

मन्दा नरयं गच्छन्ति,
बाला पावियाहिं दिट्ठीहिं ॥ ३१ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૭]

'અમે શ્રમણ છીએ,' એમ કહેનારા અને પ્રાણી-વધમાં પાપ નહિ જાણનારા મૃગ સમાન મંદ બુદ્ધિવાળા કેટલાક અજ્ઞાની જીવો પોતાની પાપદૃષ્ટિથી નરકમાં જાય છે.

न हु पाणवहं अणुजाणे,
मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवारिएहिमक्खायं,
जेहिं इमो साहुधम्मो पन्नत्तो ॥ ३२ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૮]

જે પ્રાણી વધનું અનુમોદન કરે છે, તે કદાપિ સર્વ દુઃખોથી મુક્ત થઈ શકતો નથી. તીર્થંકરોએ આ જ સાધુ ધર્મ કહેલો છે. તાત્પર્ય કે સાધુ સ્વયં હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે પણ નહિ અને કોઈ હિંસા કરતું હોય તો તેની અનુમોદના પણ કરે નહિ. જો એ અનુમોદના કરે તો મોક્ષપ્રાપ્તિનું એનું ધ્યેય વિફળ થાય.

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥ ३३ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૯]

ભગવાન મહાવીરે તમામ ધર્મસ્થાનોમાં પહેલું સ્થાન અહિંસાને આપેલું છે. સર્વ પ્રાણીઓ સાથે સંયમ-પૂર્વક વર્તવું, એમાં તેમણે ઉત્તમ પ્રકારની અહિંસા જોયેલી છે.

जावन्ति लोए पाणा, तसा अदुव थावरा ।
ते जाणमजाणं वा, न हणे नो वि घायए ॥ ३४ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૦]

આ લોકમાં જેટલા પણ ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, તેમને જાણતાં કે અજાણતાં હણવા નહિ, તેમ બીજા પાસે હણાવવા પણ નહિ.

सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥ ३५ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૧૦]

સર્વ જીવો જીવવા ઇચ્છે છે, કોઈ જીવ મરવા ઇચ્છતો નથી, તેથી નિર્ગ્રંથ મુનિઓ ભયંકર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

વિ૦ નિર્ગ્રંથ મુનિઓ એટલે જૈન શ્રમણો. ભયંકર એટલે પરિણામે ભયંકર. પ્રાણીવધ એટલે જીવહિંસા, હિંસા, ઘાતના કે મારણા.

तेसिं अच्छणजोएण, निच्चं होयव्वयं सिया ।
मणसा कायवक्केण, एवं हवइ संजए ॥ ३६ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૩]

આ જીવો પ્રતિ સદા અહિંસક વૃત્તિથી રહેવું જોઈએ. જે કોઈ મન-વચન-કાયાથી અહિંસક રહે છે, તે જ આદર્શ સંયમી છે.

अजयं चरमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बन्धइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥ ३७ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧]

અયત્નાએ ચાલનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે.

અજયં ચિટ્ઠમાણો ઉ, પાણભૂયાઇં હિંસઇ ।
બન્ધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥ ૩૮ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૨]

અયત્નાએ ઊભો રહેનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે.

અજયં આસમાણો ઉ, પાણભૂયાઇં હિંસઇ ।
બન્ધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥ ૩૯ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૩]

અયત્નાએ બેસનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે,

અજયં સયમાણો ઉ, પાણભૂયાઇં હિંસઇ ।
બન્ધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥ ૪૦ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૪]


અયત્નાએ સૂનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે.

અજયં ભુઞ્જમાણો ઉ, પાણભૂયાઇં હિંસઇ ।
બન્ધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુયં ફલં ॥ ૪૧ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૫]

અયત્નાએ ભોજન કરનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે.

अजयं भासमाणो उ, पाणभूयाइं हिंसइ ।
बन्धइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥ ४२ ॥
[દશ૰ અ૰ ૪, ગા૰ ૬]

અયત્નાએ બોલનારો પુરુષ ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે, જેથી કર્મબંધન થાય છે અને તેનું ફળ કડવું હોય છે.



બારમી
સત્ય

सच्चं भयवं ॥ १ ॥

[પ્રશ્નવ્યાકરણ સૂત્ર, સત્યદ્વાર]

સત્ય એ ભગવાન છે.

पुरिसा सच्चमेव समभिजाणाहि, सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तहइ ॥ २ ॥

[આ૦ શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૩ સૂત્ર. ૧૧]

હે પુરુષ ! તું સત્યને જ સારી રીતે જાણી લે. સત્યની આજ્ઞામાં રહેલો બુદ્ધિમાન પુરુષ મરણને તરી જાય છે.

मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गिरिहिओ ।
अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥ ३ ॥

[દશ. અ૦ ૬, ગા૦ ૧૨]

આ લોકમાં સર્વ સાધુ પુરુષો વડે અસત્ય વચન વખોડાયેલું છે; કારણ કે તે લોકોના મનમાં અવિશ્વાસ પેદા કરનારું છે; તેથી મૃષાવાદ અર્થાત્ અસત્ય વચનનો ત્યાગ કરવો.

अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥ ४ ॥

[દશ. અ૦ ૬, ગા૦ ૧૧]

પોતાના સ્વાર્થને માટે કે બીજાના લાભને માટે,

ક્રોધથી કે ભયથી, કોઈની હિંસા થાય એવું અસત્ય વચન સ્વયં બોલવું નહિ, તેમજ બીજા પાસે બોલાવવું પણ નહિ.

ण लविज्ज पुट्ठो सावज्जं, न निरट्ठं न मम्मयं ।
अप्पणट्ठा परट्ठा वा, उभयस्सन्तरेण वा ॥ ५ ॥
[ઉત્ત. અ૦ ૧, ગા૦ ૨૫]

જો કોઇ પૂછે તો પોતાને માટે કે બીજાને માટે, બંનેને માટે સ્વપ્રયોજન કે નિષ્પ્રયોજન સાવદ્ય (પાપકારી) વચન બોલવું નહિ, નિરર્થક વચન બોલવું નહિ, તેમજ મર્મભેદી વચન પણ બોલવું નહિ.

आहच्च चंडालियं कट्टु, न निण्हविज्ज कयाइ वि ।
कडं कडेत्ति भासेज्जा, अकडं णो कडेत्ति य ॥ ६ ।
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૧]

જો ક્રોધાદિ વશ મુખમાંથી અસત્ય વચન નીકળી જાય, તો તેને છૂપાવવું નહિ. જો અસત્ય વચન બોલાઈ ગયું હોય તો તેમ કહેવું અને ન જ બોલાયું હોય તો તેમ કહેવું. આ પ્રમાણે સત્ય કહેવું.

चउण्हं खलु भासाणं, परिसंखाय पण्णवं ।
दोण्हं तु विणयं सिक्खे, दो न भासेज्ज सव्वसो ॥ ७ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૧]

પ્રજ્ઞાવાન સાધક ચાર પ્રકારની ભાષાઓના સ્વરૂપને બરાબર જાણીને તેમાંથી બે પ્રકારની ભાષા દ્વારા વિનય (આચાર) શીખે; અને બે ભાષા સર્વથા ન બોલે.

વિ૦ ભાષાના ચાર પ્રકાર છે: (૧) સત્ય, (૨)

અસત્ય, (૩) સત્યાસત્ય અર્થાત્ મિશ્ર અને (૪ અસત્યા-મૃષા અર્થાત્ વ્યાવહારિક. આમાંથી પહેલી અને છેલ્લી બે ભાષા સાધક વિનયપૂર્વક બોલે, અને અસત્ય તથા મિશ્ર ભાષાઓનો સર્વથા ત્યાગ કરે.

जा य सच्चा अवत्तव्वा, सच्चामोसा य जा मुसा ।
जा य बुद्धेहिंऽणाइण्णा, न तं भासिज्ज पन्नवं ॥ ८ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૨]

જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષાનો તીર્થંકરોએ નિષેધ કર્યો હોય તે પ્રજ્ઞાવાન સાધક બોલે નહિ.

વિ૦ ઉપરની ગાથામાં સત્ય અને વ્યાવહારિક ભાષા બોલવાનું કહ્યું છે, તેમાં પણ કેટલુંક સમજવા જેવું છે, તેનું સ્પષ્ટીકરણ આ ગાથામાં કરવામાં આવ્યું છે. ભાષા સત્ય હોય પણ બોલવા જેવી ન હોય, અર્થાત્ બોલવાથી હિંસા કે અન્યનું નુકશાન થાય તેમ હોય તો તેવી ભાષા બોલવી નહિ. દાખલા તરીકે બજારમાં જતાં કોઈ કસાઈએ પૂછ્યું કે 'તમે મારી ગાય જોઈ છે?' તો ગાયને જતાં જોઈ હોય તો પણ ઉત્તરદાતા એમ કહે કે 'હા મેં જોઈ છે, તે આ બાજુ ગઈ છે.' તો પરિણામે હિંસા થવા સંભવ છે, એટલે એવી ભાષા બોલવી નહિ.

असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।
समुपेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥ ९ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૩]

પ્રજ્ઞાવાન સાધકે વ્યાવહારિક ભાષા તથા સત્યભાષા પણ પાપરહિત, કર્કશતાથી રહિત (કોમળ), સંદેહરહિત તથા સ્વ-પરનો ઉપકાર કરનારી હોય તેવી બોલવી.

વિતહં વિ તહામુત્તિ, જં ગિરં ભાસએ નરો ।
તમ્હા સો પુટ્ઠો પાવેણં, કિં પુણ જો મુસં વએ ? ॥ ૧૦ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૫]

જે મનુષ્ય દેખીતું સત્ય પણ વાસ્તવિક અસત્ય એવું વચન ભૂલથી બોલે છે, તે પાપથી ખરડાય છે, તો તદ્દન અસત્ય વદનારનું તો કહેવું જ શું ? તાત્પર્ય કે તે ઘણાં પાપથી ખરડાય છે.

તહેવ ફરુસા ભાસા, ગુરુભૂઓવઘાઇણી ।
સચ્ચા વિ સા ન વત્તવ્વા, જઓ પાવસ્સ આગમો ॥ ૧૧ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૧૧]

તે જ પ્રકારે સત્યભાષા જો બહુ પ્રાણીઓનો ઘાતકરનારી કે કઠોર હોય તો બોલવી નહિ, કારણ કે તેથી પાપનું આગમન થાય છે.

તહેવ કાણં કાણે ત્તિ, પંડગં પંડગે ત્તિ વા ।
વાહિયં વા વિ રોગિ ત્તિ, તેણં ચોરે ત્તિ નો વએ ॥ ૧૨ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૧૨]

તે જ પ્રકારે કાણાને કાણો, હીજડાને હીજડો, રોગીને રોગી અને ચોરને ચોર કહેવો નહિ, કારણ કે તે સાંભળવામાં અતિ કઠોર લાગે છે.

एएणऽन्नेण अट्ठेणं, परो जेणुवहम्मइ ।
आयारभावदोसन्नू, न तं भासेज्ज पन्नवं ॥ १३ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૧૩]

પ્રજ્ઞાવાન સાધક આચાર અને ભાવના ગુણ-દોષોને સમજી, ઉપર્યુક્ત તેમ જ બીજાના હૃદયને આઘાત પહોંચાડનારી ભાષા બોલે નહિ.

तहेव सावज्जऽणुमोयणी गिरा,
ओहारिणी जा य परोवघायणी ।
से कोह लोह भय हास माणवो,
न हासमाणो वि गिरं वएज्जा ॥ १४ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૫૪]

તે જ રીતે પ્રજ્ઞાવાન સાધક ક્રોધ, લોભ, ભય, હાસ્ય કે મજાકમાં પાપકારી, નિશ્ચયકારી અને બીજાના મનને દુઃખવનારી ભાષા બોલવાનું છોડી દે.

मुहुत्तदुक्खा उ हवंति कंटया,
अओमया ते वि तओ सुउद्धरा ।
वाय दुरुत्ताणि दुरुद्धराणि,
वेराणुबंधीणि महब्भयाणि ॥ १५ ॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૩, ગા૦ ૬]

લોખંડી કાંટો ભોંકાણો હોય તો બે ઘડી જ દુઃખ થાય છે અને તે સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો ભોંકાયો હોય તો તેને સહેલાઈથી કાઢી શકાતો નથી; વળી તે વેરનું અનુબંધ કરનારો તથા

મહાભયને ઉત્પન્ન કરનારી થાય છે.

દિટ્ઠં મિયં અસંદિદ્ધં, પડિપુણ્ણં વિયં જિયં ।
અયંપિ રમણુવ્વિગ્ગં, ભાસં નિસિર અત્તવં ॥ ૧૬ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૪૯]

આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ, અનુભૂત, વાચાલતારહિત અને કોઈને પણ ઉદ્વેગ ન પમાડનારી વાણી બોલવી જોઈએ.

ભાસાઇ દોસે ય ગુણે ય જાણિયા,
તી સે ય દુટ્ઠે પરિવજ્જએ સયા ।
છસુ સંજએ સામણિએ સયા જએ,
વએજ્જ બુદ્ધે હિયમાણુલોમિયં ॥ ૧૭ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૫૬]

ભાષાના દોષો તથા ગુણો જાણીને તેના દોષો સદાને માટે છોડી દેવા. છકાયના જીવોનો યથાર્થ સંયમ પાળનાર, સદા યત્નાથી વર્તનાર જ્ઞાની સાધક પરહિતકારી તથા મધુર ભાષા બોલે.

સવક્કસુદ્ધિં સમુપેહિયા મુણી,
ગિરં ચ દુટ્ઠું પરિવજ્જએ સયા ।
મિયં અદુટ્ઠું અણુવીઇ ભાસએ,
સયાણ મજ્ઝે લહઈ પસંસણં ॥ ૧૮ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૫૫]

મુનિ વચનશુદ્ધિનો વિચાર કરે અને દુષ્ટ ભાષાનો સદાને માટે પરિત્યાગ કરે. તે અદુષ્ટ ભાષા પણ માપસર

અને વિચારીને બોલે. આવું બોલનારા સંતપુરુષોની પ્રશંસા પ્રાપ્ત કરે છે.

અપ્પત્તિઅં જેણ સિયા, આસુ કુપ્પિજ્જ વા પરો ।
સવ્વસો તં ન ભાસિજ્જા, ભાસં અહિઅગામિણિં ॥ ૧૯ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૪૮]

જેનાથી અવિશ્વાસ ઉત્પન્ન થાય, અથવા બીજાને જલ્દી ક્રોધ આવે એવી અહિતકર ભાષા વિવેકી પુરુષ સર્વથા ન બોલે.

દેવાણં મણુયાણં ચ, તિરિયાણં ચ વુગ્ગહે ।
અમુગાણં જઓ હોઉ, મા વા હોઉ ત્તિ નો વએ ॥ ૨૦ ॥
[દશ૦ અ૦ ૭, ગા૦ ૫૦]

દેવતાઓ, મનુષ્યો તથા તિર્યંચોમાં જ્યારે પરસ્પર યુદ્ધ થાય, ત્યારે અમુકનો જય થાઓ અને અમુકનો પરાજય થાઓ, એવું બોલવું નહિ.

વિ૦ કારણ સ્પષ્ટ છે. આ પ્રકારનું વચન ઉચ્ચારવાથી એક પ્રસન્ન થાય છે અને બીજો નાખુશ થાય છે. આવી પરિસ્થિતિ ઊભી કરવી એ પ્રજ્ઞાવાન સાધક માટે ઇષ્ટ નથી.

અપુચ્છિઓ ન ભાસેજ્જા, ભાસમાણસ્સ અંતરા ।
પિટ્ઠિમંસં ન ખાએજ્જા, માયામોસં વિવજ્જએ ॥ ૨૧ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૪૭]

સંયમી સાધક પૂછ્યા વિના ઉત્તર આપે નહિ, બીજાઓ વાતચીત કરતા હોય તેમાં વચ્ચે બોલી ઉઠે નહિ, પીઠ પાછળ કોઈની નિંદા કરે નહિ તથા બોલવામાં કપટ-યુક્ત અસત્ય વાણીનો પ્રયોગ આદરે નહિ.

जणवयसम्मयठवणा,
नामे रूवे पडुच्च सच्चे य ।
ववहारभावजोगे,
दसमे ओवम्मसच्चे य ॥ २२ ॥
[પ્રજ્ઞાપના સૂત્ર-ભાષાપદ]

સત્ય વચનયોગ દશ પ્રકારનો છે, તે આ પ્રમાણે : (૧) જનપદ-સત્ય, (૨) સમ્મત-સત્ય, (૩) સ્થાપના-સત્ય, (૪) નામ-સત્ય, (૫) રૂપ-સત્ય, (૬) પ્રતીત-સત્ય, (૭) વ્યવહાર-સત્ય, (૮) ભાવ-સત્ય, (૯) યોગ-સત્ય અને (૧૦) ઉપમા-સત્ય.

વિ૦ દશવૈકાલિકનિર્યુક્તિમાં આ દશ પ્રકારના-સત્ય વચનયોગની સમજૂતી નીચે પ્રમાણે આપી છે :

(૧) **જનપદ-સત્ય**—જે દેશમાં જેવી ભાષા બોલાતી હોય તે પ્રમાણે બોલવું, તે જનપદ-સત્ય. જેમકે 'બિલ' શબ્દથી ગુજરાતી ભાષામાં દર કે ગુફા સમજાય છે, જ્યારે અંગ્રેજી ભાષામાં તે જ શબ્દથી ભરતિયું, કરેલી સેવાની કિંમતનો આંકડો કે કાયદાનો ખરડો સમજાય છે.

(૨) **સમ્મત-સત્ય**—પ્રથમના વિદ્વાનોએ જે શબ્દને જે અર્થમાં માન્ય કરેલો છે, તે શબ્દને તે અર્થમાં માન્ય રાખવો, તે 'સમ્મત-સત્ય.' જેમકે કમલ અને દેડકો બંને (કાદવ)માં જન્મે છે, છતાં પંકજ શબ્દ કમલ માટે વપરાય છે; નહિ કે દેડકા માટે.

(૩) **સ્થાપના-સત્ય**—કોઈ પણ વસ્તુની સ્થાપના કરી તેને એ નામથી ઓળખવી, તે 'સ્થાપના-સત્ય'.

જેમકે અમુક આકૃતિવાળા અક્ષરને જ 'ક' કહેવો, એકડાની પાછળ બે શૂન્ય ઉમેરીએ તેને 'સો' અને ત્રણ શૂન્ય ઉમેરીએ તેને 'હજાર' કહેવા વગેરે. શેતરંજનાં મહોરાંને 'હાથી', 'ઊંટ', 'ઘોડા' આદિ પણ તે જ રીતે કહેવાય છે.

(૪) **નામ-સત્ય**—ગુણવિહીન હોવા છતાં કોઈ પણ વ્યક્તિ કે વસ્તુવિશેષનું અમુક નામ રાખવું, તે 'નામ-સત્ય.' જેમ કે એક છોકરો ગરીબના ઘરમાં જન્મ્યો હોવા છતાં તેનું નામ રાખેલું હોય 'લક્ષ્મીચંદ્ર'.

(૫) **રૂપ-સત્ય**—કોઈ ખાસ રૂપ ધારણ કરનારને તે નામેથી જ બોલાવવા. જેમ કે સાધુનો વેષ પહેરેલો જોઈને તેને 'સાધુ' કહેવા.

(૬) **પ્રતીત સત્ય** (અપેક્ષા-સત્ય)—એક વસ્તુની અપેક્ષાએ બીજીને મોટી, હલકી, ભારે આદિ કહેવી, તે 'પ્રતીત-સત્ય.' જેમકે અનામિકા આંગળી મોટી છે. આ કથન કનિષ્ઠાની અપેક્ષાએ સત્ય છે, પરંતુ મધ્યમા આંગળી કરતાં તે નાની છે.

વ્યવહાર-સત્ય (લોક-સત્ય)—જે વાત વ્યવહારમાં બોલાય, તે 'વ્યવહાર-સત્ય.' જેમકે ગાડી જામનગર પહોંચે છે, પણ કહેવાય છે ત્યારે જામનગર આવી ગયું. રસ્તો કે માર્ગ સ્થિર છે, તે કાંઈ ચાલી શકતો નથી; છતાં કહેવાય છે એમ કે આ માર્ગ આબૂ જાય છે. તે જ રીતે ડુંગર ઉપરનું ઘાસ સળગે છે, છતાં કહેવાય છે કે ડુંગર સળગી ઊઠ્યો છે.

(૮) **ભાવ-સત્ય**—જે વસ્તુમાં જે ભાવ પ્રધાનપણે દેખાતો હોય, તેને લક્ષ્યમાં લઈને તે વસ્તુનું પ્રતિપાદન કરવું, તે 'ભાવ-સત્ય.' જેમકે કેટલાક પદાર્થોમાં પાંચે રંગો ઓછા-વત્તા પ્રમાણમાં હોવા છતાં તે તે રંગની પ્રધાનતાને લઈને કાળો, લાલ, પીળો વગેરે કહેવાય છે. દૃષ્ટાંત તરીકે પોપટમાં અનેક રંગો હોવા છતાં, તેને લીલો કહેવાય છે, તે 'ભાવ-સત્ય' છે.

(૯) **યોગ-સત્ય**—યોગ અર્થાત્ સંબંધથી કોઈ વ્યક્તિ કે વસ્તુને તે નામથી ઓળખવી, તે 'યોગ-સત્ય.' જેમ કે અધ્યાપકને અધ્યાપનકાલ સિવાય પણ 'અધ્યાપક' કહેવામાં આવે છે.

(૧૦) **ઉપમા-સત્ય**—કોઈ એક જાતની સમાનતા હોય, તેના પરથી તે વસ્તુની બીજાની સાથે તુલના કરવી અને તેને તે નામથી ઓળખવી, તે 'ઉપમા-સત્ય.' જેમ કે 'ચરણ-કમલ', 'મુખ-ચંદ્ર', 'વાણી-સુધા' વગેરે.

કોહે માણે માયા, લોભે પેજ તહેવ દોસે ય ।
હાસે ભએ અક્ખાઇય, ઉવઘાએ નિસ્સિયા દસમા ॥ ૨૩ ॥
[પ્રજ્ઞાપનાસૂત્ર-ભાષાપદ]

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય તથા ભયભીત થઈ બોલવામાં આવતી ભાષા, કલ્પિત વ્યાખ્યા તથા દશમી ઉપઘાત (હિંસા)ને આશ્રયે જે ભાષા વાપરવામાં આવી હોય તે, અસત્ય ભાષા છે.

ધારા તેરમી
અસ્તેય

पंचविहो पण्णत्तो, जिणेहिं इह अण्हओ अणादीओ।
हिंसामोसमदत्तं, अब्बंभपरिग्गहं चेव ॥ १ ॥
[પ્રશ્ન૦ દ્વાર ૧, ગા૦ ૨]

જિનેશ્વર ભગવંતોએ પ્રવચનને વિષે આસ્રવને અનાદિ તથા પાંચ પ્રકારનો કહેલો છે. તે પાંચ પ્રકારો આ પ્રમાણે જાણવા : (૧) હિંસા, (૨) મૃષાવાદ, (૩) અદત્ત, (૪) અબ્રહ્મ અને (૫) પરિગ્રહ.

વિ૦ જેનાથી આત્મપ્રદેશો ભણી કાર્મણ વર્ગણાનું આકર્ષણ થાય તેને આસ્રવ કહેવામાં આવે છે. તે પ્રવાહથી અનાદિ છે. આસ્રવ થવામાં મુખ્ય કારણો હિંસાદિ પાંચ પ્રકારનાં પાપો છે. તેમાં હિંસાને રોકવા માટે પ્રાણાતિપાત-વિરમણવ્રત અર્થાત્ અહિંસાવ્રત છે, મૃષાવાદને રોકવા માટે મૃષાવાદવિરમણવ્રત અર્થાત્ સત્યવ્રત છે અને અદત્તાદાનને રોકવા માટે અદત્તાદાનવિરમણવ્રત અર્થાત્ અસ્તેય વ્રત છે. તે જ રીતે અબ્રહ્મને રોકવા માટે મથુન-વિરમણવ્રત અને પરિગ્રહને રોકવા માટે પરિગ્રહવિરમણ-વ્રત છે.

तइयं च अदत्तादाणं हरदहमरणभयकलुसतासणपरसंतिमऽ
मेज्जलोभमूलं.....अकित्तिकरणं अणज्जं.....साहुगरणिज्जं
पियजणमित्तजणभेदविप्पीतिकारकं रागदोसबहुलं ॥ २ ॥
[પ્રશ્ન૦ દ્વાર ૩, સૂત્ર ૯]

ત્રીજું અદત્તાદાન, બીજાના હૃદયને દાહ પહોંચાડનારું; મરણભય, પાપ, ત્રાસ તથા પરધનની ગૃદ્ધિનો હેતુ અને લોભનું મૂળ છે. તે અપયશને કરનારું છે, અનાર્યકર્મ છે, સાધુ પુરુષોએ વખોડેલું છે, પ્રિયજન અને મિત્રજનોમાં ભેદ પડાવનારું છે, અપ્રીતિને ઉત્પન્ન કરનારું છે, તથા ઘણા રાગદ્વેષને જન્મ આપનારું છે.

વિ૦ પ્રશ્નવ્યાકરણ સૂત્રના ત્રીજા દ્વારમાં સ્તેયનાં ત્રીશ નામો ગણાવ્યાં છે, તેમાંના કેટલાંક આ પ્રમાણે જાણવા : (૧) ચોરી, (૨) અદત્ત, (૩) પરલાભ, (૪) અસંયમ, (૫) પરધનગૃદ્ધિ, (૬) લૌલ્ય, (૭) તસ્કરત્વ, (૮) અપહાર, (૯) પાપકર્મકરણ, (૧૦) કૂટતુલ-કૂટમાન, (૧૧) પર-દ્રવ્યાકાંક્ષા, (૧૨) તૃષ્ણા વગેરે.

चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
दंतसोहणमित्तं पि, उग्गहंसि अजाइया ॥ ३ ॥
तं अप्पणा न गिण्हंति, नो वि गिण्हावए परं ।
अन्नं वा गिण्हमाणं पि, नाणुजाणंति संजया ॥ ४ ॥
[દશ. અ૦ ૬, ગા. ૧૪-૧૫]

વસ્તુ સજીવ હોય કે નિર્જીવ, થોડી હોય કે વધારે, તે એટલે સુધી કે દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુ પણ, તેના માલિકને પૂછ્યા વિના સંયમી પુરુષો પોતે લેતા નથી, બીજા પાસે લેવડાવતા નથી અને જો કોઈ લેતું હોય તો, તેને સંમતિ પણ આપતા નથી.

तिव्वं तसे पाणिणो थावरे य,
जे हिंसति आयसुहं पडुच्च ।

જે લૂસए होइ अदत्तहारी,
ण सिक्खई सेयवियस्स किंचि ॥ ५ ॥
[સૂત્ર. શ્રુ. ૧, અ૦૫, ઉ૦ ૧, ગા૦ ૪]

જે મનુષ્ય પોતાના સુખને માટે ત્રસ તથા સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે તથા જે બીજાની વસ્તુઓ અણુદીધી લઈ લે છે, અર્થાત્ ચોરી લે છે, તે આદરણીય વ્રતોનું કંઈ પણ પાલન કરી શકતો નથી.

उड्ढं अहे य तिरियं दिसासु
तसा य जे थावर जे य पाणा ।
हत्थेहि पाएहि य संजमित्ता,
अदिन्नमन्नसु य नो गहेज्जा ॥ ६ ॥
[સૂત્ર. શ્રુ. ૧, અ૦ ૧૦, ગા૦ ૨]

આત્માર્થી પુરુષે ઊંચી, નીચી અને તીરછી દિશા કે જ્યાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓ રહેલાં છે, તેમને હાથ, પગ હલાવીને કે બીજાં અંગો દ્વારા પીડા ન પહોંચાડતાં સંયમથી રહેવું અને બીજાએ ન આપેલી વસ્તુ ગ્રહણ કરવી નહિ, અર્થાત્ અદત્તાદાન કરવું નહિ.

दन्तसोहणमाइस्स, अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स, गिण्हणा अवि दुक्करं ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૨૮]

દાંત ખોતરવાનું તરણું પણ તેના માલીકે આપ્યા વિના લેવું નહિ. નિરવદ્ય અને એષણીય વસ્તુઓ ગ્રહણ કરવી ઘણી દુષ્કર છે.


વિ૦ નિરવદ્ય એટલે પાપરહિત. એષણીય વસ્તુઓ એટલે સાધુધર્મના નિયમ પ્રમાણે કલ્પે તેવી વસ્તુઓ.

રૂવે અતિત્તે ય પરિગ્ગહે ય,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઈ અદત્તં ॥ ૮ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૯]

મનોજ્ઞરૂપ ગ્રહણ કરનારો જીવ અતૃપ્ત જ રહે છે. તેની આસક્તિ વધતી જ જાય છે. વળી તે બીજાની સુંદર વસ્તુનો લોભી બની અદત્ત ગ્રહણ કરતો જ જાય છે.

તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો,
રૂવે અતિત્તસ્સ પરિગ્ગહે ય ।
માયામુસં વડ્ઢઇ લોભદોસા,
તત્થાઽવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે ॥ ૯ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૦]

રૂપના સંગ્રહમાં અસંતુષ્ટ થયેલો તૃષ્ણાને વશ થઈ અદત્તનું હરણ કરે છે, અને એ રીતે મેળવેલી વસ્તુના રક્ષણ માટે લોભદોષથી કપટક્રિયા સાથે અસત્ય બોલે છે; આમ છતાં તે દુઃખથી મુક્ત થતો નથી, અર્થાત્ દુઃખનો ભાગી થાય છે.



ધારા ચૌદમી
બ્રહ્મચર્ય

लोगुत्तमं च वयमिणं ॥ १ ॥

[પ્રશ્ન. સંવરદ્વાર ૪, સૂત્ર-૧]

આ વ્રત લોકોત્તમ છે.

बंभचेर उत्तमतव-नियम-पाण-दंसण-चरित्त-सम्मत-
विणयमूलं ॥ २ ॥

[પ્રશ્ન. સંવર દ્વાર ૪, સૂત્ર-૧]

બ્રહ્મચર્ય એ ઉત્તમ તપ, નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યકત્વ અને વિનયનું મૂળ છે.

एक्कं पि बंभचेरे जंमिय आराहियं पि, आराहियं
वयमिणं सव्वं तम्हा निउणेण बंभचेरं चरियव्वं ॥ ३ ॥

[પ્રશ્ન. સંવર દ્વાર ૪, સૂત્ર-૧]

જેણે આ એક જ બ્રહ્મચર્યવ્રતની આરાધના કરી, તેણે બધાં ઉત્તમ વ્રતોની આરાધના કરી સમજવી, તેથી નિપુણ સાધકે બ્રહ્મચર્યનું પાલન કરવું.

सव्वेसु वा उत्तम बंभचेरं ।

[સૂ. શ્રુ. ૧, અ૦ ૬, ગા૦ ૨૩]

તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

विरइ अबंभचेरस्स, कामभोगरसन्नुणा ।
उग्गं महव्वयं बंभं, धारेयव्वं सुदुक्कर ॥ ५ ॥

[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૨૯]

કામભોગનો રસ જાણનારાઓ માટે મૈથુનને છોડવાનું અને ઉગ્ર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવાનું કાર્ય ઘણું કઠિન છે.

मोक्खाभिकंखिस्स वि माणस्स,
संसारभीरुस्स ठियस्स धम्मे ।
नेयारिसं दुत्तरमत्थि लोए,
जहित्थिओ बालमणोहराओ ॥ ६ ॥

[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૭]

મોક્ષાભિલાષી, સંસારથી ડરનારા અને ધર્મમાં સ્થિર રહેનારા પુરુષોને આ સંસારમાં બાળ જીવોના મનનું હરણ કરનારી સ્ત્રીઓના ત્યાગ કરવા જેટલું કઠિન કામ અન્ય કોઈ નથી.

एए य संगे समइक्कमित्ता,
सुहुत्तरा चेव भवंति सेसा ।
जहा महासागरमुत्तरिता,
नई भवे अवि गंगासमाणा ॥ ७ ॥

[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૮]

જેમ મહાસાગરને તરી જનારા માટે ગંગા નદી

તરી જવી સુગમ છે, તેમ સ્ત્રીસંસર્ગનો ત્યાગ કરનાર માટે બીજી વસ્તુઓ છોડવી સહેલી છે.

णो रक्खसीसु गिज्झिज्जा,
गंडवच्छासु णेगचित्तासु ।
जाओ पुरिसं पलोभित्ता,
खेलंति जहा वा दासेहिं ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૧૮]

રાક્ષસી જેમ સર્વ રક્ત ચૂસી લઈ જીવિતવ્યને હરી લે છે, તેમ પુષ્ટ સ્તનવાળી અને ચંચળ ચિત્તને ધારણ કરનારી સ્ત્રીઓ સાધકના જ્ઞાનદર્શનાદિ સર્વનું અપહરણ કરીને તેની સાધનાનો નાશ કરે છે. વળી તે પ્રથમ પુરુષોને લોભાવે છે અને પછી તેમની પાસે આજ્ઞાંકિત સેવકો જેવું કામ કરાવે છે, તેમાં ગૃદ્ધિ શી રાખવી ?

अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं ।
नाऽऽयरन्ति मुणी लोए, भेयायणवज्जिणो ॥ ९ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૫]

સંયમનો ભંગ કરનારાં સ્થાનોથી દૂર રહેનારા સાધુ-પુરુષો સાધારણ જનસમૂહને માટે અત્યંત દુઃસાધ્ય પ્રમાદના કારણ રૂપ અને મહા ભયંકર એવા અબ્રહ્મચર્યનું કદી પણ સેવન કરતા નથી.

मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयन्ति णं ॥ १० ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૬]

અબ્રહ્મચર્ય અધર્મનું મૂળ છે, તેમજ મહાન દોષોનું સ્થાન છે, તેથી નિર્ગ્રંથો તેનો ત્યાગ કરે છે.

इत्थिओ जे न सेवन्ति आइमोक्खा हु ते जणा ॥११॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૧૫, ગા૦ ૯]

જે પુરુષો સ્ત્રીઓનું સેવન કરતા નથી, તે મોક્ષમાર્ગમાં અગ્રેસર થાય છે.

વિ૦ એ જ રીતે જે સ્ત્રીઓ પુરુષનું સેવન કરતી નથી, તે પણ મોક્ષમાર્ગમાં અગ્રેસર થાય છે. બ્રહ્મચર્ય-વ્રત પુરુષ તથા સ્ત્રી બંનેને માટે સમાન હિતકર છે.

जे विन्नवणाहिजोसिया,
सतिण्णेहि समं वियाहिया ।
तम्हा उड्ढं ति पासहा,
अदक्खु कामाई रोगवं ॥ १२ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૨]

કામને રોગરૂપ સમજી જે સ્ત્રીઓથી પરાભવ પામતા નથી, તે પુરુષ મુક્ત પુરુષના જેવો જ છે. સ્ત્રીત્યાગ પછી જ મોક્ષનાં દર્શન સુલભ છે.

जेहिं नारीणं संजोगा, पूयणा पिट्ठओ कया ।
सव्वमेयं निराकिच्चा, ते ठिया सुसमाहिए ॥ १३ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૪, ગા૦ ૧૭]

જે પુરુષોએ સ્ત્રીસંસર્ગ અને કામશૃંગારને છોડી દીધા છે, તે સમસ્ત વિઘ્નોને જિતી ઉત્તમ સમાધિમાં નિવાસ કરે છે.

देवदाणवगन्धव्वा, जक्खरक्खसकिन्नरा ।
बंभयारिं नमंसन्ति, दुक्करं जे करेन्ति तं ॥ १४ ॥

[દશ૦ અ૦ ૧૬, ગા૦ ૧૬]

દુષ્કર વ્રતની સાધના કરનાર બ્રહ્મચારીને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નરાદિ દેવો નમસ્કાર કરે છે.

एस धम्मे धुवे निच्चे, सासए जिणदेसिए ।
सिद्धा सिज्झन्ति चाणेण, सिज्झस्सन्ति तहाऽवरे ॥१५॥

[દશ૦ અ૦ ૧૬, ગા૦ ૧૭]

આ બ્રહ્મચર્ય ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, અને જિનદેશિત છે; એટલે કે જિનો વડે ઉપદેશાયેલો છે. આ ધર્મના પાલનથી ઘણા મનુષ્યો સિદ્ધ થયા, થાય છે અને ભવિષ્યમાં પણ થશે.

वाउव्व जालमच्चेइ, पिया लोगंसि इत्थिओ ॥ १६ ॥

[સૂ. શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૮]

જેમ વાયુ અગ્નિની જ્વાલાને પાર કરી જાય છે, તેમ મહાપરાક્રમી પુરુષો આ લોકમાં પ્રિય સ્ત્રીઓના મોહનું ઉલ્લંઘન કરી જાય છે.

नीवारे व न लीएज्जा, छिन्नसोए अणाविले ।
अणाइले सया दन्ते, संधि पत्ते अणेलिसं ॥ १७ ॥

[સૂ. શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૧૨]

વિષય અને ઇન્દ્રિયોને જિતી જે છિન્નસ્રોત (સંસારના પ્રવાહને કાપનારા) થઈ ગયા છે તથા જે રાગ-દ્વેષ રહિત છે, તે સ્ત્રીપ્રસંગમાં ન ફસે, કારણ કે સ્ત્રીપ્રસંગ ભૂંડને

ફસાવનાર ચોખાના દાણા જેવો છે. જે પુરુષ વિષય-ભોગમાં અનાકુલ અને સદા ઈન્દ્રિયોને વશમાં રાખનારો છે, તે અનુપમ ભાવસંધિ (કર્મ ક્ષય કરવાની માનસિક દશા)ને પ્રાપ્ત થાય છે.

આલઓ થીજણાઇણ્ણો, થીકહા ય મણોરમા ।
સંથવો ચેવ નારીણં, તેસિ ઇંદિયદરિસણં ॥ ૧૮ ॥
કૂઇઅં રુઇઅં ગીઅં, હાસભુત્તાસિઆણિ ય ।
પણીઅં ભત્તપાણં ચ, અઇમાયં પાણભોઅણં ॥ ૧૯ ॥
ગત્તભૂસણામટ્ઠં ચ, કામભોગા ય દુજ્જયા ।
નરસ્સત્તગવેસિસ્સ, વિસં તાલઉડં જહા ॥ ૨૦ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૧૧-૧૨-૧૩]

(૧) સ્ત્રીઓથી વ્યાપ્ત થયેલું સ્થાન, (૨) સ્ત્રીઓની મનોરમ કથા, (૩) સ્ત્રીઓનો પરિચય, (૪) સ્ત્રીઓનાં અંગોપાંગનું નિરીક્ષણ, (૫) સ્ત્રીઓના મીઠા શબ્દ, રુદન, ગીત, હાંસી આદિનું શ્રવણ, (૬) પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ, (૭) ભારે-ચીકણા પદાર્થોનું સેવન, (૮) પ્રમાણથી અધિક આહાર પાણી, (૯) ઈષ્ટ શરીરશોભા, અને (૧૦) દુર્જય એવા કામભોગનું સેવન, આ દશ વસ્તુઓ આત્માર્થી પુરુષને માટે તાલપુટ વિષ જેવી છે.

જં વિવિત્તમણાઇન્નં, રહિયં થીજણેણ ય ।
બંભચેરસ્સ રક્ખટ્ઠા, આલયં તુ નિસેવએ ॥ ૨૧ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૧]

મુમુક્ષુ બ્રહ્મચર્યની રક્ષાને માટે એવા સ્થાનમાં વાસ

કરે કે જેમાં એકાંત હોય, જે બહુ વિસ્તરેલું ન હોય અને જે સ્ત્રીઆદિથી રહિત હોય.

विवत्तसेज्जासणजंतियाणं,
ओमासणाणं दमिइंदियाणं ।
न रागसत्तु धरिसेइ चित्तं,
पराइओ वाहिरिवोसहेहिं ॥ २२ ॥
[उत्त० अ० ३२, गा० १२]

જેમ ઉત્તમ ઔષધિઓથી દૂર થયેલો વ્યાધિ ફરી ઉત્પન્ન થતો નથી, તેમ વિવિક્ત શય્યા અને આસનનું સેવન કરનાર અલ્પાહારી તથા જિતેન્દ્રિય મહાપુરુષોના ચિત્તને રાગરૂપી-વિષયરૂપી શત્રુ સતાવી શકતો નથી

मणपल्हायजणणिं, कामरागविवड्ढणिं ।
बंभचेररओ भिक्खू, थीकहं तु विवज्जए ॥ २३ ॥
[उत्त० अ० १६, गा० २]

બ્રહ્મચર્યપરાયણ સાધક મનમાં આહ્લાદ ઉપજાવનારી તથા કામરાગની વૃદ્ધિ કરનારી સ્ત્રીકથાનો ત્યાગ કરે.

समं च संथवं थीहिं, संकहं च अभिक्खणं ।
बंभचेररओ भिक्खू, निच्चसो परिवज्जए ॥ २४ ॥
[उत्त० अ० १६, गा० ३]

બ્રહ્મચર્યમાં પ્રીતિ રાખનારો સાધક સ્ત્રીઓના પરિચયને અને સાથે બેસીને વાર્તાલાપ કરવાનો પ્રસંગ સદાને માટે છોડી દે.

कुव्वन्ति सन्थवं ताहिं,
पब्भट्ठा समाहिजोगेहिं ।

तम्हा उ वज्जए इत्थी,
विसलित्तं व कण्टगं नच्चा ॥ २५ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૪, ઉ. ૧, ગા૦ ૧૬-૧૧]

જે સ્ત્રીઓ સાથે પરિચય રાખે છે, તે સમાધિ-યોગથી ભ્રષ્ટ થઈ જાય છે, તેથી સ્ત્રીઓને વિષલિપ્ત કંટકની સમાન જાણી બ્રહ્મચારી એનો પરિચય-સંસર્ગ છોડી દે.

नो तासु चक्खु संधेज्जा,
नो वि य साहसं समभिजाणे ।
नो सहियं पि विहरेज्जा,
एवमप्पा सुरक्खिओ होइ ॥ २६ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૪, ઉ૦ ૧, ગા૦ ૫]

બ્રહ્મચારી સ્ત્રીઓ પર દૃષ્ટિ ન તાકે, તેમની સાથે કુકર્મ કરવાનું સાહસ ન કરે, તેમની સાથે વિહાર અથવા એકાંતવાસ ન કરે. આ પ્રમાણે સ્ત્રીપ્રસંગથી બચનાર બ્રહ્મચારી પોતાના આત્માને સુરક્ષિત રાખી શકે છે.

जतुकुंभे जहा उवज्जोई
संवासे विदू विसीएज्जा ॥ २७ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૪, ઉ૦ ૧, ગા૦ ૨૬]

જેમ અગ્નિની પાસે રહેવાથી લાખનો ઘડો ગળી જાય છે, તેમ વિદ્વાન્ પુરુષ પણ સ્ત્રીના સહવાસથી વિષાદને પ્રાપ્ત થાય છે; અર્થાત્ તેનું મન સંક્ષુબ્ધ બની જાય છે.

हत्थपायपडिछिन्नं, कन्ननासविगप्पिअं ।
अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥ २८ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૫૬]

જેના હાથ-પગ કપાઈ ગયા હોય, નાક-કાન બેડોળ બની ગયા હોય, તથા જે સો વર્ષની ઉંમરે પહોંચેલી હોય, એવી વૃદ્ધ તથા કુરૂપાનો સંસર્ગ પણ બ્રહ્મચારીએ છોડી દેવો ઘટે છે.

अहसेऽणुतप्पई पच्छा,
भोच्चा पायसं व वीसमिस्सं ।
एवं विवेगमायाय,
संवासो न वि कप्पए दविए ॥ २९ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૪, ઉ૦ ૧, ગા૦ ૧૦]

વિષમિશ્રિત ક્ષીરનું ભોજન કરનાર મનુષ્યની જેમ સ્ત્રીઓનો સહવાસ કરનાર બ્રહ્મચારીને પાછળથી વિશેષ પસ્તાવું પડે છે. આ કારણે પ્રથમથી જ વિવેક રાખીને મુમુક્ષુ સ્ત્રીઓની સાથે સહવાસ ન કરે.

जहा बिरालावसहस्स मूले,
न मूसगाणं वसही पसत्था ।
एमेव इत्थीनिलयस्स मज्झे,
न बम्भयारिस्स खमो निवासो ॥ ३० ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૩]

જેમ બિલાડીઓના નિવાસસ્થાન પાસે રહેવું ઊંદરોને માટે યોગ્ય નથી, તેમ સ્ત્રીઓના નિવાસસ્થાન પાસે રહેવું બ્રહ્મચારીઓ માટે યોગ્ય નથી.

જહા કુક્કુડપોઅસ્સ, નિચ્ચં કુલલઓ ભયં ।
એવં ખુ બંભયારિસ્સ, ઇત્થીવિગ્ગહઓ ભયં ॥ ૩૧ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૫૪]

જેમ કૂકડીનાં બચ્ચાંને હંમેશા બિલાડી પોતાનો પ્રાણ હરી લેશે એવો ભય રહ્યા કરે છે, તેમ બ્રહ્મચારીને સ્ત્રીઓના સંસર્ગમાં આવતાં પોતાના બ્રહ્મચર્યનો ભંગ થવાનો ભય રહ્યા કરે છે.

અંગપચ્ચંગસંઠાણં, ચારુલ્લવિયપેહિયં ।
બંભચેરરઓ થીણં, ચક્ખુગિજ્ઝં વિવજ્જએ ॥ ૩૨ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૪]

બ્રહ્મચર્યમાં પ્રીતિ રાખનારો સાધક સ્ત્રીઓનાં અંગ, પ્રત્યંગ, સંસ્થાન અને મધુર ભાષણના ઢંગને વિકારી દૃષ્ટિએ જોવાનું છોડી દે.

ન રૂવલાવણ્ણવિલાસહાસં,
ન જંપિયં ઇંગિય–પેહિયં વા ।
ઇત્થીણ ચિત્તંસિ નિવેસઇત્તા,
દટ્ઠું વવસ્સે સમણે તવસ્સી ॥ ૩૩ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૪]

તપસ્વી શ્રમણ સ્ત્રીઓનાં રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, પ્રિય ભાષણ, સ્નેહચેષ્ટા કે કટાક્ષ પૂર્વકનાં અવલોકનને પોતાના મનમાં સ્થાન આપે નહિ કે તેવો અધ્યવસાય લાવે નહિ.

चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं ।
भक्खरं पिव ददठूणं, दिट्ठिं पडिसमाहरे ॥ ३४ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૫૫]

સાધક શૃંગારપૂર્ણ ચિત્રોથી સજ્જિત દીવાલનું તથા સારી રીતે અલંકૃત થયેલી નારીનું એકીટશે નિરીક્ષણ ન કરે. કદાચ તેના પર દૃષ્ટિ પડી જાય તો સૂર્યની તરફ ગયેલી નજરની માફક તેને તરત જ હઠાવી લે.

अदंसणं चेव अपत्थणं च,
अचिंतणं चेव अकित्तणं च ।
इत्थीजणस्साऽऽरियज्झाणजुग्गं,
हियं सया बंभवए रयाणं ॥ ३५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૫]

બ્રહ્મચર્યવ્રતમાં લીન અને ધર્મધ્યાનને યોગ્ય સાધુ સ્ત્રીઓને રાગદૃષ્ટિએ જુએ નહિ, તેની અભિલાષા કરે નહિ, તેનું મનથી ચિંતન કરે નહિ, તેમજ વચનથી એનાં વખાણ કરે નહિ, એ તેનાં હિતમાં છે.

जइ तं काहिसी भावं,
जा जा इच्छसि नारिओ ।
वायाविद्धो व्व हडो,
अट्ठिअप्पा भविस्ससि ॥ ३६ ॥
[ઉત્ત૦ અ૦ ૨૨, ગા૦ ૪૫]

હે સાધક! જે જે સ્ત્રીઓ તારી નજરે પડે તેના ભોગની અભિલાષા કર્યા કરીશ, તો હવાથી હાલતા હડવૃક્ષની

પેઠે અસ્થિર બની જઈશ અને તેથી ચિત્તસમાધિને ખોઈ બેસીશ.

कूइयं रुइयं गीयं, हसियं थणिय–कन्दियं ।
बंभचेररओ थीणं, सोयगेज्झं विवज्जए ॥ ३७ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૫]

બ્રહ્મચર્યપ્રેમી સાધક સ્ત્રીઓના મીઠા શબ્દ, પ્રેમ–રુદન, ગીત, હાસ્ય, ચીસ, વિલાપ આદિ શ્રોતગ્રાહ્ય વિષયોનો ત્યાગ કરી દે; અર્થાત્ તેને કાને જ ન ધરે.

हासं किड्डं रइं दप्पं, सहसा वित्तासियाणि य ।
बंभचेररओ थीणं, नाणुचिन्ते कयाइ वि ॥ ३८ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૬]

બ્રહ્મચર્યપ્રેમી સાધકે પૂર્વાવસ્થામાં સ્ત્રીઓની સાથે હાસ્ય, દ્યૂતાદિક્રીડા, શરીર સ્પર્શનો આનંદ, સ્ત્રીનું માનમર્દન કરવા માટે ધારણ કરેલો ગર્વ તથા ગમ્મત માટે કરવામાં આવેલી ઓચિંતી પજવણી વગેરે જે કંઈ અનુભવ્યાં હોય, તેનો મનથી કદી પણ વિચાર કરવો નહિ.

मा पेह पुरा–पणामए,
अभिकंखे उवहिं धुणित्तए ।
ज दूमण तेहि नो नया,
ते जाणन्ति समाहिमाहियं ॥ ३९ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૨, ગા૦ ૨૭]

પૂર્વે ભોગવેલા વિષયભોગનું સ્મરણ ન કર; ન એની કામના કર. બધી ઉપાધિઓને–દુષ્પ્રવૃત્તિઓને દૂર કર. મનને

દુષ્ટ બનાવનાર વિષયોની સામે જે મસ્તક નમાવતો નથી, તે જિનકથિત સમાધિને જાણે છે.

जहा दवग्गी पउरिंधणे वणे,
समारुओ नोवसमं उवेइ ।
एविन्दियग्गी वि पगामभोइणो,
न बंभयारिस्स हियाय कस्सई ॥ ४० ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૧]

જેમ ઘણાં ઇંધનવાળા વનમાં લાગેલો તથા વાયુ દ્વારા પ્રેરિત થયેલો દાવાગ્નિ શાંત થતો નથી, તેમ સરસ આહાર કરનાર બ્રહ્મચારીનો ઇન્દ્રિયરૂપી અગ્નિ શાંત થતો નથી.

विभूसा इत्थिसंसग्गो, पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ ४१ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૫૭]

આત્મગવેષી પુરુષને માટે દેહવિભૂષા, સ્ત્રીસંસર્ગ અને રસવાળું સ્વાદિષ્ટ ભોજન તાલપુટ વિષ જેવું છે.

पणीयं भत्तपाणं तु, खिप्पं मयविवड्ढणं ।
बंभचेररओ भिक्खू, निच्चसो परिवज्जए ॥ ४२ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૭]

બ્રહ્મચર્યપ્રેમી સાધક શીઘ્ર મદ વધારનારા સ્નિગ્ધ ભોજનનો સદાને માટે ત્યાગ કરે.

વિ. સ્નિગ્ધ એટલે રસવાળું, ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ, મીઠાઈ એ બધા સ્નિગ્ધ પદાર્થો ગણાય છે.

धम्मलद्धं मियं काले, जत्तत्थं पणिहाणवं ।
नाइमत्तं तु भुंजिज्जा, बंभचेररओ सया ॥ ४३ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૮]

બ્રહ્મચર્યપ્રેમી સાધક ભિક્ષાવેળાએ શુદ્ધ એષણા દ્વારા મેળવેલો આહાર સ્વસ્થ ચિત્તે સંયમયાત્રાને માટે પરિમિત માત્રામાં ગ્રહણ કરે. તેથી વધારે ગ્રહણ કરે નહિ.

विभूसं परिवज्जेज्जा, सरीरपरिमंडणं ।
बंभचेररओ भिक्खू, सिंगारत्थ न धारए ॥ ४४ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૯]

બ્રહ્મચર્યપ્રેમી સાધક વિભૂષણાનો ત્યાગ કરે, શરીર-શોભા વધારે નહિ, તથા શૃંગાર સજવાની કોઈ પણ ક્રિયા કરે નહિ.

सद्दे रूवे य गन्धे य, रसे फासे तहेव य ।
पंचविहे कामगुणे, निच्चसो परिवज्जए ॥ ४५ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૧૦]

બ્રહ્મચર્યપ્રેમી સાધક શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચે પ્રકારના કામગુણોનો સદાને માટે ત્યાગ કરે.

दुज्जए कामभोगे य, निच्चसो परिवज्जए ।
संकाठाणाणि सव्वाणि, वज्जेज्जा पणिहाणवं ॥ ४६ ॥
[ઉત્ત૦ અ૦ ૧૬, ગા૦ ૧૪]

એકાગ્ર મન રાખનારો બ્રહ્મચારી દુર્જય કામભોગોને સદાને માટે છોડી દે અને સર્વ પ્રકારના શંકાસ્પદ સ્થાનોનો ત્યાગ કરે.

विसएसु मणुन्नेसु, पेमं नाभिनिवेसए ।
अणिच्चं तेसिं विन्नाय, परिणामं पुग्गलाण उ ॥ ४७ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૫૬]

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પુદ્ગલોના પરિણામોને અનિત્ય જાણીને બ્રહ્મચારી સાધકે મનોજ્ઞ વિષયોમાં આસક્ત થવું નહિ.

पोग्गलाणं परिणामं, तेसिं नच्चा जहा तहा ।
विणीयतण्हो विहरे, सीईभूएण अप्पणा ॥ ४८ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૬૦]

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પુદ્ગલ પરિણામોનું યથાર્થ સ્વરૂપ જાણીને બ્રહ્મચારી સાધક પોતાના આત્માને શાંતકરે તથા તૃષ્ણારહિત બનીને જીવન ગાળે.

ધારા પંદરમી
અપરિગ્રહ

धण-धन्न-पेसवग्गेसु, परिग्गह-विवज्जणं ।
सव्वारंभ-परिच्चाओ, निम्ममत्तं सुदुक्करं ॥ १ ॥
[उत्त० अ० १९, गा० २९]

ધન, ધાન્ય, નોકર-ચાકર આદિનો પરિગ્રહ છોડવો, સર્વ હિંસક પ્રવૃત્તિનો ત્યાગ કરવો અને નિર્મમત્વ ભાવ કેળવવો, એ ઘણું દુષ્કર છે. તાત્પર્ય કે તે માટે સાધકે વિશિષ્ટ કોટિનો પ્રયત્ન કરવો પડે છે.

चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि ।
अन्नं वा अणुजाणाइ, एवं दुक्खा ण मुच्चइ ॥ २ ॥
[सूत्र० श्रु० १, अ० १, उ० १, गा० २]

જે સજીવ કે નિર્જીવ વસ્તુનો પોતે સંગ્રહ કરીને બીજા પાસે પણ એવો સંગ્રહ કરાવે છે કે અન્યને એવો પરિગ્રહ કરવાની સંમતિ આપે છે, તે દુઃખથી મુક્ત થતો નથી, અર્થાત્ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

परिवूवयन्ते अणियत्तकामे,
अहो य राओ परितप्पमाणे ।
अन्नप्पमत्ते धणमेसमाणे,
पप्पोति मच्चुं पुरिसे जरं च ॥ ३ ॥
[उत्त० अ० १४, गा० १४]

જે પુરુષ કામભોગથી નિવૃત્ત થયો નથી, તે રાતદિન

સંતપ્ત રહે છે અને તે માટે અહીં તહીં ભ્રમણ કર્યા કરે છે. વળી તે સ્વજનોને માટે દુષિત પ્રવૃત્તિઓથી ધન મેળવવાનાં પ્રયત્નમાં જ જરા અને મૃત્યુને શરણે થાય છે.

आउक्खयं चेव अबुज्झमाणे,
ममाइसे साहसकारि मंदे ।
अहो य राओ परितप्पमाणे,
अट्टेसु मूढे अजरामरे व्व ॥ ४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૦, ગા૦ ૧૮]

આયુષ્ય પળ પળ ઘટી રહ્યું છે, એ જાણ્યા વિના મૂર્ખ મનુષ્ય 'મારું-મારું' કરીને સાહસ કરે છે. તે જાણે અજરામર હોય એ રીતે અર્થપ્રાપ્તિ માટે દિવસ અને રાત્રિ પ્રયત્ન કરે છે અને આર્ત્તધ્યાનને વશ થઈ ઘણો સંતાપ પામે છે.

माहणा खत्तिया वेस्सा, चण्डाला अदु बोक्कसा ।
एसिया वेसिया सुद्दा, जे य आरंभनिस्सिया ॥ ५ ॥
परिग्गहनिविट्ठाणं, वेरं तेसिं पवड्ढई ।
आरंभसंभिया कामा, न ते दुक्खविमोयगा ॥ ६ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૯, ગા૦ ૨-૩]

બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, ચાંડાલો, બોક્કસો, ઐષિકો, વૈશિકો, શુદ્રો જે કોઈ આરંભમાં મગ્ન છે અને પરિગ્રહમાં આસક્ત છે, તેમનું વેર ઘણું વૃદ્ધિ પામે છે. જે ઘણો આરંભ કરનારા અને કામભોગમાં આસક્ત છે, તે દુઃખથી મુક્ત થતા નથી.

વિ૦ બોક્કસ એટલે વર્ણસંકર–જાતિમાં પેદા થયેલ. ઐષિક એટલે પારધિ વગેરે. વૈશિક એટલે લોભી વૃતિવાળો.

जे पावकम्मेहिं धणं मणूसा,
समाययन्ती अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे,
वेराणुबद्धा णरयं उवेन्ति ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૨]

જે મનુષ્યો ધનને અમૃત માની અનેક પ્રકારનાં પાપકર્મો દ્વારા તેનું સંપાદન કરે છે, તે કર્મોના દૃઢ પાશથી બંધાય છે અને અનેક જીવો સાથે વેરનો અનુબંધ કરી છેવટે એ બધું ધન અહીં છોડી નરકમાં જાય છે.

थावरं जंगमं चेव, धणं धन्नं उवक्खरं ।
पच्चमाणस्स कम्मेहिं, नालं दुक्खाओ मोअणे ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૬]

ચલ–અચલ સંપત્તિ, ધન, ધાન્ય, ઉપકરણ આદિ દુઃખ ભોગવી રહેલા પ્રાણીઓને દુઃખમાંથી મુક્ત કરવામાં સમર્થ નથી.

खेतं वत्थुं हिरण्णं च,
पुत्तदारं च बन्धवा ।
चइत्ता णं इमं देहं,
गन्तव्वमवसस्स मे ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૧૭]

મનુષ્યે એમ વિચારવું જોઇએ કે ક્ષેત્ર (ભૂમિ), ઘર

સોનું-ચાંદી, પુત્ર, સ્ત્રી અને સગાં-વહાલાં તથા આ દેહ છોડીને મારે એક દિવસ અવશ્ય જવું પડશે.

जस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे ।
ममाइ लुप्पई बाले, अन्ने अन्नेहि मुच्छिए ॥ १० ॥
[सू० श्रु० १, अ० १, उ० १, गा० ४]

મનુષ્ય જે કુલમાં ઉત્પન્ન થાય છે, અથવા જેની સાથે નિવાસ કરે છે, તેમાં બાલભાવને કારણે (સત્-અસત્‌ના વિવેકના અભાવે) મમત્વથી લેપાય છે (એટલે આ મારી માતા, આ મારી પત્ની, આ મારો પુત્ર એમ સમજે છે) અને અન્ય અન્ય વસ્તુઓમાં (ધન્ય-ધાન્યાદિમાં) પણ મૂર્છિત થાય છે (મમત્વ ધારણ કરે છે).

वित्तं सोयरिया चेव, सव्वमेयं न ताणइ ।
संखाए जीवियं चेव, कम्मुणा उ तिउट्टइ ॥ ११ ॥
[सू० श्रु० १, अ० १, उ० १, गा० ५]

ધન, તેમજ બંધુઓ, સ્નેહીઓ, સંબંધીઓ વગેરે આત્માને સંસારપરિભ્રમણમાંથી બચાવી શકતા નથી. સુજ્ઞ સાધક જીવન સ્વલ્પ છે, એમ જાણીને સંયમાનુષ્ઠાન વડે કર્મથી મુક્ત થાય છે.

कसिणं पि जो इमं लोयं,
पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणाऽवि से न संतुस्से,
इइ दुप्पूरए इमे आया ॥ १२ ॥
[उत्त० अ० ८, गा० १६]

જો ધન-ધાન્યથી સંપૂર્ણ આ આખો લોક કોઈ એક મનુષ્યને આપી દેવામાં આવે તો પણ એનાથી તેને સંતોષ થશે નહિ. લોભી આત્માની તૃષ્ણા આવી રીતે શાંત થવી ઘણી મુશ્કેલ છે.

सुवण्णरूपस्स उ पव्वया भवे,
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि,
इच्छा हु आगाससमा अणंतिया ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૪૮]

કદાચિત્ સોના અને ચાંદીના કૈલાસની જેમ અસંખ્ય પર્વત થઈ જાય તો લોભી મનુષ્યના માટે એ કાંઈ પણ નથી ખરેખર ! ઇચ્છા આકાશની જેમ અનંત છે.

वित्तेण ताणं न लभे पमत्ते,
इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंतमोहे,
नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૫]

પ્રમાદી પુરુષ આ લોકમાં કે પરલોકમાં ધનથી પોતાનું રક્ષણ કરી શકતો નથી. અનંત મોહના કારણે જેનો જ્ઞાનદીપક બુઝાઈ ગયો છે, (અત્યંત આંખો પડી ગયો છે) એવો આત્મા ન્યાયમાર્ગને જોવા છતાં ન જોયો હોય એ રીતે વર્તે છે.

वियाणिया दुक्खविवड्ढणं धणं,
ममत्तबन्धं च महब्भयावहं ।
सुहावहं धम्मधुरं अणुत्तरं,
धारेज्ज निव्वाणगुणावहं महं ॥ १५ ॥
[उत्त० अ० १९, गा० ९८]

હે ભવ્યો ! ધનને દુઃખ વધારનારું, મમત્વ રૂપી બંધનનું કારણ તથા મહાન ભયદાતા જાણીને ધર્મધુરાને ધારણ કરો કે જે સુખદાયક અને મહાન નિર્વાણ-ગુણોને દેનારી છે

बिडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणियं ।
न ते सन्निहिमिच्छन्ति, नायपुत्तवओरया ॥ १६ ॥
[दश० अ० ६, गा० १७]

જે પુરુષો ભગવાન મહાવીરનાં વચનોમાં અનુરક્ત છે અર્થાત્ ભગવાન મહાવીરે બતાવેલા સંયમમાર્ગે વિચરી રહ્યા છે, તેઓ બલવણ, મીઠું, તેલ, ઘી, ગોળ આદિનો સંગ્રહ (એક રાત્રિ માટે પણ) કરતા નથી.

लोहस्सेय अणुप्फासो, मन्ने अन्नयरामवि ।
जे सिया सन्निहीकामे, गिही पव्वइए न से ॥ १७ ॥
[दश० अ० ६, गा० १८]

કેમકે એ પ્રકારે સંચય કરવો, એ એક યા બીજા પ્રકારે લોભ જ છે; તેથી જે સંગ્રહ કરવાની વૃત્તિવાળા છે, તે સાધુ નથી, પણ (સાંસારિક વૃત્તિઓમાં રાચતા) ગૃહસ્થો જ છે.

जं पि वत्थं च पायं वा, कंबलं पायपुंछणं ।
तं पि संजमलज्जट्ठा, धारेन्ति परिहरन्ति य ॥ १८ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૯]


સંયમી પુરુષ જે કંઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપૂંછન વગેરે રાખે છે, તે સંયમના નિર્વાહ અર્થે રાખે છે (એટલે તે પરિગ્રહ નથી). કોઈ વખત તેઓ સંયમના રક્ષણાર્થે એનો ત્યાગ પણ કરે છે.

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥ १९ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૨૦]

પ્રાણી માત્રના સંરક્ષક જ્ઞાતપુત્ર શ્રી મહાવીરે વસ્ત્ર આદિ બાહ્ય વસ્તુઓને પરિગ્રહ કહ્યો નથી, પણ તેના પરની મૂર્છાને–તેના પરના મમત્વને પરિગ્રહ કહ્યો છે, એમ (તેમના પગલે ચાલનારા) મહર્ષિઓએ કહેલું છે.

सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।
अवि अप्पणा वि देहम्मि, नाऽऽयरन्ति ममाइयं ॥२०॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૨૧]

જ્ઞાની પુરુષો વસ્ત્ર, પાત્ર વગેરે સર્વ પ્રકારની સાધન-સામગ્રીના સંરક્ષણ કે સ્વીકારમાં મમત્વ રાખતા નથી. (વિશેષ શું ?) તેઓ પોતાના દેહમાં પણ મમત્વ રાખતા નથી.



पंचासव परिण्णाया, तिगुत्ता छसु संजया ।
पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥ १ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૧]

નિર્ગ્રંથ મુનિઓ (હિંસાદિ) પાંચ આશ્રવદ્વારના ત્યાગી, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, છ પ્રકારના જીવોની દયા પાળનારા, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા, સ્વસ્થ ચિત્તવાળા અને સરલ સ્વભાવી હોય છે.

गारवेसु कसाएसु, दंडसल्लभएसु य ।
निअत्तो हाससोगाओ, अनियाणो अबंधणो ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૯૨]

સાધુ (રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ એ ત્રણ પ્રકારના) ગારવમાંથી, (ક્રોધાદિ ચાર પ્રકારના) કષાયોમાંથી, (મન–વચન–કાયાની) દુષ્પ્રવૃત્તિઓમાંથી, તથા (માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ) શલ્યોમાંથી, ભય, હાસ્ય અને શોકમાંથી નિવૃત્ત હોય છે. તે જપ–તપના ફલરૂપે સાંસારિક સુખની કામના કરતો નથી અને માયાના બંધનમાંથી મુક્ત હોય છે.

अप्पसत्थेहिं दारेहिं, सव्वओ पिहिआसवो ।
अज्झप्पज्झाणजोगेहिं, पसत्थदमसासणो ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૯૪]

સાધુ, કર્મ આવવાના અપ્રશસ્ત દ્વારોને સર્વ બાજુથી રોકી અનાસ્રવી થાય છે અને અધ્યાત્મ તથા ધ્યાનયોગથી આત્માનું પ્રશસ્ત દમન તેમજ અનુશાસન કરનારો હોય છે.

અતિતિણે અચવલે, અપ્પભાસી મિયાસણે ।
હવિજ્જ ઉઅરે દંતે, થોવં લદ્ધું ન ખિંસએ ॥ ૪ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૬]

સાધુ ગુસ્સાથી બબડાટ ન કરનાર, ચપળતારહિત, માપસર બોલનાર, પરિમિત આહાર કરનાર તથા પેટનું દમન કરનારા હોય છે. તેઓ થોડો આહાર મળતાં ક્રોધ કરે નહિ.

જાએ સદ્ધાએ નિક્ખંતો, પરિયાયટ્ઠાણમુત્તમં ।
તમેવ અણુપાલિજ્જા, ગુણે આયરિયસમ્મએ ॥ ૫ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૬૧]

(સાધુએ) જે શ્રદ્ધાપૂર્વક ગૃહનો ત્યાગ કરી ઉત્તમ ચારિત્રપદને પ્રાપ્ત કર્યું હોય, તે શ્રદ્ધાપૂર્વક જ મહાપુરુષોએ બતાવેલા માર્ગનું અનુસરણ કરવું જોઇએ.

દેવલોગસમાણો ય, પરિયાઓ મહેસિણં ।
રયાણં અરયાણં ચ, મહાનરયસારિસો ॥ ૬ ॥
[દશ૦ ચૂ૦ અ૦ ૧, ગા૦ ૧૦]

સંયમમાં અનુરક્ત મહર્ષિઓને ચારિત્રપર્યાય દેવલોકના જેવું સુખ આપનારો છે. જેઓ સંયમમાં અનુરક્ત નથી, તેમને તે જ ચારિત્રપર્યાય મહાનરક સમાન કષ્ટદાયક થાય છે.

आयावयाही चय सोअमल्लं,
कामे कमाही कमियं खु दुक्खं ।
छिदाहि दोसं विणएज्ज रागं,
एवं सुही होहिसि संपराए ॥ ७ ॥
[દશ૦ અ૦ ૨, ગા૦ ૫]

આત્માને તપાવો, સુકુમારતાનો ત્યાગ કરો, કામનાઓને દૂર કરો, એટલે દુઃખ જરૂર દૂર થશે. દ્વેષને છિન્ન કરો અને રાગનો ઉચ્છેદ કરો. એમ કરવાથી સંસારમાં સુખી બનશો.

जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।
एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥ ८ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૩૦]

જો કોઈ ન વંદે તો ક્રોધ કરે નહિ; જો કોઈ વંદે તો અભિમાન કરે નહિ; આ રીતે જે વિવેકપૂર્વક સંયમનું પાલન કરે છે, તેનું સાધુત્વ કાયમ રહે છે.

न सयं गिहाइं कुव्विज्जा, नेव अन्नेहिं कारए ।
गिहकम्मसमारंभे, भूयाणं दिस्सए वहो ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૮]

સાધુ પોતે ગૃહાદિ બનાવે નહિ, બીજા પાસે બનાવરાવે નહિ અને કોઈ બનાવતું હોય તેનું અનુમોદન કરે નહિ. ગૃહકાર્યના સમારંભમાં અનેક પ્રાણીઓનો વધ પ્રત્યક્ષ દેખાય છે.

तसाणं थावराणं च, सुहुमाणं बायराण य ।
गिहकम्मसमारंभं, संजओ परिवज्जए ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૯]

ગૃહાદિ બનાવવામાં ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ અને બાદર જીવોનો વધ થાય છે, તેથી સંયમી સાધુ ગૃહકાર્ય સમારંભનું પરિવર્જન કરે.

तहेव भत्तपाणेसु, पयणपयावणेसु य ।
पाणभूयदयट्ठाए, न पए न पयावए ॥ ११ ॥
[ઉત્ત૦ અ. ૩૫ ગા. ૧૦]

તે જ રીતે ભોજન રાંધવા–રંધાવવામાં જીવવધ પ્રત્યક્ષ દેખાય છે, તેથી પ્રાણીઓ અને ભૂતોની દયા માટે સાધુ સ્વયં રાંધે નહિ, તેમજ બીજા પાસે રંધાવે પણ નહિ.

एगया अचेलए होइ, सचेले या वि एगया ।
एअं धम्महियं णच्चा, पाणी णो परिदेवए ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૨, ગા૦ ૧૩]

સાધુ કદી વસ્ત્રરહિત હોય છે અને કદી વસ્ત્ર સહિત. બંને અવસ્થાઓને ધર્મમાં હિતકારી જાણી તેનો ખેદ ન કરે.

कण्णसोक्खेहिं सद्देहिं, पेमं नाभिनिवेसए ।
दारुणं कक्कसं फासं, काएण अहियासए ॥ १३ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૬]

સાધક કાનને પ્રિય લાગનારા શબ્દો પર આસક્ત ન થાય તથા દારુણ અને કર્કશ સ્પર્શોને કાયાથી (સમભાવ પૂર્વક) સહન કરે.

समणं संजयं दंतं, हणेज्जा को वि कत्थइ ।
नत्थि जीवस्स नासोत्ति, एवं पेहिज्ज संजए ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૨, ગા૦ ૨૭]

ઈન્દ્રિયોનું દમન કરનારા સંયમી સાધુને કોઈ દુષ્ટ વ્યક્તિ કોઈ પ્રકારે મારે તો તે 'જીવનો કદી નાશ થતો નથી' એવો વિચાર કરે.

खुहं पिवासं दुस्सेज्जं, सीउण्हं अरई भयं ।
अहियासे अव्वहिओ, देहदुक्खं महाफलं ॥ १५ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૭]

ક્ષુધા, તૃષા, દુઃશય્યા, ઠંડી, ગરમી, અરતિ, ભય, આ બધાં કષ્ટોને સાધક અદીન ભાવથી સહન કરે. સમભાવથી સહન કરેલાં દૈહિક કષ્ટો મહાફલને આપનારાં હોય છે.

सूरं मण्णइ अप्पाणं, जाव जेयं न पस्सई ।
जुज्झंतं दढधम्माणं, सिसुपालो व महारहं ॥ १६ ॥
पयाया सूरा रणसीसे, संगामम्मि उवट्ठिए ।
माया पुत्तं न जाणाइ, जेएण परिविच्छए ॥ १७ ॥
एवं सेहे वि अप्पुट्ठे, भिक्खायरिया अकोविए ।
सूरं मन्नइ अप्पाणं, जाव लूहं न सेवए ॥ १८ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ. ૧, ગા૦ ૧-૨-૩]

કાયર મનુષ્ય જ્યાં સુધી વિજયી પુરુષને જોતો નથી, ત્યાં સુધી પોતાને શૂર માને છે; પરંતુ યુદ્ધ કરતી

વખતે મહારથી શ્રીકૃષ્ણથી શિશુપાલ ક્ષોભ પામ્યો, તેમ ક્ષોભ પામે છે.

પોતાને શૂરવીર માનનારો પુરુષ સંગ્રામના અગ્ર-ભાગમાં ચાલ્યો જાય છે, પણ જ્યારે યુદ્ધ શરૂ થાય છે અને એવો ગભરાટ ફેલાય છે કે માતાને પોતાની ગોદ-માંથી પડી જતાં બાળકની પણ શુદ્ધિ રહેતી નથી, ત્યારે શત્રુઓના પ્રહારથી તે અલ્પ પરાક્રમી પુરુષ દીન બની જાય છે.

જેમ કાયર પુરુષ શત્રુઓ વડે ઘાયલ ન થાય ત્યાં સુધી પોતાને શૂરવીર માને છે, તેમ ભિક્ષાચર્યામાં અનિપુણ તથા પરીષહોથી નહિ સ્પર્શાયેલા નવદીક્ષિત મુનિ કઠોર સંયમનું પાલન નથી કર્યું, ત્યાં સુધી પોતાને વીર માને છે.

जया हेमंतमासम्मि, सीयं फुसइ सव्वगं ।
तत्थ मन्दा विसीयंति, रज्जहीणा व खत्तिया ॥ १९ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૪]

જેમ રાજ્યથી ભ્રષ્ટ થયેલો ક્ષત્રિય વિષાદનો અનુભવ કરે છે, તેમ અલ્પ પરાક્રમી પુરુષ હેમંત ઋતુના મહી-નામાં સર્વ અંગોને ઠંડી સ્પર્શ કરતાં વિષાદનો અનુભવ કરે છે.

पुट्ठे गिम्हाहितावेणं, विमणे सुपिवासिए ।
तत्थ मंदा विसीयंति, मच्छा अप्पोदए जहा ॥ २० ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૫]

જેમ થોડા જળમાં માછલી વિષાદનો અનુભવ કરે

છે, તેમ ગ્રીષ્મ ઋતુના અતિ તાપથી તૃષાપીડિત થતાં અલ્પ પરાક્રમી પુરુષ વિષાદનો અનુભવ કરે છે.

सया दत्तेसणा दुक्खा, जायणा दुप्पणोल्लिया ।
कम्मत्ता दुब्भगा चेव, इच्चाहंसु पुढोजणा ॥ २१ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૬]

સાધુજીવનમાં દીધેલી વસ્તુ જ લેવી, એ દુઃખ સદા રહે છે. યાચનાનો પરિષહ દુઃસહ્ય હોય છે. સાધારણ મનુષ્યો એમ કહે છે કે ' આ ભિક્ષુ ભાગ્યહીન છે અને પોતાના કર્મનું ફળ ભોગવી રહ્યો છે. '

एए सद्दे अचायन्ता, गामेसु नगरेसु वा ।
तत्थ मन्दा विसीयन्ति, संगामम्मि व भीरुया ॥ २२ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૭]

ગામો અને નગરોમાં કહેવાતા આવા આક્રોશપૂર્ણ વચનો સહન કરી શકનાર મંદગતિ જીવ સંગ્રામમાં ગયેલ ભીરુ પુરુષની જેમ વિષાદને પામે છે.

अप्पेगे खुधियं भिक्खुं, सुणी डंसइ लूसए ।
तत्थ मन्दा विसीयंति, तेउपुट्ठा व पाणिणो ॥ २३ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૮]

ભિક્ષાને માટે નીકળેલા ક્ષુધિત સાધુને જ્યારે કોઈ ક્રૂર પ્રાણી-કૂતરા વગેરે બચકું ભરે છે, ત્યારે મંદમતિ પુરુષ અગ્નિથી સ્પર્શાયેલ પ્રાણીની જેમ વિષાદ પામે છે.

पुट्ठो व दंसमसगेहिं, तणफासमचाइया ।
न मे दिट्ठे परे लोए, जइ परं मरणं सिया ॥ २४ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૧૨]

ડાંસ અને મચ્છરથી કરડાયેલો તથા તૃણની શય્યાના રૂક્ષ સ્પર્શ સહન ન કરી શકનારો મંદમતિ પુરુષ એમ પણ વિચારવા લાગે છે કે 'મેં પરલોક તો પ્રત્યક્ષ જોયો નથી, પરંતુ આ કષ્ટથી તો મરણ સામે જ દેખાઈ રહ્યું છે.'

संतत्ता केसलोएणं, बम्भचेरपराइया ।
तत्थ मन्दा विसीयन्ति, मच्छा विट्ठा व केयणे ॥ २५ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૧૩]

કેશલુંચનથી પીડાયેલો અને બ્રહ્મચર્ય પાળવામાં હારી ગયેલો મંદમતિ પુરુષ જાળમાં ફસાયેલી માછલીના જેવો વિષાદ અનુભવે છે.

आयदण्ड समायरे, मिच्छा संठियभावना ।
हरिसप्पओसमावन्ना, केई लूसन्ति नारिया ॥ २६ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૧૪]

કેટલાક અનાર્ય પુરુષો મિથ્યાત્વની ભાવનામાં રાચતાં થકાં રાગદ્વેષપૂર્વક સાધુઓને પીડા પહોંચાડે છે અને પોતાના આત્માને દંડનો ભાગી બનાવે છે.

अप्पेगे पलियन्तेसिं, चारो चोरो त्ति सुव्वयं ।
बन्धन्ति भिक्खुयं बाला, कसायवयणेहि य ॥ २७ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૧૫]

કેટલાક અજ્ઞાની લોકો વિહાર કરી રહેલા સુવ્રતી સાધુને આ 'ગુપ્તચર છે' 'આ ચોર છે' એમ કહીને દોરડા આદિથી બાંધે છે અને કટુ વચનથી પીડા ઉપજાવે છે.

तत्थ दंडेण संवीते, मुट्ठिणा अदु फलेण वा ।
नाईणं सरई बाले, इत्थी वा कुद्धगामिणि ॥ २८ ॥
[સૂ. શ્રુ. ૧, અ. ૩, ઉ. ૧, ગા. ૧૬]

અનાર્ય દેશમાં અનાર્ય પુરુષો સાધુને લાઠી, મુક્કા કે લાકડાના પાટિયા વગેરેથી મારે–ઝૂડે છે. તે વખતે અલ્પ પરાક્રમી પુરુષ ક્રોધથી ઘર બહાર નીકળી ગયેલી અને બંધુ-બાંધવનું સ્મરણ કરતી સ્ત્રીની જેમ પોતાના બંધુ-બાંધવનું સ્મરણ કરે છે.

न वि ता अहमेव लुप्पए,
लुप्पन्ती लोगंसि पाणिणो ।
एवं सहिएहि पासए,
अनिहे से पुट्ठे हियासए ॥ २९ ॥
[સૂ. શ્રુ. ૧, અ. ૨, ઉ. ૧, ગા. ૧૩]

કષ્ટ આવી પડતાં જ્ઞાની પુરુષ ખેદરહિત મનથી એવો વિચાર કરે કે 'હું જ આ બધાં કષ્ટોથી પીડિત નથી, પરંતુ દુનિયામાં બીજા પણ પીડિત છે.'

एए भो कसिणा फासा, फरुसा दुरहियासया ।
हत्थी वा सरसंवित्ता, कीवावस गया गिहं ॥ ३० ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૩, ઉ૦ ૧, ગા૦ ૧૭]

હે શિષ્યો ! આ બધા પરિષહો કષ્ટદાયી અને દુઃસહ છે. આવા પ્રસંગે કાયર પુરુષ બાણોના પ્રહારથી ઘાયલ થયેલા હાથીની જેમ ગભરાઈને ગૃહવાસમાં ચાલ્યો જાય છે.

जहा संगामकालम्मि, पिट्ठओ भीरु वेहइ ।
वलयं गहणं नूमं, को जाणइ पराजयं ॥ ३१ ॥
एवं उ समणा एगे, अबलं नच्चाण अप्पगं ।
अणागयं भयं दिस्स, अवकप्पंतिमं सुयं ॥ ३२ ॥
[सू. श्रु. १, अ० ३, उ० ३, गा. १ अने ३]

જેમ યુદ્ધના સમયે કાયર પુરુષ કોનો વિજય થશે ? એવી શંકા કરતો પાછળ તાકે છે અને કોઈ વલય (જ્યાં વલયાકારે પાણી રહેલું હોય), ઝાડી આદિ ગહન પ્રદેશ કે છૂપા ભાગ પર નજર ફેંકે છે, તેમ કેટલાક શ્રમણો પોતાને સંયમનું પાલન કરવામાં અસમર્થ સમજી અનાગત ભયની આશંકાથી વ્યાકરણ તથા જ્યોતિષ વગેરેનું શરણ લે છે.

जे उ संगामकालम्मि, नाया सूरपुरंगमा ।
नो ते पिट्ठमुवेहिंति, किं परं मरणं सिया ॥ ३३ ॥
[सू. श्रु. १, अ० ३, उ० ३, गा० ६]

પરંતુ જે પુરુષ લડવામાં પ્રસિદ્ધ અને શૂરોમાં અગ્રગણ્ય હોય છે, તે પાછલી વાત પર ધ્યાન આપતા નથી. તેઓ સમજતા હોય છે કે મરણથી વધારે બીજું શું આવવાનું છે ?

जे लक्खणं सुविणं पउंजमाणे,
निमित्तकोउहलसंपगाढे ।
कुहेडविज्जासवदारजीवी,
न गच्छइ सरणं तम्मि काले ॥ ३४ ॥
[उत्त० अ० २०, गा० ४५]

જે સાધુ લક્ષણશાસ્ત્ર તથા સ્વપ્નશાસ્ત્રનો પ્રયોગ કરે છે, અને નિમિત્ત-કુતૂહલમાં આસક્ત રહે છે તથા આશ્ચર્ય પેદા કરીને આશ્રવ વધારનારી વિદ્યાથી જીવન ચલાવે છે, તેને કર્મફળ ભોગવવાના સમયે કોઈ શરણભૂત થતું નથી.

જે સિયા સન્નિહિં કામે, ગિહી પવ્વઇએ ન સે ॥ ૩૫ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૧૯]

જે સાધુ (ઘી, ગોળ, ખાંડ, સાકર આદિનો) સંગ્રહ કરવાની ઇચ્છા રાખે છે, તે ખરેખર સાધુ નથી, પણ ગૃહસ્થ છે.

ગોવાલો મંડવાલો વા, જહા તદ્દવ્વણિસ્સરો ।
એવં અણિસ્સરો તં પિ, સામણ્ણસ્સ ભવિસ્સસિ ॥ ૩૬ ॥
[ઉત્ત૦ અ૦ ૪૨, ગા૦ ૪૬]

હે શિષ્ય ! જેમ ગોવાળ ગાયોને ચરાવવા માત્રથી તેનો માલિક થઈ શકતો નથી. અથવા ભંડારી ધનની સંભાળ રાખવા માત્રથી જ તેનો સ્વામી બની શકતો નથી, તેમ તું માત્ર વેશની રક્ષા કરવાથી સાધુત્વનો અધિકારી થઈ શકીશ નહિ.

કહં ન કુજ્જા સામણ્ણં, જો કામે ન નિવારએ ।
પએ પએ વિસીયંતો, સંકપ્પસ્સ વસં ગઓ ॥ ૩૭ ॥
[દશ૦ અ૦ ૨, ગા૦ ૧]

જે સાધક સંકલ્પ-વિકલ્પને વશ થઈ પગલે પગલે

વિષાદયુકત અર્થાત્ શિથિલ થઈ જાય છે અને કામરાગનું નિવારણ કરતો નથી, તે શ્રમણુત્વનું પાલન શી રીતે કરી શકવાનો ? તાત્પર્ય કે નહિ જ કરી શકવાનો.

न पूयणं चेव सिलोयकामो,
पियमप्पियं कस्सइ णो करेज्जा ।
सव्वे अणट्ठे परियज्जयते,
आणाउले या अकसाइ भिक्खू ॥ ३८ ॥
[સૂ. શ્રુ૦ ૧, અ૦ ૧૩, ગા. ૨૨]

સાધુ પૂજન કે કીર્તિની કામના ન રાખે, કોઈને પ્રિય–અપ્રિય ન કરે. તે સર્વ અનર્થકારી પ્રવૃત્તિઓનો ત્યાગ કરે અને ભયરહિત તથા કષાયરહિત બને.

सुक्कज्झाणं झियाएज्जा, अनियाणे अकिंचणे ।
वोसट्ठकाए विहरेज्जा, जाव कालस्स पज्जओ ॥ ३९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૧૯]

સાધુ શુકલ ધ્યાન ધ્યાતો રહે, જપ–તપના ફલરૂપે સાંસારિક સુખની કામના ન કરે, અકિંચનવૃત્તિથી રહે અને મૃત્યુપર્યંત કાયાના મમત્વનો ત્યાગ કરી વિચરતો રહે.

जे माहणे खत्तियजायए वा, तहुग्गपुत्ते तह लेच्छई वा ।
जे पव्वइए परदत्तभोई, गोत्ते ण जे थब्भति माणबद्धे ॥४०॥
[સૂત્ર. શ્રુ. ૧ અ૦ ૧૩, ગા૦ ૧૦]

જેણે પ્રવ્રજ્યા લીધી અને જે બીજાએ આપેલી ભિક્ષાનું ભોજન કરનારો થયો, તે પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ જાતિનો હોય, ક્ષત્રિય જાતિનો હોય, ઉગ્ર વંશનો હોય કે લિચ્છવી વંશનો

હોય, પણ તેણે એ ગોત્રના અભિમાનમાં બંધાયેલું રહેવું નહિ.

आहारमिच्छे मियमेसणिज्जं,
सहायमिच्छे निउणत्थबुद्धिं ।
निकेयमिच्छेज्ज विवेगजुग्गं,
समाहिकामे समणे तवस्सी ॥ ४१ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૪]

સમાધિના ઇચ્છુક તપસ્વી સાધુએ પરિમિત અને શુદ્ધ આહાર ગ્રહણ કરવો જોઈએ અને નિપુણાર્થ બુદ્ધિવાળાને પોતાનો સાથી રાખવો જોઈએ. વળી તેણે રહેવા માટે સ્ત્રીઆદિના સંસર્ગથી રહિત સ્થાનને પસંદ કરવું જોઈએ.

न वा लभेज्जा निउणं सहायं,
गुणाहियं वा गुणओ समं वा ।
एक्को वि पावाइं विवज्जयन्तो,
विहरेज्ज कामेसु असज्जमाणो ॥ ४४ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૫]

જો ગુણમાં પોતા કરતાં અધિક કે પોતાની સમકક્ષાનો નિપુણ સાથી ન મળે તો, પાપોનું વર્જન કરતો અને ભોગમાં અનાસક્ત રહે તો, તે એકલો જ વિચરે.

जे ममाइअमइं जहाइ, से जहाइ ममाइअं ।
से हु दिट्ठभए मुणी, जस्स नत्थि ममाइअं ॥ ४५ ॥
[આચા. અ૦ ૨, ઉ૦ ૬, સૂત્ર ૯૯]

જે મમત્વવાળી બુદ્ધિનો ત્યાગ કરી શકે છે, તે જ

મમતાનો ત્યાગ કરી શકે છે. જેના ચિત્તમાં મમત્વ નથી, તે જ સંસારનાં ભયસ્થાનોને જોઈ શકે છે.

वत्थगन्धमलंकारं, इत्थिओ सयणाणि य ।
अच्छन्दा जे न भुंजन्ति, न से चाइ त्ति वुच्चइ ॥ ४४ ॥
[દશ. અ૦ ૨, ગા૦ ૨]

જે વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી, પલંગ વગેરેને પરવશતાને કારણે ભોગવી શકતો નથી, તેને સાચો ત્યાગી અર્થાત્ સાધુ કહી શકાતો નથી.

जे य कंते पिए भोए, लद्धे विपिट्ठिकुव्वई ।
साहीणे चयइ भोए, से हु चाइ त्ति वुच्चइ ॥ ४५ ॥
[દશ. અ૦ ૨, ગા૦ ૩]

જે મનોહર અને ઇષ્ટ કામભોગો પ્રાપ્ત થવા છતાં તેનો ત્યાગ કરે છે, તથા સ્વાધીન ભોગોને પણ ભોગવતો નથી, તે જ સાચો ત્યાગી અર્થાત્ સાધુ કહેવાય છે.

छज्जीवकाए असमारभन्ता,
मोसं अदत्तं च असेवमाणा ।
परिग्गहं इत्थिओ माणमायं,
एयं परिन्नाय चरन्ति दन्ता ॥ ४६ ॥
[ઉત્ત. અ૦ ૧૨, ગા૦ ૪૧]

ઇન્દ્રિયોનું દમન કરનાર સાધુ પુરુષો છ કાયના જીવોના સમારંભ કરતા નથી, મૃષાવાદ અને અદત્તનું સેવન કરતા નથી, તેમજ પરિગ્રહ, સ્ત્રી, માન અને માયાનો ત્યાગ કરીને વિચરે છે.

निद्दं च न बहु मन्नेज्जा, सप्पहासं विवज्जए ।
मिहो कहाहिं न रमे, सज्झायम्मि रओ सया ॥ ४७ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૪૨]

સાધુપુરુષ નિદ્રાનો વિશેષ આદર ન કરે, હાંસી-મજાકનું વર્જન કરે, કોઈની ગુપ્ત વાતોમાં રસ ન લે અને સ્વાધ્યાયમાં સદા મગ્ન રહે.

अच्चणं रयणं चेव, वन्दणं पुअणं तहा ।
इड्ठीसक्कारसम्माणं, मणसाऽवि न पत्थए ॥ ४८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૧૮]

સાધુપુરુષ અર્ચના, રચના, વંદન, પૂજન, ઋદ્ધિ, સત્કાર અને સન્માનની મનથી પણ ઇચ્છા ન કરે.

चरे पयाइं परिसंकमाणो,
जं किंचि पासं इह मण्णमाणो ।
लाभान्तरे जीवियं वूहइत्ता,
पच्छा परिन्नाय मलावधंसी ॥ ४९ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૭]

સાધુપુરુષ આ જગતમાં સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ વગેરે જે કંઈ સુખની સામગ્રી છે તે જાળ સમાન છે એમ માને; તથા મારા ચારિત્રમાં રખે દોષ લાગી જાય ? એવી શંકા ધારણ કરતો ડગલાં ભરે; જ્યાં સુધી જ્ઞાનાદિનો લાભ થતો હોય ત્યાં સુધી જીવનની વૃદ્ધિ કરે; અને જ્યારે આ શરીર સંયમસાધનામાં નિરુપયોગી જણાય, ત્યારે મેલની પેઠે તેનો ત્યાગ કરે.

નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તગારવો ।
સમો અ સવ્વભૂએસુ, તસેસુ થાવરેસુ ય ॥ ૫૦ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૮૯]

સાધુપુરુષ મમત્વ વિનાનો હોય, અહંકાર વિનાનો હોય, નિઃસંગી હોય અને ગારવનો ત્યાગ કરી ત્રસ અને સ્થાવર સર્વ પ્રાણીઓ પ્રત્યે સમદૃષ્ટિ રાખનારો હોય.

લાભાલાભે સુહે દુક્ખે, જીવિએ મરણે તહા ।
સમો નિંદાપસંસાસુ, સમો માણાવમાણઓ ॥ ૫૧ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૯૦]

લાભ કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં, જીવન કે મરણમાં, નિંદા કે પ્રશંસામાં, માન કે અપમાનમાં તે સમભાવે રહેનારો હોય

ગારવેસુ કસાએસુ, દંડ-સલ્લ-ભએસુ ય ।
નિયત્તો હાસસોગાઓ, અણિયાણો અબંધણો ॥ ૫૨ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૯૧]

તે ત્રણ પ્રકારના ગારવથી, ચાર પ્રકારના કષાયથી, ત્રણ પ્રકારના દંડથી, ત્રણ પ્રકારના શલ્યથી, સાત પ્રકારના ભયસ્થાનોથી, હાસ્યથી તેમજ શોકથી નિવૃત્ત હોય. વળી તે નિયાણું બાંધનારો ન હોય કે કોઈ પ્રકારનાં બંધનમાં ફસેલો ન હોય.

અણિસ્સિઓ ઇહં લોએ, પરલોએ અણિસ્સિઓ ।
વાસીચંદણકપ્પો અ, અસણે અણસણે તહા ॥ ૫૩ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૯૨]

તે આ લોકનાં સુખ ભોગવવાની ઇચ્છા રાખનારો ન હોય; કે પરલોકમાં સુખ ભોગવવાની ઇચ્છા રાખનારો ન હોય, કોઈ પોતાના શરીરને વાંસલાથી છોલી નાખે કે ચંદનનો લેપ લગાડે અથવા ભોજન મળે કે અણસણ કરવું પડે તો પણ સમભાવને ધારણ કરનારો હોય.

હમ્માણો ન કુપ્પેજ્જા, કુચ્ચમાણો ન સંજલે ।
સુમેણ અહિયાસેજ્જા, ન ય કોલાહલં કરે ॥ ૫૪ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૯, ગા૦ ૩૧]

કોઈ મારે તો ક્રોધ ન કરે, કોઈ કડવાં વચન કહે તો ગરમ ન થાય, બધા પરિષહો સમભાવથી સહન કરે અને કોઈ પ્રકારનો કોલાહલ ન કરે.

સુવક્કસુદ્ધિં સમુપેહિયા મુણી,
ગિરં ચ દુટ્ઠં પરિવજ્જએ સયા ।
મિઅં અદુટ્ઠં અણુવીઇ ભાસએ,
સયાણ મજ્ઝે લહઈ પસંસણં ॥ ૫૫ ॥
[દશ. અ૦ ૭, ગા૦ ૫૫]

જે મુનિ સુવાક્યશુદ્ધિની આલોચના કરી દુષ્ટ ભાષા સદાને માટે છોડી દે છે અને જે વિચાર કરીને મિત તથા અદુષ્ટ ભાષા બોલે છે, તે સત્પુરુષોમાં પ્રશંસા પામે છે.

નિજ્જૂહિઊણ આહારં, કાલધમ્મે ઉવટ્ઠિએ ।
જહિઊણ માણુસં બોંદિં, પભૂ દુક્ખે વિમુચ્ચઈ ॥ ૫૬ ॥

निम्ममो निरहंकारो, वीयरागो अणासवो ।
संपत्तो केवलं नाणं, सासयं परिणिव्वुए ॥ ५७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૨૦-૨૧]

સામર્થ્યવાન મુનિ કાલધર્મ (મૃત્યુ) ઉપસ્થ થતાં આહારનો ત્યાગ કરી, આ શરીરને છોડી, સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

વળી તે મમત્વરહિત, અહંકાર રહિત, વીતરાગ અને અનાસ્રવી બની કેવળજ્ઞાન પામી શાશ્વત સુખનો ભોક્તા બને છે.

ધારા સત્તરમી
સાધુનો આચાર

પુઢવિં ભિત્તિં સિલં લેલું, નેવ ભિંદે ન સંલિહે ।
તિવિહેણ કરણજોગેણં, સંજએ સુસમાહિએ ॥ ૧ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૪]

સમાધિવંત સંયમી પુરુષ–પૃથ્વી, ભીંત, પાષાણ, શિલા તથા ઈંટોને ત્રણ કરણ અને ત્રણ યોગથી તોડે નહિ, તેમજ તેના ટુકડા કરે નહિ.

વિ૦ કરવું, કરાવવું અને કરનારને અનુમોદવું એ ત્રણ કરણ કહેવાય છે. મન, વચન અને કાયા એ ત્રણ યોગ કહેવાય છે. એટલે સાધુ મન, વચન, કાયાથી આ ક્રિયા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, તેમજ કોઈ કરતો હોય તો તેની અનુમોદના પણ કરે નહિ.

સુદ્ધપુઢવીં ન નિસીએ, સસરક્ખંમિ અ આસણે ।
પમજ્જિતુ નિસીइज્જા, જાइત્તા જસ્સ ઉગ્ગહં ॥ ૨ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૫]

તેમ સજીવ પૃથ્વી પર કે ધૂળથી ખરડેલા આસન પર બેસે નહિ. જો બેસવાની જરૂર હોય તો માલીકની આજ્ઞા લઈ અચિત્ત પૃથ્વી પર પ્રમાર્જના કરીને બેસે.

સીઓદગં ન સેવિજ્જા, સિલાવુટ્ઠં હિમાણિ ય ।
ઉસિણોદગં તત્તફાસુયં, પડિગાહિજ્જ સંજએ ॥ ૩ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૬]

સંયમી પુરુષ (નદી, કૂવા, તળાવ વગેરેનું) ઠંડું પાણી પીએ નહિ, વરસાદનું પાણી પણ પીએ નહિ, તેમજ બરફનું પાણી પણ પીએ નહિ. તે અગ્નિથી ખૂબ તપાવેલું તથા ધોવણનું નિર્જીવ પાણી ગ્રહણ કરે (અને તેને જ વાપરે).

उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे ।
समुप्पेह तहाभूयं, नो णं संघट्टए मुणी ॥ ४ ॥
[દશ. અ૦ ૮, ગા. ૭]

જો પોતાનું શરીર કદાચ સચિત્ત જલથી ભીનું થઈ જાય તો મુનિ એને વસ્ત્રથી લૂંછે નહિ. તથા પોતાના હાથથી મસળીને દૂર કરે નહિ. શરીરને આ પ્રકારનું થયેલું જોઈ તેનો સ્પર્શ પણ કરે નહિ. અર્થાત્ એ શરીર સૂકું થાય ત્યાં સુધી એમને એમ રહેવા દે.

વિ૦ મલશંકા દૂર કરવા માટે ગામ બહાર જતાં કદાચિત્ વરસાદ પડે અને શરીર ભીનું થાય તો એ સમયે શું કરવું ? તે આ ગાથામાં જણાવેલું છે. આ કારણ સિવાય મુનિને વરસાદમાં વસતીથી બહાર જવાનો નિષેધ છે.

जायतेयं न इच्छंति, पावगं जलइत्तए ।
तिक्खमन्नयरं सत्थं, सव्वओ वि दुरासयं ॥ ५ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૩૨]

સાધુ અગ્નિને પ્રકટાવવાની કે તેને વધારવાની ઇચ્છા કરતા નથી, કારણ કે તે (ઘણા જીવોનું અહિત કરનારો

હોવાથી) પાપકારી છે અને અન્ય શસ્ત્રોની અપેક્ષાએ ઘણો તીક્ષ્ણ છે. તે સર્વ બાજુથી સહન ન થઈ શકે એવો છે. તાત્પર્ય કે અન્ય શસ્ત્રોને એક બાજુ ધાર હોય છે, જ્યારે અગ્નિ સર્વ બાજુથી ધારવાળો છે.

भूयाणमेसमाघाओ, हव्ववाहो न संसओ ।
तं पईवपयावट्ठा, संजया किंचि नारभे ॥ ६ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૩૫]

અગ્નિ પ્રાણી માત્રનો ઘાતક છે, એમાં શંકા નથી, તેથી સંયમી પુરુષો પ્રકાશ કે તાપ લેવા માટે કદી પણ તેનો આરંભ કરતા નથી.

इंगालं अगणिं अच्चिं, अलायं वा सजोइयं ।
न उंजिज्जा न घट्टिजा, नो णं निव्वावए मुणी ॥ ७ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૮]

મુનિ અંગારાને, અગ્નિને, જ્વાલાને કે જ્યોતિ સહિત અર્ધ બળેલા કાષ્ઠને વધારે પ્રદીપ્ત કરે નહિ, તેનો સ્પર્શ પણ કરે નહિ કે તેને બુઝાવે પણ નહિ.

अणिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं ।
सावज्जबहुलं चेयं, नेयं ताईहिं सेवियं ॥ ८ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૩૬]

જ્ઞાનીઓ વાયુકાયના સમારંભને પણ તેવો જ (અગ્નિના સમારંભ સરખો બહુ પાપકારી) માને છે, તેથી છકાયનો રક્ષક સાધુ તેનું સેવન કરે નહિ.

तालियंटेण पत्तेण, साहाविहुअणेण वा ।
न ते वीइउमिच्छंति, वीयावेऊण वा परं ॥ ९ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૩૮]

તેથી સાધુ તાડપત્રના પંખાથી, (સામાન્ય વીંઝણાથી) કે વૃક્ષની શાખાને હલાવીને પોતાના શરીરને પવન નાખવાની ચેષ્ટા કરતા નથી, તેમ પર પદાર્થ પર (ગરમ દૂધને ઠંડું કરવા વગેરે માટે) પણ પવન નાખતા નથી.

तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सइ ।
आमगं विविहं बीयं, मणसा वि न पत्थए ॥ १० ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૦]

સંયમી ભિક્ષુ તૃણ, (ઘાસ), વૃક્ષ, ફળ, કે કોઈ વૃક્ષનું મૂળ કાપે નહિ, તથા ભિન્ન ભિન્ન પ્રકારના સચિત્ત બીજોના સેવનને મનથી પણ ઇચ્છે નહિ.

गहणेसु न चिट्ठिज्जा, बीएसु हरिएसु वा ।
उदगम्मि तहा निच्चं, उत्तिंगपणगेसु वा ॥ ११ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૧]

મુનિ વનનિકુંજમાં ઊભો રહે નહિ, (કારણ કે ત્યાં વનસ્પતિનો સ્પર્શ થવાનો સંભવ છે.) તેજ રીતે જ્યાં બીજ પડ્યા હોય કે લીલી વનસ્પતિ ઉગેલી હોય ત્યાં પણ ઊભો રહે નહિ. વળી જ્યાં અનંતકાય વનસ્પતિ, બિલાડીના ટોપ કે લીલ-ફૂગ ઉગેલાં હોય, ત્યાં પણ ઊભો રહે નહિ.

વિ૦ ઉત્તિંગનો અર્થ સામાન્ય રીતે કીડિયારું થાય છે, પણ અહીં ટીકાકારોએ તેનો અર્થ સર્પછત્રાદિ વનસ્પતિ કરેલો છે.

અટ્ઠ સુહુમાઇં પેહાએ, જાઇં જાણિત્ત સંજએ ।
દયાહિગારી ભૂએસુ, આસ ચિટ્ઠ સએહિ વા ॥ ૧૨ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૩]

સંયમી મુનિ (હવે પછી વર્ણવેલા) આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોને જાણવાથી સર્વ જીવો પ્રતિ દયાનો અધિકારી થાય છે. તે આ સર્વ જીવોને સારી રીતે જોઈને બેસે, ઊભો રહે કે સૂએ.

કયારાઇં અટ્ઠ સુંહુમાઇં ? જાઇં પુચ્છિજ્જ સંજએ ।
ઇયાઇં તાઇં મેહાવી, આઇક્ખિજ્જ વિઅક્ખણો ॥ ૧૩ ॥
સિણેહં પુપ્ફસુહુમં ચ, પાણુત્તિંગં તહેવ ય ।
પણગં બીયહરિયં ચ, અંડસુહુમં ચ અટ્ઠમં ॥ ૧૪ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૪-૧૫]

તે આઠ સૂક્ષ્મ જીવો કયા ? એમ જ્યારે સાધુ પૂછે, ત્યારે બુદ્ધિમાન અને વિચક્ષણ આચાર્ય તેનું આ પ્રમાણે વર્ણન કરેઃ (૧) સ્નેહસૂક્ષ્મ એટલે અપ્કાયના સૂક્ષ્મ જીવો. (૨) પુષ્પસૂક્ષ્મ એટલે પુષ્પોમાં રહેલા સૂક્ષ્મ જીવો. (૩) પ્રાણીસૂક્ષ્મ એટલે કુંથુ આદિ સૂક્ષ્મ જંતુઓ. (૪) પનકસૂક્ષ્મ એટલે વરસાદમાં લાકડા વગેરે પર બાઝતી પંચવર્ણી લીલ-ફૂગ. (૫) ઉત્તિંગસૂક્ષ્મ એટલે કીડિયારું, ઉધેઈના ઘર વગેરે. (૬) બીજસૂક્ષ્મ એટલે

સૂક્ષ્મ પ્રકારનાં બીજો. (૭) હરિતસૂક્ષ્મ એટલે તદ્દન નવા ઊગેલા પૃથ્વીના જેવા જ રંગવાળા અંકુરો અને (૮) અંડસૂક્ષ્મ એટલે માખી, કીડી વગેરેના અતિ સૂક્ષ્મ ઈંડાં.

એવમેયાણિ જાણિત્તા, સવ્વભાવેણ સંજએ ।
અપ્પમત્તો જએ નિચ્ચં, સવ્વિંદિયસમાહિએ ॥ ૧૫ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૬]

સર્વ ઇન્દ્રિયોને શાંત રાખનાર સાધુ આ આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોને બરાબર જાણીને પ્રમાદ રહિતપણે વર્તે અને ત્રણ કરણ અને ત્રણ યોગથી સંયત બને.

તસે પાણે ન હિંસિજ્જા, વાયા અદુવ કમ્મુણા ।
ઉવરઓ સવ્વભૂએસુ, પાસેજ્જ વિવિહં જગં ॥ ૧૬ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૨]

સર્વ પ્રાણીઓની હિંસાથી ઉપરત થયેલો સાધુ આ વિશ્વમાં નાના-મોટા જીવોના જીવનમાં કેવી વિચિત્રતા-ભિન્નતા પ્રવર્તિ રહેલી છે, એને વિવેકપૂર્વક જોઈને કોઈ પણ ત્રસ પ્રાણીની મન, વચન કાયાથી હિંસા કરે નહિ.

ઇચ્ચેયં છજ્જીવણિયં, સમ્મદિટ્ઠી સયા જએ ।
દુલ્લહં લહિત્તુ સામણ્ણં, કમ્મુણા ન વિરાહિજ્જાસિ ॥ ૧૭ ॥
[દશ૦ અ૦ ૪, પદ્યવિભાગ, ગા૦ ૨૯]

આ રીતે સતત યતનાવાળો સમદૃષ્ટિ મુનિ દુર્લભ એવું શ્રમણપણું પામીને આ ષડ્જીનિકાયના જીવોની મન-વચન-કાયાથી વિરાધના કરે નહિ.

कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।
भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ॥ १८ ॥
[દશ૦ અ૦ ૬, પા૦ ૫૦]

જે મુનિ ગૃહસ્થના કાંસા આદિની કટોરીમાં, કાંસા આદિની થાળીમાં તથા માટીના કૂંડામાં, અશન-પાન આદિનું ભોજન કરે છે, તે પોતાના આચારથી સર્વથા ભ્રષ્ટ થઈ જાય છે.

सीओदगसमारंभे, मत्तधोअणछड्डणे ।
जाइं छनंति भूयाइं, दिट्ठो तत्थ असंजमो ॥ १९ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૫૧]

ગૃહસ્થો વાસણને ધૂએ છે, જેમાં સચિત્ત જળનો આરંભ થાય છે; વળી તે વાસણ ધોવાના પાણીને અહીં-તહીં ફેંકે છે, તેથી પણ ઘણા જીવોની હિંસા થાય છે. આ કારણે ગૃહસ્થોના વાસણમાં ભોજન કરવામાં જ્ઞાનીઓએ અસંયમ જોયો છે.

पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ न कप्पइ ।
एयमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥ २० ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૫૨]

ગૃહસ્થના વાસણમાં ભોજન કરવાથી પશ્ચાત્કર્મ અને પુરઃકર્મ દોષ લાગવાની સંભાવના રહે છે, તેથી સાધુને તે કલ્પતું નથી. આમ વિચારી નિર્ગ્રંથ મુનિઓ ગૃહસ્થના વાસણમાં ભોજન કરતા નથી.

વિ૦ વાસણમાં ખાઈ લીધા પછી તેને સચિત્ત જળથી

ધોવું તે પશ્ચાત્કર્મ અને ખાતાં પહેલાં તેને સચિત્ત જળથી ધોઈ સાફ કરવું તે પુરઃકર્મ.

आसंदीपलिअंकेसु, मंचमासालएसु वा ।
अणायरियमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥ २१ ॥
नासंदीपलिअंकेसु, न निसिज्जा न पीढए ।
निग्गंथाऽपडिलेहाए, बुद्धकत्तमहिट्ठगा ॥ २२ ॥
[દશ. અ૦ ૬, ગા૦ ૫૩-૫૪]

ખુરશી, પલંગ, ખાટલા કે આરામખુરશી આદિ પર બેસવું કે સૂવું એ આર્ય સાધુઓને માટે અનાચાર છે; તેથી સર્વજ્ઞની આજ્ઞાના આરાધક નિર્ગ્રંથ સાધુ, ખુરશી, પલંગ વગેરે તથા રૂની ગાદીવાળા પાટિયા પર બેસે કે સૂવે નહિ, કારણ કે એનું પડિલેહણ બરાબર થઈ શકતું નથી.

गंभीरविजया ए ए, पाणा दुप्पडिलेहगा ।
आसंदी पलिअङ्को य, एयमट्ठं विवज्जिया ॥ २३ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૫૫]

ખુરશી–પલંગ આદિમાં ઊંડા છિદ્ર હોય છે, તેથી પ્રાણીઓની પ્રતિલેખના થવી કઠિન છે, આ કારણે મુનિઓ એ તેના પર બેસવાનું છોડી દેવું.

गोअरपग्गविट्ठस्स, निसिज्जा जस्स कप्पइ ।
इमेरिसमणायारं, आवज्जइ अबोहिअं ॥ २४ ॥
विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो ।
वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ॥ २५ ॥

अगुत्ती बंभचेरस्स, इत्थीओ वावि संकणं ।
कुसीलवड्ढणं ठाणं, दूरओ परिवज्जए ॥ २६ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૫૬-૫૭-૫૮]

ગોચરી નિમિત્તે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યા પછી ત્યાં બેસવું એ સાધુને કલ્પતું નથી, કારણ કે તેથી દોષ લાગવાની સંભાવના છે અને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.

ગૃહસ્થના ઘરે બેસવાથી સાધુના બ્રહ્મચર્યનો નાશ થવાની તથા પ્રાણીઓનો વધ થવાની સંભાવના હોવાથી સંયમનો નાશ થવાની ભીતિ રહે છે. વળી કોઈ ભિખારી ભિક્ષા માટે આવે તો તેને અંતરાય થવાની પણ સંભાવના રહે છે અને ગૃહસ્થને ગુસ્સો આવે એ પણ સંભવિત છે.

ગૃહસ્થના ઘરે જઈને બેસવાથી બ્રહ્મચર્યની ગુપ્તિઓનું યથાર્થ પાલન થઈ શકતું નથી (કારણ કે સ્ત્રીઓના અંગ પ્રત્યંગ જોવાનો પ્રસંગ આવી જાય છે ; વળી ગૃહસ્થની સ્ત્રીની સાથે અતિ પરિચય થવાથી બીજાઓને મુનિના ચારિત્રમાં શંકા કરવાની તક મળે છે. એથી આવી કુશીલતાને વધારનારા સ્થાનનો મુનિ દૂરથી જ ત્યાગ કરે; તાત્પર્ય કે તે ગૃહસ્થને ત્યાં જઈને બેસવાનું સદંતર છોડી દે.

वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए ।
वुक्कंतो होइ आयारो, जढो हवइ संयमो ॥ २७ ॥
संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु य ।
जे य भिक्खू सिणायंतो, वियडेणुप्पलावए ॥ २८ ॥

तम्हा ते न सिणायंति, सीएण उसिएण वा ।
जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्ठगा ॥ २९ ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૬૦-૬૧-૬૨]

રોગી હોય કે નીરોગી, જે સાધુ સ્નાન કરવાની ઇચ્છા કરે છે, તે નક્કી આચારથી ભ્રષ્ટ થાય છે અને સંયમરહિત બને છે.

ક્ષારભૂમિ કે એવા જ પ્રકારની બીજી ભૂમિઓમાં સૂક્ષ્મ પ્રાણીઓ વ્યાપ્ત હોય છે, તેથી સાધુ પ્રાશુક-ગરમ જળથી સ્નાન કરે તો પણ તેમની વિરાધના અવશ્ય થાય છે.

તેથી શુદ્ધ સંયમનું પાલન કરનારા સાધુ ઠંડા પાણીથી અથવા ગરમ પાણીથી કદી પણ સ્નાન કરતા નથી અને જીવનપર્યંત અસ્નાન નામના અતિ કઠિન વ્રતનું પાલન કરે છે.

सिणाणं अदुवा कक्कं, लोद्धं पउमगाणि य ।
गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइ वि ॥ ३० ॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૬૩]

સંયમી પુરુષ સ્નાન કરતા નથી, તેમજ (ચંદન) કલ્ક, લોધ્ર, કેશર આદિ સુગન્ધિત પદાર્થોનો પોતાના શરીરે ચોળવા માટે કદી ઉપયોગ કરતા નથી.

विभूसा वत्तियं भिक्खू, कम्मं बंधइ चिक्कणं ।
संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ॥ ३१ ॥

विभूसावत्तियं चेयं, बुद्धा मन्नंति तारिसं ।
सावज्जबहुलं चेयं, नेयं ताईहिं सेवियं ॥ ३२ ॥
[દશ. અ૦ ૬. ગા૦ ૬૫-૬૬]

વિભૂષાપ્રિય સાધુને ચીકણા કર્મ બંધાય છે, તેથી એ દુસ્તર ઘોર સંસાર સાગરમાં પડે છે.

જ્ઞાની પુરુષો શરીરની વિભૂષા ચાહનારા મનને ચીકણા કર્મબંધનનું કારણ અને બહુ પાપોની ઉત્પત્તિનો હેતુ માને છે, તેથી છકાયના જીવોનું રક્ષણ કરનારા મુનિઓ એનું સેવન કરતા નથી.

सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं ।
ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥ ३३ ॥
[દશ. અ. ૫, ઉ. ૨, ગા. ૩૬]

પોતાના સંયમરૂપી યશનું રક્ષણ કરનારો ભિક્ષુ આત્મસાક્ષીએ સુરા, મદિરા તથા મદ ઉત્પન્ન કરનારો બીજો કોઈ પણ રસ પીએ નહિ.

पियए एगओ तेणो,
न मे कोइ वियाणइ ।
तस्स पस्सह दोसाइं,
नियडिं च सुणेह मे ॥ ३४ ॥
[દશ. અ. ૫, ઉ. ૨, ગા. ૩૭]

'મને કોઇ પણ જોતું નથી,' એમ માનીને ભગવાનની આજ્ઞાનો લોપ કરનારો જે ચોર સાધુ એકાંત માની

છૂપાઈને મદિરા પીએ છે, તેના દોષોને જુઓ તથા તેના માયાચારનું વર્ણન કરું છું, તે સાંભળો.

वड्ढई सुंडिया तस्स, माया मोसं च भिक्खुणो ।
अयसो य अनिव्वाणं, सययं च असाहुया ॥ ३५ ॥
[દશ૦ અ૦ ૫ ઉ૦ ૨, ગા૦ ૩૮]

મદિરાપાન કરનાર સાધુમાં આસક્તિ, માયા, મૃષાવાદ, અપયશ, અતૃપ્તિ આદિ દોષો વધતા જ રહે છે. તેની અસાધુતા પણ સતત વધતી જ રહે છે.

आयरिए नाराहेइ, समणे आवि तारिसो ।
गिहत्थावि णं गरिहंति, जेण जाणंति तारिसं ॥ ३६ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૪૦]

વિચારમૂઢ મદિરા પીનારો સાધુ ન તો આચાર્યની સેવા કરી શકે છે અને ન તો સાધુઓની. જ્યારે ગૃહસ્થ લોકો એમ જાણે છે કે આ સાધુ તો મદિરાપાન કરનારો છે, ત્યારે તેઓ પણ એની નિંદા કરે છે.

तवं कुव्वइ मेहावी, पणीयं वज्जए रसं ।
मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥ ३७ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨; ગા૦ ૪૨]

મેધાવી સાધુ સ્નિગ્ધ રસોને છોડીને તપ કરે છે. તે મદ્યપાન અને પ્રમાદથી વિરત થયેલો નિરભિમાની તપસ્વી હોય છે.

मणोहरं चित्तघरं, मल्लधूवेण वासियं ।
सकवाडं पंडुरुल्लोयं, मणसाऽवि न पत्थए ॥ ३८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૪]

જે ઘર મનોહર હોય, ચિત્રથી સુશોભિત હોય, પુષ્પ માળા અને ધૂપથી વાસિત હોય, ચંદ્રવાથી સુશોભિત હોય તથા કમાડવાળું હોય તેની સાધુપુરુષ મનથી પણ ઇચ્છા ન કરે.

इंदियाणि उ भिक्खुस्स, तारिसम्मि उवस्सए ।
दुक्कराइं निवारेउं, कामरागविवड्ढणे ॥ ३९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૫]

કેમકે આવા કામરાગની વૃદ્ધિ કરનારા સ્થાનમાં વસતા વિષયો તરફ જતી ઇન્દ્રિયોનું નિવારણ કરવું સાધુને માટે ઘણું મુશ્કેલ બની જાય છે.

सुसाणे सुन्नगारे वा, रुक्खमूले वा एगओ ।
पइरिक्के परकडे वा, वासं तत्थाभिरोयए ॥ ४० ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૬]

સાધુપુરુષ સ્મશાનમાં, શૂન્ય ઘરમાં, વૃક્ષની નીચે અથવા ગૃહસ્થે પોતાના માટે બનાવેલું હોય એવા પરકૃત એકાન્ત સ્થાનમાં એકલો નિવાસ કરવાનું પસંદ કરે.

फासुयम्मि अणाबाहे, इत्थीहिं अणभिद्दुए ।
तत्थ संकप्पए वासं, भिक्खू परमसंजए ॥ ४१ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૭]

પરમ સંયમી સાધુ એવા સ્થાનમાં રહેવાનો સંકલ્પ કરે કે જે જીવાદિની ઉત્પત્તિ વિનાનું હોય, જે સ્વ-પર બાધાઓથી રહિત હોય, અને જે સ્ત્રી-પંડક વગેરેના ઉપદ્રવથી વંચિત હોય.

चिरं दूइज्जमाणस्स, दोसो दाणिं कुओ तव ।
इच्चेव णं निमंतेन्ति, नीवारेण व सूयरं ॥ ४२ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૨, ગા૦ ૧૯]

'હે મુનિવર ! ઘણા કાળથી સંયમપૂર્વક વિહાર કરતા એવા આપને આમાં દોષ કેમ લાગી શકે ?' એ રીતે ભોગ ભોગવવાનું આમંત્રણ આપીને લોક સાધુને એવી રીતે ફસાવી દે છે કે જેમ ચાવલના દાણાથી સૂઅરને.

धम्माउ भट्ठं सिरिओ अवेयं,
जन्नग्गिविज्झाअमिवऽप्पतेयं ।
हीलंति णं दुव्विहिअं कुसीला,
दाढुद्धियं घोरविसं व नागं ॥ ४३ ॥

[દશ૦ ચૂ૦ અ૦ ૧, ગા૦ ૧૨]

યજ્ઞાંતે અલ્પ તેજવાળા થઈ ગયેલા અગ્નિની અથવા દાઢો નીકળી ગયેલ ઉગ્ર વિષધર નાગની હર કોઈ હીલના કરે છે, તેમ ધર્મથી ભ્રષ્ટ અને આધ્યાત્મિક સંપત્તિથી પતિત એવા દુર્વિગ્ધ મુનિની દુરાચારીઓ પણ હીલના કરે છે.

વિ૦ અપમાન કરવું, તિરસ્કાર કરવો, નિંદા કરવી એ હીલના કહેવાય છે.

इहेवऽधम्मो अयसो अकित्ती,
दुन्नामधिज्जं च पिहुज्जणंमि ।
चुयस्स धम्माउ अहम्मसेविणो,
संभिन्नवित्तस्स य दिट्ठओ गई ॥ ४४ ॥

[દશ. ચૂ૦ અ૦ ૧, ગા૦ ૧૩]

જે ધર્મથી ચ્યુત થાય છે અને અધર્મનું સેવન

કરે છે, તેનું આ જગતમાં સાધારણ લોકોમાં પણ નામ બગડે છે તે અધર્મી કહેવાય છે, અને અપયશ તથા અકીર્તિનું પાત્ર બને છે. વ્રત ભંગ કરનારની પરલોકમાં અધમ ગતિ થાય છે.

भुंजित्तु भोगाइं पसज्झचेयसा
तहाविहं कट्टु असंजमं बहुं ।
गइं च गच्छे अणभिज्झयं दुहं,
बोही य से नो सुलहा पुणो पुणो ॥ ४५ ॥
[દશ૦ ચૂ૦ અ૦ ૧, ગા૦ ૧૪]

સંયમભ્રષ્ટ મનુષ્ય દત્તચિત્તથી ભોગો ભોગવીને તથા અનેક પ્રકારના અસંયમોનું સેવન કરીને દુઃખદ અનિષ્ટ ગતિમાં જાય છે. વારંવાર જન્મમરણ કરવા છતાં તેને બોધિ સુલભ થતી નથી.

आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।
वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥ ४६ ॥
[દશ. અ૦ ૩, ગા. ૧૨]

સુસમાહિત ચિત્તવાળા સંયમી પુરુષો ગ્રીષ્મકાલમાં સૂર્યની આતાપના લે છે, શીતકાલમાં અલ્પ વસ્ત્રથી દેહને ઢાંકે છે તથા વર્ષાકાલમાં ઇન્દ્રિયોનું ગોપન કરીને રહે છે.

परीसहरिऊदंता, धूअमोहा जिइंदिया ।
सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ॥ ४७ ॥
[દશ૦ અ૦ ૩, ગા૦ ૧૩]

નિર્ગ્રંથ મુનિઓ પરિષહરૂપી શત્રુઓને જિતનારા, મોહરહિત તથા જિતેન્દ્રિય હોય છે. તેઓ સર્વ દુઃખોનો નાશ કરવા માટે અદ્‌ભુત પરાક્રમ કરે છે.

दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहेत्तु य ।
केइत्थ देवलोएसु, केइ सिज्झन्ति नीरया ॥ ४८ ॥
[દશ૦ અ૦ ૩, ગા૦ ૧૪]

દુષ્કર કરણી કરીને તથા દુઃસહ કષ્ટો સહન કરીને કેટલાક મુનિઓ દેવલોકમાં જાય છે, તો કેટલાક કર્મરહિત થઈને સિદ્ધિ ગતિ પામે છે.

खवित्ता पुव्वकमाइं, संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुप्पत्ता, ताइणो परिनिव्वुडे ॥ ४९ ॥
[દશ૦ અ૦ ૩, ગા૦ ૧૫]

છકાયના રક્ષક મુનિ સંયમ અને તપદ્વારા પૂર્વ-સંચિત કર્મોનો ક્ષય કરી સિદ્ધિમાર્ગને પ્રાપ્ત કરતાં તે મુક્ત બને છે.

जे केइ पव्वइए, निहासीले पगामसो ।
भोच्चा पेच्चा सुहं सुवइ, पावसमणित्ति वुच्चइ ॥ ५० ॥
[ઉત્ત૦ અ૦ ૧૭, ગા૦ ૩]

જે કોઈ પ્રવ્રજ્યા લીધા પછી ખૂબ ઊંઘણશી બને છે અને ખાઈ-પીઈને નિરાંતે સૂએ છે, તે પાપશ્રમણ (પાપમય પ્રવૃત્તિ કરનારો સાધુ) કહેવાય છે.

कहं चरे ? कहं चिट्ठे ? कहं भासे ? कहं सए ।
कहं भुंजन्तो भासन्तो ? पावं कम्मं न बन्धइ ॥ ५१ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૭]

(શિષ્ય કહે છે કે હે પૂજ્ય !) કેમ ચાલવું ? કેમ ઊભા રહેવું ? કેમ બેસવું ? કેમ સૂવું ? કેમ ખાવું ? અને કેમ બોલવું કે જેથી પાપકર્મનો બંધ ન થાય ?

जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजन्तो भासन्तो, पावं कम्मं न बन्धइ ॥ ५२ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૮]

ગુરુ કહે છે કે ઉપયોગપૂર્વક ચાલવું, ઉપયોગપૂર્વક રહેવું, ઉપયોગપૂર્વક બેસવું, ઉપયોગપૂર્વક સૂવું, ઉપયોગપૂર્વક ખાવું અને ઉપયોગપૂર્વક બોલવું તો પાપકર્મ ન બંધાય.

सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दन्तस्स, पावं कम्मं न बन्धइ ॥ ५३ ॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૯]

જે પ્રાણી માત્રને પોતાના આત્મા સમાન માને છે, તેમના પર સમભાવ રાખે છે તથા પાપાસ્રવોને રોકે છે, એવા દમિતેન્દ્રિય સંયમીને પાપકર્મનો બંધ થતો નથી.

अप्पपिण्डासि पाणासि, अप्पं भासेज्ज सुव्वए ।
खन्तेऽभिनिव्वुडे दन्ते, वीतगिद्धी सया जए ॥ ५४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૨૫]

સુવ્રતી પુરુષ અલ્પ ખાય, અલ્પ પીએ, અલ્પ બોલે. તે ક્ષમાવાન હોય, લોભાદિથી નિવૃત્ત હોય, જિતેન્દ્રિય હોય, અનાસકત હોય તથા સદાચારમાં સદા યત્નશીલ હોય.

तत्था मन्दा विसिवन्ति,
वाहच्छिन्ना व गद्दभा ।
पिट्ठओ परिसप्पन्ति,
पिट्ठसप्पी य संभमे ॥ ५५ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૪, ગા૦ ૫]

મંદ પરાક્રમી પુરુષો અનુકૂલ પરિષહો આવી પડતાં ભાર ઉચકીને થાકી ગયેલા ગધેડાની જેમ વિષાદ પામે છે અને સંભ્રમથી ભગ્ન મતિવાળા થઈ પાછળ રહી ગયેલા મનુષ્યોની જેમ સંયમીઓની શ્રેણીમાં પાછળ રહી જાય છે.

तं च भिक्खू परिन्नाय,
सव्वे संगा महासवा ।
जीवियं नावकंखिज्जा,
सोच्चा धम्ममणुत्तरं ॥५६॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૨, ગા૦ ૧૩]

શ્રેષ્ઠ ધર્મ સાંભળીને તથા સંસારના સર્વ સંબંધો કર્મોને આવવાના મહાપ્રદેશ દ્વાર છે એમ જાણીને, ભિક્ષુ (અસંયમી કે ગૃહસ્થ) જીવનની ઇચ્છા ન કરે.

विज्जहित्तु पुव्वसंजोयं,
न सिणेहं कहिंचि कुव्वेज्जा ।
असिणेह सिणेहकरेहिं,
दोसपओसेहिं मुच्चए भिक्खू ॥५७॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૨]

પૂર્વ સંયોગોને છોડી દીધા પછી ભિક્ષુ ફરી કોઇ

પણ વસ્તુમાં સ્નેહ ન કરે. સ્નેહ કરનારાઓની વચ્ચે જે નિસ્નેહી-નિર્મોહી થાય છે, તે દોષ-પ્રદોષોથી છૂટી જાય છે.

अत्थंगयंमि आइच्चे, पुरत्था य अणुग्गए ।
आहारमाइयं सव्वं, मणसा वि न पत्थए ॥५८॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૮]

સંયમી પુરુષ સૂર્યાસ્ત થયા પછી અને સૂર્યોદય થયા પહેલાં કોઈ પણ પ્રકારના આહારની ઇચ્છા મનથી પણ ન કરે.

सन्तिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइ राओ अपासंतो, कहमेसणियं चरे ? ॥५९॥
[દશ. અ૦ ૬, ગા૦ ૨૩]

ધરતી પર એવા ત્રસ અને સ્થાવર સૂક્ષ્મ જીવો સદૈવ વ્યાપ્ત રહે છે, જે રાત્રિના અંધકારમાં જોઈ શકાતાં નથી, તો એવા સમયે આહારની શુદ્ધ ગવેષણા શી રીતે થઈ શકે ?

उदउल्लं बीयसंसत्तं, पाणानिव्वडिया महिं ।
दिया ताइं विवज्जेज्जा, राओ तत्थ कहं चरे ? ॥६०॥
[દશ. અ૦ ૬, ગા૦ ૨૪]


જમીન પાણીથી ભીની હોય, અથવા તેના પર બીજ પડ્યાં હોય, અથવા-કીડી-કંથવા આદિ ઘણા પ્રકારના સૂક્ષ્મ જીવો રહેલા હોય, તે બધાનું વર્જન કરીને દિવસમાં તો ચાલી શકાય, પણ રાત્રિએ કંઈ દેખી શકાતું નથી તો શી રીતે ચાલી શકાય ?

सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ॥६१॥
[દશ૦ અ૦ ૬, ગા૦ ૨૫]

માટે નિર્ગ્રંથ મુનિઓ રાત્રિએ સર્વ પ્રકારનો આહાર વાપરતા નથી.

चउव्विहे वि आहारे, राइभोयणवज्जणं ।
सन्निही–संचओ चेव, वज्जेयव्वो सुदुक्करं ॥६२॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૩૦]

અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું રાત્રિએ વર્જન કરવું અને કાલ વીત્યા પછી કોઈ પણ વસ્તુ પાસે ન રાખવી, તેમજ તેનો સંગ્રહ કરવો નહિ, એ ખરેખર ઘણું કઠિન છે, (પણ સંયમી પુરુષે તો એ કઠિનાઈને બરદાસ કરવી જ જોઈએ).



ધારા અઢારમી
અષ્ટ–પ્રવચનમાતા

અટ્ઠ પવયણમાયાઓ, સમિઈ ગુત્તી તહેવ ય ।
પંચેવ ય સમિઈઓ, તઓ ગુત્તીઓ આહિયા ॥ ૧ ॥

પ્રવચન માતાઓ આઠ છે. તે સમિતિ અને ગુપ્તિ-રૂપ છે. તેમાં સમિતિઓ પાંચ અને ગુપ્તિઓ ત્રણ કહેલી છે.

વિ૦ સાધુ, મુનિ કે યોગીના જીવનમાં અષ્ટ પ્રવચન-માતા અતિ અગત્યનો ભાગ ભજવે છે. આ અષ્ટ–પ્રવચન-માતાનો એક ભાગ સમિતિ અને બીજો ભાગ ગુપ્તિ કહેવાય છે. સમિતિનો સાદો અર્થ છે સંગત કે સમ્યક્ પ્રવૃત્તિ અને ગુપ્તિનો સાદો અર્થ છે પ્રશસ્ત નિગ્રહ. પરંતુ ઊંડાણથી જોઈએ તો સમિતિમાં સાધુ, મુનિ કે યોગીની સમસ્ત જીવનચર્યાનો સમાવેશ છે અને ગુપ્તિમાં તેણે કરવા યોગ્ય સાધનોનો સમાવેશ છે.

ઇરિયાભાસેસણાદાણે, ઉચ્ચારે સમિઈ ઇય ।
મણગુત્તી વયગુત્તી, કાયગુત્તીય અટ્ઠમા ॥ ૨ ॥

પાંચ સમિતિઓ આ છે: (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાન–નિક્ષેપ-સમિતિ અને (૫) ઉચ્ચાર–પ્રસ્રવણસમિતિ. ત્રણ ગુપ્તિઓ આ છે: (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ. કાયગુપ્તિ આઠમી છે, એટલે કે અષ્ટ પ્રવચન-માતાની ગણના અહીં પૂરી થાય છે.

एयाओ अट्ठ समिईओ, समासेण वियाहिया ।
दुवालसंगं जिणक्खायं, मायं जत्थ उ पवयणं ॥ ३ ॥

આ આઠ સમિતિઓ ટૂંકમાં કહી. પ્રવચન એટલે જિન ભગવંતે કહેલી દ્વાદશાંગી. તે આ આઠ સમિતિઓમાં અંતર્ભૂત છે, તેથી જ તેને અષ્ટ-પ્રવચનમાતા કહેવામાં આવે છે.

વિ૦ 'ઉપર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કહી અને અહીં આઠ સમિતિ કેમ?' એવો પ્રશ્ન થવો સહજ છે. તેનું સમાધાન એ છે કે ગુપ્તિ પણ અપેક્ષાવિશેષથી એક પ્રકારની સમિતિ છે, એમ સૂચવવા અહીં આઠ સમિતિ કહી છે.

શ્રી જિનેશ્વર ભગવંતે જે ઉપદેશ આપ્યો, તેને ગણધર ભગવંતોએ આચારાંગાદિ બાર અંગોમાં ગુંથ્યો, તેને જ નિર્ગ્રંથ પ્રવચન કે પ્રવચન કહેવામાં આવે છે. આ પ્રવચનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણેનું વર્ણન છે, તો પણ તેમાં મોક્ષપ્રાપ્તિનાં અનંતર કારણરૂપ સમ્યક્ચારિત્રની પ્રધાનતા છે કે જેને બીજા શબ્દોમાં નિર્વાણપ્રાપક યોગસાધના કહેવામાં આવે છે. આ યોગસાધનાને જન્મ આપનાર, તેનું રક્ષણ કરનાર અને તેનું પાલનપોષણ કરનાર આઠ સમિતિઓ છે, તેથી જ તેને 'અષ્ટ પ્રવચનમાતા' એવું રહસ્યમય નામ આપવામાં આવ્યું છે.

आलंबणेण कालेण, मग्गणेण जयजाइ य ।
चउक्कारणपरिसुद्धं, संजए इरियं रिए ॥ ४ ॥

ઇર્યા સમિતિનો અર્થ એ છે કે સાધુપુરુષે આલંબન, કાલ, માર્ગ અને યતના આ ચાર કારણની શુદ્ધિપૂર્વક ચાલવું.

तत्थ आलंबणं नाणं, दंसणं चरणं तहा ।
काले य दिवसे वुत्ते, मग्गे सुप्पहवज्जिए ॥ ५ ॥

તેમાં આલંબનથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમજવાં. કાલથી દિવસ સમજવો અને માર્ગથી ઉત્પથનું વર્જન સમજવું.

વિ૦ આલંબનની શુદ્ધિપૂર્વક ચાલવું, એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રના રક્ષણ કે વૃત્તિનો હેતુ હોય તો જ સાધુપુરુષે ચાલવું, અન્યથા નહિ. કાલની શુદ્ધિપૂર્વક ચાલવું, એટલે દિવસના ભાગમાં ચાલવું, પણ રાત્રિએ ચાલવું નહિ. માર્ગની શુદ્ધિપૂર્વક ચાલવું, એટલે સહુની અવરજવરવાળા માર્ગે ચાલવું, પણ આડા માર્ગે ચાલવું નહિ. આડા માર્ગે ચાલતાં જીવાકુલ ભૂમિ પર પગ પડવાનો અને તેથી પણ ઘણી જીવવિરાધના થવાનો સંભવ છે.

दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।
जयणा चउविहा वुत्ता, तंमे कित्तयओ सुण ॥ ६ ॥

યતના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી એમ ચાર પ્રકારની કહેલી છે. તેનું વર્ણન કરું છું, તે સાંભળો.

दव्वओ चक्खुसा पेहे, जुगमितं च खित्तओ ।
कालओ जाव रीइज्जा, उवउत्ते य भावओ ॥ ७ ॥

દ્રવ્યથી યતના કરવી એટલે ચક્ષુથી બરાબર જોવું; ક્ષેત્રથી યતના કરવી એટલે આગળની એક ધોંસરી પ્રમાણ ભૂમિનું નિરીક્ષણ કરતાં રહેવું; કાલથી યતના કરવી, એટલે જ્યાં સુધી ચાલવાની ક્રિયા ચાલુ રહે, ત્યાં સુધી યતના કરવી; અને ભાવથી યતના કરવી એટલે તે વખતે બરાબર ઉપયોગ રાખવો.

इंदियत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा ।
तम्मुत्ती तप्पुरक्कारे, उवउत्ते रियं रिए ॥ ८ ॥

ઇન્દ્રિયના અર્થો તથા પાંચ પ્રકારના સ્વાધ્યાયનો ત્યાગકરીને ઇર્યાસમિતિમાં તન્મય થઈને ઉપયોગપૂર્વક ચાલવું.

વિ૦ ઇર્યાસમિતિ અંગે બીજી સૂચના એ છે કે ચાલતી વખતે ઇન્દ્રિયના વિષયો એટલે શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ સંબંધી અનુકૂળ-પ્રતિકૂળ કોઈ વિચારો કરવા નહિ. જો મન એવા વિચારોમાં ચડી જાય તો ઉપયોગ રહે નહિ અને પગ નીચે કોઈ જીવ-જંતુ આવી જતાં તેની વિરાધના થાય.

સ્વાધ્યાય એટલે પઠન-પાઠનને લગતી પ્રવૃત્તિ. જિનશાસનમાં તેના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એવા પાંચ પ્રકારો વર્ણવેલા છે. ચાલતી વખતે આ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં પણ મન જવા દેવું નહિ. મનમાં પાઠ ચાલતો હોય કે તેના અર્થ સંબંધી કોઈ સાથે વાર્તાલાપ થતો હોય કે તેની પુનરાવૃત્તિ થતી હોય તો ચાલવામાં ઉપયોગ રહે નહિ. એજ રીતે જો મન તેનાં ઊંડાં ચિંતનમાં ઉતરી ગયું હોય તો પોતે

કયાં ચાલે છે? અને કેવી રીતે ચાલે છે? તેનો ખ્યાલ રહે નહિ. વળી એ વખતે કોઈને ધર્મકથા કહેવાની ચાલુ હોય તો પણ ચાલવામાં પૂરતો ઉપયોગ રહે નહિ. આ કારણે આ બંને વસ્તુઓનો નિષેધ ફરમાવેલો છે.

કોહો માણે ય માયાએ, લોભે ય ઉવઉત્તયા ।
હાસે ભએ મોહરિએ, વિકહાસુ તહેવ ય ॥ ૯ ॥
એયાઇં અટ્ઠ ઠાણાઇં, પરિવજ્જિતુ સંજએ ।
અસાવજ્જં મિયં કાલે, ભાસં ભાસિજ્જ પન્નવં ॥ ૧૦ ॥

ભાષાસમિતિનો અર્થ એ છે કે પ્રજ્ઞાવાન મુનિ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા (વાચાળતા) અને વિકથા, આ આઠ સ્થાનનો ત્યાગ કરી યોગ્ય સમયે પરિમિત અને નિરવદ્ય વચન બોલે.

ગવેસણાએ ગહણે ય, પરિભોગેસણાય જા ।
આહારોવહિસેજ્જાએ, એએ તિન્નિ વિસોહએ ॥ ૧૧ ॥

એષણાસમિતિ ત્રણ પ્રકારની છે. ગવેષણા, ગ્રહણૈષણા, અને પરિભોગૈષણા. આહાર, ઉપધિ અને શય્યા મેળવતાં આ ત્રણેની શુદ્ધિ રાખવી.

ઉગ્ગમુપ્પાયણં પઢમે, બીએ સોહેજ્જ એસણં ।
પરિભોયમ્મિ ચઉક્કં, વિસોહેજ્જ જયં જઈ ॥ ૧૨ ॥

યતનાવંત સાધુ પ્રથમ એષણામાં ઉદ્ગમ-ઉત્પાદન દોષની શુદ્ધિ કરે, બીજી એષણામાં શંકિતાદિ દોષોની શુદ્ધિ કરે અને ત્રીજી પરિભોગૈષણામાં આહાર, વસ્ત્ર, પાત્ર અને શય્યા એ ચારેની શુદ્ધિ કરે.

વિ૦ ગવેષણા કરતી વખતે સોળ ઉદ્ગમના અને સોળ ઉત્પાદનના એમ કુલ ૩૨ દોષો ટાળવાના છે. ગ્રહણ કરતી વખતે શંકિતાદિ ૧૦ દોષો ટાળવાના છે. આ રીતે કુલ ૪૨ દોષ ટાળીને આહારાદિની એષણા કરવાની છે. પિંડનિર્યુક્તિમાં આ ૪૨ દોષોનું વિસ્તારથી વર્ણન કરેલું છે. પરિભોગ કરતી વખતે આહાર, વસ્ત્ર, પાત્ર અને શય્યા એ ચારેની નિર્દોષતા બાબત ખાતરી કરી લેવાની છે. ટુંકમાં સાધુએ પોતાની આજીવિકા માટે આહાર-પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધિ, શય્યા આદિ જે કંઈ મેળવવાની જરૂર રહે છે, તે બધી શાસ્ત્રમાં બતાવેલા વિધિપૂર્વક મેળવવાથી આ સમિતિનું પાલન થયેલું ગણાય છે.

ओहोवहोवग्गहियं, भंडं तु दुविहं मुणी ।
गिण्हंतो निक्खिवंतो वा, पउंजेज्ज इमं विहि ॥ १३ ॥

પાત્ર વગેરે ઓઘોપધિ કહેવાય છે અને રજોહરણ-દંડ વગેરે ઔપગ્રહિક ઉપધિ કહેવાય છે. આ બંને પ્રકારની ઉપધિને લેતાં, તેમજ મૂકતાં મુનિએ આ (નીચે જણાવેલ) વિધિનું પાલન કરવું જોઈએ :

चक्खुसा पडिलेहित्ता, पमज्जेज्ज जयं जई ।
आइए निक्खिवेज्जा वा, दुहओवि समिए सया ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૧-૧૪]

યતનાવાળો સાધુ આંખોથી જોઈને બંને પ્રકારની ઉપાધિની પ્રમાર્જના કરે તથા ઉપધિને ઉઠાવતાં અને મૂકતાં આ સમિતિનું સદા પાલન કરે.

संथारं फलगं पाढं, निसिज्जं पायकम्बलं ।
अप्पमज्जियमारुहइ, पावसमणे त्ति वुच्चई ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૧૭, ગા૦ ૭]

જે સાધુ સંસ્તારક (સંથારિયું), ફલક, પીઠ, પાદ-પૂંછન અને સ્વાધ્યાયભૂમિ, આ ચારનું પ્રમાર્જન કર્યા વગર બેસે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

पडिलेहेइ पमत्ते, अवउज्झइ पायकम्बलं ।
पडिलेहणाअणाउत्ते, पावसमणि त्ति वुच्चई ॥ १६ ॥
[ઉત્ત. અ૦ ૧૭, ગા૦ ૯]

જે પ્રતિલેખનામાં પ્રમાદ કરે છે, પાત્ર-કંબલ વગેરેને અહીં તહીં રખડતા મૂકે છે અને પ્રતિલેખનામાં પૂરો ઉપયોગ રાખતો નથી, તે પાપશ્રમણ કહેવાય છે.

વિ૦ પ્રતિલેખના એટલે સૂક્ષ્મ નિરીક્ષણ.

धुवं च पडिलेहिज्जा, जोगसा पायकंबलं ।
सिज्जामुच्चारभूमिं च, संथारं अदुवाऽऽसणं ॥ १७ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૧૭]

સાધકે નિત્ય યથાસમય પાત્ર, કંબલ, શય્યા-સ્થાન, ઉચ્ચારભૂમિ (મલવિસર્જનની ભૂમિ), સંસ્તારક અને આસન આદિની સાવધાનીપૂર્વક પ્રતિલેખના કરવી જોઈએ.

पुढवी आउक्काए, तेऊ वाऊ वणस्सइ तसाणं ।
पडिलेहणापमत्तो, छण्हं पि विराहिओ होइ ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૨૬, ગા૦ ૩૦]

પ્રતિલેખનામાં પ્રમાદ કરનારો પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છયેનો વિરાધક થાય છે.

पुढवी आउक्काए, तेऊ वाऊ वणस्सइ तसाणं ।
पडिलेहणाआउत्तो, छण्हं संरक्खओ होइ ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૨૬, ગા૦ ૩૧]

પ્રતિલેખનામાં જે પ્રમાદી થતો નથી, તે સાધુ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છયેનો સંરક્ષક થાય છે.

उच्चारं पासवणं, खेलं सिंघाणजल्लियं ।
आहारं उवहिं देहं, अन्नं वावि तहाविहं ॥ २० ॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૧૫]

મલ, મૂત્ર, ગળફેા, નાસિકાનેા મેલ, શરીરનેા મેલ, આહાર, ઉપધિ, દેહ (શવ) તથા એવી બીજી વસ્તુઓ વિધિથી પરઠવવી જોઈએ.

વિ૦ ઉચ્ચાર-પ્રસ્રવણ-સમિતિને પારિષ્ઠાપનિકી-સમિતિ પણ કહે છે. નકામી વસ્તુઓને સાવધાનીપૂર્વક પરઠવવાથી આ સમિતિનું પાલન થાય છે. મળ, મૂત્ર, ગળફેા, નાસિકાનેા મેલ, શરીરનેા મેલ પરઠવવાનેા પ્રસંગ રોજ આવે છે. આહાર પરઠવવાનેા પ્રસંગ ક્વચિત્ આવે છે. ઉપધિને પરઠવવાનેા પ્રસંગ વર્ષાકાળ પહેલાં આવે છે. શવને પરઠવવાના પ્રસંગેા અમુક વખતે આવે છે. આ બધી વસ્તુઓ કયાં પરઠવવી જોઇએ? તેનું સૂચન આગલી ગાથાઓમાં કરેલું છે.

अणावायमसंलोए, अणावाए चेव होइ संलोए ।
आवायमसंलोए, आवाए चेव संलोए ॥ २१ ॥

अणावायमसंलोए, परस्सणुवघाइए ।
समे अझुसिरे वावि, अचिरकालकयंमि य ॥ २२ ॥

विच्छिन्ने दूरमोगाढे, नासन्ने विलवज्जिए ।
तसपाणबीयरहिए, उच्चाराईणि वोसिरे ॥ २३ ॥

[उत्त० अ० २४, गा० १६-१७-१८]

(१) જ્યાં કોઈ આવતું ન હોય અને દેખતું પણ ન હોય, (૨) જ્યાં કોઈ આવતું ન હોય, પણ દેખતું હોય, (૩) જ્યાં કોઈ આવતું હોય પણ દેખતું ન હોય, અને (૪) જ્યાં કોઈ આવતું પણ હોય અને દેખતું પણ હોય, આવા ચાર પ્રકારનાં સ્થાનોમાંથી જ્યાં કોઈ આવતું ન હોય અને દેખતું પણ ન હોય તથા જીવોની ઘાત થવાનો સંભવ ન હોય, જે સ્થાન સમ હોય, ઢંકાયેલું ન હોય અને થોડા સમયથી અચિત્ત થયેલું હોય, વળી જે સ્થાન વિસ્તૃત હોય, નીચે લાંબે સુધી અચિત્ત હોય, ગ્રામાદિની સમીપ ન હોય, ઊંદર વગેરેના દરથી રહિત તથા પ્રાણી અને બીજથી રહિત હોય, ત્યાં સાધુએ મલાદિનો ત્યાગ કરવો.

एयाओ पंच समिईओ, समासेण वियाहिया ।
एत्तो य तओ गुत्तीओ, वोच्छामि अणुपुव्वसो ॥२४॥

[उत्त० अ० २४, गा० १९]

આ પાંચ સમિતિઓને અહીં સંક્ષેપથી કહી. હવે ત્રણ ગુપ્તિઓને અનુક્રમે કહું છું.

सच्चा तहेव मोसा य, सच्चमोसा तहेव य ।
चउत्थी असच्चमोसा य, मणगुत्ती चउव्विहा ॥२५॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૦]

મનોગુપ્તિ ચાર પ્રકારની છે: (૧) સત્યા, (૨) અસત્યા, (૩) મિશ્રા અને (૪) અસત્યામૃષા.

વિ૦ આ મન (૧) સત્ય વિષયમાં, (૨) અસત્ય વિષયમાં, (૩) અર્ધ સત્ય અને અર્ધ અસત્ય વિષયમાં, તેમ જ (૪) સત્ય પણ નહિ અને અસત્ય પણ નહિ, એમ ચાર પ્રકારના વિષયોમાં પ્રવર્તે છે. તે દરેકનો નિગ્રહ કરવો તે તે પ્રકારની મનોગુપ્તિ છે.

संरंभसमारंभे, आरंभम्मिय तहेव य ।
मणं पवत्तमाणं तु, निअत्तिज्ज जयं जई ॥२६॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૧]

સંયમી પુરુષ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતાં મનનું નિયંત્રણ કરે.

વિ૦ આરંભ એટલે જીવવિરાધના. તે માટેનો સંકલ્પ તે સંરંભ અને તે અંગે જરૂરી પ્રવૃત્તિ તે સમારંભ.

मणो साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई ॥२७॥
[ઉત્ત૦ અ૦ ૨૩, ગા૦ ૫૮]

મન એક સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડા જેવું છે. તે ચારે તરફ દોડે છે.

साहरे हत्थपाए य, मणं पंचेन्दियाणि य ।
पावकं च परीणामं, भासादोसं च तारिसं ॥२८॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૧૭]

જ્ઞાની પુરુષ હાથ-પગનો સંકોચ કરે છે, મન અને પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં રાખે છે અને દુષ્ટ ભાવનાઓને અંતરમાં દાખલ થવા દેતો નથી. તે જ રીતે તે ભાષા-દોષનું સેવન પણ કરતો નથી.

समाए पेहाए परिव्वयंतो,
सिया मणो निस्सरई बहिद्धा ।
"न सा महं नो वि अहं पि तीसे,"
इच्चेव ताओ विणएज्ज रागं ॥२९॥
[દશ૦ અ૦ ૨, ગા૦ ૪]

સમદૃષ્ટિથી સંયમમાં વિચરવા છતાં કદાચિત્ (ભોગ-વેલા ભોગોનું સ્મરણ થવાથી કે અનભુક્ત ભોગો ભોગવવાની વાસના જાગવાથી) સંયમી સાધુનું મન સંયમમાર્ગથી ચલિત થવા લાગે છે, ત્યારે તેણે એમ વિચારવું જોઈએ કે 'વિષયભોગની સામગ્રી મારી નથી અને હું એનો નથી.' આ રીતે સુવિચારના અંકુશથી તેના પરની પોતાની આસક્તિ દૂર કરે.

सच्चा तहेव मोसा य, सच्चमोसा तहेव य ।
चउत्थी असच्चमोसा य, वयगुत्ती चउव्विहा ॥३०॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૨]

વચનગુપ્તિ ચાર પ્રકારની છે : (૧) સત્ય ભાષા

સંબંધી, (૨) અસત્ય ભાષાસંબંધી, (૩) સત્ય-અસત્ય ભાષાસંબંધી અને (૪) અસત્યામૃષાભાષા સંબંધી.

સંરંભસમારંભે, આરંભે ય તહેવ ય ।
વયં પવત્તાણં તુ, નિયત્તિજ્જ જયં જઈ ॥૩૧॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૩]

સંયમી પુરુષ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતાં વચનનું નિયંત્રણ કરે.

ઠાણે નિસીયણે ચેવ, તહેવ ય તુયટ્ટણે ।
ઉલ્લંઘણપલ્લંઘણે, ઇન્દિયાણ ય જુંજણે ॥૩૨॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૪]

સંયમી પુરુષ ઊભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, ઉલ્લંઘન-પ્રલંઘન કરવામાં તથા ઇન્દ્રિયોના પ્રયોગમાં કાયાનું નિયંત્રણ કરે.

સંરંભસમારંભે, આરંભે તહેવ ય ।
કાયં પવત્તમાણં તુ, નિયત્તિજ્જ જયં જઈ ॥૩૩॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૫]

સંયમી પુરુષ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતી કાયાનું નિયંત્રણ કરે.

મણગુત્તયાએ ણં ભન્તે ! જીવે કિં જણયઇ ?
મણગુત્તયાએ ણં જીવે એગગં જણયઇ,
એગગચિત્તેણં જીવે મણગુત્તે સંજમારાહએ ભવઇ ॥ ૩૪ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૫૩]

પ્રશ્ન—હે ભગવન્ ! મનોગુપ્તિથી જીવ શું ઉપાર્જન કરે છે ?

ઉત્તર—હે શિષ્ય ! મનોગુપ્તિથી જીવ એકાગ્રતા ઉપાર્જન કરે છે. એકાગ્ર ચિત્તવાળો મનોગુપ્ત જીવ સંયમનો આરાધક થાય છે.

वयगुत्तयाए णं भन्ते ! जीवे किं जणयइ ?
वयगुत्तयाए णं निव्विकारत्तं जणयइ, निव्विकारे
णं जीवे वइगुत्ते अज्झप्पजोगसाहणजुत्ते यावि भवइ ॥३५॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૫૪]

પ્રશ્ન—હે ભગવન્ ! વચનગુપ્તિથી જીવ શું ઉપાર્જન કરે છે ?

ઉત્તર—હે શિષ્ય ! વચનગુપ્તિથી જીવ નિર્વિકાર ભાવને ઉત્પન્ન કરે છે. એ નિર્વિકાર ભાવથી વચનગુપ્ત જીવ અધ્યાત્મયોગના સાધનથી યુક્ત થાય છે.

कायगुत्तयाए णं भन्ते ! जीवे किं जणयइ ?
कायगुत्तयाए संवरं जणयइ, संवरेणं
कायगुत्ते पुणो पावासवनिरोहं करेइ ॥३६॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૫૫]

પ્રશ્ન—હે ભગવન્ ! કાયગુપ્તિથી જીવ શું ઉપાર્જન કરે છે ?

ઉત્તર—હે શિષ્ય ! કાયગુપ્તિથી જીવ સંવર ઉત્પન્ન કરે છે અને સંવરથી કાયગુપ્ત થયેલો જીવ પાપાસ્રવનો નિરોધ કરે છે.


एयाओ पंच समिईओ, चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसो ॥३७॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૬]

આ પાંચ સમિતિઓ ચારિત્રની પ્રવૃત્તિ માટે છે અને ત્રણ ગુપ્તિઓ સર્વ પ્રકારની અશુભ પ્રવૃત્તિઓ રોકવા માટે છે.

एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी ।
से खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए ॥३८॥
[ઉત્ત૦ અ૦ ૨૪, ગા૦ ૨૭]

જે વિદ્વાન્ મુનિ આ પ્રવચનમાતાઓનું સમ્યગ્ આચરણ કરે છે, તે સંસારના સર્વ પરિભ્રમણમાંથી શીઘ્ર મુક્ત થઈ જાય છે.

વિ૦ ગૃહસ્થ સાધક પણ આ સમિતિગુપ્તિનું શક્તિ મુજબ પાલન કરવાથી ચારિત્રશુદ્ધિનો લાભ મેળવી શકે છે.



एसणासमिओ लज्जू, गामे अणियओ चरे ।
अप्पमत्तो पमत्तेहिं, पिण्डवायं गवेसए ॥ १ ॥
[ઉત્ત. અ૦ ૬, ગા૦ ૧૭]

સંયમી સાધુ એષણાસમિતિનું પાલન કરતો ગામમાં અનિયત વૃત્તિથી અપ્રમાદી થઈને ગૃહસ્થોના ઘરમાંથી ભિક્ષાની ગવેષણા કરે.

समुआणं उछंमेसिज्जा, जहासुत्तमणिंदिअं ।
लाभालाभम्मि संतुट्ठे, पिंडवायं चरे मुणी ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૧૬]

મુનિ સૂત્રાનુસાર અને અનિંદિત અનેક કુલોમાંથી થોડો થોડો આહાર ગ્રહણ કરે અને મળે કે ન મળે તો પણ સંતુષ્ટ રહીને ભિક્ષાવૃત્તિનું પાલન કરે.

भिक्खिअव्वं न केअव्वं, भिक्खुणा भिक्खवत्तिणा ।
कयविक्कओ महादोसो, भिक्खावित्ती सुहावहा ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૧૫]

ભિક્ષાવૃત્તિવાળા ભિક્ષુએ ભિક્ષા જ કરવી જોઈએ, પરંતુ મૂલ્ય આપીને કોઈપણ વસ્તુ લેવી ન જોઈએ, કેમકે ક્રય–વિક્રયમાં મહાદોષ રહેલો છે, જ્યારે ભિક્ષાવૃત્તિ સુખ દેનારી છે.

कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।
अकालं च विवज्जिता, काले कालं समायरे ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૧]

સાધુ ભિક્ષાને માટે નિયત થયેલા કાલે ભિક્ષા માટે જાય અને ત્યાંથી યોગ્ય કાલે પાછો આવી જાય. તે અકાળને છોડીને યોગ્ય કાળે તે કાળને અનુરૂપ ક્રિયા કરે.

सइकाले चरे भिक्खू, कुज्जा पुरिसकारियं ।
अलाभुत्ति न सोइज्जा, तवत्ति अहियासए ॥ ५ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૬]

ભિક્ષુ ભિક્ષાનો કાલ થતાં ભિક્ષા માટે જાય અને યથોચિત પુરુષાર્થ કરે. જો ભિક્ષા ન મળે તો શોક ન કરે, પરંતુ 'સહજ તપ થશે' એવો વિચાર કરીને ક્ષુધા આદિ પરીષહોને સહન કરે.

संपत्ते भिक्खकालम्मि, असंभंतो अमुच्छिओ ।
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥ ६ ॥
[દશ. અ. ૫, ઉ. ૧, ગા. ૧]

ભિક્ષાનો કાળ થતાં સાધુ ઉદ્વેગરહિત અને આહારાદિમાં મૂર્છિત ન થતાં આગળ બતાવવામાં આવી છે, એવી વિધિથી આહાર-પાણીની ગવેષણા કરે.

से गामे वा नगरे वा, गोयरग्गओ मुणी ।
चरे मंदमणुव्विग्गो, अवक्खित्तेण चेयसा ॥ ७ ॥
[દશ. અ. ૫, ઉ. ૧, ગા. ૨]

ગામમાં અથવા નગરમાં ગોચરીને માટે ગયેલો મુનિ ઉદ્વેગરહિત બની, શાંતચિત્તે અને મંદગતિએ ચાલે.

પુરઓ જુગમાયાए, પેહમાणો મહિં चरे ।
वज्जंतो बीय हरियाइं, पाणे य दगमट्टियं ॥ ८ ॥
[દશ. અ૦ ૫. ઉ૦ ૧ ગા૦ ૩]

મુનિ પોતાની સામે ધૂંસરીપ્રમાણ (ચાર હાથ જેટલી) ભૂમિ દેખતો ચાલે તથા બીજ, લીલી વનસ્પતિ, સૂક્ષ્મ જીવજંતુ તથા કાદવને વર્જે; અર્થાત્ તેના પર પગ ન પડે તેનું પૂરું ધ્યાન આપે.

न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए ।
महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥ ९ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૮]

વરસાદ વરસી રહ્યો હોય, ધુમ્મસ પડી રહ્યું હોય, આંધી ચાલી રહી હોય કે પતંગિયા આદિ અનેક પ્રકારનાં જીવડાંઓ ઉડી રહ્યાં હોય, એવા સમયે સાધુ પોતાની વસતીમાંથી બહાર ન જાય.

अणायणे चरंतस्स, संसग्गीए अभिक्खणं ।
हुज्ज वयाणं पीला, सामण्णम्मि य संसओ ॥ १० ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૧૦]

ગોચરીને માટે વેશ્યાઓના મહોલ્લામાં જનાર સાધુને એનો વારંવાર સંસર્ગ થાય છે, જેથી મહાવ્રતોને પીડા થાય છે અને લોક એના સાધુપણામાં સંદેહ કરવા લાગે છે.

तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वज्जए वेस सामंतं, मुणी एगंतमस्सिए ॥ ११ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૧૧]

એથી દુર્ગતિને વધારનારા ઉપર્યુક્ત દોષોને જાણીને એકાંત મોક્ષની કામનાવાળા મુનિ વેશ્યાઓના મહોલ્લાઓનું વર્જન કરે.

साणं सूइअं गाविं, दित्तं गोणं हयं गयं ।
संडिब्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥ १२ ॥
[દશ૦ અ૦ ૫, ઉ. ૧ ગા૦ ૧૨]

જ્યાં કૂતરા હોય, તરતની વીંયાએલી ગાય હોય, મસ્ત આખલો, હાથી કે ઘોડો હોય, અથવા જે જગાએ બાલકો ક્રીડા કરતા હોય, અથવા જ્યાં કલહ થઈ રહ્યો હોય કે યુદ્ધ મચી રહ્યું હોય, ત્યાં સાધુ પુરુષે જવું નહિ. તેનો દૂરથી જ ત્યાગ કરવો.

अणुन्नए नावणए, अप्पहिट्ठे अणाउले ।
इंदियाइं जहाभागं, दमइत्ता मुणी चरे ॥ १३ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૧૩]

ગોચરીએ જઈ રહેલો સાધુ માર્ગમાં પોતાની દૃષ્ટિને અતિ ઊંચી કે નીચી ન રાખે. અભિમાન અથવા દીનતા ધારણ ન કરે. સ્વાદિષ્ટ ભોજન મળવાથી ખુશ ન થાય કે ન મળવાથી વ્યાકુળ ન થાય. પોતાની ઈન્દ્રિયો તથા મનનો નિગ્રહ કરી એને સમતોલ રાખતો વિચરે.

दवदवस्स न गच्छेज्जा, भासमाणो य गोयरे ।
हसंतो नाभिगच्छेज्जा, कुलं उच्चावयं सया ॥ १४ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૧૪]

ગોચરી જનાર સાધુ જલ્દી જલ્દી ચાલે નહિ, હસતો હસતો ચાલે નહિ કે બોલતો બોલતો ચાલે નહિ. ઊંચા-નીચા કુલોમાં ઈર્યાસમિતિપૂર્વક ગોચરી કરે.

पडिकुट्ठं कुलं न पविसे, मामगं परिवज्जए ।
अचियत्तं कुलं न पविसे, चियत्तं पविसे कुलं ॥ १५ ॥
[દશ૦ અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૧૭]

સાધુ શાસ્ત્રનિષિદ્ધ કુલમાં ગોચરી માટે ન જાય, ગૃહના સ્વામીએ ના પાડી દીધી હોય તે ગૃહમાં ન જાય, તથા પ્રીતિરહિત ગૃહમાં પ્રવેશ ન કરે. તે પ્રીતિવાળા ગૃહમાં જ પ્રવેશ કરે.

समुयाणं चरे भिक्खू, कुलमुच्चावयं सया ।
नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए ॥ १६ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૨૫]

સાધુ હમેશા સામુદાનિક (ધનવાન અને નિર્ધન એ બંને) સ્થલોમાં ગોચરી કરે. તે નિર્ધન કુલનું ઘર જાણીને તેને ઓળંગીને શ્રીમંતના ઘરે ન જાય.

असंसत्तं पलोइज्जा, नाइदूरावलोयए ।
उप्फुल्लं न विनिज्झाए, निअट्टिज्ज अयंपिरो ॥ १७ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૨૩]

ગોચરી માટે ગયેલો સાધુ કોઇના તરફ આસક્તિથી

ન જુએ, દૂર સુધી લાંબી નજર ન નાંખે, આંખો ફાડી ફાડીને ન જુએ. જો ભિક્ષા ન મળે તો બડબડાટ કર્યા વિના પાછો પોતાના સ્થાને આવે.

जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।
ण य पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं ॥ १८ ॥
एमे ए समणा मुत्ता, जे लोए संति साहुणो ।
विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणे रया ॥ १९ ॥
[દશ૦ અ૦ ૧, ગા૦ ૨–૩]

જેમ ભમરો વૃક્ષોનાં ફૂલમાંથી રસ પીએ છે, એ વખતે એ પુષ્પોને થોડી પણ ક્ષતિ પહોંચાડતો નથી, અને તેમ છતાં તે પોતાનું પોષણ પ્રાપ્ત કરે છે, તેમ પવિત્ર સાધુ રાગબંધનોથી રહિત થઈને વિશ્વમાં વિચરે છે અને તે ભ્રમરની માફક આ સંસારમાં માત્ર પોતાને ઉપયોગી સામગ્રી (વસ્ત્રપાત્રાદિ) તથા શુદ્ધ નિર્દોષ ભિક્ષા અને તે પણ ગૃહસ્થના દ્વારા અપાયેલી પ્રાપ્ત કરીને સંતુષ્ટ રહે છે.

महुकारसमा बुद्धा, जे भवंति अणिस्सिया ।
नाणापिण्डरया दंता, तेण वुच्चंति साहुणो ॥ २० ॥
[દશ૦ અ૦ ૧, ગા૦ ૫]

ભ્રમર સમાન સુચતુર મુનિ અનાસક્ત તથા કોઈ પણ પ્રકારના ભોજનમાં સંતુષ્ટ રહેવાના અભ્યાસી હોવાથી દમિતેન્દ્રિય હોય છે, અને એજ કારણે તેઓ સાધુ કહેવાય છે.

अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए ।
अमुच्छिओ भोयणंमि, मायण्णे एसणा रए ॥ २१ ।
[દશ. અ૦ ૫, ઉ. ૨, ગા. ૨૧]

નિર્દોષ ભિક્ષા ગ્રહણની ગવેષણા કરવામાં રત અને આહારની મર્યાદાનો જાણકાર પંડિત સાધુ ભોજનમાં અનાસક્તિ ભાવ રાખે અને દીનભાવથી રહિત ભિક્ષાવૃત્તિ કરે. એમ કરતાં કદી ભિક્ષા ન મળે તો પણ ખેદ પામે નહિ.

समरेसु अगारेसु, संधीसु य महापहे ।
एगो एगित्थिए सद्धिं, णेव चिट्ठे ण संलवे ॥ २२ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૬]

લુહારની કોડ, શૂન્ય ઘર, બે ઘર વચ્ચેની ગલી અને રાજમાર્ગમાં એકલો સાધુ એકલી સ્ત્રીની સાથે ઊભો રહે નહિ, તેમ વાતચીત કરે નહિ.

नाइदूरमणासन्ने, नन्नेसिं चक्खुफासओ ।
एगो चिट्ठेज्ज भत्तट्ठा, लंघित्ता तं नइक्कमे ॥ २३ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૩]

જો ગૃહસ્થના ઘરે પહેલેથી યાચકો ઉભેલા હોય તો તેને ઓળંગીને જાય નહિ, તેમ જ એવા સ્થાને ઊભો રહે કે જે અતિ દૂર ન હોય, જે અતિ પાસે ન હોય, તેમજ જે દાતા તથા યાચકોની નજરે પડતું ન હોય.

अइभूमिं न गच्छेज्जा, गोयरग्गओ मुणी ।
कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥ २४ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૨૪]

ગોચરીને માટે ગયેલો સાધુ, જે કુલનો જેવો આચાર હોય ત્યાં સુધી પરિમિત ભૂમિમાં ગમન કરે. નિયત સીમાની બહાર ગમન કરે નહિ.

दगमट्टियआयाणे, बीयाणि हरियाणि य ।
परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदियसमाहिए ॥ २५ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૨૬]

સર્વ ઇન્દ્રિયોને વશમાં રાખનારો સમાધિવંત મુનિ જ્યાં કાદવ પડેલો હોય, બીજ પડેલા હોય કે લીલોતરી ઉગેલી હોય, એવા માર્ગનું વર્જન કરીને ઊભો રહે.

पविसित्तु परागारं, पाणट्ठा भोयणस्स वा ।
जयं चिट्ठे मियं भासे, न य रूवेसु मणं करे ॥ २६ ॥
[દશ. અ૦ ૮, ગા૦ ૧૯]

સાધુ, પાણી કે ભોજનને માટે ગૃહસ્થનાં ઘરમાં પ્રવેશ કરીને યતનાપૂર્વક ઊભો રહે, થોડું બોલે અને સ્ત્રીઓના રૂપ તરફ આકર્ષાઈ તેનો વિચાર ન કરે.

तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोयणं ।
अकप्पियं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥ २७ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૨૭]

ત્યાં મર્યાદિત ભૂમિમાં ઊભા રહેલા સાધુને ગૃહસ્થ આહાર–પાણી આપે. તે કલ્પનીય હોય તો સાધુ એને ગ્રહણ કરે અને અકલ્પનીય હોય તો ગ્રહણ ન કરે.

વિ૦ જે વસ્તુ સાધુના આચાર મુજબ લઈ શકાય

એવી હોય તે કલ્પનીય અને ન લઈ શકાય એવી હોય તે અકલ્પનીય.

નાઇઉચ્ચે વ નીએ વા, નાસન્ને નાઇદૂરઓ ।
ફાસુયં પરકડં પિણ્ડં, પડિગાહેજ્જ સંજએ ॥ ૨૮ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૪]

દાતાથી અતિ ઊંચે નહિ, અતિ નીચે નહિ, અતિ દૂર નહિ કે અતિ નિકટ નહિ એવી રીતે ઊભો રહીને ભિક્ષાર્થી સાધુ પ્રાસુક (અચિત્ત) અને પરકૃત (બીજાને માટે બનાવેલો) આહાર ગ્રહણ કરે.

દુણ્હં તુ મુંજમાણાણં એગો તત્થ નિમંતએ ।
દિજ્જમાણં ન ઇચ્છિજા, છંદં સે પડિલેહએ ॥ ૨૯ ॥
[દશ. અ૦ ૫, ઉ. ૧, ગા૦ ૩૭]

ગૃહસ્થના ઘરમાં બે વ્યક્તિ ભોજન કરી રહી હોય અને તેમાંથી એક વ્યક્તિ નિમંત્રણ કરે તો સાધુ તેને લેવાની ઇચ્છા ન કરે. બીજાનો અભિપ્રાય પણ જુએ. તાત્પર્ય કે બંનેની ઇચ્છા હોય તોજ તેમની પાસેથી આહાર-પાણી ગ્રહણ કરે.

ગુવ્વિણીએ ઉવણ્ણત્થં, વિવિહં પાણભોયણં ।
મુંજમાણં વિવજ્જિજ્જા, ભુત્તસેસં પડિચ્છએ ॥ ૩૦ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૩૯]

ગર્ભવતી સ્ત્રીને માટે બનાવેલા વિવિધ પ્રકારના આહાર-પાણી તે જો ખાઈ રહી હોય તો ભિક્ષાર્થી સાધુ

તેને ગ્રહણ ન કરે. તે ખાઈ રહ્યા પછી કંઈ વધ્યું હોય તો તેને ગ્રહણ કરે.

सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।
उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥ ३१ ॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥ ३२ ॥
[દશ. અ૰ ૫, ઉ૰ ૧, ગા૰ ૪૦-૪૧]

કદાચ ગર્ભવતી સ્ત્રી ઊભી હોય અને સાધુને આહાર-પાણી આપવા માટે નીચી બેસે કે પહેલી બેઠી હોય અને પછી ઊભી થાય તો તે આહાર-પાણી સાધુને માટે અકલ્પનીય બને છે; તેથી ભિક્ષા આપનારી સ્ત્રીને સાધુ એમ કહે કે 'આ રીતે ભિક્ષા ગ્રહણ કરવાનું મને કલ્પતું નથી '

थणगं पिज्जेमाणी, दारगं वा कुमारियं ।
तं निक्खिवित्तु रोयंतं, आहरे पाणभोयणं ॥ ३३ ॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥ ३४ ॥
[દશ૰ અ૰ ૫, ઉ૰ ૧, ગા૰ ૪૨-૪૩]

બાળક કે બાલિકાને સ્તનપાન કરાવી રહેલી સ્ત્રી જો તેને રોતાં છોડીને આહાર-પાણી વહોરાવે તો તે સાધુને માટે અકલ્પનીય બને છે. તેથી એ દાતા સ્ત્રીને સાધુ એમ કહે કે 'આ પ્રકારનો આહાર મને કલ્પતો નથી.'

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥ ३५ ॥
तारिसं भत्तपाणं तु, संजयाणं अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥ ३६ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૪૭-૪૮]

જો સાધુ એમ જાણે અથવા સાંભળે કે આ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વસ્તુ સાધુઓને દાન આપવા માટે જ તૈયાર કરાવવામાં આવી છે, તો તેને માટે એ આહાર-પાણી અકલ્પનીય બને છે; તેથી એ દાતાને સાધુ એમ કહે કે 'આ પ્રકારના આહાર-પાણી મને કલ્પતા નથી.'

વિ૦ આહારના ચાર પ્રકારો છે : (૧) અશન, (૨) પાન, (૩) ખાદિમ અને (૪) સ્વાદિમ. તેમાં ક્ષુધાનું શમન કરે તેવા પદાર્થો જેવા કે ભાત, કઠોળ, રોટલો, રોટલી, પુરી, વડા, માંડો, સાથવો વગેરે અશન કહેવાય છે; પીઈ શકાય એવા પદાર્થો જેવા કે ઓસામણ, છાશ, જવનું પાણી, કેરાનું પાણી વગેરે પાન કહેવાય છે; સુલભક્ષ્ય પદાર્થો જેવા કે ભુંજેલા ધાન્યો, પૌંઆ, બદામ, દ્રાક્ષ, સૂકો મેવો વગેરે ખાદિમ કહેવાય છે; અને સ્વાદ લેવાને યોગ્ય પદાર્થો જેવા કે ચૂર્ણની ગોળી, હરડે વગેરે સ્વાદિમ કહેવાય છે.

न य भोयणम्मि गिद्धो, चरे उंछं अयंपिरो ।
अफासुयं न भुंजिज्जा, कीयमुद्देसियाहडं ॥३७॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૩]

સાધુ ભોજનમાં આસક્ત બન્યા વગર ગરીબ તથા ધનવાન બધા દાતારોને ત્યાં ભિક્ષાર્થે જાય. ત્યાં અપ્રાસુક એટલે સચિત્ત વસ્તુ, ક્રીત એટલે સાધુને માટે જ ખરીદીને લાવેલી વસ્તુ, ઔદ્દેશિક એટલે સાધુને ઉદ્દેશીને જ કરાયેલી વસ્તુ ગ્રહણ ન કરે. કદાચ ભૂલથી ગ્રહણ થઈ ગઇ હોય તો તેને ભોગવે નહિ.

बहुं परघरे अत्थि, विविहं खाइमसाइमं ।
न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा ॥३८॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૨૭]

ગૃહસ્થના ઘરમાં ખાદ્ય–સ્વાદ્ય અનેક પ્રકારના પદાર્થો હોય છે, પરંતુ તે ન આપે તો બુદ્ધિમાન સાધુ તેના પર ક્રોધ કરે નહિ. તે એમ વિચાર કરે કે ' દેવું ન દેવું, એની મરજીની વાત છે.'

निट्ठाणं रसनिज्जूढं, भद्दगं पावगं ति वा ।
पुट्ठो वा वि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥३९॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૨]

કોઈના પૂછવાથી કે પૂછ્યા વગર સાધુ એમ ન કહે કે અમુક આહાર સરસ હતો, અમુક આહાર નીરસ હતો; અમુક આહાર ઘણો સારો હતો, અમુક આહાર ઘણો ખરાબ હતો. તે એના લાભાલાભની ચર્ચા પણ ન કરે.

विणएण पविसित्ता, सगासे गुरुणो मुणी ।
इरियावहियमायाय, आगओ य पडिक्कमे ॥४०॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૮૮]

ગોચરીથી પાછા ફર્યા પછી મુનિ વિનયપૂર્વક પોતાના સ્થાનમાં પ્રવેશ કરે અને ગુરુની પાસે આવી, ઈર્યાવહીનો પાઠ બોલી, કાયોત્સર્ગ કરે.

आभोइत्ताण नीसेसं, अईयारं जहक्कमं ।
गमणागमणे चेव, भत्तपाणे व संजए ॥४१॥
अज्जुप्पन्नो अणुव्विग्गो, अव्वविक्खित्तेण चेयसा ।
आलोए गुरुसगासे, जं जहा गहियं भवं ॥४२॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૮૯-૯૦]

એ વખતે આવવા-જવામાં તથા આહારાદિ ગ્રહણ કરવામાં જે જે અતિચાર લાગ્યા હોય તે સર્વેને સાધુ યથાક્રમ યાદ કરે અને તે માટે હૃદયથી દિલગીર થાય.

પછી સરલચિત્ત અને અનુદ્વિગ્ન એ સાધુ આહાર-પાણી કેવી રીતે મળ્યા, તેનું અવ્યાક્ષિપ્ત ચિત્તે ગુરુની આગળ નિવેદન કરે.

न सम्ममालोइअं हुज्जा, पुव्विं पच्छा व जं कडं ।
पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥४३॥
अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया ।
मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥४४॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૧-૯૨]

પ્રથમ અથવા પછી કરેલા દોષોની એ વખતે કદાચ બરાબર આલોચના ન થઈ હોય તો ફરી એનું પ્રતિક્રમણ કરે અને ત્યારે કાયોત્સર્ગ કરીને એમ ચિંતવે કે ' અહો!

જિનેશ્વર દેવોએ મોક્ષપ્રાપ્તિના સાધનભૂત સાધુના શરીરને ધારણ કરવા માટે કેવી નિર્દોષ ભિક્ષાવૃત્તિ બતાવી છે!'

णमुक्कारेण पारित्ता, करित्ता जिणसंथवं ।
सज्झायं पट्ठवित्ता णं, वीसमेज्ज खणं मुनी ॥ ४५ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૩]

પછી 'નમો અરિહંતાણં' ના ઉચ્ચારપૂર્વક કાયોત્સર્ગ પારીને તથા જિનસ્તુતિ કરીને સ્વાધ્યાય કરતો મુનિ થોડા સમય માટે વિશ્રામ કરે.

वीसमंतो इमे चिंते, हियमट्ठं लाभमस्सिओ ।
जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥ ४६ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૪]

વિશ્રામ લીધા પછી નિર્જરારૂપી લાભનો ઇચ્છુક એ સાધુ પોતાના કલ્યાણ માટે એવો વિચાર કરે કે 'બીજા મુનિવરો મારા પર અનુગ્રહ કરીને મારા આ આહારમાંથી થોડો પણ ગ્રહણ કરે તો હું સંસારસમુદ્રનો પાર પામી જાઉં.'

साहवो तो चियत्तेणं, निमंतिज्जा जहक्कमं ।
जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥ ४७ ॥
[દશ. અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૫]

આ રીતે વિચાર કરીને મુનિ સર્વ સાધુઓને પ્રીતિપૂર્વક યથાક્રમ નિમંત્રણ કરે. તેમાંથી જો કોઈ સાધુ આહાર કરવા ઇચ્છે તો તેની સાથે આહાર કરે.

વિ૦ અહીં ક્રમ એવો છે કે પ્રથમ દીક્ષાવૃદ્ધને આમંત્રણ કરે, પછી તેનાથી ઉતરતા ક્રમવાળાને આમંત્રણ કરે, પછી તેનાથી ઉતરતા ક્રમવાળાને આમંત્રણ કરે. એ રીતે સહુને આમંત્રણ કરે.

अह कोइ न इच्छिज्जा, तओ भुंजिज्ज एक्कओ ।
आलोए भायणे साहू, जयं अप्परिसाडियं ॥ ४८ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૬૬]

જો કોઈ સાધુ આહારનો ઇચ્છુક ન હોય તો એ સાધુપુરુષ એકલો જ પહોળા મુખવાળા પ્રકાશયુક્ત પાત્રમાં, વસ્તુ નીચે ન પડે એ રીતે, યતનાપૂર્વક આહાર કરે.

पडिग्गहं संलिहित्ता णं, लेवमायाए संजए ।
दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डुए ॥ ४९ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૧]

ગોચરીમાં દુર્ગંધવાળો કે સુગંધવાળો અર્થાત્ ખરાબ કે સારો જે આહાર આવ્યો હોય, તે બધો સાધુપુરુષ આરોગી જાય. તેમાંનું કંઈ પણ છાંડે નહિ પાત્રને જે આહાર ચોટેલો હોય, તે પણ છેલ્લા અંશ સુધી આંગળીથી ચાટી જાય.

सुकडं त्ति सुपक्किति, सुच्छिन्ने सुहडे मडे ।
सुणिट्ठिए सुलट्ठि त्ति, सावज्जं वज्जए मुणी ॥ ५० ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૬]

આ સારું બનાવ્યું છે, આ સારું પકાવ્યું છે, આ

સારી રીતે સમાયું છે, આની કઢવાશ સારી રીતે દૂર થયેલી છે, આ સારા મસાલાઓથી બનેલું છે, આ ઘણું સુંદર છે, વગેરે વચનો સાવદ્ય હોવાથી મુનિ તેનો પ્રયોગ કરે નહિ.

तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं लवणं वा ।
एयलद्धमन्नट्ठपउत्तं, महुघयं व भुंजिज्ज संजए ॥५१॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૭]

ગૃહસ્થે પોતાના માટે બનાવેલો અને શાસ્ત્રોક્ત વિધિથી મળેલો આહાર કડવો, તીખો, તૂરો, ખાટો, મીઠો કે ખારો ગમે તેવો હોય તો પણ સાધુ તેને મધુ કે ઘી જેવો મીઠો માનીને આરોગે.

વિ૦ સંસ્કૃત-પ્રાકૃતમાં તિક્તનો અર્થ કડવો અને કટુનો અર્થ તીખો થાય છે.

अरसं विरसं वा वि, सूइयं वा असूइयं ।
उल्लं वा जइ वा सुक्कं, मंथुकुम्मासभोयणं ॥ ५२ ॥
उप्पण्णं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुयं ।
मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जियं ।५३॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૯૮-૯૯]

શાસ્ત્રોક્ત વિધિથી પ્રાપ્ત થયેલો આહાર રસરહિત હોય કે વિરસ હોય, વઘારેલો હોય કે વઘાર્યા વિનાનો હોય, આર્દ્ર હોય કે સૂકો હોય, સાથવો હોય કે અડદના બાકળા હોય, અથવા સરસ આહાર થોડો હોય અને નીરસ આહાર વધારે હોય, આ રીતે ગમે તેવો આહાર

હોય, તેની સાધુ નિંદા ન કરે. તે નિઃસ્પૃહભાવથી કેવલ સંયમયાત્રાના નિર્વાહ માટે દાતા દ્વારા નિઃસ્વાર્થ ભાવે દેવાયેલા પ્રાસુક આહારનું દોષો ટાળીને ભોજન કરે.

अलोले न रसे गिद्धे, जिब्भादंते अमुच्छिए ।
न रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ॥५४॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૧૭]

સાધુ જીહ્વાનો લોલુપી ન બને, રસમાં ગૃદ્ધ ન બને, જીહ્વાને વશમાં રાખે અને મૂર્ચ્છારહિત બને. તે સ્વાદને માટે ભોજન ન કરે, માત્ર સંયમનિર્વાહને માટે જ ભોજન કરે.

ધારા વીસમી
ભિક્ષુની ઓળખાણ

निक्खम्ममाणाइ अ बुद्धवयणे,
निच्चं चित्तसमाहिओ हविज्जा ।
इत्थीण वसं न आविगच्छे,
वंतं नो पडिआयइ जे स भिक्खू ॥ १ ॥

જેણે જ્ઞાનીઓનાં વચનો સાંભળીને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હોય, જે નિત્ય પોતાના ચિત્તને સમાહિત–શાંત રાખતો હોય, જે સ્ત્રીઓની મોહજાલમાં ફસતો ન હોય તથા વમન કરેલા ભોગો ભોગવવાની ઇચ્છા રાખતે ના હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

વિ૦ ભિક્ષુ, સાધુ, યતિ, સંયતિ, મુનિ, અણગાર, ઋષિ વગેરે એકાર્થી શબ્દો છે.

पुढविं न खणे खणविए,
सीओदगं न पिए पिआवए ।
अगणिसत्थं जहा सुनिसिअं,
तं न जले जलावए जे स भिक्खू ॥ २ ॥

જે પૃથ્વીને સ્વયં ખોદે નહિ, તેમ જ બીજા પાસે ખોદાવે નહિ; જે સચિત્ત પાણી સ્વયં પીએ નહિ તથા બીજાને પીવરાવે નહિ; જે તીક્ષ્ણ શસ્ત્રરૂપ અગ્નિને સ્વયં જલાવે નહિ, તેમ જ બીજા પાસે જલાવરાવે નહિ, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

વિ૦ સાચો ભિક્ષુ આમાંની કોઈ ક્રિયાની અનુમોદના પણ કરે નહિ.

અનિલે ન વીએ ન વીયાવએ,
હરિયાણિ ન છિંદે ન છિંદાવએ ।
બીઆણિ સયા વિવજ્જયંતો,
સચિત્તં નાહારએ જે સ ભિક્ખૂ ॥ ૩ ॥

જે પંખા આદિ સાધનોથી સ્વયં હવા ખાય નહિ તથા બીજાને હવા નાખે નહિ, જે વનસ્પતિને સ્વયં તોડે નહિ તથા બીજા પાસે તોડાવે નહિ, જે માર્ગમાં બીજ પડ્યા હોય તો એને બચાવીને ચાલે, જે સચિત્તનું ભક્ષણ ન કરે, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

વહણં તસથાવરાણ હોઇ, પુઢવી તણકટ્ઠનિસ્સિઆણં ।
તમ્હા ઉદ્દેસિઅં ન ભુંજે, નોડવિ પએ ન પયાવએ જે સ ભિક્ખૂ ॥૪॥

પૃથ્વી, ઘાસ, તૃણ અને કાષ્ઠના આશ્રયમાં રહેનાર સ્થાવર તથા ત્રસજીવોની હિંસા થાય છે, તેથી જે પોતાને માટે તૈયાર કરેલી ભિક્ષા લે નહિ, જે સ્વયં રસોઈ બનાવે નહિ તથા બીજા પાસે બનાવરાવે નહિ, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

રોઇઅનાયપુત્તવયણે, અપ્પસમે મનેજ્જ છપ્પિ કાએ ।
પંચ ય ફાસે મહવ્વયાઇં, પંચાસવસંવરે જે સ ભિક્ખૂ ॥ ૫ ॥

જેને જ્ઞાતપુત્ર-ભગવાન મહાવીરનાં વચનો રુચતા હોય અને તેથી જે છયે કાયના જીવોને આત્મસમાન માનતો હોય, જેણે પાંચ મહાવ્રતોને સ્પર્શ્યાં હોય અને

જેણે પાંચ આશ્રવદ્વારોનો સંવર કર્યો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

चत्तारि वमे सया कसाए,
धुवजोगी य हविज्ज बुद्धवयणे ।
अहणे निज्जायरुव-रयए,
गिहिजोगं परिवज्जए जे स भिक्खू ॥ ६ ॥

જે ક્રોધાદિ ચાર કષાયોને સદા છોડે, જે જ્ઞાનીઓનાં વચનમાં અડગ નિષ્ઠાવાળો હોય, જે પશુઓ તથા સુવર્ણ-રૌપ્ય વગેરેથી રહિત હોય, જે ગૃહસ્થના પ્રપંચવાળા સંબંધને અનુસરતો ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

सम्मदिट्ठि सया अमूढे,
अत्थि हु नाणे तवे संजमे ए ।
तवसा धुणइ पुराणपावगं,
मण-वय-कायसुसंवुडे जे स भिक्खू ॥ ७ ॥

જે સમ્યગ્દર્શી હોય, જે સદા પોતાનાં જ્ઞાન, તપ અને સંયમના કર્તવ્યો અંગે મોહ વગરનો હોય, તથા જે તપ તપીને પોતાનાં પુરાણાં પાપોને ખંખેરી નાખતો હોય અને મન, વચન તથા કાયાને સંયમમાં રાખતો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

तहेव असणं पाणगं वा,
विविहं खाइमसाइमं लभित्ता ।
होही अट्ठो सूए परे वा,
त न निहे न निहावए जे स भिक्खू ॥ ८ ॥

તે જ પ્રમાણે જે વિવિધ પ્રકારના અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ પદાર્થોનો કાલ કે પરમ દિવસ માટે સંચય કરી રાખતો ન હોય અને બીજા પાસે સંચય રખાવતો પણ ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

તહેવ અસણં પાણગં વા,
વિવિહં ખાઇમસાઇમં લભિત્તા ।
છંદિઅ સાહમ્મિઆણ ભુંજે,
મુચ્ચા સજ્ઝાયરએ જે સ ભિક્ખૂ ॥ ૯ ॥

તે જ પ્રમાણે જે વિવિધ પ્રકારના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો પ્રાપ્ત કરીને પોતાના સાધર્મિક –સાથીદાર સાધુઓને નિમંત્રી તેમની સાથે ભોજન કરતો હોય અને ભોજન બાદ સ્વાધ્યાયમાં મગ્ન બનતો હોય, એને જ સાચો ભિક્ષુ જાણવો.

ન ય વુગ્ગહિયં કહં કહિજ્જા,
ન ય કુપ્પે નિહુઇન્દિએ પસન્તે ।
સંજમે ધુવં જોગેણ જુત્તે,
ઉવસંતે અવિહેડએ જે સ ભિક્ખૂ ॥ ૧૦ ॥

જે લડાઈ–ઝગડો થાય એવી કથા–વાર્તા કરતો ન હોય, જે કોઇના ઉપર ગુસ્સો કરતો ન હોય, જે પાંચે ઇંદ્રિયોને સંયમમાં રાખનારો હોય, જેનાં મન, વચન અને શરીર નિશ્ચિત સંયમમાં જ જોડાએલાં હોય, જે ઉપશાંત હોય, એટલે કે કોઈ નિમિત્તને લીધે ગભરાતો ન હોય અને જે કોઈનો અનાદર કરતો ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

જો સહઇ હુ ગામકંટએ,
અક્કોસ–પહાર–તજ્જણાઓ ય ।
ભય–ભેરવ–સદ્દ–સપ્પહાસે,
સમસુહ–દુક્ખસહે અ જે સ ભિક્ખૂ ॥ ૧૧ ॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૧ થી ૧૧]

ઇન્દ્રિયસમૂહને અણગમતા પ્રસંગો, કોઇએ કરેલો આક્રોશ (ગુસ્સો), કોઇએ કરેલો (દંડાદિનો) પ્રહાર, કોઇએ કરેલું અપમાન, (વૈતાલ વગેરેએ કરેલા) ભયંકર શબ્દો અને અટ્ટહાસ્યને શાંત ભાવે સહન કરી લેતો હોય, તથા સુખ–દુઃખમાં સમવૃત્તિ રાખતો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

અસઇં વોસટ્ઠચત્તદેહે,
અક્કુટ્ઠે વ હએ લૂસિએ વા ।
પુઢવીસમે મુણી હવિજ્જા,
અનિયાણે અકોઉહલ્લે જે સ ભિક્ખૂ ॥૧૨॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૧૩]

જે સદા દેહભાવનાથી રહિત હોય, જે આવેશ થવા છતાં, માર પડવા છતાં કે ઘાયલ થવા છતાં પૃથ્વીની જેમ ક્ષમાશીલ હોય, જે નિયાણું બાંધતો ન હોય કે નાચ–ગાન આદિમાં ઉત્સુકતા દાખવતો ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

અભિભૂય કાયેણ પરીસહારં,
સમુદ્ધરે જાઇપહાઉ અપ્પયં ।

વિદ્ધતુ જાઈ-મરણં મહબ્ભયં,
તવે રએ સામણિએ જે સ ભિક્ખૂ ॥ ૧૩ ॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૧૪]

જે શરીરથી (ક્ષુધાદિ) પરિષહોને જિતે, જે સંસારથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે, જે જન્મ અને મરણને મહાભયનું કારણ જાણીને તપમાં તથા શ્રમણધર્મમાં મગ્ન રહે, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

હત્થસંજએ પાયસંજએ, વાયસંજએ સંજઇન્દ્રિએ ।
અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા,
સુત્તત્થં ચ વિયાણઇ જે સ ભિક્ખૂ ॥૧૪॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૧૫]

જે હાથના સંયમવાળો હોય, પગના સંયમવાળો હોય, ઇંદ્રિયોના સંયમવાળો હોય, જે અધ્યાત્મભાવમાં તત્પર હોય, જેનો આત્મા સુસમાહિત હોય અને જે સૂત્રના અર્થને બરાબર જાણતો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

ઉવહિમ્મિ અમુચ્છિએ અગિદ્ધે,
અન્નાયઉંછં પુલનિપ્પુલાએ ।
કયવિક્કયસન્નિહિઓ વિરએ
સવ્વસંગાવગએ, ય જે સ ભિક્ખૂ ॥ ૧૫ ॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૧૬]

જે ઉપધિ એટલે સંયમના ઉપકરણોમાં અમૂર્ચ્છિત હોય, ખાન-પાનમાં ગૃદ્ધિવાળો ન હોય, જે અજ્ઞાત

કુટુંબોમાં ફરી નિર્દોષ ભિક્ષા લેતો હોય, જે સંયમને બગાડનારા દોષોથી દૂર ભાગતો હોય, જે વસ્તુનો ક્રય, વિક્રય કે સંચય કરતો ન હોય, જે વિરક્ત હોય અને જે રાગ–દ્વેષવાળા સર્વ સંબંધથી દૂર હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

અલોલ ભિક્ખૂ ન રસેસુ ગિદ્ધે,
ઉંછં ચરે જીવિય નાભિકંખે ।
ઇદ્ધિં ચ સક્કારણ–પૂયણં ચ,
ચએ ઠિયપ્પા અણિહે જે સ ભિક્ખૂ ॥ ૧૬ ॥
[દશ૰ અ૰ ૧૦, ગા૰ ૧૭]

જે અચપળ હોય, રસોનો લાલચુ ન હોય, ઉંછ-વૃત્તિથી ફરતો હોય, જે જીવિતવ્ય અંગે મોહવાળી તત્પરતા દાખવતો ન હોય, જે પોતાનાં ધામધૂમ, સત્કાર અને પૂજનો ત્યાગ કરનારો હોય, જેનો આત્મા સ્થિર હોય અને આકાંક્ષા વગરનો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

ન પરં વઇજ્જાસિ અયં કુસીલે,
જેણં ચ કુપ્પેજ્જ ન તં વઇજ્જા ।
જાણિય પત્તેયં પુણ્ણ–પાવં,
અત્તાણં ન સમુક્કસે જે સ ભિક્ખૂ ॥ ૧૭ ॥
[દશ૰ અ૰ ૧૦, ગા૰ ૧૮]

'આ કુશીલ છે' એમ જે બીજાને કહેતો ન હોય, સામો માણસ જેથી ક્રોધે ભરાય એવાં વચન બોલતો ન

હોય, જે પ્રત્યેક આત્મા પોતે કરેલાં પુણ્ય કે પાપનાં સંસ્કાર પ્રમાણે ઘડાય છે એમ જાણતો હોય અને તેથી જ જે પોતાની જાતની બડાઈ કરતો ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुएण मत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू ॥ १८ ॥
[દશ૰ અ૰ ૧૦, ગા૰ ૧૬]

જે જાતિમદ, રૂપમદ, લાભમદ, શ્રુતમદ, તેમજ બીજા પણ મદો વર્જીને ધર્મધ્યાનમાં મગ્ન રહેતો હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

पवेयए अज्जपयं महामुणी,
धम्मे ठिओ ठावयई परं पि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंगं,
न यावि हासंकुहए जे स भिक्खू ॥ १९ ॥
[દશ૰ અ૰ ૧૦, ગા૰ ૨૦]

જે મહામુનિ આર્યમાર્ગનો જાણકાર હોય, જે સંયમધર્મમાં સ્થિર રહેતો હોય અને બીજાને પણ સંયમધર્મમાં સ્થિર રાખતો હોય, જે સંસાર છોડ્યા પછી દુરાચારીનો વેશ ધારણ કરતો ન હોય તથા કોઈની હાંસી-ઠઠ્ઠામશ્કરી ઉડાવતો ન હોય, તેને જ સાચો ભિક્ષુ જાણવો.

બહું સુણેઇ કન્નેહિં, બહું અચ્છીહિં પિચ્છઇ ।
ન ય દિટ્ઠં સુયં સવ્વં, ભિક્ખૂ અક્ખાઉમરિહઇ ॥ ૨૦ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૨૦]

ભિક્ષુ કાનેથી ઘણી વાત સાંભળે છે અને આંખેથી ઘણી વસ્તુ જુએ છે; પરંતુ દેખેલી કે સાંભળેલી સર્વ વાતો તેણે કોઈને કહેવી ઉચિત નથી.

અક્કોસેજ્જા પરે ભિક્ખૂ, ન તેસિં પડિસંજલે ॥ ૨૧ ॥
[ઉત્ત૦ અ૦ ૨, ગા૦ ૨૪]

કોઈ ગાળ દે કે અપમાન કરે તો ભિક્ષુ તેની સામે ક્રોધ કરે નહિ.

ચત્તપુત્તકલત્તસ્સ, નિવ્વાવારસ્સ ભિક્ખુણો ।
પિયં ન વિજ્જઈ કિંચિ, અપ્પિયં પિ ન વિજ્જઈ ॥૨૨॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૧૫]

પુત્ર-કલત્રને છોડનાર તથા સાંસારિક વ્યવહારથી પર એવા ભિક્ષુને કોઈ વસ્તુ પ્રિય હોતી નથી કે અપ્રિય પણ હોતી નથી.

સવ્વેહિં ભૂએહિં દયાણુકંપી,
ખંતિક્ખમે સંજયબંભયારી ।
સાવજ્જજોગં પરિવજ્જયંતો,
ચરેજ્જ ભિક્ખૂ સુસમાહિઇન્દિએ ॥ ૨૩ ॥
[ઉત્ત૦ અ૦ ૨૧, ગા૦ ૧૩]

ભિક્ષુ સર્વ પ્રાણીઓ પ્રતિ દયાનુકંપી હોય, કઠોર વચનોને ક્ષમાથી સહન કરનારો હોય, સંયમી હોય,

બ્રહ્મચારી હોય, ઇન્દ્રિયોની સુસમાધિવાળો હોય. તે સર્વ સાવદ્યયોગનું વર્જન કરતો થકો વિચરે.

નારીસુ નોવગિજ્ઝેજ્જા,
ઇત્થી વિપ્પજહે અણગારે ।
ધમ્મં ચ પેસલં ણચ્ચા,
તત્થ ઠવિજ્જ ભિક્ખુ અપ્પાણં ॥ ૨૪ ॥
[ઉત્ત૦ અ. ૮, ગા. ૧૬]


અણગાર સ્ત્રીઓનો સંસર્ગ છોડે અને તેમાં મૂર્ચ્છિત ન થાય. ભિક્ષુ ધર્મને સુંદર જાણી તેમાં પોતાના આત્માને સ્થાપે, અર્થાત્ સ્થિર કરે.

બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો ।
સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ ॥ ૨૫ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૧૬]

સર્વ બંધનોથી મુક્ત થઈને એકત્વભાવમાં રહેનારા, ગૃહરહિત, ભિક્ષાચરી કરનાર મુનિને નિશ્ચય બહુ સુખ હોય છે

દેહવાસં અસુઇં અસાસયં,
સયા ચએ નિચ્ચહિયટ્ઠિયપ્પા ।
છિંદત્તુ જાઈમરણસ્સ બંધણં,
ઉવેઇ ભિક્ખૂ અપુણાગમં ગઇં ॥ ૨૬ ॥
[દશ૦ અ૦ ૧૦, ગા૦ ૨૧]

જે દેહવાસને અશુચિમય અને અશાશ્વત સમજીને આત્માનું હિત સાધવામાં નિત્ય તત્પર રહેતો હોય, તે ભિક્ષુ જન્મમરણના ફેરા છેદીને નિર્વાણ પામે છે.



ધારા એકવીસમી
સંયમની આરાધના

एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं ।
असंजमे नियत्तिं च, संजमे य पवत्तणं ॥ १ ॥
[उत्त० अ० ३१, गा० १]

સાધક એક વસ્તુની વિરતિ કરે અને એક વસ્તુનું પ્રવર્તન કરે. તે અસંયમની નિવૃત્તિ કરે અને સંયમનું પ્રવર્તન કરે.

जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।
तस्स वि संजमो सेयो, अदिन्तस्स वि किंचण ॥ २ ॥
[उत्त० अ० ९, गा० ४०]

એક મનુષ્ય દરેક મહિને દશ લાખ ગાયોનું દાન દે અને બીજો મનુષ્ય કંઈ પણ ધન ન દેતાં માત્ર સંયમની આરાધના કરે, તો પેલા દાન કરતાં તેનો આ સંયમ શ્રેષ્ઠ છે. તાત્પર્ય કે પોતાની પાસે સંપત્તિ હોય તો દાન દેવું સહેલું છે, પણ પોતાની જાત પર કાબૂ રાખવો, પોતાના આત્માનું અનુશાસન કરવું એ સહેલું નથી.

तमाहु लोए पडिबुद्धजीवी,
सो जीयई संजमजीविएणं ॥ ३ ॥
[द. थू. २, गा. १५]

આ લોકમાં તેને જ પ્રતિબુદ્ધજીવી–સદા જાગૃત રહેનાર કહેવામાં આવે છે કે જે સંયમી જીવન જીવે છે.

गारत्थेहिं य सव्वेहिं, साहवो संजमुत्तरा ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૦]

સર્વ ગૃહસ્થો કરતાં સાધુઓ સંયમમાં શ્રેષ્ઠ હોય છે. તાત્પર્ય કે ગૃહસ્થો ગમે તેવા વ્રતનિયમો પાળતા હોય પણ સંયમની બાબતમાં તે સાધુની સરખામણી કરી શકતા નથી.

तहेव हिंसं अलियं, चोज्जं अबम्भसेवणं ।
इच्छा कामं च लोभं च, संजओ परिवज्जए ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૫, ગા૦ ૩]

સંયમી પુરુષ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મસેવન, ભોગલિપ્સા તથા લોભનો ત્યાગ કરે.

अणुस्सुओ उरालेसु, जयमाणो परिव्वए ।
चरियाए अप्पमत्तो, पुट्ठो तत्थ हियासए ॥ ६ ॥
[સૂ. શ્રુ૦ ૧, અ. ૯, ગા૦ ૩૦]

ઉદારભોગો પ્રતિ અનાસક્ત રહેતો મુમુક્ષુ યત્નપૂર્વક સંયમમાં રમણ કરે અને ધર્મચર્યામાં અપ્રમાદી બને, તથા કષ્ટ આવી પડતાં અદીન ભાવથી તેને સહન કરે.

अणुसोयपट्ठियबहुजणम्मि,
पडिसोयलद्धलक्खेणं ।
पडिसोयमेव अप्पा,
दायव्वो होउ कामेणं ॥ ७ ॥
[દ. ચૂ. ૨, ગા. ૨]

ઘણા મનુષ્યો અનુસ્રોતગામી (વિષયના પ્રવાહમાં વહેનારા) હોય છે. પણ તેનું લક્ષ્ય કિનારે પહોંચવાનું છે, તે પ્રતિસ્રોતગામી (વિષયપ્રવાહની સામે જનારા–સંયમાદિ અનુષ્ઠાન કરનારા) હોય છે. જે સંસારસમુદ્રને પાર કરવા ઇચ્છે છે, તેણે તો પ્રતિસ્રોતમાં (વિષયપરાઙ્મુખતામાં) જ આત્માને સ્થિર કરવો જોઈએ.

અણુસોયસુહો લોઓ,
પડિસોઓ આસવો સુવિહિઆણં ।
અણુસોઅ સંસારો,
પડિસોઓ તસ્સ ઉત્તારો ॥ ૮ ॥

[દ. ચૂ. ૨, ગા. ૩]

સામાન્ય લોકો વિષયના પ્રવાહમાં વહેનારા અને તેમાં સુખ માનનારા છે, જ્યારે સાધુપુરુષોનો ઉદ્દેશ તો પ્રતિસ્રોત જ હોય છે. એટલું બરાબર સમજો કે અનુસ્રોત એ સંસાર છે અને પ્રતિસ્રોત એ તેમાંથી બહાર નીકળવાનો ઉપાય છે.

સુસંવુડા પંચહિં સંવરેહિં
ઇહ જીવિયં અણવકંખમાણા ।
વોસટ્ઠકાયા સુઇચત્તદેહા,
મહાજયં જયઇ જન્નસિટ્ઠં ॥ ૯ ॥

[ઉત્ત૦ અ૦ ૧૨, ગા૦ ૪૨]

જે પાંચ સંવરોથી સુસંવૃત છે, જે ઐહિક જીવનની

આકાંક્ષા કરતા નથી, જે કાયાની મમતા છોડી ચૂકેલા છે, જે નિર્મળ વ્રત પાળનારા છે, જે દેહની આળપંપાળ છોડનારા છે, તે જ મહાજયના હેતુરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

कावोया जा इमा वित्ती, केसलोओ अ दारुणो ।
दुक्खं बंभव्वयं घोरं, धारेउं य महप्पणो ॥ १० ॥
[ઉત્ત. અ૦ ૧૯, ગા૦ ૩૪]

મુનિજીવન કાપોતવૃત્તિ સમાન છે; કેશલોચ અત્યંત દારુણ છે; અને ઉગ્ર બ્રહ્મચર્યવ્રતનું ધારણ કરવું પણ કઠિન છે; પરંતુ મહાત્માઓને આ ગુણો ધારણ કરવા પડે છે.

૧૦ કાપોતવૃત્તિ એટલે કબૂતરની જેમ જે મળે તેના પર જીવન નભાવવું.

बालुयाकवले चेव, निस्साए उ संजमे ।
असिधारागमणं चेव, दुक्करं चरिउं तवो ॥ ११ ॥
[ઉત્ત. અ૦ ૧૯, ગા૦ ૩૮]

સંયમ રેતીના કોળિયાની જેમ નીરસ છે તથા તપનું આચરણ તરવારની ધાર પર ચાલવા જેવું દુષ્કર છે.

जहा अग्गिसिहा दित्ता, पाउं होइ सुदुक्करं ।
तहा दुक्करं करेउं जे, तारुण्णे समणत्तणं ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૪૦]

જેમ પ્રજ્વલિત અગ્નિશિખાનું પાન કરવું અતિ દુષ્કર છે, તેમ તરુણાવસ્થામાં શ્રમણત્વનું પાલન કરવું અતિ દુષ્કર છે.

जहा दुक्खं भरेउं जे, होइ वायस्स कोत्थलो ।
तहा दुक्खं करेउं जे, कीवेणं समणत्तणं ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૪૧]

જેમ કપડાંના થેલાને વાયુથી ભરવો મુશ્કેલ છે, તેમ કાયર પુરુષને માટે શ્રમણત્વનું-સંયમનું પાલન કરવું મુશ્કેલ છે.

जहा भुयाहिं तरिउं, दुक्करं रयणायरो ।
तहा अणुवसन्तेणं, दुक्करं दमसागरो ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૪૩]

જેમ ભુજાઓથી સમુદ્રને તરી જવો દુષ્કર છે, તેમ અનુપશાંત આત્મા દ્વારા સંયમરૂપી સમુદ્રને તરી જવો દુષ્કર છે.

इह लोए निप्पिवासस्स,
नत्थि किंचि वि दुक्करं ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૪૫]

આમ છતાં એટલું નક્કી કે જે આ લોકમાં તૃષ્ણા રહિત છે, તેને માટે કશું દુષ્કર નથી.

विरया वीरा समुट्ठिया,
कोहकायरियाइपीसणा ।
पाणे ण हणंति सव्वसो,
पावाओ विरयाऽभिनिव्वुडा ॥ १६ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૧, ગા૦ ૧૨]

જે સંસારથી વિરક્ત છે, જે આત્મશુદ્ધિ માટે તત્પર થાય છે, જે ક્રોધ, લોભ, આદિ દુષ્ટ માનસિક વૃત્તિઓને દૂર કરનારા છે, તે સર્વથા પ્રાણીઓને હણતા નથી. જે પાપોથી નિવૃત્ત થયા છે અને જે શાંતિને ધારણ કરનારા છે, તે જ સાચા વીર છે.

जया य चयइ धम्मं, अणज्जो भोगकारणा ।
से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झई ॥ १७ ॥
[દ. ચૂ. ૧, ગા૦ ૧]

જ્યારે કોઈ અનાર્ય પુરુષ કેવળ ભોગની ઇચ્છાથી પોતાના ચિરસંચિત સંયમધર્મને છોડી દે છે, ત્યારે તે ભોગાસક્ત અજ્ઞાની પોતાના ભવિષ્યનો જરા પણ વિચાર કરતો નથી.

जया य पूइमो होइ, पच्छा होइ अपूइमो ॥ १८ ॥
[દ. ચૂ. ૧, ગા. ૪]

મનુષ્ય જ્યારે સંયમી હોય છે, ત્યારે પૂજ્ય બને છે; પરંતુ સંયમથી ભ્રષ્ટ થાય છે, ત્યારે અપૂજ્ય બને છે.

जं मयं सव्वसाहूणं, तं मयं सल्लगत्तणं ।
साहइत्ताण तं तिण्णा, देवा वा अभविसुं ते ॥ १९ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૨૪]

સર્વ સાધુઓને માન્ય જે સંયમ છે, તે પાપનો નાશ કરનાર છે. આ સંયમની આરાધના કરીને ઘણા જીવો સંસારસાગરથી પાર થયા છે અને ઘણા જીવોએ દેવભવને પ્રાપ્ત કર્યો છે.

तिविहेण वि पाण मा हणे,
आयहिते अणियाण संवुडे ।
एवं सिद्धा अणंतसो,
संपइ जे अणागयावरे ॥ २० ॥
[सू. श्रु० १, अ० २, उ० ३, गा २१]

આત્મકલ્યાણ માટે કોઈ પણ જીવની હિંસા કરવી નહિ, સંયમપાલનના ફળરૂપે કોઈ સાંસારિક સુખની ઇચ્છા રાખવી નહિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું. આવી રીતે અનંત આત્માઓ સિદ્ધિ પામ્યા, વર્તમાનકાળે પામે છે અને ભવિષ્યમાં પણ પામશે.

ધારા બાવીશમી
તપશ્ચર્યા

બલં થામં ચ પેહાએ, સદ્ધામારોગ્ગમપ્પણો ।
ખેત્તં કાલં ચ વિન્નાય, તહપ્પાણં નિજુંજએ ॥ ૧ ॥

[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૫]

તમારું બલ અને દૃઢતા, શ્રદ્ધા અને આરોગ્ય દેખીને તથા ક્ષેત્ર અને કાલ જાણીને તે અનુસાર આત્માને તપશ્ચર્યાદિમાં જોડો.

ઇહ આણાકંખી પંડિએ અણિહે એગમપ્પાણં સપેહાએ ધુણે સરીરગં ॥ ૨ ॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૪, ઉ૦ ૩, ગા૦ ૪]

સત્પુરુષોની આજ્ઞાનું પાલન કરવાને ઇચ્છતો પંડિત-પુરુષ આત્માને એકલો સમજી અમોહભાવથી શરીરને તપથી ક્ષીણ કરે.

સકુણી જહ પંસુગુણ્ડિયા,
વિદુણિય ધંસયઈ સિયં રયં ।
એવં દવિઓવહાણવં,
કમ્મં ખવઇ તવસ્સિમાહણે ॥ ૩ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૧, ગા૦ ૧૫]

જેમ શકુનિકા નામની પક્ષિણી પોતાના શરીરમાં લાગેલી રજને પાંખ ફફડાવી દૂર કરી દે છે, તેમ જિતેન્દ્રિય અહિંસક તપસ્વી અનશન આદિ તપ કરી પોતાના આત્મપ્રદેશોને લાગેલાં કર્મો ખંખેરી નાખે.

जं किंचुवक्कमं जाणे, आउक्खेमस्स अप्पणो ।
तस्सेव अन्तराखिप्पं, सिक्खं सिक्खेज्ज पण्डिए ॥ ४ ॥
[सू. श्रु० १, अ० ८, गा० १५]

પંડિત પુરુષ કોઈ પણ રીતે પોતાના આયુષ્યનો ક્ષયકાળ જાણે તો એની પહેલા શીઘ્ર સંલેખનારૂપ શિક્ષાને ગ્રહણ કરે.

खवेत्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।
सव्वदुक्खपहीणट्ठा, पक्कमन्ति महेसिणो ॥ ५ ॥
[उत्त० अ० २८, गा० ३६]


મહર્ષિઓ સંયમ અને તપ દ્વારા પૂર્વકર્મોનો ક્ષય કરી સર્વ દુઃખોથી રહિત એવું જે મોક્ષપદ છે, તેને માટે પ્રયત્ન કરે છે.

तवनारायजुत्तेणं, भित्तूणं कम्मकंचुयं ।
मुणी विगयसंगामो, भवाओ परिमुच्चए ॥ ६ ॥
[उत्त० अ० ९, गा० २२]

તપરૂપી બાણથી સંયુક્ત મુનિ કર્મરૂપી કવચને ભેદીને કર્મ સાથેના યુદ્ધનો અંત લાવે છે અને ભવ-પરંપરાથી મુક્ત થાય છે.

एवं तवं तु दुविहं, जे सम्मं आयरे मुणी ।
सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिओ ॥ ७ ॥
[उत्त० अ० ३०, गा० ३७]

જે પંડિત મુનિ બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારનાં તપોનું સમ્યક્ આચરણ કરે છે, તે સર્વ સંસારથી શીઘ્ર મુક્ત થઈ જાય છે.



ધારા ત્રેવીસમી
વિનય (ગુરુસેવા)

मूलाओ खंधप्पभवो दुमस्स,
खंधाउ पच्छा समुवेन्ति साहा ।
साह–प्पसाहा विरुहन्ति पत्ता,
त ओ सि पुप्फं च फलं रसो अ ॥१॥
एवं धम्मस्स विणओ,
मूलं परमो से मोक्खो ।
जेण कित्तिं सुयं सिग्घं,
निस्सेयं चाभिगच्छइ ॥२॥

[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૧–૨]

વૃક્ષના મૂળમાંથી થડ ઊગે છે, થડમાંથી પછી જુદી જુદી શાખાઓ ઊગે છે, એ શાખાઓમાંથી બીજી નાની નાની પ્રશાખાઓ (ડાળો) ફૂટે છે, એ પ્રશાખાઓ ઉપર પાંદડાં ઊગે છે, પછી તેને પુષ્પ આવે છે, ફળ લાગે છે અને ત્યાર બાદ તે ફળોમાં રસ જામે છે.

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને અંતિમ પરિણામ મોક્ષ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, શ્રુતજ્ઞાન અને મહાપુરુષોની પ્રશંસા પ્રાપ્ત કરે છે તથા મોક્ષમાં જાય છે.

जहा सूई ससुत्ता, पडिआ वि न विणस्सइ ।
तहा जीवे ससुत्ते, संसारे न विणस्सई ॥३॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૫૯]

જેમ દોરો પરોવેલી સોય પડી જાય તો પણ ગુમ થતી નથી, તેમ (વિનય વડે) શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરનાર આત્મા ચાર ગતિરૂપ સંસારમાં રખડતો નથી.

સુસ્સૂસમાણો ઉવાસેજ્જા, સુપ્પન્નં સુતવસ્સિયં ॥૪॥

[સૂ. શ્રુ. ૧, અ૦ ૯, ગા૦ ૩૩]

મોક્ષાર્થી પુરુષે પ્રજ્ઞાવંત અને તપસ્વી એવા ગુરુની શુશ્રૂષાપૂર્વક ઉપાસના કરવી.

જહા હિ અગ્ગી જલણં નમંસે,
નાણાહુઈમંતપયાભિસિત્તં ।
એવાયરિયં ઉવચિટ્ઠઇજ્જા,
અણંતનાણોવગઓ વિ સંતો ॥૫॥

[દશ૦ અ. ૯, ઉ. ૧, ગા ૧૧]

જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ ભિન્ન ભિન્ન પ્રકારના (ઘી, મધ ઇત્યાદિ) પદાર્થોની આહુતિઓ તથા વેદમંત્રો દ્વારા અભિષિક્ત હોમાગ્નિને નમસ્કાર કરે છે, તેમ શિષ્ય અનંતજ્ઞાની હોય તો પણ તેણે આચાર્યની (ગુરુની) વિનયપૂર્વક સેવાભક્તિ કરવી.

જસ્સન્તિએ ધમ્મપયાઇં સિક્ખે,
તસ્સન્તિએ વેણઇયં પઉંજે ।
સક્કારએ સિરસા પંજલીઓ,
કાય–ગ્ગિરા ભો! મણસા ય નિચ્ચં ॥૬॥

[દશ૦ અ૦ ૯, ઉ૦ ૧, ગા૦ ૧૨]

શિષ્યનું એ કર્તવ્ય છે કે જે ગુરુની પાસેથી તેણે

ધર્મપદેાની શિક્ષા મેળવી હેાય અર્થાત્ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હેાય, તેમનેા મનથી ખૂબ આદર કરે, વચનથી સત્કાર કરે અને કાયાથી બંને હાથ જોડીને મસ્તકે અડાડવાપૂર્વક પ્રણામ કરે. આ રીતે સદા મન, વચન અને કાયાથી તેમનેા વિનય કરે.

થંભા વ કોહા વ મયપ્પમાયા,
ગુરુસ્સગાસે વિણયં ન સિક્ખે ।
સો ચેવ ઉ તસ્સ અભૂઇભાવો,
ફલં વ કીયસ્સ વહાય હોઇ ॥૭॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૧, ગા૦ ૧]

જે શિષ્ય અભિમાનને લીધે, ક્રોધને લીધે અથવા મદ કે પ્રમાદને લીધે ગુરુની પાસે રહીને વિનય શીખતેા નથી, અર્થાત્ તેમની સાથે વિનયથી વર્તતેા નથી, તેનું એ અવિનયી વર્તન વાંસના ફળની જેમ વિનાશનું કારણ બને છે.

વિ૦ વાંસને ફળ આવે છે, ત્યારે વાંસ ચિરાઈ જાય છે, તેમ જે શિષ્ય ગુરુની સાથે અવિનયથી વર્તે છે, તેનું સર્વ રીતે અધઃપતન થાય છે.

વિણયં પિ જો ઉવાએણ, ચોઇઓ કુપ્પઈ નરો ।
દિવ્વં સો સિરિમિજ્જન્તિ, દણ્ડેણ પડિસેહએ ॥૮॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૪]

કોઈ ઉપકારી મહાપુરુષ સુંદર શિક્ષા આપીને વિનય-માર્ગ પર આવવાની પ્રેરણા કરે, ત્યારે જે મનુષ્ય તેમના

પર ક્રોધ કરે છે અને તેમણે આપેલી શિક્ષાનો અનાદર કરે છે, તે સ્વયં ઘર તરફ આવી રહેલી દિવ્ય લક્ષ્મીને દંડ ઉગામીને હાંકી કાઢે છે.

જે આયરિયઉવજ્ઝાયાણં,
સુસ્સૂસાવયણંકરા ।
તેસિં સિક્ખા પવડ્ઢંતિ,
જલસિત્તા ઇવ પાયવા ॥૯॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૧૨]

જે શિષ્ય આચાર્ય અને ઉપાધ્યાયની સેવા કરે છે અને તેમનાં વચન પ્રમાણે ચાલે છે, અર્થાત્ તેમની આજ્ઞાનું પાલન કરે છે, તેની શિક્ષા જલથી સિંચાયેલા વૃક્ષની પેઠે વૃદ્ધિ પામે છે.

વિ૦ શિક્ષા બે પ્રકારની છે : (૧) ગ્રહણા અને (૨) આસેવના. તેમાં શાસ્ત્રજ્ઞાન સંપાદન કરવું એ ગ્રહણા શિક્ષા છે અને સાધુના આચાર પ્રમાણે વર્તવાની તાલીમ લેવી એ આસેવના શિક્ષા છે. જ્યાં શિક્ષાનો સામાન્ય નિર્દેશ કર્યો હોય, ત્યાં આ બંને પ્રકારની શિક્ષા સમજવી.

આણાનિદ્દેસકરે, ગુરુણ ઉવવાયકારએ ।
ઇંગિયાગારસંપન્ને, સે વિણીએ ત્તિ વુચ્ચઈ ॥૧૦॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨]

જે શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરનારો હોય, ગુરુની નિકટ રહેતો હોય (ગુરુકુળવાસી હોય), અને ગુરુના ઇંગિત તથા આકારથી મનોભાવને જાણી કાર્ય

કરનારો હોય તે વિનીત કહેવાય છે.

અહ પન્નરસહિં ઠાણેહિં, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ।
નીયાવત્તી અચવલે, અમાઈ અકુઊહલે ॥૧૧॥

અપ્પં ચ અહિક્ખિવઈ, પબન્ધં ચ ન કુવ્વઈ ।
મેત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્ધું ન મજ્જઈ ॥૧૨॥

ન ય પાવપરિક્ખેવી, ન ય મિત્તેસુ કુપ્પઈ ।
અપ્પિયસ્સાઽવિ મિત્તસ્સ, રહે કલ્લાણ ભાસઈ ॥૧૩॥

કલહડમરવજ્જિએ, બુદ્ધે અભિજાઇએ ।
હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૧૪॥

[ઉત્ત૦ અ૦ ૧૧, ગા૦ ૧૦ થી ૧૪]

પંદર સ્થાનમાં વર્તતો સાધુ સુવિનીત કહેવાય છે : (૧) તે નમ્રવૃત્તિવાળો હોય, (૨) ચપલતારહિત હોય, (૩) શઠતા વિનાનો હોય, (૪) કુતૂહલરહિત હોય, (૫) કોઈનું અપમાન કરનારો ન હોય, (૬) જેને ક્રોધ આવ્યા પછી વધારે ટકતો ન હોય, (૭) જે મિત્રતા નભાવનારો હોય, (૮) જે વિદ્યા મેળવીને અભિમાન કરનારો ન હોય, (૯) આચાર્યાદિની સ્ખલના થતાં તિરસ્કાર કરનારો ન હોય, (૧૦) મિત્રો પ્રતિ કોપ કરનારો ન હોય, (૧૧) અપ્રિય મિત્રનું પણ પાછળથી સારું બોલનારો હોય, (૧૨) ટંટો-ફિસાદ કે લડાઈ કરનારો ન હોય, (૧૩) બુદ્ધિમાન હોય, (૧૪) ખાનદાન હોય, અને (૧૫) આંખની શરમ રાખનારો તથા સ્થિરવૃત્તિનો હોય તે સુવિનીત કહેવાય છે.

आणाऽनिद्देसकरे, गुरूणमणुववायकारए।
पडणीए असंवुद्धे, अविणीए त्ति वुच्चई ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩]

જે શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરનારો ન હોય, ગુરુની નિકટ રહેતો ન હોય (ગુરુકુળવાસી ન હોય) ગુરુના મનોભાવથી પ્રતિકૂલ રીતે વર્તતો હોય તથા તત્ત્વજ્ઞાનથી રહિત હોય તે અવિનીત કહેવાય છે.

अह चउदसहिं ठाणेहिं, वइमाणे उ संजए।
अविणीए वुच्चई सो उ, निव्वाणं च न गच्छइ ॥ १६ ॥
अभिक्खणं कोही हवइ, पबन्धं च पकुव्वई।
मेत्तिज्जमाणो वमइ, सुयं लद्धूण मज्जई ॥ १७ ॥
अवि पावपरिक्खेवी, अवि मित्तेसु कुप्पई।
सुप्पियस्साऽवि मित्तस्स, रहे भासइ पावगं ॥ १८ ॥
पइण्णवादी दुहिले, थद्धे लुद्धे अणिग्गहे।
असंविभागी अचियत्ते, अविणीए त्ति वुच्चई ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૧૧, ગા. ૬, ૭, ૮, ૯]

અહીં વર્ણવેલાં ચૌદ સ્થાનમાં વર્તતો સંયમી અવિનીત કહેવાયછે. તે નિર્વાણ પ્રાપ્ત કરી શકતો નથી. (૧) જે શિષ્ય વારંવાર ક્રોધ કરતો હોય, (૨) જેનો ક્રોધ જલ્દી શાંત થતો ન હોય, (૩) જે મૈત્રીભાવને છોડનારો હોય, (૪) વિદ્યા મેળવીને અભિમાન કરતો હોય, (૫) કોઈ પ્રકારની સ્ખલના થતા આચાર્યાદિનો તિરસ્કાર કરનારો હોય, (૬) મિત્રો પર પણ કોપ કરનારો હોય, (૭) અત્યંત પ્રિય

મિત્રનું પણ પછવાડેથી ભૂંડું બોલનારો હોય, (૮) અસંબદ્ધ પ્રલાપ કરનારો હોય, (૯) દ્રોહી હોય, (૧૦) અભિમાની હોય, (૧૧) રસાદિમાં ગૃદ્ધ હોય, (૧૨) ઇન્દ્રિયોને વશ રાખનારો ન હોય, (૧૩) અસંવિભાગી હોય અર્થાત્ સાધર્મિકોને આમંત્રણ આપ્યા વિના પોતે મેળવેલાં ખાન-પાન એકલો જ ભોગવનારો હોય અને (૧૪) અપ્રીતિકારક હોય, તે અવિનીત કહેવાય છે.

विवत्ती अविणीयस्स, संपत्ती विणीयस्स य।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छई ॥ २० ॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૨૧]

અવિનીતના જ્ઞાનાદિ ગુણ નાશ પામે છે અને વિનીતને જ્ઞાનાદિ ગુણની સંપ્રાપ્તિ થાય છે. જેણે આ બે વાતને બરાબર જાણી લીધી છે, તે શિક્ષાને પામી શકે છે.

अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भइ।
थम्भा कोहा पमाएणं, रोगेणाऽऽलस्सएण य ॥ २१ ॥
[ઉત્ત૦ અ૦ ૧૧, ગા૦ ૩]

(૧) અભિમાનથી, (૨) ક્રોધથી, (૩) પ્રમાદથી, (૪) રોગથી અને (૫) આલસથી એમ પાંચ કારણોથી શિષ્ય શિક્ષા પામી શકતો નથી.

अहं अट्ठहिं ठाणेहिं, सिक्खासीलि त्ति वुच्चई ।
अहस्सिरे सया दन्ते, न य मम्ममुदाहरे ॥ २२ ॥
नासीले न विसीले वि, न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए, सिक्खासीलि त्ति वुच्चई ॥ २३ ॥
[ઉત્ત૦ અ૦ ૧૧, ગા૦ ૪, ૫]

આ આઠ કારણોથી સાધુ શિક્ષાશીલ કહેવાય છેઃ (૧) તે વારંવાર હસનારો ન હોય, (૨) નિરંતર ઇન્દ્રિયોને કાબૂમાં રાખનારો હોય, (૩) બીજાના મર્મો ભેદાય એવાં વચનો ઉચ્ચારનારો ન હોય, (૪) શીલરહિત ન હોય, (૫) શીલ વારંવાર બદલનારો ન હોય, (૬) ખાવા-પીવામાં કે વિષયોમાં અતિ લોલુપ ન હોય, (૭) શાંત વૃત્તિનો હોય અને (૮) સત્યપરાયણ હોય. આવા ગુણવાળાને શિક્ષાશીલ કહેવાય છે.

मणोगयं वक्कगयं, जाणित्तायरियस्स उ।
त्तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥ २४ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૩]

વિનીત શિષ્ય આચાર્યના મનોગત ભાવો જાણીને અથવા તેમનાં વચનો સાંભળીને પોતાનાં વચનોથી તેનો સ્વીકાર કરે અને કાર્ય દ્વારા તેનું આચરણ કરે.

वित्ते अचोइए निच्चं,
खिप्पं हवई सुचोइए ।
जहोवइट्ठं सुकयं,
किच्चाइं कुव्वई सया ॥ २५ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૪]

વિનીત શિષ્ય ગુરુએ પ્રેરણા કર્યા વિના પણ સદા કાર્યમાં પ્રવર્તે છે; અને ગુરુએ સારી રીતે પ્રેરણા કરી હોય તો તે કાર્ય શીઘ્ર સંપાદન કરે છે. વિશેષ શું? ગુરુના ઉપદેશ અનુસાર તે સઘળાં કાર્યો સારી રીતે કરે છે.

न बाहिरं परिभवे, उत्ताणं न समुक्कसे।
सुयलाभे न मज्जेज्जा, जच्चा तवसि बुद्धिए ॥ २६ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૦]

વિનીત શિષ્ય કોઈ પણ વ્યક્તિનો તિરસ્કાર ન કરે, તેમ આત્મપ્રશંસા પણ ન કરે. વળી શાસ્ત્રજ્ઞાન, જાતિ, તપ કે બુદ્ધિનું અભિમાન પણ ન કરે.

भासमाणो न भासेज्जा, णेव वंफेज्ज मम्मयं।
मातिट्ठाणं विवज्जेज्जा, अणुचिन्तिय वियागरे ॥ २७ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૯, ગા૦ ૨૫]

તે બોલી રહેલાની વચ્ચે બોલે નહિ, મર્મભેદી વાત કરે નહિ, માયાભરેલાં વચનોનો ત્યાગ કરે તથા જે બોલે તે સમજી-વિચારીને બોલે.

निस्सन्ते सिया अमुहरी, बुद्धाणं अन्तिए सया।
अट्ठजुत्ताणि सिक्खेज्जा, निरट्ठाणि उ वज्जए ॥ २८ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૮]

તે સદા શાંત રહે, અસંબદ્ધ બોલે નહિ, સદા જ્ઞાનીજનોની સમીપમાં રહીને અર્થયુક્ત પરમાર્થસાધક વાતોને ગ્રહણ કરે અને નિરર્થક વાતોને છોડી દે.

अणुसासिओ न कुप्पिज्जा, खंतिं सेवेज्ज पंडिए।
खुड्डेहिं सह संसग्गिं, हासं कीडं च वज्जए ॥ २९ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૯]

ગુરુ અનુશાસન કરે તો ક્રોધ કરે નહિ, પણ ક્ષમા

ધારણ કરે. વળી દુરાચારીઓના સંગનું, હાસ્યનું, તેમ જ ક્રીડાનું વર્જન કરે.

મા ય ચણ્ડાલિયં કાસી,
બહુયં મા ય આલવે।
કાલેણ ય અહિજ્જિતા,
તઓ ઝાઇજ્જ એગઓ ॥ ૩૦ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૦]

તે ક્રોધાદિને વશ થઈ અસત્ય બોલે નહિ, અધિક પણ બોલે નહિ. યથાસમય શાસ્ત્રોનું અધ્યયન કરીને એકાંતમાં તેના પર ચિંતન-મનન કર્યા કરે.

મા ગલિયસ્સેવ કસં, વયણમિચ્છે પુણો પુણો।
કસં વ દટ્ઠુમાઇણ્ણે, પાવગં પરિવજ્જએ ॥ ૩૧ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૨]

જેમ દુષ્ટ ઘોડો વારંવાર ચાબુકની અપેક્ષા રાખે છે, તેમ વિનીત શિષ્ય વારંવાર અનુશાસનની અપેક્ષા રાખે નહિ. જેમ વિનીત ઘોડો ચાબુકને જોતાં જ સુમાર્ગ પર આવી જાય છે, તેમ વિનીત શિષ્ય ગુરુજનોની દૃષ્ટિ આદિ દેખીને જ દુષ્ટ માર્ગને છોડી દે.

ના પુટ્ઠો વાગરે કિંચિ, પુટ્ઠો વા નાલિયં વએ।
કોહં અસચ્ચં કુવ્વિજ્જા, ધારેજ્જા પિયમપ્પિયં ॥ ૩૨ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૪]

વિનીત શિષ્ય પૂછ્યા વિના કંઈ પણ બોલે નહિ. પૂછવામાં આવ્યું હોય તો અસત્ય બોલે નહિ. તે ક્રોધને

નિષ્ફલ બનાવી દે અને પ્રિય-અપ્રિય વચનોને સમભાવથી ગ્રહણ કરે.

न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ।
न जुंजे ऊरुणा ऊरुं, सयणे नो पडिस्सुणे ॥ ३३ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૮]

વિનીત શિષ્ય આચાર્યને ખોળો અડાડીને તેમની હરોળમાં ન બેસે, તેમની આગળ પણ ન બેસે, તેમ તેમના તરફ પીઠ રાખીને પણ ન બેસે. વળી તે એટલો નિકટ પણ ન બેસે કે તેમના સાથળને પોતાનો સાથળ અડી જાય. જો ગુરુએ કોઈ કાર્યનો આદેશ કર્યો હોય તો તે પથારીમાં સૂતો સૂતો કે બેઠો બેઠો સાંભળે નહિ. તાત્પર્ય કે ઊભો થઈને વિનયપૂર્વક સાંભળે.

हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए।
अल्लीणगुत्तो निसीए, सगासे गुरुणो मुणी ॥ ३४ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૪૫]

જિતેન્દ્રિય મુનિ ગુરુની સમક્ષ હાથ, પગ અને શરીરને યથાવસ્થિત રાખી, તેમજ પોતાની ચપળ ઇન્દ્રિયોને વશ રાખીને (બહુ દૂર પણ નહિ અને સમીપ પણ નહિ એવી રીતે) બેસે.

नीयं सिज्जं गइं ठाणं,
नीयं च आसणाणि य ।
नीयं च पाए वंधिज्जा,
नीयं कुज्जाण अंजलिं ॥ ३५ ॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૧૭]

વિનીત શિષ્ય પોતાની શય્યા, પોતાનું સ્થાન, અને પોતાનું આસન ગુરુથી નીચું રાખે. નીચો ઝુકીને ગુરુના ચરણને વંદના કરે અને નીચો નમીને અંજલિ કરે.

આસણે ઉવચિટ્ઠિજ્જા, અણુચ્ચે અકુકુએ થિરે।
અપ્પુટ્ઠાઈ નિરુટ્ઠાઈ, નિસીએજ્જપ્પકુક્કુએ ॥ ૩૬ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૦]

શિષ્ય એવા આસન પર બેસે કે જે ગુરુથી ઊંચું ન હોય, અવાજ કરતું ન હોય અને સ્થિર હોય. આવા આસન પર બેઠા પછી તે પ્રયોજન વિના ઉઠે નહિ, અને પ્રયોજન હોય તો પણ વારંવાર ઉઠે નહિ. તે પોતાની ભ્રમરો, હાથ કે પગ વડે ચાળા કર્યા વિના ત્યાં પણ શાંતિથી બેસે.

નેવ પલ્હત્થિયં કુજ્જા, પક્ખપિંડં વ સંજએ।
પાએ પસારએ વાવિ, ન ચિટ્ઠે ગુરુણન્તિએ ॥ ૩૭ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૯]

શિષ્યે ગુરુની સમક્ષ પગ પર પગ ચડાવીને બેસવું નહિ, ઘુંટણ છાતીએ લગાવીને પણ બેસવું નહિ, તેમ જ પગ પ્રસારીને પણ બેસવું નહિ.

આયરિએહિં વાહિત્તો, તુસિણીઓ ન કયાઇ વિ।
પસાયપેહી નિયાગટ્ઠી, ઉવચિટ્ઠે ગુરું સયા ॥ ૩૮ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૦]

આચાર્યો દ્વારા બોલાવાયેલો શિષ્ય કદી પણ મૌનનું

અવલંબન કરે નહિ. ગુરુકૃપા અને મોક્ષનો અભિલાષી શિષ્ય સદા એમની સમીપે વિનયપૂર્વક જાય.

આલવંતે લવંતે વા, ન નિસીએજ્જ કયાઇ વિ ।
ચઇત્તા આસણં ધીરો, જઓ જત્તં પડિસ્સુણે ॥ ૩૯ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૧]

ગુરુ એક વાર બોલાવે કે વારંવાર બોલાવે પણ બુદ્ધિમાન સાધુ કદીય પોતાના આસન પર બેસી ન રહે. તે પોતાનું આસન છોડી યતનાપૂર્વક ગુરુની પાસે જાય અને તેમને શું કહેવાનું છે, તે વિનયપૂર્વક સાંભળે.

આસણગઓ ણ પુચ્છેજ્જા,
ણેવ સેજ્જાગઓ કયા ।
આગમ્મુક્કુડુઓ સંતો,
પુચ્છેજ્જા પંજલીઉડો ॥ ૪૦ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૨]

જો ગુરુ મહારાજને કંઈ પૂછવું હોય તો શિષ્ય કદી પણ આસન કે શય્યા પર બેઠો બેઠો ન પૂછે, પરંતુ ગુરુની સમીપ જઈને ઉકડૂ આસન કરવાપૂર્વક હાથ જોડીને પૂછે.

જં મે બુદ્ધાણુસાસંતિ, સીએણ ફરુસેણ વા ।
મમ લાભાત્તિ પેહાએ, પયઓ તં પડિસ્સુણે ॥ ૪૧ ॥
[ઉત્ત. અ૦ ૧, ગા૦ ૨૭]

'ગુરુજન મને કોમળ અથવા કઠોર શબ્દોથી જે શિક્ષા દે છે, એમાં મારો જ લાભ છે,' એમ વિચારી

શિષ્ય તેને સાવધાનીપૂર્વક ગ્રહણ કરે.

અણુસાસણમોવાયં, દુક્કડસ્સ ય ચોયણં ।
હિયં તં મણ્ણઈ પણ્ણો, વેસ્સં હોઇ અસાહુણો ॥ ૪૨ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૮]

પ્રજ્ઞાવંત સાધુ એમ માને છે કે ગુરુ મહારાજ (મધુર કે કડવા શબ્દોથી) મારું જે અનુશાસન કરે છે, તે આત્મોન્નતિના ઉપાયરૂપ છે અને મારા દુષ્કૃતનો નાશ કરનાર છે. પરંતુ જે અસાધુ છે, તેને એ અનુશાસન દ્વેષનું કારણ બને છે. તાત્પર્ય કે ગુરુ મહારાજે હિતબુદ્ધિથી આપેલો ઠપકો સાંભળીને જે રોષ કરે છે અથવા ગુરુ પ્રત્યે અનાદરવાળો બને છે, તે વાસ્તવિક રીતે સાધુ નથી.

હિયં વિગયભયા બુદ્ધા, ફરુસં પિ અણુસાસણં ।
વેસં તં હોઇ મૂઢાણં, ખંતિસોહિકરં પયં ॥ ૪૩ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૨૯]

નિર્ભય અને તત્ત્વજ્ઞ શિષ્યો ગુરુજનોના કઠોર અનુશાસનને પણ હિતકારી માને છે, જ્યારે મૂઢ-અજ્ઞાની શિષ્યોને માટે શાંતિ અને આત્મશુદ્ધિકર તે પદ દ્વેષનું કારણ બને છે.

ન કોવએ આયરિયં, અપ્પાણં પિ ન કોવએ ।
બુદ્ધોવઘાઈ ન સિયા, ન સિયા તોત્તગવેસઇ ॥ ૪૪ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૦]

વિનીત શિષ્ય આચાર્ય પર ક્રોધ કરે નહિ; તેમ પોતાના આત્મા પર પણ ક્રોધ લાવે નહિ; વળી તે

આચાર્યનો ઉપઘાત કરે નહિ, અર્થાત્ તેમનો માનભંગ કરે નહિ, તેમજ તેમનાં છિદ્રો જુએ નહિ.

આયરિયं कुवियं णच्चा, पत्तिएण पसायए ।
विज्झवेज्ज पंजलीउडो, वइज्ज ण पुणुत्ति य ॥ ४५ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૧]


વિનીત શિષ્ય આચાર્યને કુપિત જાણીને પ્રતીતિકારક વચનોથી પ્રસન્ન કરે અને હાથ જોડીને એમ કહે કે 'હવે ફરીથી આવો અપરાધ કદી નહિ કરું.'

जे य चंडे मिए थद्धे, दुव्वाई नियडी सढे ।
वुज्झइ से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥ ४६ ॥
[દશ૦ અ૦ ૯, ઉ૦ ૨, ગા૦ ૩]

જે આત્મા ક્રોધી, અજ્ઞાની, અહંકારી, સદા કહ્યું બોલનારો, માયાવી અને ધૂર્ત હોય છે, તેને અવિનીત સમજવો જોઈએ. તે પાણીના પ્રવાહમાં પડેલા કાષ્ઠની જેમ આ સંસારપ્રવાહમાં તણાઈ જાય છે.

स देवगंधव्वमणुस्सपूइए, चइत्तु देहं मलपंकपुव्वयं ।
सिद्धे वा हवइ सासए, देवे वा अप्परए महिड्ढिए ॥४७॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૮]

દેવ, ગાંધર્વ અને મનુષ્યોથી પૂજિત તે વિનીત શિષ્ય મલ-મૂત્રથી ભરેલા આ શરીરને છોડીને સિદ્ધ અને શાશ્વત થાય છે, અથવા મહાન ઋદ્ધિશાલી દેવ થાય છે.



ધારા ચોવીસમી
કુશિષ્ય

વહણે વહમાણસ્સ, કન્તારં અઇવત્તઈ ।
જોએ ય વહમાણસ્સ, સંસારં અઇવત્તઈ ॥ ૧ ॥

જેમ ગાડીમાં વિનીત બળદોને જોડવાથી તેઓ વનને સરલતા પૂર્વક પાર કરી જાય છે, તેમ સુશિષ્યોને યોગ-સંયમીરૂપી વાહનમાં જોડનારો આચાર્ય સંસારરૂપી અરણ્યને સુખપૂર્વક પાર કરી જાય છે.

ખલુંકે જો ઉ જોએઇ, વિહમ્માણો કિલિસ્સઈ ।
અસમાહિં ચ વેએઇ, તોત્તઓ સે ય ભજ્જઈ ॥ ૨ ॥

જે પુરુષ વાહનમાં દુષ્ટ બળદોને જોડે છે, તે એમને મારતા મારતા થાકી જાય છે, અસમાધિનો (ચિત્તની અસ્વસ્થતાનો) અનુભવ કરે છે અને તેનો ચાબૂક પણ તૂટી જાય છે.

એગં ડસઇ પુચ્છમ્મિ, એગં વિન્ધઇડભિક્ખણં ।
એગો ભંજઇ સમિલં, એગો ઉપ્પહપટ્ઠિઓ ॥ ૩ ॥

દુષ્ટ બળદોમાંનો કોઈ બીજાના પૂંછડે બટકું ભરે છે, કોઈ વારંવાર બીજાને શિંગડું મારે છે, કોઈ સમોલને ભાંગી નાખે છે, તો કોઈ આડામાર્ગે ચાલ્યો જાય છે.

વિ૦ ધોંસરામાં ભરાવવાના લાકડાના નાના દંડુકાને સમોલ કહે છે.

एगो पडइ पासेणं, निवेसइ निवज्जई ।
उक्कुद्दइ उप्फिडई, सढे बालगवी वए ॥ ४ ॥

કોઈ ધૂર્ત બળદ એક પડખે નીચો પડી જાય છે, કોઈ બેસી જાય છે, કોઈ સૂઈ જાય છે, કોઈ ઉછળે છે, કોઈ કૂદકો મારે છે, તો કોઈ તરુણ ગાયની પાછળ ભાગે છે.

माई मुद्धेण पडइ, कुद्धे गच्छइ पडिपहं ।
मयलक्खेण चिट्ठाई, वेगेण य पलायई ॥ ५ ॥

કોઈ કપટ કરીને માથું ઝુકાવી પડી જાય છે, કોઈ કુપિત થઈને પાછળ ભાગવા લાગે છે, કોઈ મડદાની માફક ઊભો રહે છે, તો કોઈ જોરથી દોડવા લાગે છે.

छिन्नाले छिंदई सिल्लि, दुहन्ते भञ्जई जुगं ।
से वि य सुस्सुयाइत्ता, उज्जुहित्ता पलायई ॥ ६ ॥

કોઈ દુષ્ટ બળદ રાશને છેદી નાખે છે, કોઈ નિરંકુશ બની ધોંસરી તોડી નાખે છે, તો કોઈ સૂંસૂં કરતો વાહન માથે ભાગે છે.

खलुंका जारिसा जोज्जा, दुस्सीसा वि हु तारिसा ।
जोइया धम्मजाणम्मि, भज्जन्ति धिइदुब्बला ॥ ७ ॥

આવા દુષ્ટ બળદોને ગાડે જોડતાં જે હાલ થાય છે, તે જ હાલ ધર્મરૂપી વાહનને કુશિષ્યો જોડવાથી થાય છે. નિર્બળ મનવાળા શિષ્યો ધર્મરૂપી વાહનને છોડી ભાગી જાય છે.

इड्ढीगारविए एगे, एगिऽत्थ रसगारवे ।
सायागारविए एगे, एगे सुचिरकोहणे ॥ ८ ॥

કુશિષ્યો પૈકી કોઈ ઋદ્ધિગારવમાં, કોઈ રસગારવમાં, તો કોઈ સાતાગારવમાં મસ્ત હોય છે, અને કોઈ તો લાંબા સમય સુધી ક્રોધને ધારણ કરનારા હોય છે.

વિ૦ ગૃહસ્થો પોતાની ઋદ્ધિ–સંપત્તિનું અભિમાન કરે તે ઋદ્ધિગારવ કહેવાય છે. સાધુઓ પોતાના ભક્ત-મંડળ કે શિષ્યપરિવારનું અભિમાન કરે તો ઋદ્ધિગારવ કહેવાય છે. ગૃહસ્થો પોતાને મળતાં સુંદર ભોજનનું અભિમાન કરે તે રસગારવ કહેવાય છે, સાધુઓ પોતાને મળતી મનગમતી ભિક્ષાનું અભિમાન કરે તેને રસગારવ કહેવાય છે. ગૃહસ્થો પોતાની સુખસગવડનું અભિમાન કરે તેને સાતાગારવ કહેવાય છે. સાધુઓ 'મારા જેવી મોજ કોઈને નથી' એવું અભિમાન કરે તેને સાતાગારવ કહેવાય છે.

भिक्खालसिए एगे, एगे ओमाणभीरुए ।
थद्धे एगे अणुसासम्मि, हेऊहिं कारणेहि य ॥ ९ ॥

કોઈ ભિક્ષાચરીમાં આળસ કરે છે, તો કોઈ ભિક્ષાચરીમાં જવા છતાં અપમાનથી ડરે છે અને જવા યોગ્ય ગૃહોમાં પ્રવેશ કરતા નથી. કેટલાક અભિમાનથી એવા અક્કડ થઈ જાય છે કે કોઈને નમી શકતા નથી. આવા હેતુ અને કારણોથી હું આ દુષ્ટ શિષ્યોનું કેવી રીતે અનુશાસન કરું ? એમ આચાર્યને સખેદ વિચારવું પડે છે.

सो वि अंतरभासिल्लो, दोसमेव पकुव्वई ।
आयरियाणं तु वयणं, पडिकूलेइऽभिक्खणं ॥ १० ॥

તે કુશિષ્ય વચ્ચે બોલી ઊઠે છે, ગુરુ કે અન્ય સાધુઓ પર દોષારોપણ કરે છે અને આચાર્યના વચનથી વારંવાર વિરુદ્ધ વર્તન કરે છે.

न सा ममं वियाणाई, न य सा मज्झ दाहिई ।
निग्गया होहिई मन्ने, साहू अन्नोऽत्थ वच्चउ ॥ ११ ॥

(ભિક્ષાર્થે જવાનું કહેતા કુશિષ્ય કહે છે) તે શ્રાવિકા મને ઓળખતી નથી, તે મને આહાર આપશે નહિ, તે ઘરે પણ હશે નહિ, એમ માનું છું, તમે બીજા સાધુને મોકલો.

पेसिया पलिउंचंति, ते परियंति समंतओ ।
रायवेट्ठिं व मन्नंता, करिंति भिउडिं मुहे ॥ १२ ॥

કુશિષ્યો જે કામે મોકલ્યા હોય તે કરતા નથી અને આવીને ભળતોજ જવાબ આપે છે, અહીં તહીં ફર્યા કરે છે (પણ ગુરુ પાસે બોલતા નથી), કદાચ કામ કરે તો રાજાની વેઠ જેવું માનીને કરે છે અને કંટાળો લાવીને મુખ પર ભૃકુટિ ચડાવે છે, અર્થાત્ મોઢું બગાડે છે.

वाइया संगहिया चेव, भत्तपाणे य पोसिया ।
जायपक्खा जहा हंसा, पक्कमंति दिसो दिसिं ॥ १३ ॥
अह सारही व चिंतेइ, खलुंकेहिं समागओ ।
मज्झ दुट्ठसोसेहिं, अप्पा मे अवसीयई ॥ १४ ॥

આવા પ્રસંગે ધર્મરથના સારથિરૂપ આચાર્ય


વિચારે છે કે મેં આમને શાસ્ત્રો ભણાવ્યાં, મારી પાસે રાખ્યા, આહારપાણીથી પોષ્યા, પણ હંસોને પાંખ આવતાં જેમ તે જુદી જુદી દિશામાં ઉડી જાય છે, તેમ આ બધા પોતપોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા થઈ ગયા છે. મારે આ દુષ્ટ શિષ્યોથી શું પ્રયોજન ? નાહક મારો આત્મા ખેદ પામે છે.

जारिसा मम सीसाओ, तारिसा गलिगद्दहा ।
गलिगद्दहे चइत्ता णं, दढं पगिण्हई तवं ।. १५ ॥
[ઉત્ત૦ અ૦ ૨૭, ગા૦ ૨ થી ૧૬]

જેવા આળસુ-અડિયલ ગધેડા હોય છે, તેવા મારા શિષ્યો છે. આ આળસુ અડિયલ ગધેડા જેવા શિષ્યોને છોડી હું ઉગ્ર તપનું આચરણ કરું. તાત્પર્ય કે મોક્ષાભિલાષી આચાર્યે કુશિષ્યોનો ત્યાગ કરી પોતાનું કલ્યાણ સાધી લેવું ઉચિત છે.

रमए पंडिए सासं, हयं भद्दं व वाहए ।
बालं सम्मइ सासंतो, गलियस्सं व वाहए ॥ १६ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૩૭]

ભદ્ર ઘોડા પર સવારી કરનારો ચાબુકસવાર જે રીતે આનંદ પામે છે, તે રીતે પંડિતોનું શાસન કરનાર આચાર્ય આનંદ પામે છે. જેમ અડિયલ ઘોડાનો ચાબુક-સવાર કષ્ટ પામે છે, તેમ મૂર્ખ શિષ્યોનું અનુશાસન કરનાર ગુરુ કષ્ટ પામે છે.



ધારા પચીસમી
દુઃશીલ

चीराजिणं णगिणिणं, जडी संघाडि–मुंडिणं ।
एयाणि वि न तायन्ति, दुस्सीलं परियागयं ॥ १ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૧]

ચીવર, મૃગચર્મ, નગ્નત્વ, જટા, સંઘાટિકા (બૌદ્ધ સાધુઓ ઓઢે છે તેવું ઉત્તરીય વસ્ત્ર) અને માથાનું મુંડન, આ કંઈ પણ દુઃશીલવાળાને દુર્ગતિથી બચાવી શકતું નથી. તાત્પર્ય કે બાહ્ય લિંગ ગમે તેવું હોય પણ શીલ ઉત્તમ હોય તો જ તે પુરુષ સદ્ગતિને પામી શકે છે.

जहा सुणी पूइकन्नी, निक्कसिज्जई सव्वसो ।
एवं दुस्सीलपडिणीए, मुहरी निक्कसिज्जई ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪]

જેમ સડેલાં કાનવાળી કૂતરી સર્વ જગાએથી હાંકી કઢાય છે, તેમ દુઃશીલ અને જ્ઞાનીઓનાં વચનથી પ્રતિકૂલ ચાલનારો વાચાળ મનુષ્ય સર્વ જગાએથી હાંકી કઢાય છે.

कणकुण्डगं चइत्ता णं, विट्ठं भुंजइ सूयरे ।
एवं सीलं चइत्ता णं, दुस्सीले रमई मिए ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૫]

જેમ સૂવર અનાજનું કુંડું છોડીને વિષ્ઠા ખાય છે, તેમ મૃગલા જેવો મૂર્ખ મનુષ્ય સદાચારને છોડીને દુરાચારમાં પ્રવર્તે છે.

सुणिया भावं साणस्स, सूयरस्स नरस्स य ।
विणए ठविज्ज अप्पाणं, इच्छंतो हियमप्पणो ॥ ४ ॥
[उत्त० अ० १, गा० ६]

કૂતરી અને સૂવરની સાથે અવિનયી મનુષ્યની સમાનતાનું ઉદાહરણ સાંભળીને પોતાનું હિત ચાહનારો પોતાના આત્માને વિનયમાં–સદાચારમાં સ્થાપે.

जविणो मिगा जहा संता, परिताणेण वज्जिया ।
असंकियाइं संकंति, संकिआइं असंकिणो ॥ ५ ॥
परियाणियाणि संकंता, पासियाणि असंकिणो ।
अन्नाणभयसंविग्गा, संपलिंति तहिं तहिं ॥ ६ ॥
अह तं पवेज्ज वज्झं, अहे वज्झस्स वा वए ।
मुच्चेज्ज पयपासाओ, तं तु मंदेण देहए ॥ ७ ॥
अहिअप्पाऽहियप्पन्नाणे, विसमंतेणुवागए ।
स बद्धे पयपासेणं, तत्थ घायं नियच्छइ ॥ ८ ॥
[सू. श्रु. १, अ० १, उ. २, गा० ६ थी ९]

રક્ષણ વિનાના વનપશુઓ શંકા વિનાના સ્થાનમાં–સુરક્ષિત સ્થાનમાં શંકા કરે છે અને શંકાવાળા સ્થાનમાં–ભયગ્રસ્ત સ્થાનમાં શંકારહિત રહે છે, અને એ રીતે સુરક્ષિત સ્થાનમાં શંકા કરતાં અને પાશવાળા સ્થાનમાં શંકારહિત રહેતાં તે અજ્ઞાની અને ભયગ્રસ્ત જીવો પાશયુક્ત સ્થાનમાં ફસાઈ જાય છે. જો એ પશુઓ બંધનવાળાં સ્થાનોને કૂદીને ચાલ્યા જાય કે નીચેથી નીકળી જાય તો પગના બંધનમાંથી મુક્ત થઈ શકે છે, પણ એ મૂર્ખ

પશુઓને એ વાત દેખાતી નથી–સમજાતી નથી. તે પોતાના હિતને નહિ જાણનારા પશુ ભયંકર પાશવાળા પ્રદેશમાં પહોંચી પગપાશથી બંધાય છે અને ત્યાં જ ઘાતને પામે છે.

एवं तु समणा एगे, मिच्छदिट्ठी अणारिया ।
असंकिआइं संकंति, संकिआइं असंकिणो ॥ ९ ॥
धम्मपन्नवणा जा सा, तं तु संकंति मूढगा ।
आरंभाइं न संकंति, अवियत्ता अकोविया ॥ १० ॥
सव्वप्पगं विउक्कस्सं, सव्वं णूमं विहूणिया ।
अप्पत्तियं अकम्मंसे, एयमट्ठं मिगे चुए ॥ ११ ॥
जे एयं नाभिजाणंति, मिच्छदिट्ठी अणारिया ।
मिगा वा पासबद्धा ते घायमेसंति णंतसो ॥ १२ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૧, ઉ૦ ૨, ગા૦ ૧૦ થી ૧૩]

આવી રીતે કેટલાક શ્રમણો કે જે મિથ્યાદૃષ્ટિ તથા અનાર્ય છે, તે શંકારહિત સ્થાનમાં શંકા કરે છે અને શંકિત સ્થાનમાં અશંકિત રહે છે.

વળી મૂઢ વિવેકશૂન્ય અને શાસ્ત્રજ્ઞાનથી રહિત આ લોકો જે સાચી ધર્મ પ્રરૂપણા છે, તેમાં શંકા કરે છે અને આરંભ-સમારંભનાં કામોમાં શંકા કરતા નથી.

લોભ, માન, માયા અને ક્રોધને છોડી મનુષ્ય કર્મ-રહિત થઈ શકે છે, પણ અજ્ઞાની મૂર્ખ મનુષ્ય એ વાતને છોડી દે છે.

જે બંધન-મુક્તિના ઉપાયને જાણતા નથી, તે મિથ્યા-


દૃષ્ટિ અનાર્ય આ રીતે પાશબદ્ધ અને પશુઓની પેઠે અનંત વાર ઘાતને પ્રાપ્ત થાય છે.

धम्मजियं च ववहारं, बुद्धेहिं आयरियं सया ।
तमायरंतो ववहारं, गरहं नाभिगच्छइ ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૪૨]

જે વ્યવહાર ધર્મથી ઉત્પન્ન થયેલો છે અને જેનું જ્ઞાની પુરુષોએ સદા આચરણ કર્યું છે, એ વ્યવહારનું આચરણ કરનારો પુરુષ કદી નિંદાને પ્રાપ્ત થતો નથી.

अमणुन्नसमुप्पायं, दुक्खमेव विजाणिया ।
समुप्पायमजाणंता, कहं नायंति संवरं ॥ १४ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૧, ઉ૦ ૩, ગા૦ ૧૦]

અશુભ અનુષ્ઠાન કરવાથી દુઃખની ઉત્પત્તિ થાય છે. જે લોકો દુઃખની ઉત્પત્તિનું કારણ જાણતા નથી, તે દુઃખના નાશનો ઉપાય કેવી રીતે જાણી શકે ?



ધારા છવીશમી
કામભોગ

अणागयमपस्सन्ता, पच्चुप्पन्नगवेसगा ।
ते पच्छा परितप्पन्ति, खीणे आउम्मि जोव्वणे ॥ १ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૪, ગા૦ ૧૪]

અસત્ કર્મથી ભવિષ્યમાં થનારાં દુઃખો તરફ ન જોતાં જે કેવળ વર્તમાન સુખોને શોધે છે, અર્થાત્ કામભોગમાં મગ્ન બને છે, તે યૌવન અને આયુ ક્ષીણ થતાં પશ્ચાત્તાપ કરે છે.

जे केइ सरीरे सत्ता, वण्णे रूवे य सव्वसो ।
मणसा काय–वक्केणं, सव्वे ते दुक्खसंभवा ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૧૨]

જે કોઈ મનુષ્યો શરીરમાં આસક્ત છે અને મનથી, કાયાથી તથા વચનથી રૂપ અને રંગમાં પૂરેપૂરા મોહેલા છે, તે સર્વે દુઃખને ઉત્પન્ન કરનારા છે.

जे इह सायाणुगा नरा,
अज्झोववन्ना कामेहिं मुच्छिया ।
किवणेण समं पगब्भिया,
न वि जाणंति समाहिमाहितं ॥ ३ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૪]

જે મનુષ્યો આ જગતમાં પૂર્વજન્મનાં સુકૃત્યોને લીધે સુખ–વૈભવ પામેલા છે, અને કામભોગમાં આસક્ત થઈ

વિલાસી જીવન ગુજારે છે, તે કાયરની માફક ધર્માચરણમાં શિથિલતા દાખવે છે, અને જ્ઞાની પુરુષોએ કહેલા સમાધિ-માર્ગને જાણતા નથી.

भोगामिसदोसविसन्ने,
हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।
बाले य मंदिए मूढे,
बज्झई मच्छिया व खेलम्मि ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૫]

ભોગરૂપી માંસમાં ગૃદ્ધ, હિત અને નિશ્ચયમાં વિપર્યય બુદ્ધિવાળો અજ્ઞાની, મંદ અને મૂર્ખ જીવ એવી રીતે કર્મપાશમાં બંધાઈ જાય છે કે જેવી રીતે માખી લીંટમાં.

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चई ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૯]

ભોગમાં પડેલો મનુષ્ય કર્મથી લેપાય છે, અભોગી કર્મથી લેપાતો નથી. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે, અભોગી સંસારથી મુક્ત થાય છે.

उल्लो सुक्खो य दो छूढा, गोलया मट्टियामया ।
दो वि आवडिया कुड्डे, जो उल्लो सोऽत्थ लग्गई ॥ ६ ॥
एवं लग्गन्ति दुम्मेहा, जो नरा कामलालसा ।
विरत्ता उ न लग्गन्ति, जहा से सुक्कगोलए ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૪૨-૪૩]

જેમ ભીનો અને સૂકો એવા બે માટીના ગોળાઓને

ફેંકતા તેમાંથી જે ભીનો હોય તે દિવાલની સાથે ચોટી જાય છે અને સૂકો ચોટતો નથી, તેમ જે મનુષ્યો કામભોગમાં આસક્ત છે અને દુષ્ટ બુદ્ધિવાળા છે, તેમને સંસારનું બંધન વળગી જાય છે અને જે કામભોગથી વિરક્ત છે, તેમને સંસારનું બંધન વળગતું નથી.

गिद्धोवमा उ नच्चाणं, कामे संसारवड्ढणे ।
उरगो सुवण्णपासे व्व, संकमाणो तणुं चरे ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૪૭]

કામભોગ સંસારને વધારનાર છે. ગીધ પક્ષીનું દૃષ્ટાંત જાણીને વિવેકી પુરુષ, ગરુડની પાસે સર્પની જેમ, કામભોગોથી શંકિત રહેતો બીઈ બીઈને ચાલે.

जे गिद्धे कामभोगेसु, एगे कूडाय गच्छई ।
न मे दिट्ठे परे लोए, चक्खुदिट्ठा इमा रई ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૫]

જે કોઈ જીવ કામભોગમાં આસક્ત છે, તે નર્કમાં જાય છે. તે એમ વિચારે છે કે મેં પરલોક જોયો નથી અને અહીંનું સુખ તો પ્રત્યક્ષ દેખાય છે.

हत्थागया इमे कामा, कालिया जे अणागया ।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ॥१०॥
जणेण सद्धिं होक्खामि, इइ बाले पगब्भई ।
कामभोगाणुराएणं, केसं संपडिवज्जई ॥११॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૬-૭]

આ કામભોગો તો હાથમાં આવેલા છે અને

ભવિષ્યમાં મળનારું સુખ પરોક્ષ છે. વળી કોણ જાણે છે કે પરલોકનું અસ્તિત્વ છે કે નહિ ?

'જે બીજાના હાલ થશે, તે મારા હાલ થશે.' એમ અજ્ઞાની જીવ બોલે છે. પરંતુ તે કામભોગાનુરાગી કલેશને પામે છે.

તઓ સે દંડં સમારભઇ, તસેસુ થાવરેસુ ય ।
અટ્ઠાએ ય અણટ્ઠાએ, ભૂયગામં વિ હિંસઈ ॥ ૧૨ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૮]

પછી તે ત્રસ અને સ્થાવર જીવો તરફ ક્રૂરતાથી વર્તવા લાગે છે. કાંઈ પ્રયોજન સરતું હોય કે ન સરતું હોય તો પણ તે ભોગી પ્રાણીસમૂહની વિવિધ પ્રકારે હિંસા કર્યા જ કરે છે.

હિંસે બાલે મુસાવાઈ, માઇલ્લે પિસુણે સદે ।
ભુંજમાણે સુરં મંસં, સેયમેયં તિ મન્નઈ ॥ ૧૩ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૯]

વળી તે અજ્ઞાની જીવ હિંસા, અસત્ય, કપટ, ચાડી, ધૂર્તતા વગેરેનું સેવન કરવા લાગે છે તથા દારૂ અને માંસ વાપરતો પણ થઈ જાય છે, તેમ જ તેને શ્રેયસ્કર માનવા લાગે છે.

કાયસા વયસા મત્તે, વિત્તે ગિદ્ધે ય ઇત્થિસુ ।
દુહઓ મલં સંચિણઈ, સિસુનાગો વ્વ મટ્ટિયં ॥ ૧૪ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૧૦]

ધન અને સ્ત્રીઓમાં આસક્ત બનેલો ભોગી પુરુષ

કાયાથી મદોન્મત્ત બને છે અને તેનાં વચનોમાં પણ અભિમાન આવે છે. તે અળસિયાની જેમ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારે મલનો સંચય કરે છે.

વિ૦ અળસિયાનો ખોરાક જ માટી છે, એટલે તે પેટની અંદર માટી ભરે છે અને બહાર પણ માટીથી બરડાય છે; તેમ ભોગી પુરુષ અંતરથી મલિન કર્મોનો સંચય કરે છે અને બહારથી પણ અપવિત્ર બને છે.

तओ पुट्ठो आयंकेणं, गिलाणो परितप्पई ।
पभीओ परलोगस्स, कम्माणुप्पेही अप्पणो ।। १५ ।।
[उत्त० अ० ५, गा० ११]

પછી ઉગ્ર રોગોથી પીડાઈને અનેક પ્રકારનું દુઃખ ભોગવે છે. અને પરલોકથી ખૂબ ડરીને પોતાનાં દુષ્કર્મોનો પશ્ચાત્તાપ કરે છે.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं ।। १६ ।।
[उत्त० अ० ९, गा० ५३]

કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષયરૂપ છે, અને કામભોગ ભયંકર સર્પ જેવા છે. જેઓ કામભોગની ઇચ્છા કર્યા કરે છે, તે એને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે.

खणमेत्तसोक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा ।

संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा ॥१७॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૧૩]

કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને ઘણા સમય સુધી દુઃખ દેનારા છે. કામભોગોની સામગ્રી મેળવવામાં ઘણું કષ્ટ ઉઠાવવું પડે છે, જ્યારે સુખ તો નામ માત્રનું મળે છે. વળી સંસારમાંથી છૂટવા માટેના જે ઉપાયો છે, તેના એ પ્રતિપક્ષી છે–પાકા વિરોધી છે અને અનર્થની ખાણ છે.

जहा किंपागफलाण, परिणामो न सुंदरो ।
एवं भुत्ताण भोगाणं, परिणामो न सुंदरो ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૧૭]

જેમ કિંપાક ફળો ભોગવવાનું પરિણામ સુંદર આવતું નથી, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર આવતું નથી.

વિ૦ કિંપાક ફળ દેખાવમાં સુંદર અને સ્વાદમાં મધુર હોય છે, પણ તેનું ભક્ષણ કરતાં જ ઝેર ચડે છે અને પ્રાણ નીકળી જાય છે.

जहा य किंपागफला मणोरमा,
रसेण वण्णेण य भुज्जमाणा ।
ते खुद्दए जीविय पच्चमाणा,
एए उवमा कामगुणा विवागे ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૦]

જેમ કિંપાક ફળો રસ અને વર્ણથી મનોહર હોય

છે, પણ તેને ભોગવ્યા અને તેનો વિપાક થયો કે ક્ષુદ્ર એવા જીવિતવ્યનો નાશ થાય છે. કામગુણોના વિપાકનું પણ એમ જ સમજવું. તાત્પર્ય કે કામભોગ પ્રથમ ક્ષણે મનોહર લાગે છે, પણ ભોગવ્યા પછી અત્યંત દુઃખ દેનાર થાય છે.

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ २० ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૧૬]

કામવાસનાને પોષનારા તથા વધારનારા સર્વ ગીતો વિલાપતુલ્ય છે, સર્વ નૃત્યો વિડંબનાસમાન છે અને સર્વ આભૂષણો ભારરૂપ છે. સર્વ પ્રકારની કામવાસના આખરે તો દુઃખને જ લાવનારી છે.

अच्चेइ कालो तूरन्ति राइओ,
न यावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयन्ति,
दुमं जहा खीणफलं व पक्खी ॥ २१ ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૩૧]

કાલ વહ્યો જાય છે, રાત્રિઓ વીતી જાય છે અને પુરુષોના કામભોગ પણ નિત્ય નથી. જેમ પક્ષીઓ ફળ વિનાના વૃક્ષોને તજી દે છે, તેમ કામભોગો પણ ક્ષીણ શક્તિવાળા પુરુષોની પાસે આવીને તેને તજી દે છે.

पुरिसोरम पावकम्मुणा, पलियन्तं मणुयाण जीवियं ।
सन्ना इह काममुच्छिया, मोहं जन्ति नरा असंवुडा ॥२२॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૨, ઉ૦ ૧, ગા૦ ૧૦]

હે મનુષ્ય! તું જીવનને ઝડપથી ચાલ્યું જનારું માનીને પાપકર્મોથી વિરમી જા. જે મનુષ્યો અસંયમી હોઈ કામ મૂર્ચ્છિત બન્યા છે, તે મોહ પામે છે; અર્થાત્ હિતાહિતનો વિવેક કરવા શક્તિમાન નથી.

अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ।
विणिअट्टेज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥ २३ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૪]

મનુષ્યનું આયુષ્ય પરિમિત-(ઘણું નાનું) છે; અને પ્રાપ્ત જીવન ક્ષણભંગુર છેઃ વળી સિદ્ધિમાર્ગ જ નિત્ય છે, એમ સમજી ભોગોથી નિવૃત્ત થવું જોઈએ.

संबुज्झह ! किं न बुज्जह ?
संबोहि खलु पेच्च दुल्लहा ।
नो हूवणमन्ति राइओ,
नो सुलभं पुणरावि जीवियं ॥ २४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૧, ગા૦ ૧]

હે પુરુષો! તમે સમજો. એટલું કેમ સમજતા નથી કે પરલોકમાં સંબોધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે? જે રાત્રિઓ ચાલી જાય છે, તે પાછી આવતી નથી અને મનુષ્યનું જીવન પણ ફરીને પ્રાપ્ત થવું સુલભ નથી. તાત્પર્ય કે કામભોગ છોડી આ જીવનમાં બને તેટલું આત્મકલ્યાણ સાધી લો.

इह जीवियमेव पासहा,
तरुणे वा ससयस्स तुट्टई ।
इत्तरवासे य बुज्झह,
गिद्धनरा कामेसु मुच्छिया ॥ २५ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૮]

આ સંસારમાં તું જીવનને જ દેખ, તે તરુણાવસ્થામાં અથવા તો સો વર્ષના (અલ્પ સમયમાં જ) આયુષ્યમાં જ તૂટી જાય છે. અહીં કેટલો ક્ષણિક નિવાસ છે, તેને તું સમજ. આશ્ચર્ય છે કે આયુષ્યનો ભરોસો ન હોવા છતાં મનુષ્યો કામભોગમાં મૂર્ચ્છિત રહે છે!

इह कामाणियट्टस्स, अत्तट्ठे अवरज्झई ।
सोच्चा नेयाउयं मग्गं, जं भुज्जो परिभस्सई ॥ २६ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૨૫]

આ સંસારમાં કામભોગથી નિવૃત્ત ન થનારા પુરુષનું આત્મપ્રયોજન નષ્ટ થઈ જાય છે. મોક્ષમાર્ગને સાંભળવા છતાં તે ફરી ફરીને ભ્રષ્ટ થઈ જાય છે.

वाहेण जहा व विच्छए, अबले होइ गवं पचोइए ।
से अन्तसो अप्पथामए, नाइवहे अबले विसीयइ ॥२७॥
एवं कामसेण विऊ, अज्ज सुए पयहेज्ज संथवं ।
कामी कामे न कामए, लद्धे वा वि अलद्ध कण्हुई ॥२८॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૫-૬]

જેમ વાહકે ત્રાસ દઈને હાંકેલો બળદ થાકી જાય છે અને માર ખાવા છતાં અલ્પ બળને કારણે આગળ

ચાલી શકતો નથી, તથા છેવટે રસ્તામાં કષ્ટ પામે છે, તેમ ક્ષીણ મનોબળવાળો અવિવેકી પુરુષ સદ્‌બોધ પ્રાપ્ત થવા છતાં કામભોગરૂપી કાદવથી બહાર નીકળી શકતો નથી. તે એમ જ વિચાર્યા કરે છે કે 'હું આજે અથવા કાલે કામભોગોને છોડીશ.' સુખની ઇચ્છા રાખનારો પુરુષ કામભોગની કામના ન કરે અને પ્રાપ્ત ભોગોને પણ અપ્રાપ્ત કરે, અર્થાત્ છોડી દે.

દુપ્પરિચ્ચયા ઇમે કામા,
નો સુજહા અધીરપુરિસેહિં ।
અહ સન્તિ સુવ્વયા સાહૂ,
જે તરન્તિ અતરં વણિયા વા ॥ ૨૯ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૬]

આ કામભોગોનો ત્યાગ કરવો ઘણો કઠિન છે. નિર્બળ પુરુષો એને સહેલાઈથી છોડી શકતા નથી. પરંતુ જે સુવ્રતોને ધારણ કરનારા સાધુ પુરુષો છે, તે કામવાસનાનો ન તરી શકાય એવો દરિયો વહાણવટું ખેડીને વેપાર કરનારા પુરુષોની જેમ તરી જાય છે.


કામાણુગિદ્ધિપ્પભવં ખુ દુક્ખં,
સવ્વસ્સ લોગસ્સ સદેવગસ્સ ।
જં કાઇયં માણસિયં ચ કિંચિ,
તસ્સડન્તગં ગચ્છઇ વીયરાગો ॥ ૩૦ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા. ૧૯]

દેવલોકસહિત અખિલ વિશ્વમાં જે કંઈ શારીરિક

અને માનસિક દુઃખો છે, તે બધા કામભોગની આસક્તિમાંથી પેદા થયેલાં છે. માત્ર વીતરાગ જ તેનો અંત પામી શકે છે.

अट्टदुहट्टियचित्ता, जह जीवा दुक्खसागरमुविंति ।
जह वेरग्गमुवगया, कम्मसमुग्गं विहाडंति ॥ ३१ ॥
[ઔપ૦ સૂત્ર ૩૪]

જે જીવને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવતો નથી, તે આર્ત-રૌદ્ર ધ્યાન ધરતાં ધરતાં જન્મ-જન્માંતર સુધી દુઃખના દરિયામાં ડૂબકાં માર્યા કરે છે. આથી ઉલટું જે આત્મા વૈરાગ્યને પામેલા છે, તે કર્મસમૂહને જોતજોતામાં નષ્ટ કરી નાખે છે.



ધારા સત્તાવીશમી
પ્રમાદ

पमायं कम्ममाहंसु, अप्पमायं तहाऽवरं ।
तब्भावादेसओ वावि, बालं पंडियमेव वा ॥ १ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૩]

તીર્થંકરાદિ મહાપુરુષોએ પ્રમાદને કર્મોપાદાનનું કારણ કહ્યો છે અને અપ્રમાદને કર્મક્ષયનું કારણ કહ્યો છે. આ કર્મોપાદાન અને કર્મક્ષયની અપેક્ષાએ જ મનુષ્યને બાલ અને પંડિત કહેવામાં આવે છે. તાત્પર્ય કે જે પ્રમાદવશ થઈ કર્મોપાદાન કરે છે, તે બાલ છે–અજ્ઞાની છે અને જે અપ્રમત્ત બની કર્મનો ક્ષય કરે છે, તે પંડિત છે–જ્ઞાની છે.

વિ૦ ધર્મારાધનમાં આળસ અને વિષય–કષાયમાં પ્રવૃત્તિ એને સામાન્ય રીતે પ્રમાદ કહેવામાં આવે છે. આ પ્રકારના પ્રમાદનું સેવન કરતાં કર્મનું ઉપાદાન થાય છે; અર્થાત્ આત્માને કર્મનું બંધન થાય છે અને તેથી આત્મા ભારે બને છે. જ્યારે અપ્રમત્ત બનતાં અર્થાત્ સદનુષ્ઠાનનું સેવન કરતાં કર્મનો ક્ષય થાય છે અને આત્મા હળવો બને છે. આ કારણથી સુજ્ઞ પુરુષે પ્રમાદનો ત્યાગ કરવો ઘટે છે.

इमं च मे अत्थि इमं च नत्थि,
इमं च मे किच्चमिमं अकिच्चं ।

तं एवमेवं लालप्पमाणं,
हरा हरंतित्ति कहं पमाए ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૧૫]

'આ મારું છે,' 'આ મારું નથી;' 'આ મેં કર્યું છે,' 'આ મેં નથી કર્યું;' આ પ્રકારે વ્યાકુલ બનેલા પુરુષનું આયુષ્ય રાત્રિ અને દિવસરૂપી લૂંટારા લૂંટ્યા કરે છે, ત્યાં પ્રમાદ કેમ કરાય ?

असंखयं जीवियं मा पमायए,
जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं विजाणाहि जणे पमत्ते,
कं नु विहिंसा अजया गहिन्ति ? ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૧]

જીવન તૂટ્યા પછી સંધાતું નથી અને જરાવસ્થા આવી પહોંચી કે તેનાથી બચાવ થઈ શકતો નથી, એમ જાણીને પ્રમાદ ન કરો. જેઓ પ્રમત્ત છે, સંયમ વિનાના છે અને વિવિધ રીતે હિંસા કરનારા છે, તેઓ અંત-સમયે કોને શરણે જવાના ?

जे पावकम्मेहि धणं मणुस्सा,
समायय़न्ती अमइं गहाय ।
पहाय ते पासपय़ट्टिए नरे,
वेराणुबद्धा नरयं उवेन्ति ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૨]

જે મનુષ્યો કુમતિ ધારણ કરીને પાપ કર્મો વડે

ધનને ભેગું કરે છે, તે રાગ-દ્વેષના પાશમાં બંધાય છે. આવા મનુષ્યો ભેગું કરેલું ધન અહીં છોડીને જ નરકમાં જાય છે, કારણ કે તેમણે એ ધનપ્રાપ્તિ દરમિયાન અનેક પ્રાણીઓ સાથે વૈરનો અનુબંધ કરેલો હોય છે.

संसारमावन्न परस्स अट्ठा,
साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेयकाले,
न बन्धवा बन्धवयं उवेन्ति ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૪]

સંસારી જીવ પોતાના કુટુંબકબીલા માટે કૃષિ-વાણિજ્ય આદિ સાધારણ પ્રવૃત્તિઓ કરીને કર્મ બાંધે છે. પરંતુ તે કર્મનું ફળ ભોગવવાનો વખત આવે છે, ત્યારે બંધુઓ બંધુતા દાખવતા નથી, અર્થાત્ તેમાં ભાગ પડાવતા નથી, એટલે તે ફળ તેને એકલાને જ ભોગવવું પડે છે.

वित्तेण ताणं न लभे पमत्ते,
इमम्मि लोए अदुवा परत्था ।
दीवप्पणट्ठे व अणंतमोहे,
नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ ६ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૫]

પ્રમાદી પુરુષ આ લોકમાં અથવા પરલોકમાં ધન વડે પોતાનું રક્ષણ કરી શકતો નથી. અનંત મોહવાળા એ પ્રાણીનો વિવેકરૂપી દીપક બુઝાઈ જાય છે, તેથી ન્યાય-માર્ગને જોયા છતાં જોયો-ન-જોયો કરીને વર્તે છે. અર્થાત

તે ન્યાયમાર્ગમાં પ્રવર્તતો નથી.

सुत्तेसु यावी पडिबुद्धजीवी,
न वीससे पंडिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं,
भारंडपक्खी व चरेऽप्पमत्तो ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૬]

મોહનિદ્રામાં સૂતેલા લોકોની વચ્ચે રહેવા છતાં જાગૃતિવાળો બુદ્ધિમાન પંડિત પ્રમાદનો વિશ્વાસ કરે નહિ, અર્થાત્ તે પ્રમાદી બને નહિ. કાલ ભયંકર છે અને શરીર નિર્બળ છે, એમ જાણીને તે ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત બનીને વિચરે.

छन्दं निरोहेण उवेइ मोक्खं,
आसे जहा सिक्खियवम्मधारी ।
पुव्वाइं वासाइं चरेऽप्पमत्तो,
तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૮]

જેમ પલોટાયેલો કવચધારી ઘોડો પોતાનો સ્વચ્છંદ રોકયા પછી જ વિજયી થાય છે, તેમ મનુષ્ય પણ પોતાનો સ્વચ્છંદ રોકયા પછી જ મોક્ષ પામી શકે છે. અપ્રમત્ત સાધકે ઘણા લાંબા સમય સુધી સંયમને આચરવો ઘટે. આમ કરવાથી તે જલદી મોક્ષને પામે છે.

खिप्पं न सक्केइ विवेगमेउं,
तम्हा समुट्ठाय पहाय कामे ।

समिच्च लोयं समया महेसी,
आयाणुरक्खी व चरेऽप्पमत्तो ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૧૦]

વિવેક શીઘ્ર મેળવી શકાતો નથી, તેથી આત્માનુરક્ષી સાધક કામભોગનો ત્યાગ કરી, સમભાવપૂર્વક લોકનું સ્વરૂપ જાણી અપ્રમત્ત થઈને વિચરે.

दुमपत्तए पंडुरए, जहा निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥१०॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧]

જેમ રાત્રિઓ વીતતાં વૃક્ષના પીળાં થઈ ગયેલાં પાંદડાં ખરી પડે છે, તેમ મનુષ્યના જીવનનો પણ ગમે ત્યારે અંત આવી જાય છે, એમ સમજી હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

कुसग्गे जह ओसबिन्दुए,
थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं,
समयं गोयम ! मा पमायए ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૨]

જેમ ડાભની અણી પર રહેલું ઝાકળનું બિંદુ પડવાની તૈયારીમાં રહે છે અને થોડી વાર જ ટકે છે, તેમ મનુષ્યનું જીવન પણ પડવાની તૈયારીમાં જ રહે છે અને થોડી વાર જ ટકે છે એમ સમજી હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

इइ इत्तरियम्मि आउए,
जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुरे कडं,
समयं गोयम ! मा पमायए ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૩]

આયુષ્ય થોડું છે અને જીવિતવ્ય અનેક વિઘ્નોથી ભરેલું છે, તેથી પૂર્વકૃત કર્મોની રજ ખંખેરવામાં હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

दुल्लहे खलु माणुसे भवे,
चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो,
समयं गोयम ! मा पमायए ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૪]

સર્વ પ્રાણીઓને મનુષ્યજન્મ ઘણા કાળે પણ મળવો દુર્લભ છે, કેમકે દુષ્કર્મનો વિપાક અત્યંત ગાઢ હોય છે, તેથી હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

વિ૦ કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રાણીઓ પ્રથમ કરેલાં કર્મો ભોગવી રહે અને પુણ્યનો કંઈક સંચય કરે ત્યારે જ મનુષ્યભવ પ્રાપ્ત થાય છે.

एवं भवसंसारे संसरइ,
सुहासुहेहिं कम्मेहिं ।
जीवो पमायबहुलो,
समयं गोयम ! मा पमायए ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧૫]

આ પ્રમાણે પ્રમાદની અધિકતાવાળો જીવ પોતાનાં શુભાશુભ કર્મોથી સંસારમાં પરિભ્રમણ કરે છે, તેથી હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

લદ્ધૂણ વિ માણુસત્તણં,
આયરિયત્તં પુણરાવિ દુલ્લહં ।
બહવે દસુયા મિલક્ખુયા,
સમયં ગોયમ! મા પમાયએ ॥ ૧૫ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧૬]

મનુષ્યજન્મ મળવા છતાં આર્યત્વ મળવું કઠિન છે, કારણ કે મનુષ્યોમાં પણ ઘણા દસ્યુ અને મ્લેચ્છો હોય છે, અર્થાત્ અનાર્ય હોય છે; માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

લદ્ધૂણ વિ આયરિયત્તણં,
અહીણપંચિન્દિયયા હુ દુલ્લહા ।
વિગલિન્દિયયા હુ દીસઈ,
સમયં ગોયમ! મા પમાયએ ॥ ૧૬ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧૭]

આર્યત્વ પામવા છતાં પાંચે ઇન્દ્રિયોનું પૂર્ણ હોવું દુર્લભ છે, કારણ કે ઘણા મનુષ્યો ઇન્દ્રિયોની ખોડ–ખાંપણવાળા દેખાય છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

અહીણપંચેન્દિયત્તં પિ સે લહે,
ઉત્તમધમ્મસુઈ હુ દુલ્લહા ।

કુતિત્થિનિસેવએ જણે,
સમયં ગોયમ ! મા પમાયએ ॥ ૧૭ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧૮]

પાંચ ઇન્દ્રિયો પૂર્ણ રૂપમાં મળવા છતાં ઉત્તમ ધર્મનું શ્રવણ ખરેખર દુર્લભ છે; કારણ કે ઘણા મનુષ્યો કુતીર્થીઓની સેવા કરનારા હોય છે; માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

લદ્ધૂણ વિ ઉત્તમં સુઇં,
સદ્દહણા પુણરાવિ દુલ્લહા ।
મિચ્છત્તનિસેવએ જણે,
સમયં ગોયમ ! મા પમાયએ ॥ ૧૮ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૧૯]

ઉત્તમ ધર્મનું શ્રવણ મળવા છતાં એના પર શ્રદ્ધા થવી અત્યંત કઠિન છે, કારણ કે ઘણા મનુષ્યો ઉત્તમ ધર્મને સાંભળવા છતાં મિથ્યાત્વનું સેવન કરતા જણાય છે; માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

ધમ્મં પિ હુ સદ્દહન્તયા,
દુલ્લહયા કાણ ફાસયા ।
ઇહ કામગુણેસુ મુચ્છિયા,
સમયં ગોયમ ! મા પમાયએ ॥ ૧૯ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૨૦]

ધર્મ પર શ્રદ્ધા જામવા છતાં તેનું કાયાથી આચરણ

કરવું અતિ દુર્લભ છે, કેમકે ધર્મ શ્રદ્ધાવાન લોકો પણ કામભોગોમાં મૂર્ચ્છિત થયેલા જણાય છે; માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

परिजूरइ ते सरीरयं,
केसा पंडुरया हवन्ति ते ।
से सोयबले य हायई,
समयं गोयम ! मा पमायए ॥ २० ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૨૬]

તારું શરીર જીર્ણ થતું જાય છે, તારા કેશ ધોળા થઈ રહ્યા છે, અને તારું સર્વ બળ પણ ઘટી રહ્યું છે; માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

अरई गण्डं विसूइया,
आयंका विविहा फुसन्ति ते ।
विवडइ विद्धंसइ ते सरीरयं,
समयं गोयम ! मा पमायए ॥ २१ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૨૭]

અરુચિ, ગુમડાં, અજીર્ણ, ઝાડા વગેરે વિવિધ રોગો તને સ્પર્શવા માંડ્યા છે અને તારું શરીર નબળું પડી રહ્યું છે તથા વિનાશની અણીપર આવી પહોંચ્યું છે; માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

वोच्छिन्द सिणेहमप्पणो,
कुमुयं सारइयं व पाणियं ।

से सव्वसिणेहवज्जिए,
समयं गोयम ! मा पमायए ॥ २२ ॥
[उत्त० अ० १०, गा० २८]

જેમ શરદ ઋતુનું કમળ પાણીથી અલિપ્ત રહે છે, તેમ તું પોતાના સ્નેહભાવને છેદી નાખ અને સર્વ સ્નેહને વર્જવામાં હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ કરીશ નહિ.

चिच्चाण धणं च भारियं,
पव्वइओ हि सि अणगारियं ।
मा वन्तं पुणो वि आइए,
समयं गोयम ! मा पमायए ॥ २३ ॥
[उत्त० अ० १०, गा० २९]

તું ધન અને ભાર્યાને છોડીને અણગારધર્મમાં પ્રવ્રજિત થયેલો છે, તેથી વમન કરેલા વિષયોને ફરીને પીવાનું મન ન રાખ. હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

अवउज्झिय मित्तबन्धवं,
विउलं चेव धणोहसंचयं ।
मा तं विइयं गवेसए,
समयं गोयम ! मा पमायए ॥ २४ ॥
[उत्त० अ० १०, गा० ३०]

મિત્રો, સગાંવહાલાં, તેમજ ઘણું ધન છોડીને તું અહીં આવેલ છે, તેથી પુનઃ તેની ઇચ્છા ન કર; હે ગૌતમ ! તું ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

अवसोहिय कंटगापहं,
ओइण्णो सि पहं महालयं ।
गच्छसि मग्गं विसोहिया,
समयं गोयम ! मा पमायए ॥ २५ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૩૨]

કુતીર્થરૂપ કંટકમય માર્ગને છોડીને તું મોક્ષના વિશાળ માર્ગમાં આવ્યો છે, તો વિશુદ્ધ માર્ગે જવામાં હે ગૌતમ! તું ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

अबले जह भारवाहए,
मा मग्गे विसमे वगाहिया ।
पच्छा पच्छाणुतावए,
समयं गोयम ! मा पमायए ॥ २६ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૩૩]


જેમ નિર્બળ ભારવાહક વિષમ માર્ગમાં ન ચાલે, કદાચ ચાલે તો પાછળથી પસ્તાય, તેમ સંયમનો ભાર ઉપાડનાર વિષમ માર્ગે ન ચાલે. કદાચ ચાલે તો પાછળથી પસ્તાય; માટે હે ગૌતમ! તું ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ.

तिण्णो हु सि अण्णवं महं,
किं पुण चिट्ठसि तीरमागओ ।
अभितुर पारं गमित्तए,
समयं गोयम ! मा पमायए ॥ २७ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૩૪]

તું નક્કી સંસારસમુદ્રને તરી ગયેા છે, તેા કિનારે પહેાંચીને કેમ બેઠેા છે? તું સામે પાર પહેાચવા માટે ત્વરા કર. તેમાં હે ગૌતમ! તું ક્ષણનેા પણ પ્રમાદ કરીશ નહિ.

अणाइकालप्पभवस्स एसो,
सव्वस्स दुक्खस्स पमोक्खमग्गो ।
वियाहिओ जं समुविच्च सत्ता,
कमेण अच्चन्तसुही भवन्ति ॥ २८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૧૧]

અનાદિ કાળથી ઉત્પન્ન થયેલાં તમામ દુઃખેાથી છૂટવાનેા આ માર્ગ કહેલેા છે, જેને બરાબર આચરીને મનુષ્યેા અનુક્રમે સુખી થાય છે.



रूवस्स चक्खुं गहणं वयंति,
चक्खुस्स रूवं गहणं वयंति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ॥ १ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૩]

રૂપને ગ્રહણ કરનારી ચક્ષુરિન્દ્રિય કહેવાય છે. ચક્ષુરિન્દ્રિયનો ગ્રાહ્ય વિષય રૂપ છે. મનોજ્ઞ (પ્રિય) રૂપ રાગનું કારણ બને છે અને અમનોજ્ઞ (અપ્રિય) રૂપ દ્વેષનું કારણ બને છે.

रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे से जह वा पयंगे,
आलोयलोले समुवेइ मच्चुं ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૪]

જેમ સ્નિગ્ધ દીપશિખાના દર્શનમાં મૂઢ થયેલું રાગાતુર પતંગિયું અકાળે મરણ પામે છે, તેમ રૂપમાં અત્યંત આસક્તિ રાખનાર અકાળે વિનાશને પામે છે.

जे यावि दोसं समुवेइ निच्चं,
तंसि क्खणे से उ उवेइ दुक्खं ।

दुद्दंतदोसेण सएण जंतू,
न किंचि रूवं अवरज्झई से ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૫]

જે જીવ અરુચિકર રૂપ દેખીને સદૈવ દ્વેષ કરે છે, તે તે જ ક્ષણે દુઃખનો અનુભવ કરે છે. તે પોતાના દુર્દંત દોષથી જ દુઃખી થાય છે. રૂપ તેને કંઈ પણ દુઃખ આપતું નથી.

एगंतरत्ते रुइरंसि रूवे,
अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपिलमुवेइ बाले,
न लिप्पइ तेण मुणी विरागो ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૬]

જે જીવ મનોહર રૂપમાં એકાંત રાગ કરે છે અને અરુચિકર રૂપમાં એકાંત દ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખ-સમૂહને પ્રાપ્ત કરે છે. વિરક્ત મુનિ તેમાં લેપાતો નથી (એટલે કે તે દુઃખસમૂહને પ્રાપ્ત કરતો નથી).

रूवाणुगासाणुगए य जीवे,
चराचरे हिंसइ णेगरूवे ।
चित्तेहिं ते परियावेइ बाले,
पीलेइ अत्तट्ठ गुरू किलिट्ठे ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૭]

રૂપની આશાને વશ પડેલો અજ્ઞાની જીવ પોતાના સ્વાર્થને માટે રાગાંધ થઈને ચરાચર (ત્રસ અને સ્થાવર)

જીવોની અનેક રૂપે હિંસા કરે છે, તેમને અનેક પ્રકારે સંતાપે છે અને અનેક પ્રકારે પીડા ઉપજાવે છે.

રૂવાણુવાએ ણ પરિગ્ગહેણ,
ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે ।
વએ વિઓગે ય કહં સુહં સે,
સંભોગકાલે ય અતિત્તલાભે ॥ ૬ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૮]

રૂપમાં મૂર્ચ્છિત થયેલો જીવ મનોહર રૂપવાળા પદાર્થોની પ્રાપ્તિમાં, તેમ જ તેના રક્ષણ અને વ્યયમાં તથા વિયોગની ચિંતામાં લાગ્યો રહે છે તે સંભોગકાલમાં પણ અતૃપ્ત જ રહે છે. પછી તેને સુખ કયાંથી મળે ?

રૂવે અતિત્તે ય પરિગ્ગહમ્મિ,
સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।
અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ,
લોભાવિલે આયયઇ અદત્તં ॥ ૭ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨૯]

પ્રિય રૂપને ગ્રહણ કરવામાં આસક્ત થયેલો જીવ સંતુષ્ટ થતો નથી. અસંતુષ્ટ રહેલો તે દુઃખી થાય છે અને બીજાની વસ્તુઓ તરફ લલચાઇને માલીકે આપ્યા વિના પણ ગ્રહણ કરે છે, અર્થાત્ તેની ચોરી કરવાના પાપ સુધી પહોંચી જાય છે.

તણ્હાભિભૂઅસ્સ અદત્તહારિણો,
રૂવે અતિત્તસ્સ પરિગ્ગહે ય ।

मायामुसं वड्ढइ लोभदोसा,
तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૦]

તૃષ્ણાને વશ થયેલો, ચોરી કરનારો અને રૂપના પરિગ્રહમાં અતૃપ્ત જીવ લોભ તથા માયા અને મૃષાવાદની વૃદ્ધિ કરે છે, પણ એ રીતે તે (અસંતોષથી ઉત્પન્ન થયેલા) દુઃખમાંથી મુક્ત થઈ શકતો નથી.

मोसस्स पच्छा य पुरत्थओ य,
पओगकाले य दुही दुरंते ।
एवं अदत्ताणि समाययंतो,
रूवे अतित्तो दुहिओ अणिस्सो ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૧]

તે દુરંત આત્મા જૂઠું બોલ્યા પછી, જૂઠું બોલતાં પહેલાં અને જૂઠું બોલતી વખતે પણ દુઃખી થાય છે. વળી અદત્ત ગ્રહણ કરવા છતાં તે રૂપમાં સંતોષ ન પામવાને લીધે સદૈવ દુઃખી રહે છે. તેને કોઈ સહાયક થતું નથી.

रूवाणुरत्तस्स नरस्स एवं,
कत्तो सुहं होज्ज कयाइ किंचि ? ।
तत्थोवभोगे वि किलेस-दुक्खं,
निव्वत्तई जस्स कए ण दुक्खं ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૨]

આ પ્રમાણે રૂપમાં આસક્તિ ધરાવનાર મનુષ્યને કદી

પણ થોડું ય સુખ ક્યાંથી મળે? વળી તેને મેળવવામાં દુઃખ છે અને તેનો ઉપભોગ કરવામાં ઘણું દુઃખ છે.

એમેવ રૂવમ્મિ ગઓ પઓસં,
ઉવેઇ દુક્ખોહપરંપરાઓ ।
પદુદ્ઠચિત્તો ય ચિણાઈ કમ્મં,
જં સે પુણો હોઇ દુહં વિવાગે ॥ ૧૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૩]

આ રીતે અમનોજ્ઞ રૂપમાં દ્વેષ કરનાર જીવ પણ દુઃખની પરંપરા પામે છે અને દુષ્ટ ચિત્તથી કર્મનું ઉપાર્જન કરે છે. તે કર્મ ભોગવતી વખતે દુઃખદાયક થાય છે.

રૂપે વિરત્તો મણુઓ વિસોગો,
એણ દુક્ખોહપરંપરેણ ।
ન લિપ્પએ ભવમજ્ઝે વિ સન્તો,
જલેણ વા પુક્ખરિણીપલાસં ॥ ૧૨ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૪]

રૂપથી વિરક્ત થયેલો મનુષ્ય શોકરહિત થઈ જાય છે. જેમ જલમાં રહેવા છતાં કમલપત્ર જળથી લેપાતું નથી, તેમ સંસારમાં રહેવા છતાં તે વિરક્ત પુરુષ દુઃખ-સમૂહથી લેપાતો નથી.

સદ્દસ્સ સોયં ગહણં વયંતિ ।
સોયસ્સ સદ્દં ગહણં વયંતિ ।
રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,

દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥ ૧૩ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૬]

શબ્દને ગ્રહણ કરનારી શ્રોતેન્દ્રિય કહેવાય છે. શ્રોતેન્દ્રિયનો ગ્રાહ્ય વિષય શબ્દ છે. મનોજ્ઞ (પ્રિય) શબ્દ રાગનું કારણ બને છે, અમનોજ્ઞ (અપ્રિય) શબ્દ દ્વેષનું કારણ બને છે.

સદ્દેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં,
અકાલિઅં પાવઇ સે વિણાસં ।
રાગાઉરે હરિણમિએ વ્વ મુદ્ધે,
સદ્દે અતિત્તે સમુવેઇ મચ્ચું ॥ ૧૪ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૩૭]

જેમ સુંદર શબ્દનું શ્રવણ કરવામાં ગૃદ્ધ થયેલું રાગાતુર હરણ અકાળે મરણ પામે છે, તેમ શબ્દમાં અત્યંત આસક્તિ ધરાવનાર અકાળે વિનાશને પામે છે.

વિ૦ ત્યાર પછી ચક્ષુરિન્દ્રિય માટે જે કંઈ કહ્યું છે, તે શ્રોતેન્દ્રિયાદિ બધી ઇન્દ્રિયોને એક સરખું લાગુ પડે છે.

ગંધસ્સ ઘાણં ગહણં વયંતિ ।
ઘાણસ્સ ગંધં ગહણં વયંતિ ।
રાગસ્સ હેઉં સમણુન્નમાહુ,
દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥ ૧૫ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૪૯]

ગંધને ગ્રહણ કરનારી ઘ્રાણેન્દ્રિય કહેવાય છે. ઘ્રાણેન્દ્રિયનો ગ્રાહ્ય વિષય ગંધ છે. મનોજ્ઞ ગંધ રાગનું કારણ

બને છે, અમનોજ્ઞ ગંધ દ્વેષનું કારણ બને છે.

गंधेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालिअं पावइ से विणासं ।
रागाउरे ओसहिगंधगिद्धे,
सप्पे बिलाओ विव निक्खमंते ॥ १६ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૫૦]

જેમ ઔષધિની સુગંધ લેવામાં ગૃદ્ધ થયેલો રાગાતુર સર્પ દરમાંથી બહાર નીકળતાં જ માર્યો જાય છે, તેમ ગંધમાં અત્યંત આસક્તિ ધરાવનાર અકાળે વિનાશ પામે છે.

रसस्स जिब्भं गहणं वयंति,
जिब्भाए रसं गहणं वयंति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ॥ १७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૬૨]

રસને ગ્રહણ કરનારી જિહ્વેન્દ્રિય (કે રસનેન્દ્રિય) કહેવાય છે. જિહ્વેન્દ્રિયનો વિષય રસ છે. મનોજ્ઞ (પ્રિય) રસ રાગનું કારણ બને છે, અમનોજ્ઞ (અપ્રિય) રસ દ્વેષનું કારણ બને છે.

रसेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालिअं पावइ से विणासं ।
रागाउरे बडिसविभिन्नकाए,
मच्छे जहा आमिसभोगगिद्धे ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૬૩]

જેમ માંસ ખાવાને લાલચુ બનેલો મત્સ્ય ગલના કાંટામાં ફસાઈને અકાળે મરણ પામે છે, તેમ રસમાં અત્યંત આસક્તિ ધરાવનાર અકાળે વિનાશ પામે છે.

फासस्स कायं गहणं वयंति,
कायस्स फासं गहणं वयंति ।
रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૭૫]

સ્પર્શને ગ્રહણ કરનારી ઇન્દ્રિય કાયા (કે સ્પર્શનેન્દ્રિય) કહેવાય છે. કાયાનો ગ્રાહ્ય વિષય સ્પર્શ છે. મનોજ્ઞ (પ્રિય) સ્પર્શ રાગનું કારણ બને છે અને અમનોજ્ઞ (અપ્રિય) સ્પર્શ દ્વેષનું કારણ બને છે.

फासस्स जो गिद्धिमुवेइ तिव्वं,
अकालिअं पावइ से विणासं ।
रागाउरे सीयजलावसन्ने,
गाहग्गहीए महिसे व रण्णे ॥ २० ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૭૬]

જેમ શીતળ સ્પર્શનો લાલચુ બનેલો પાડો રાગાતુર થઈને જંગલના તળાવમાં પડે છે અને મગર વડે અકાળે માર્યો જાય છે, તેમ સ્પર્શમાં અત્યંત આસક્તિ રાખનાર અકાળે વિનાશ પામે છે.

भावस्स मणं गहणं वयंति,
मणस्स भावं गहणं वयंति ।

रागस्स हेउं समणुन्नमाहु,
दोसस्स हेउं अमणुन्नमाहु ॥ २१ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૮૮]

મન ભાવને ગ્રહણ કરે છે અને ભાવ મનને ગ્રાહ્ય છે. મનોજ્ઞ ભાવ રાગનું કારણ છે અને અમનોજ્ઞ ભાવ દ્વેષનું કારણ છે.

ભાવ (વિચારો) ને ગ્રહણ કરનાર મન કહેવાય છે. મનનો ગ્રાહ્ય વિષય ભાવ છે. મનોજ્ઞ (પ્રિય) ભાવ રાગનું કારણ બને છે અને અમનોજ્ઞ (અપ્રિય) ભાવ દ્વેષનું કારણ બને છે.

भावेसु जो गिद्धि मुवेइ तिव्वं,
अकालियं पावइ से विणासं ।
रागाउरे कामगुणेसु गिद्धे,
करेणुमग्गावहिए गजे वा ॥ २२ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૮૯]

જેમ રાગાતુર અને કામમાં ગૃદ્ધ હાથી, હાથિણીને જોઈ માર્ગભ્રષ્ટ થાય છે અને નાશ પામે છે, તેમ જે મનુષ્ય ભાવમાં તીવ્ર આસક્તિ રાખે છે, તે (ઉન્માર્ગે દોરાઈ) અકાલે વિનાશ પામે છે.

एविन्दियत्था य मणस्स अत्था,
दुक्खस्स हेऊ मणुयस्स रागिणो ।
ते चेव थोवं पि कयाइ दुक्खं,
न वीयरागस्स करेन्ति किंचि ॥ २३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૦૦]

ઇન્દ્રિય અને મનના વિષયો રાગી પુરુષને માટે જ દુઃખનું કારણ થાય છે. આ વિષયો વીતરાગને કયારે ય થોડું પણ દુઃખ આપી શકતા નથી.

न कामभोगा समयं उवेन्ति,
न यावि भोगा विगइं उवेन्ति ।
जे तप्पओसी य परिग्गही य,
सो तेसु मोहा विगइं उवेइ ॥ २४ ॥

[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૦૧]

કામભોગની સામગ્રી પોતે સમતા કે વિકાર પ્રત્યે જતી નથી, પરંતુ તેમને ગ્રહણ કરતી વખતે મનની જે સ્થિતિ હોય છે, તે પ્રમાણે સમતા કે વિકાર પ્રાપ્ત થાય છે. જે તેને અનાસક્ત ભાવે ભોગવે તેને સમતા પ્રાપ્ત થાય છે અને આસક્તિપૂર્વક ગ્રહણ કરે તથા ન મળે તો તેના તરફ દ્વેષ કરે એનો મોહ વૃદ્ધિ પામતાં વિકાર પ્રાપ્ત થાય છે.

मुहुं मुहुं मोहगुणे जयन्तं,
अणेगरूवा समणं चरन्तं ।
फासा फुसन्ती असमंजसं च,
न तेसि भिक्खू मणसा पउस्से ॥ २५ ॥

[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૧૧]

મોહ સ્વભાવનો જય કરવાને મથી રહેલ તથા શ્રમણત્વમાં વર્તતા ભિક્ષુને પ્રતિકૂલ સ્પર્શો અનેક

રૂપે વારંવાર સ્પર્શે છે, પણ તેણે એનો મનથી દ્વેષ કરવો નહિ.

મન્દા ય ફાસા બહુલોહણિજ્જા,
તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।
રક્ખિજ્જ કોહં વિણએજ્જ માણં,
માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં ॥ ૨૬ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૧૨]

કેટલીક વાર મંદ જણાતાં અનુકૂળ સ્પર્શો બહુ લોભાવનારા હોય છે, પરંતુ તે પ્રકારના સ્પર્શોનું મન કરવું નહિ. સાધકે ક્રોધથી પોતાના આત્માને રક્ષવો, માનને છોડવું, માયાને સેવવી નહિ તથા લોભને તજી દેવો.

જે સંખયા તુચ્છ પરપ્પવાઈ,
તે પિજ્જદોસાણુગયા પરજ્ઝા ।
એએ અહમ્મેત્તિ દુગુંછમાણો,
કંખે ગુણે જાવ સરીરભેએ ॥ ૨૭ ॥
[ઉત્ત૦ અ૦ ૪, ગા૦ ૧૩]

જે ઉપરથી સંસ્કારી દેખાવા છતાં વાસ્તવમાં તુચ્છ છે, પરનિંદા કરનારા છે, રાગદ્વેષથી યુક્ત છે અને પરપદાર્થોનું ચિંતન કરનારા છે, તેઓ અધર્મના રસ્તે છે, એમ સમજી સાધકે શરીરનો નાશ થતાં સુધી ચારિત્રના ગુણો મેળવવાની ઇચ્છા રાખવી.

વિરજ્જમાણસ્સ ય ઇંદિયત્થા,
સદ્દાઇયા તાવઇયપ્પગારા ।

न तस्स सव्वे वि मणुन्नयं वा,
निव्वतयंती अमणुन्नयं वा ॥ २८ ॥
[उत्त० अ० ३२, गा० १०६]

ઇન્દ્રિયોના શબ્દાદિ નાના પ્રકારના વિષયોથી જે વિરક્ત થયેલ છે, તેને એ સર્વ વિષયો મનોજ્ઞતા કે અમનોજ્ઞતાનો ભાવ પેદા કરી શકતા નથી.

सवीयरागो कयसव्वकिच्चो,
खवेइ नाणावरणं खणेणं ।
तहेव जं दंसणमावरेइ,
जं चंतरायं पकरेइ कम्मं ॥ २९ ॥
[उत्त० अ० ३२, गा० १०८]

જે વીતરાગ છે, તે સર્વ રીતે કૃતકૃત્ય છે. તે ક્ષણ માત્રમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે. તે જ રીતે દર્શનને આવરનારાં અને અંતરાય કરનારા કર્મને પણ ક્ષય કરે છે.


सव्वं तओ जाणइ पासए य,
अमोहणे होइ निरंतराए ।
अणासवे झाणसमाहिजुत्ते,
आउक्खए मोक्खमुवेइ सुद्धे ॥ ३० ॥
[उत्त० अ० ३२, गा० १०९]

તે મોહ, અંતરાય અને આસ્રવોથી રહિત વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી બની જાય છે. તે શુકલધ્યાન તથા

સુસમાધિવંત હોય છે અને આયુષ્યનો ક્ષય થતાં પરમ શુદ્ધ થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે.

સો તસ્સ સવ્વસ્સ દુહસ્સ મુક્કો,
જં બાહઈ સયયં જંતુમેયં ।
દીહામયં વિપ્પમુક્કો પસત્થો,
તો હોઇ અચ્ચંતસુહી કયત્થો ॥૩૧॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૧૧૦]

પછી તે મુક્તાત્મા સમસ્ત દુઃખોથી મુક્ત થઈ જાય છે કે–જે સંસારી જીવને સદા પીડે છે. દીર્ઘ રોગથી મુક્ત થયેલો તે કૃતાર્થ આત્મા અત્યંત પ્રશસ્ત અને સુખી થાય છે.



कोहं च माणं च तहेव मायं,
लोभं चउत्थं अज्झत्थदोसा ।
एयाणि वन्ता अरहा महेसी,
न कुव्वई पाव न कारवेई ॥ १ ॥
[सू० श्रु० १, अ० ६, गा० २६]

ક્રોધ, માન, તેમ જ માયા અને ચોથો લોભ એ અધ્યાત્મદોષો છે. તેનો ત્યાગ કરીને જ ભગવાન મહાવીર અર્હત્ તથા મહર્ષિ થયા. એમ જાણીને તેમને અનુસરનારા સાધુઓ સ્વયં કષાયસેવનનું પાપ કરતા નથી અને બીજા પાસે કરાવતા પણ નથી.

વિ૦ પ્રજ્ઞાપનાસૂત્રના તેરમા પદે કષાયની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છેઃ

सुह-दुक्ख-बहु-सहियं, कम्मखेत्तं कसंति जे जम्हा ।
कलुसंति जं च जीवे, तेण कसाइत्ति वुच्चंति ॥

ઘણા પ્રકારનાં સુખ અને દુઃખના ફલને યોગ્ય એવા કર્મક્ષેત્રનું જે કર્ષણ કરે છે, (ખેડે છે) અથવા જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે છે, તે કષાય કહેવાય છે.

कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसे उ, इच्छन्तो हियमप्पणो ॥ २ ॥
[दश० अ० ८, गा० ३७

આત્મહિતને ઇચ્છનારો સાધક પાપની વૃદ્ધિ કરનાર ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર (આધ્યાત્મિક) દોષોનો ત્યાગ કરે.

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोभो सव्वविणासणो ॥ ३ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૮]

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા (કપટ) મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે.

कोहो य माणो य अणिग्गहीया,
माया य लोभो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥ ४ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૪૦]

ક્રોધ અને માનને વશમાં ન રાખવાથી તથા માયા અને લોભને વધારવાથી આ ચારે કુટિલ કષાયો પુનર્જન્મ રૂપી વૃક્ષનાં મૂળોને પાણી પાય છે, અર્થાત્ તેની વૃદ્ધિ કરે છે.

अहे वयइ कोहेणं, माणेणं अहमा गई ।
माया गईपडिग्घाओ, लोहाओ दुहओ भयं ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૫૪]

ક્રોધથી જીવ નરકમાં જાય છે; માનથી જીવ નીચ ગતિને પ્રાપ્ત કરે છે; માયાથી જીવની શુભ ગતિનો નાશ

થાય છે; અને લોભથી જીવને આ લોક તેમ જ પરલોકમાં ભય ઊભો થાય છે.

જે કોહેણ હોઇ જગદ્ભાસી,
વિઓસિયં જે ઉ ઉદીરએજ્જા ।
અંધે વ સે દંડપહં ગહાય,
અવિઓસિએ ધાસતિ પાવકમ્મી ॥ ૬ ॥

[સૂ. શ્રુ. ૧, અ૦ ૧૩, ગા૦ ૫]

જે ક્રોધમાં આવીને જેવું હોય તેવું તડ ને ફડ કરી દે છે તથા ઠંડા પડી ગયેલા કલહ-કંકાસને ઉત્તેજિત કરે છે, તે અનુપશાંત દ્વંદ્વવાળો પાપકર્મી, ટુંકો માર્ગ ગ્રહણ કરીને ચાલતા આંધળાની જેમ પીડા પામે છે.

વિ૦ કોઈ અંધ પુરુષ જલ્દી જવાની ધૂનમાં ટુંકો પણ વિષમ માર્ગ ગ્રહણ કરે તો રસ્તામાં કાંટા તથા શિકારી પશુઓ વડે પીડા પામે છે, તેમ ક્રોધાદિ કરનાર પુરુષો પાપકારી ક્રિયાનાં ફળરૂપે વિવિધ પ્રકારની પીડા પામે છે.

જે પરિભવઈ પરં જણં,
સંસારે પરિવત્તઇ મહં ।
અદુ ઇંખિણિયા ઉ પાવિયા,
ઇતિ સંખાય મુણી ણ મજ્જઈ ॥ ૭ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૨, ગા૦ ૨]

જે અભિમાનના આવેશમાં આવી જઈ બીજાની

અવજ્ઞા કરે છે, તે દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. પરનિંદા તો સ્પષ્ટ રીતે પાપકારી છે. આ પ્રમાણે જાણીને મુનિ પોતાના કુળ, શ્રુત, તપ આદિનો મદ કરે નહિ.

વિ૦ ગૃહસ્થોને માટે પણ આજ હિતશિક્ષા છે.

ન તસ્સ જાઈ વ કુલં વ તાણં,
णण्णत्थ विज्जाचरणं सुचिण्णं ।
णिक्खम्म से सेवइऽगारिकम्मं,
ण से पारए होइ विमोयणाए ॥ ८ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૩, ગા૦ ૧૧]

મનુષ્યને જાતિ કે કુલ તારી શકતા નથી. માત્ર જ્ઞાન અને સદાચાર જ તારી શકે છે. જે દીક્ષા લીધા પછી જાતિ કે કુલનું અભિમાન કરે છે, તે સાવદ્ય કર્મ કરે છે. તે પોતાના સર્વ કર્મો ખપાવીને સંસારનો પારગામી થઈ શકતો નથી.

पूयणट्ठा जसोकामी, माणसम्माणकामए ।
बहुं पसवइ पावं, मायसल्लं च कुव्वई ॥ ९ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૩૫]

જે સાધક પૂજા, કીર્તિ કે માન-સન્માન પામવાની ઇચ્છા કરે છે, તે અતિ પાપ કરે છે અને માયારૂપી શલ્યને એકઠું કરે છે.

सुवण्ण-रुप्पस्स उ पव्वया भवे,
सिया हु केलाससमा असंखया ।

નરસ્સ લુદ્ધસ્સ ન તેહિ કિંચિ,
ઇચ્છા હુ આગાસસમા અણન્તિયા ॥ ૧૦ ॥
[ઉત્ત૦ અ૦ ૯, ગા૦ ૪૮]

સુવર્ણ અને રૂપાના કૈલાસ જેવડા અસંખ્ય પર્વતો હોય તો પણ લોભી પુરુષને એથી સંતોષ થતો નથી. ખરેખર ! ઇચ્છા આકાશના જેવી અનંત છે.

કસિણં પિ જો ઇમં લોયં,
પડિપુણ્ણં દલેજ્જ ઇક્કસ્સ ।
તેણાડવિ સે ન સંતુસ્સે,
ઇઇ દુપ્પૂરએ ઇમે આયા ॥ ૧૧ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૧૬]

જો સર્વ વસ્તુઓથી ભરેલો આ લોક કોઈ એક મનુષ્યને આપી દેવામાં આવે તો પણ તેનાથી તેને સંતોષ થતો નથી. ખરેખર ! આ આત્મા તૃપ્ત થવો કઠિન છે.

પુઢવી સાલી જવા ચેવ,
હિરણ્ણં પસુભિસ્સહ ।
પડિપુણ્ણં નાલમેગસ્સ,
ઇઇ વિજ્જા તવં ચરે ॥ ૧૨ ॥
[ઉત્ત. અ૦ ૯, ગા૦ ૪૯]

એક લોભી માણસને ચોખા, જવ વગેરે ધાન્યો તથા હિરણ્ય અને પશુથી ભરેલી આખી પૃથ્વી આપી દીધી હોય તો પણ તેને સંતોષ થતો નથી. એમ સમજીને સાધકે તૃષ્ણાત્યાગરૂપી તપને આચરવું જોઈએ.

जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।
दोमासकयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥ १३ ॥
[ઉત્ત. અ૦ ૮, ગા૦ ૧૭]

જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. લાભથી લોભની વૃદ્ધિ થાય છે. બે માસા સોનાથી થનારું કાર્ય કોડો સોનામહોરોથી પૂરું થયું નહિ.

વિ૦ કપિલ નામનો બ્રાહ્મણ રાજા પાસે માત્ર બે માસા સોનું માગવા ગયો હતો. રાજાએ કહ્યું કે 'તારે જોઈએ તે માગ.' ત્યારે 'શું માગું ?' એમ વિચાર કરતાં તે એક સોનામહોર, પાંચ સોનામહોર, પચાસ સોનામહોર, એ ક્રમે ક્રમે વધતો વધતો કોડો સોનામહોર માગવાના વિચાર સુધી પહોંચી ગયો. તાત્પર્ય કે લોભને થોભ નથી, તેને કોઈ મર્યાદા નથી.

कसायपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ?
कसायपच्चक्खाणेणं वीयरागभावं जणयइ ।
वीयरागभाव-पडिवन्नेवि य णं जीवे समसुहदुक्खे
भवइ ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૩૬]

પ્રશ્ન—હે ભગવન્ ! કષાયનો ત્યાગ કરવાથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! કષાયનો ત્યાગ કરવાથી જીવ વીતરાગ ભાવને ઉત્પન્ન કરે છે, વીતરાગભાવને પ્રાપ્ત થયેલો

તે જીવ સુખ-દુઃખમાં સમાન ભાવવાળો થાય છે.

કોહવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ?
કોહવિજએણં ખન્તિં જણયઇ ॥ ૧૫ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૬૭]

પ્રશ્ન—હે ભગવન્ ! ક્રોધને જિતવાથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! ક્રોધને જિતવાથી ક્ષમાગુણનું ઉપાર્જન કરે.

માણવિજએણં ભન્તે ! જીવે કિં જણયઇ ?
માણવિજએણં મદ્દવં જણયઇ ॥ ૧૬ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૬૮]

પ્રશ્ન—હે ભગવન્ ! માનને જિતવાથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! માનને જિતવાથી જીવ માર્દવ કે મૃદુતાનું ઉપાર્જન કરે.

માયાવિજએણં ભન્તે ! જીવે કિં જણયઇ ?
માયાવિજએણં અજ્જવં જણયઇ ॥ ૧૭ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૬૯]

પ્રશ્ન—હે ભગવન્ ! માયાને જિતવાથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! માયાને જિતવાથી જીવ આર્જવતા કે સરલતા ગુણનું ઉપાર્જન કરે.

लोभविजएणं भन्ते ! जीवे किं जणयइ ?
लोभविजएणं संतोसं जणयइ ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૭૦]


પ્રશ્ન—હે ભગવન્ ! લોભને જિતવાથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! લોભને જિતવાથી જીવ સંતોષ ગુણ ઉપાર્જન કરે.

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
मायं चाज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥ १९ ॥
[દશ૦ અ૦ ૮, ગા૦ ૩૯]

ક્રોધને ક્ષમાથી હણવો; માનને મૃદુતાથી જિતવું; માયાને સરલતાનો ગુણ કેળવીને વશ કરવી તથા લોભને સંતોષથી પરાજિત કરવો.

તાત્પર્ય કે વિવિધ ગુણો કેળવવા માટે—સચ્ચારિત્રનું નિર્માણ કરવા માટે કષાયનો ત્યાગ જરૂરી છે.



ધારા ત્રીશમી
બાલ અને પંડિત

एएसु बाले य पकुव्वमाणे, आवट्टई कम्मसु पावएसु ॥ १ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૦, ગા૦ ૫]

બાળ જીવ આ પૃથ્વીકાય આદિ જીવોની સાથે દુર્વ્યવહાર કરતો પાપકર્મથી ખરડાય છે.

रागदोसस्सिया बाला, पावं कुव्वंति ते बहुं ॥ २ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૮]

બાળજીવો રાગ અને દ્વેષને આધીન થઈ ઘણું પાપ કરે છે.

વિ૦ જે આત્માઓ સત્ અને અસત્‌ના વિવેકથી રહિત છે, અજ્ઞાની છે, તેમને માટે અહીં બાલ શબ્દનો પ્રયોગ છે.

जावन्तऽविज्जा पुरिसा, सव्वे ते दुक्खसंभवा ।
लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणन्तए ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૧]

જે અવિદ્યાપુરુષો છે, તે સર્વ દુઃખને ભોગવનારા છે. તે મૂઢો અનંત સંસારમાં ઘણી વાર પરિભ્રમણ કરે છે.

વિ૦ અવિદ્યા એટલે મિથ્યાત્વ કે જ્ઞાનરહિત અવસ્થા. તેનાથી યુક્ત જે પુરુષો તે અવિદ્યાપુરુષો. તાત્પર્ય કે જે પુરુષો મોહ-મિથ્યાત્વના કારણે સાચું

મેળવી શકયા નથી, તેમને અવિદ્યાપુરુષો સમજવાના છે. તેઓ પાપપ્રવૃત્તિમાં રચ્યા–પચ્યા રહેવાથી ભારે કર્મ-બંધન કરે છે અને પરિણામે ભયંકર દુઃખો ભોગવે છે. આવા ભારેકર્મી આત્માઓનો સંસાર વધી જવાથી તે વિવિધ યોનિઓમાં ઉત્પન્ન થઈ ને મર્યા જ કરે છે. તેમની આ જન્મ–મરણની શૃંખલાનો છેડો બહુ લાંબા કાળ સુધી આવતો નથી.

समिक्ख पंडिए तम्हा, पास जाइपहे बहू ।
अप्पणा सच्चमेसेज्जा, मेत्तिं भूएसु कप्पए ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૨]

તેથી પંડિત પુરુષે મોહજાલરૂપ સંસારનું સ્વરૂપ સારી રીતે સમજી લઈને પોતાની જાતે સત્યનું શોધન કરવું એટલે કે પોતાના કર્તવ્યનો નિર્ણય કરવો અને તેમાં સહુથી પ્રથમ કાર્ય એ કરવું કે સર્વ પ્રાણીઓ સાથે મૈત્રીભર્યો વર્તાવ રાખવો.

निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।
तारिसो मरणंऽतेवि नाऽऽराहेइ संवरं ॥ ५ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૩૯]

જેમ ચોર સદા ભયભીત રહે છે અને પોતાનાં કુકર્મો વડે જ દુઃખ પામે છે, તેમ અજ્ઞાની મનુષ્ય પણ નિત્ય ભયભીત રહે છે અને પોતાનાં કુકર્મો વડે જ દુઃખ પામે છે. તેની આ હાલતમાં છેવટ સુધી કંઈ ફેરફાર થતો નથી. મૃત્યુનો ઓળો નજીક દેખાય છતાં તે સંયમની આરાધના કરતો નથી.

वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नई ।
एते मम तेसुवि अहं, नो ताणं सरणं न विज्जई ॥ ६ ॥
[सू. श्रु. १, अ० २, उ० ३, गा० १६]

બાળ જીવ એમ માને છે કે ધન, પશુઓ તથા નાતીલાથી મારું રક્ષણ થશે, તે મારાં છે, હું તેનો છું, પરંતુ એ રીતે તેનું રક્ષણ થતું નથી કે તેને શરણ મળતું નથી.

भणंता अकरिंता य, बंधमोक्खपइण्णिणो ।
वायाविरियमित्तेणं, समासासेंति अप्पयं ॥ ७ ॥
न चित्ता तायए भासा, कुओ विज्जाणुसासणं ? ।
विसन्ना पापकम्मेहिं, बाला पंडियमाणिणो ॥ ८ ॥
[उत्त० अ० ६, गा० १०-११]

બંધ અને મોક્ષને માનનારા વાદીઓ સંયમની વાતો કરવા છતાં સંયમનું આચરણ કરતા નથી. કેવળ વચનોથી જ આત્માને આશ્વાસન આપે છે.

અનેક પ્રકારની ભાષાઓનું જ્ઞાન મનુષ્યને શરણભૂત થતું નથી. વિદ્યા-મંત્રની સાધના પણ ક્યાંથી શરણભૂત થાય ? તેઓ પોતાને ભલે દિગ્ગજ પંડિત માને, પણ તે પાપકર્મથી ખરડાયેલા હોવાને લીધે વાસ્તવમાં અજ્ઞાની છે.

मासे मासे तु जो बालो, कुसग्गेणं तु भुंजए ।
न सो सुअक्खायधम्मस्स, कलं अग्घइ सोलिसं ॥ ९ ॥
[उत्त० अ० ९, गा० ४४]

જે બાળજીવ મહિના મહિના સુધી ભોજનનો ત્યાગ

કરી માત્ર દાભની આણી પર રહે તેટલા અન્નથી પારણું કરે છે, તે તીર્થંકર-પ્રરૂપિત ધર્મની સોળમી કળાને પણ પ્રાપ્ત થતો નથી.

વિ૦ આ જગતમાં બાળ જીવો પણ અનેકવિધ તપશ્ચર્યાઓ કરે છે. તેમાં કેટલીક તો ઘણી જ આકરી હોય છે. મહિના-મહિનાના ઉપવાસ કરવા અને પારણે નામ માત્રનું અન્ન લેવું, એ કંઈ જેવી તેવી તપશ્ચર્યા નથી. આમ છતાં તે અજ્ઞાનમૂલક હોઈને આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું વિશેષ મૂલ્ય નથી. તીર્થંકર ભગવંતોએ જે ધર્મ બતાવ્યો છે, તે જ્ઞાનમૂલક છે અને તેમાં અહિંસા, સંયમ તથા તપને યોગ્ય સ્થાન અપાયેલું છે. આવા જ્ઞાન-મૂલક ધર્મની સાથે અજ્ઞાનમૂલક તપશ્ચર્યાની સરખામણી શી રીતે થઈ શકે? એટલે જ અહીં કહ્યું છે કે 'તે એની સોળમી કળાને પણ પ્રાપ્ત થતા નથી.'

जहा कुम्मे सअंगाइं, सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥ १० ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૧૬]

જેમ (સંકટ આવી પડતાં) કાચબો પોતાનાં અંગો પોતાના દેહમાં સંકોચી દે છે, તેમ વિવેકી મનુષ્યે પાપ-પરાયણ ઇન્દ્રિયોને આધ્યાત્મિક જીવન દ્વારા પોતાની અંદર સંકોચી દેવી ઘટે.

વિ૦ પંડિત, મેધાવી, સુજ્ઞ, બુદ્ધિમાન એ બધા એકાર્થી શબ્દો છે. આધ્યાત્મિક ભાવના એટલે ધર્મધ્યાનાદિ

પ્રવૃત્તિ. મન, વચન અને કાયા તેમાં જોડી દેવાથી ઇન્દ્રિયોનું જોર નરમ પડી જાય છે અને આખરે તે કાબૂમાં આવી જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિ વધારીને ઇન્દ્રિયોનો જય કરે, તે જ સાચો પંડિત છે, તે જ સાચો બુદ્ધિમાન છે.

डहरे य पाणे वुड्ढे य पाणे,
ते अत्तओ पासइ सव्वलोए ।
उव्वेहई लोगमिणं महन्तं,
बुद्धोऽपमत्तेसु परिव्वएज्जा ॥ ११ ॥
[સૂ૦ શ્રુ૦ ૧૨, અ૦ ૧૧, ગા૦ ૧૮]

જ્ઞાની પુરુષો આ વિરાટ વિશ્વનું બરાબર નિરીક્ષણ કરે છે અને તેમાં નાના તથા મોટા પ્રાણીઓને સર્વત્ર વ્યાપ્ત થયેલા જુએ છે. આ પ્રાણીઓને તેઓ આત્મતુલ્ય લેખે છે, એટલે કે પોતાના જેવી જ સુખ-દુઃખની વૃત્તિવાળા માને છે અને તેથી અપ્રમત્તોની સાથે વિચરે છે. તાત્પર્ય કે તેઓ આ નાના-મોટા જીવોની હિંસા ન થઈ જાય તે માટે પ્રવ્રજિત થઈને અપ્રમત્ત દશા ધારણ કરે છે.

न कम्मुणा कम्म खवेन्ति बाला,
अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेहाविणो लोभ-भया वईया,
संतोसिणो न पकरेन्ति पावं ॥ १२ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૨, ગા૦ ૧૫]

અજ્ઞાની જીવો પ્રવૃત્તિઓ તો ઘણી કરે છે, પણ તે

કર્મોત્પાદક હોવાથી પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરી શકતી નથી, જ્યારે ધીર પુરુષોની પ્રવૃત્તિ અકર્મોત્પાદક એટલે સંયમવાળી હોવાને લીધે તેઓ પોતાના પૂર્વબદ્ધ કર્મો ખપાવી શકે છે. જે પુરુષો ખરેખર બુદ્ધિમાન છે, તે લોભ અને ભય એ બંને વૃત્તિઓથી દૂર રહે છે. અને એ રીતે સંતોષ ગુણથી વિભૂષિત થતાં કોઈ જાતની પાપમય પ્રવૃત્તિ કરતા નથી.

તિઉટ્ટઈ ઉ મેહાવી, જાણં લોગંસિ પાવગં ।
તુટ્ટંતિ પાવકમ્માણિ, નવં કમ્મમકુવ્વઓ ॥ ૧૩ ॥
[સૂ. શ્રુ. ૧,અ૦ ૧૫, ગા૦ ૬]


પાપકર્મોને જાણનારો બુદ્ધિમાન પુરુષ સંસારમાં રહેવા છતાં પાપને ત્રોડે છે. જે પુરુષ નવાં કર્મો બાંધતો નથી, તેનાં સર્વ પાપકર્મો તૂટી જાય છે.

જહા જુન્નાઇં કટ્ઠાઇં હવ્વવાહો પમત્થતિ એવં
અત્તમાહિતે અણિહે ॥ ૧૪ ॥
[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૪, ઉ૦ ૩, ગા૦ ૬]

જેમ અગ્નિ પુરાણાં સૂકાં લાકડાંને શીઘ્ર સળગાવી દે છે, તેમ આત્મનિષ્ઠ અને સ્નેહરહિત (મોહરહિત) પુરુષનાં કર્મો શીઘ્ર બળી જાય છે.

તુલિયાણં બાલભાવં, અબાલં ચેવ પંડિએ ।
ચઇઊણ બાલભાવં, અબાલં સેવઈ મુણી ॥ ૧૫ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૩૦]

પંડિત મુનિ બાલભાવ અને અબાલભાવની તુલના કરે. તે બાલભાવને છોડી દે અને અબાલભાવનું સેવન કરે.



जो न सज्जइ आगन्तुं, पव्वयन्तो न सोयई ।
रमइ अज्जवयणम्मि, तं वयं बूम माहणं ॥ १ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૦]

જે મનુષ્યભવમાં આવીને સ્વજનાદિમાં આસક્ત થતો નથી અને તેમનાથી દૂર થવામાં શોચ કરતો નથી, તેમ જ આર્યવચનોમાં રમણ કરે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

जायरूवं जहामट्ठं, निद्धन्तमल-पावगं ।
राग-दोस-भयाईयं, तं वयं बूम माहणं ॥ २ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૧]

જે અગ્નિમાં નાખીને ધમેલા સોના જેવો શુદ્ધ છે, રાગ, દ્વેષ અને ભયથી રહિત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

तसपाणे वियाणित्ता, संगहेण य थावरे ।
जो न हिंसइ तिविहेणं, तं वयं बूम माहणं ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૨]

જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓને સંક્ષેપ (અને વિસ્તાર) થી જાણીને તેની મન-વચન-કાયાથી હિંસા કરતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।
मुसं न वयई जो उ, तं वयं बूम माहणं ॥ ४ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૩]

ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી જે જૂઠું બોલતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

चित्तमन्तमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।
न गिण्हाइ अदत्तं जे, तं वयं बूम माहणं ॥ ५ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૪]

જે સચિત્ત કે અચિત્ત, અલ્પ કે બહુ માલીકે આપ્યા વિના ગ્રહણ કરતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

दिव्व-माणुस-तेरिच्छं, जो न सेवइ मेहुणं ।
मणसा-काय-वक्केणं, तं वयं बूम माहणं ॥ ६ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૫]

જે મન-વચન-કાયાથી દેવ, મનુષ્ય અને તિર્યંચ (પશુ-પક્ષી) સાથે મૈથુન સેવતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

जहा पोम्मं जायं, नोवलिप्पइ वारिणा ।
एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૬]

જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ જે સંસારના વાસનામય વાતાવરણમાં રહેવા છતાં કામભોગોથી લેપાતો નથી, તેને અમે બ્રાહ્મણ

કહીએ છીએ.

અલોલુયં મુહાજીવિં, અણગારં અકિંચણં ।
અસંસત્તં ગિહત્થેસુ, તં વયં બૂમ માહણં ॥ ૮ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૭]

જે લોલુપતારહિત, ભિક્ષાજીવી, અણગાર (ગૃહ વિનાનો–ગૃહનો સ્વેચ્છાએ ત્યાગ કરનાર) અને અકિંચન હોય તથા ગૃહસ્થો સાથેના સંબંધમાં આસક્તિ રાખનારો ન હોય, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જહિત્તા પુવ્વસંજોગં, નાઇસંગે ય બન્ધવે ।
જો ન સજ્જઇ ભોગેસુ, તં વયં બૂમ માહણં ॥ ૯ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૮]

જે જ્ઞાતિજનો તથા બંધુવર્ગની સાથેનો પૂર્વ સંબંધ છોડ્યા પછી ભોગમાં આસક્ત ન થાય, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

પસુબંધા સવ્વ વેયા ય, જટ્ઠં ચ પાવકમ્મુણા ।
ન તં તાયંતિ દુસ્સીલં, કમ્માણિ બલવંતિ હિ ॥ ૧૦ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૨૯]

સર્વ વેદો પશુનાં બંધનની આજ્ઞા કરે છે અને યજ્ઞ પાપકર્મનો હેતુ છે. એટલે તે વેદો કે તે યજ્ઞ (અને યજ્ઞ કરનારા આચાર્ય વગેરે) દુરાચારીને તારી શકતા નથી; કારણ કે કર્મો પોતાનું ફળ આપવામાં ઘણાં બળવાન હોય છે.

ન વિ મુંડિએણ સમણો, ન ઓંકારેણ બંભણો ।
ન મુણી રણ્ણવાસેણં, કુસચીરેણ ન તાવસો ॥ ૧૧ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૦]

કેવળ માથું મુંડાવવાથી કોઈ શ્રમણ થતું નથી, કેવળ ૐકાર બોલવાથી કોઈ બ્રાહ્મણ થતું નથી, કેવળ અરણ્યમાં રહેવાથી કોઈ મુનિ થતું નથી અને કેવળ વલ્કલ ધારણ કરવાથી કોઈ તાપસ થતું નથી.

સમયાએ સમણો હોઇ, બંભચેરેણ બંભણો ।
નાણેણ ઉ મુણી હોઇ, તવેણ હોઇ તાવસો ॥ ૧૨ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૧]

સમતાનો ગુણ કેળવવાથી શ્રમણ થવાય છે, બ્રહ્મચર્યનું પાલન કરવાથી બ્રાહ્મણ થવાય છે, ચિંતન–મનન વડે જ્ઞાનપ્રાપ્તિ કરવાથી મુનિ થવાય છે અને તપ કરવાથી તાપસ થવાય છે.

કમ્મુણા બંભણો હોઇ, કમ્મુણા હોઇ ખત્તિઓ ।
વઇસો કમ્મુણા હોઇ, સુદ્દો હવઇ કમ્મુણા ॥ ૧૩ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૨]

મનુષ્ય બ્રાહ્મણના કર્મ વડે બ્રાહ્મણ બને છે, ક્ષત્રિયના કર્મ વડે ક્ષત્રિય બને છે, વૈશ્યના કર્મ વડે વૈશ્ય બને છે અને શૂદ્રના કર્મવડે શૂદ્ર બને છે. તાત્પર્ય કે બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ આદિ જન્મસિદ્ધ વસ્તુ નથી, પણ કર્મસિદ્ધ વસ્તુ છે.


વિ૦ અહીં કર્મ શબ્દ ધંધો કે વ્યવસાય સૂચવે છે.

एए पाउकरे बुद्धे, जेहिं होइ सिणायओ ।
सव्वकम्मविणिमुक्कं, तं वयं बूम माहणं ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૩]

આ ધર્મને સર્વજ્ઞે પ્રકટ કર્યો છે કે જે સ્નાતક થઈને (યથાખ્યાત ચારિત્ર પાળીને) સર્વકર્મથી મુક્ત થાય છે, એનું પાલન કરનારને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

एवं गुणसमाउत्ता, जे भवन्ति दिउत्तमा ।
ते समत्था समुद्धत्तुं, परमप्पाणमेव य ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૨૫, ગા૦ ૩૪]

જે આવા ગુણોથી યુક્ત હોય તેઓ દ્વિજોત્તમ છે અને તેઓ જ સ્વ-પરનો ઉદ્ધાર કરવામાં સમર્થ થાય છે.



ધારા બત્રીશમી
વીર્ય અને વીરતા

दुहा वेयं सुयक्खायं, वीरियं ति पवुच्चई ।
किं नु वीरस्स वीरत्तं, कहं चेयं पवुच्चई ॥ १ ॥
[सू० श्रु० १, अ० ८, गा० १]

વીર્ય બે પ્રકારનું કહેલું છે. (આ વિધાન સાંભળી મુમુક્ષુ પ્રશ્ન કરે છે કે હે પૂજ્ય!) વીર પુરુષની વીરતા શી છે? અને કયા કારણે તે વીર કહેવાય છે? (તે કૃપા કરીને જણાવો.)

कम्ममेगे पवेदेन्ति, अकम्मं वा वि सुव्वया ।
एएहिं दोहि ठाणेहिं, जहिं दीसन्ति मच्चिया ॥ २ ॥
[सू० श्रु० १, अ०८, गा० २]

(ઉત્તરમાં ભગવાન કહે છે:) હે સુવ્રતી! કોઈ કર્મને વીર્ય કહે છે અને કોઈ અકર્મને વીર્ય કહે છે. મૃત્યુલોકના બધા પ્રાણીઓ આ બે ભેદોમાં વિભક્ત છે.

વિ૦ વીર્ય એ આત્માનો મૂળ ગુણ છે, પણ તેનું સ્ફુરણ જે અવસ્થામાં થાય છે, તેના પરથી તેના બે ભેદો પડે છે: સકર્મવીર્ય અને અકર્મવીર્ય. આત્મા કર્મ-જન્ય ઔદયિક ભાવમાં વર્તતો હોય ત્યારે જે વીર્યનું સ્ફુરણ થાય તે સકર્મ કે બાલવીર્ય કહેવાય છે અને

જ્યારે ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવમાં વર્તતો હોય ત્યારે જે વીર્યનું સ્ફુરણ થાય તે અકર્મ કે પંડિત વીર્ય કહેવાય છે. મનુષ્યમાં આ બેમાંથી એક વીર્યનું સ્ફુરણ અવશ્ય હોય છે.

सत्थमेगे तु सिखंता, अतिवायाय पाणिणं ।
एगे मंते अहिज्जंति पाणभूयविहेडिणो ॥ ३ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૪]

કેટલાક શસ્ત્રવિદ્યા શીખે છે અને પ્રાણીની હિંસા કરે છે, તો કેટલાક મંત્રો વગેરે બોલીને યજ્ઞાદિમાં પ્રાણીઓની વિંડબના કરે છે. (આને બાલવીર્ય સમજવું.)

मणसा वयसा चेव, कायसा चेव अन्तसो ।
आरओ परओ वा वि, दुहा वि य असंजया ॥ ४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૬]

અસંયમી પુરુષ મન, વચન અને કાયાથી પોતાને માટે તથા પારકાને માટે શત્રુતા કરે છે અને કરાવે છે.

माइणो कट्टु माया य, कामभोगे समारमे ।
हंता छित्ता पगब्भिता, आयसायाणुगामिणो ॥ ५ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૫]

માત્ર પોતાના સુખનો જ વિચાર કરનારા માયાવી પુરુષો માયા-કપટ કરીને કામભોગનિમિત્તે પ્રાણીઓની હિંસા કરે છે અને તેના હણનાર, છેદનાર તથા ડામ દેનારા વગેરે બને છે.

एयं सकम्मवीरियं बालाणं तु पवेइयं ।
इत्तो अकम्मविरियं, पडियाणं सुणेह मे ॥ ६ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૬]

આ રીતે બાલજીવોનું સકર્મવીર્ય વર્ણવ્યું. હવે પંડિતોનું અકર્મવીર્ય વર્ણવું તે સાંભળો.

दविए बंधणुम्मुक्के, सव्वओ छिन्नबंधणे ।
पणोल्ल पावगं कम्मं, सल्लं कंतइ अन्तसो ॥ ७ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૧૦]

પંડિત પુરુષો રાગદ્વેષથી રહિત હોય છે, કષાયરૂપી બંધનથી નિવૃત્ત હોય છે, સર્વશઃ સ્નેહબંધનને કાપી નાખે છે તથા પાપકર્મો છોડીને પોતાના આત્માને લાગેલા શલ્યને મૂળથી ઉખાડી નાખે છે.

नेयाउयं सुयक्खायं, उवायाय समीहए ।
भुज्जो भुज्जो दुहावासं, असुहत्तं तहा तहा ॥ ८ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૧૧]

તીર્થંકરોએ કહેલા સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગને ગ્રહણ કરીને તેમાં સારી રીતે પુરુષાર્થ ફોરવવો. (એ પંડિતવીર્ય છે અને તેનું પરિણામ સુખદાયી છે,) જ્યારે બાલવીર્ય પુનઃ પુનઃ દુઃખદાયી છે. તે જેમ જેમ ફોરવાતું જાય છે, તેમ તેમ દુઃખ વધતું જાય છે.

ठाणी विविहठाणाणि, चइस्संति ण संसओ ।
अणियए अयं वासे, णायएहि सुहीहि य ॥ १ ॥
एवमायाय मेहावी, अप्पणो गिद्धिमुद्धरे ।
आरियं उवसंपज्जे, सव्वधम्ममकोवियं ॥ १० ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૧૨–૧૩]

એમાં સંશય નથી કે વિવિધ સ્થાનોમાં વસનારા મનુષ્યો કોઈને કોઈ વખતે પોતાનું સ્થાન છોડશે. જ્ઞાતિ અને સુહૃદોની સાથેનો આ વસવાટ અનિત્ય છે. આવો વિચાર કરીને પંડિત પુરુષ આત્માના મમત્વભાવનો છેદ કરી નાખે તથા સર્વ ધર્મોથી અનિંદ્ય એવા આર્યધર્મને ગ્રહણ કરે.

અણુ માણં ચ માયં ચ, તં પડિન્નાય પંડિએ ।
આયતટ્ઠં સુઆદાય, એવં વીરસ્સ વીરિયં ॥ ૧૧ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૧૮]

પંડિત પુરુષ બૂરું ફળ જાણીને માન કે માયાનું અણુમાત્ર સેવન ન કરે. તે આત્માર્થને સારી રીતે ગ્રહણ કરે, એ જ વીર પુરુષની વીરતા છે.

અઇક્કમ્મંતિ વાયાએ, મણસા વિ ન પત્થએ ।
સવ્વઓ સંવુડે દન્તે, આયાણં સુસમાહરે ॥ ૧૨ ॥
[સૂ, શ્રુ. ૧, અ૦ ૮, ગા૦ ૨૦]

સાચો વીર હિંસક વાણીનો પ્રયોગ ન કરે, તેમ મનથી પણ કોઈ પણ પ્રાણીની હિંસા કરવાનું ન વિચારે. તે સર્વથા સંયમી બને, પોતાની ઇન્દ્રિયોને જિતે તથા મોક્ષમાર્ગનાં સાધનોને ગ્રહણ કરે.

કડં ચ કજ્જમાણં ચ, આગમિસ્સં ચ પાવગં ।
સવ્વં તં ણાણુજાણન્તિ, આયગુત્તા જિઇંદિયા ॥ ૧૩ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૨૧]

જે આત્મગુપ્ત અને જિતેન્દ્રિય પુરુષો છે, તે

કોઈના દ્વારા કરાયેલા, કરાતાં, કે ભવિષ્યમાં કરાનાર પાપની અનુમોદના ન કરે.

पंडिए वीरियं लद्धुं, निग्घायाय पवत्तगं ।
धुणे पुव्वकडं कम्मं, णवं वाऽवि ण कुव्वई ॥ १४ ॥
[सू० श्रु० १, अ० १५, गा० २२]

પંડિત પુરુષ કર્મોનું વિદારણ કરવામાં સમર્થ વીર્યને પ્રાપ્ત કરીને નવીન કર્મ કરે નહિ તથા પૂર્વકૃત કર્મોને ખંખેરી નાખે.

जे य बुद्धा महाभागा, वीरा असमत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं, सफलं होइ सव्वसो ॥ १५ ॥
[सू० श्रु० १, आ० ८, गा० २२]

સમ્યગ્ દર્શનથી રહિત અને પરમાર્થને નહિ જાણનારા એવા વિશ્રુત યશવાળા વીર પુરુષોનું પરાક્રમ અશુદ્ધ છે તે સર્વ રીતે સંસાર વધારવામાં સફલ થાય છે. તાત્પર્ય કે તેનાથી સંસાર ઘણો વધી જાય છે.

जे य बुद्धा महाभागा, वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं, अफलं होइ सव्वसो ॥ १६ ॥
[सू० श्रु० १, अ० ८, गा० २३]

સમ્યગ્ દર્શનવાળા અને પરમાર્થને જાણનારા એવા વિશ્રુત યશવાળા વીર પુરુષોનું પરાક્રમ શુદ્ધ છે. તે સંસારને વધારવામાં સર્વ રીતે નિષ્ફળ જાય છે. તાત્પર્ય કે તેનાથી કોઈ રીતે સંસાર વધતો નથી.


कुजए अपराजिए जहा,
अक्खेहिं कुसलेहि दीवयं ।

कडमेव गहाय नो कलिं,
नो तीयं नो चेव दावरं ॥ १७ ॥
एवं लोगम्मि ताइणा,
बुइए जे धम्मे अणुत्तरे ।
तं गिण्ह हियंति उत्तमं,
कडमिव सेसऽवहाय पण्डिए ॥ १८ ॥
[सू. श्रु० १, अ० २, उ० २, गा० २३-२४]

જુગાર ખેલવામાં નિપુણ જુગારી જુગાર ખેલતી વખતે જેમ 'કૃત' નામના પાસાને જ ગ્રહણ કરે છે, પણ 'કલિ' 'ત્રેત્તા' કે 'દ્વાપર' ને ગ્રહણ કરતો નથી અને અપરાજિત રહે છે, તેમ પંડિત પુરુષ આ લોકમાં જગત્રાતા સર્વજ્ઞોએ જે ઉત્તમ અને અનુત્તર ધર્મ કહ્યો છે, તેને જ પોતાના હિતને માટે ગ્રહણ કરે. બાકીના બધા ધર્મોને તેઓ એ રીતે છોડી દે કે જે રીતે કુશળ જુગારી 'કૃત' સિવાયના અન્ય પાસાઓને છોડી દે છે.

झाणजोगं समाहट्टु,
कायं विउस्सेज्ज सव्वसो ।
तितिक्खं परमं नच्चा,
आमोक्खाए परिव्वएज्जासि ॥ १९ ॥
[सू० श्रु० १, अ० ८, गा० २६]

પંડિત પુરુષ ધ્યાનયોગને ગ્રહણ કરે, દેહભાવનાનું સર્વથા વિસર્જન કરે, તિતિક્ષાને ઉત્તમ સમજે અને શરીર પડતાં સુધી સંયમનું પાલન કરતો રહે.



ધારા તેત્રીસમી
સમ્યક્ત્વ

निस्सग्गुवएरुई, आणरुई सुत्तबीअरुइमेव ।
अभिगम–वित्थाररुई, किरिया–संखेव–धम्मरुई ॥ १ ॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૧૬]

(૧) કોઈને સ્વાભાવિક રીતે જ તત્ત્વની રુચિ થવાથી, (૨) કોઈને ઉપદેશ શ્રવણ કરવાથી, (૩) કોઈને ભગવાનની આ પ્રમાણે આજ્ઞા છે એમ જાણવાથી, (૪) કોઈને સૂત્રો સાંભળવાથી, (૫) કોઈને એક શબ્દ સાંભળી તેનો વિસ્તાર કરનારી બુદ્ધિથી, (૬) કોઈને વિશિષ્ટ જ્ઞાન થવાથી, (૭) કોઈને વિસ્તારપૂર્વક અર્થ શ્રવણ કરવાથી, (૮) કોઈને સત્ક્રિયાઓ તરફ રુચિ થવાથી, (૯) કોઈને સંક્ષેપમાં રહસ્ય જાણવાથી તો (૧૦) કોઈને ધર્મ પ્રત્યે અભિરુચિ થવાથી એમ દશ પ્રકારે સમ્યક્ત્વ થાય છે.

વિ૦ સમ્યક્ત્વનો સામાન્ય પરિચય આ પૂર્વેની ધારામાં આવી ગયો છે. તે અંગે વિશેષ જાણવા જેવું અહીં અપાયું છે.

निस्संकिय–निक्कंखिय–निव्वितिगिच्छा–अमूढदिट्ठी य ।
उववूह–थिरीकरणे, वच्छल्ल–पभावणे अट्ठ ॥२॥
[ઉત્ત૦ અ૦ ૨૮, ગા૦ ૩૧]

સમ્યક્ત્વનાં આઠ અંગો આ પ્રમાણે સમજવા: (૧) નિઃશંકિત, (૨) નિઃકાંક્ષિત, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢ-દૃષ્ટિ, (૫) ઉપબૃંહણા, (૬) સ્થિરીકરણ (૭) વાત્સલ્ય અને

(૮) પ્રભાવના.

વિ૦ જિનવચનમાં શંકા ન રાખવી, એ નિઃશંકિત નામનું પ્રથમ અંગ. જિનમત વિના અન્ય મતની આકાંક્ષા ન કરવી, એ નિઃકાંક્ષિત નામનું બીજું અંગ. ધર્મકરણીના ફળમાં સંદેહ ન રાખવો, એ નિર્વિચિકિત્સા નામનું ત્રીજું અંગ. અન્ય મતવાળાઓના ભપકાથી અંજાઈ ન જવું, એ અમૂઢદૃષ્ટિ નામનું ચોથું અંગ. સમ્યકત્વધારીને ઉત્તેજન આપવું, એ ઉપબૃંહણા નામનું પાંચમું અંગ. કોઈ સમ્યકત્વમાંથી ડગતો હોય તો તેને સ્થિર કરવો, એ સ્થિરીકરણ નામનું છઠું અંગ. સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય દાખવવું એટલે કે તેની દરેક પ્રકારે ભક્તિ કરવી, એ સાધર્મિક-વાત્સલ્ય નામનું સાતમું અંગ અને જિનશાસનની પ્રભાવના થાય અર્થાત્ લોકોમાં તેનો પ્રભાવ વધે, એવાં કામો કરવાં, એ પ્રભાવના નામનું આઠમું અંગ.

मिच्छादंसणरत्ता, सनियाणा हु हिंसगा ।
इय जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोहि ॥ ३ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૫૮]

જે જીવો મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, સાંસારિક ફળની અપેક્ષાપૂર્વક ધર્મકરણી કરનારા છે તથા હિંસક છે, તે એ જ ભાવનાઓમાં મરતાં દુર્લભબોધિ થાય છે, અર્થાત્ તેમને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ જલ્દી થતી નથી.

इओ विद्धंसमाणस्स, पुणो संबोहि दुल्लहा ।
दुल्लहाओ तहच्चाओ, जे धम्मट्ठं वियागरे ॥ ४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૧૮]

જે જીવ સમ્યક્ત્વમાંથી પતિત થઈ મૃત્યુ પામે છે, તેને ફરીથી ધર્મબોધિ પ્રાપ્ત થવી બહુ કઠિન છે. વળી તેને સમ્યક્ત્વપ્રાપ્તિને યોગ્ય અંતઃકરણના પરિણામો થવા કે ધર્માચરણની વૃત્તિ થવી પણ મુશ્કેલ છે.

કુપ્પવયણપાસંડી, સવ્વે ઉમ્મગ્ગપટ્ઠિઆ ।
સમ્મગ્ગં તુ જિણક્ખાયં, એસ મગ્ગે હિ ઉત્તમે ॥ ૫ ॥
[ઉત્ત૦ અ૦ ૨૩, ગા૦ ૬૩]

કુપ્રવચનને માનનારા સર્વ સંપ્રદાયો ઉન્માર્ગમાં રહેલા છે અને જિનપ્રવચનને માનનારા સમ્યગ્ માર્ગમાં રહેલા છે. જિનેશ્વરોએ કહેલો માર્ગ જ ઉત્તમ છે.

સમ્મદ્દંસણરત્તા, અનિયાણા સુક્કલેસમોગાઢા ।
ઇય જે મરંતિ જીવા, સુલહા તેસિં ભવે બોહી ॥ ૬ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૫૮]

જે જીવો સમ્યગ્દર્શનમાં અનુરક્ત છે, સાંસારિક ફળની અપેક્ષા વિના ધર્મકરણી કરનારા છે તથા શુકલ-લેશ્યાથી યુક્ત છે, તે જીવો એ જ ભાવનામાં મરીને પરલોકમાં સુલભબોધિ થાય છે. અર્થાત્ તેમને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ જલ્દી થાય છે.

જાતિં ચ વુદ્ઢિં ચ ઇહજ્જ પાસ,
ભૂતેહિં જાણે પડિલેહ સાયં ।
તમ્હાઽતિવિજ્જો પરમંતિ ણચ્ચા,
સમ્મત્તદંસી ણ કરેતિ પાવં ॥ ૭ ॥
[આ૦ અ૦ ૩, ઉ૦ ૨]

હે પુરુષ! આ સંસારમાં જન્મ અને મરણરૂપી જે બે મહાન દુઃખો છે, તેને તું જો અને સઘળા જીવોને સુખ પ્રિય લાગે છે, અને દુઃખ અપ્રિય લાગે છે, તે બાબતનું જ્ઞાન મેળવ. આ પ્રમાણેનું જ્ઞાન થવાથી જ જ્ઞાની પુરુષો સમ્યક્ત્વધારી બની હિંસાદિ પાપો કરતા નથી.

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करिंति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते होंति परित्तसंसारी ॥ ८ ॥

[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૦]


જે જિનવચનમાં શ્રદ્ધાન્વિત છે, જે જિનવચનમાં કહેવાયેલી ક્રિયાઓ ભાવપૂર્વક કરે છે, જે મિથ્યાત્વ આદિ મલથી રહિત છે તથા જે રાગદ્વેષયુક્ત તીવ્ર ભાવો ધારણ કરતા નથી, તે મર્યાદિત સંસારવાળા બને છે. અર્થાત્ તેમનું ભવભ્રમણ ઘણું ઘટી જાય છે.

धम्मसद्धाएणं भंते ! जीवे किं जणयइ ?
धम्मसद्धाएणं सायासोक्खेसु रज्जमाणे
विरज्जइ ॥ ९ ॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૩]

પ્રશ્ન—હે ભગવન્! ધર્મ શ્રદ્ધાથી જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર—હે શિષ્ય! ધર્મશ્રદ્ધાથી શાતા-સુખમાં અનુરાગી થયેલો જીવ તેનાથી વિરક્ત થાય છે.



ધારા ચોત્રીશમી
ષડાવશ્યક

[અનુયોગદ્વારસૂત્રમાં કહ્યું છે કે–

આવસ્સયં અવસ્સકરણિજ્જં,
ધુવ–નિગ્ગહો વિસોહી અ ।
અજ્ઝયણછક્કવગ્ગો,
નાઓ આરાહણા મગ્ગો ॥

આવશ્યક, અવશ્યકરણીય, ધ્રુવ, નિગ્રહ, વિશોધિ, અધ્યયનષડ્વર્ગ, ન્યાય, આરાધના અને માર્ગ એ પર્યાય-શબ્દો છે.

આવશ્યકના અર્થ અંગે તેમાં જણાવ્યું છે કે—

સમણેણં સાવએણ ય, અવસ્સ–કાયવ્વં હવઇ જમ્હા ।
અંતો અહો–નિસસ્સ ય, તમ્હા આવસ્સયં નામ ॥

જે દિવસ અને રાત્રિના અંત ભાગે શ્રમણ અને શ્રાવક વડે અવશય કરવા યોગ્ય છે, તેથી તે આવશ્યક કહેવાય છે.

આ ક્રિયાને વર્તમાનકાળે પ્રતિક્રમણ શબ્દથી ઓળખવાનો પ્રચાર છે. જે પ્રતિક્રમણ દિવસના અંત ભાગે કરાય તે દૈવસિક (દેવસિય) પ્રતિક્રમણ અને રાત્રિના અંત ભાગે કરાય તે રાત્રિક (રાઇઅ) પ્રતિક્રમણ. આ સિવાય પક્ષના

અંતે, ચાતુર્માસના અંતે અને સંવત્સરના અંતે પણ ખાસ પ્રતિક્રમણની ક્રિયા કરવામાં આવે છે, તેને અનુક્રમે પાક્ષિક પ્રતિક્રમણ, ચાતુર્માસિક પ્રતિક્રમણ અને સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

આવશ્યક ક્રિયા અંગે વધારે સ્પષ્ટીકરણ કરતાં તેમાં જણાવ્યું છે કે—

'आवस्सयस्स एसो पिंडत्थो वण्णिओ समासेणं ।
एतो एक्केकं पुण, अज्झयणं कित्तइस्सामि ॥
तं जहा-(१) सामाइयं, (२) चउवीसत्थओ,
(३) वंदणयं, (४) पडिक्कमणं, (५) काउस्सग्गो,
(६) पच्चक्खाणं ।

આવશ્યકનો આ સમુદાયાર્થ ટૂંકમાં કહ્યો. હવે તેમાંના એક એક અધ્યયનનું હું વર્ણન કરીશ. તે આ રીતે : (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિ-સ્તવ, (૩) વંદનક, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન. તાત્પર્ય કે આવશ્યક ક્રિયાઓ છ પ્રકારની છે, તે દરેકનાં નામ આ પ્રમાણે સમજવાનાં છે.]

सामाइएणं भन्ते ! जीवे किं जणयइ ?
सामाइएणं सावज्जजोगविरइं जणयइ ॥ १ ॥
[उत्त० अ० २९, गा० ८]

પ્રશ્ન—હે ભગવન્ ! સામાયિકથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—શિષ્ય ! સામાયિકથી જીવ સાવદ્યયોગની નિવૃત્તિ ઉપાર્જન કરે.

વિ૦ સાવદ્યયોગ એટલે પાપકારી પ્રવૃત્તિ. તેની નિવૃત્તિ એટલે તેમાંથી વિરામ પામવાપણું, તાત્પર્ય કે કોઈ પણ જીવ સામાયિકની ક્રિયા અંગીકાર કરે છે, ત્યારે 'હું મન-વચન-કાયાથી કોઈ પાપ કરીશ નહિ કે કરાવીશ નહિ' એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે અને તે અનુસાર સામાયિક દરમિયાન કોઈ પણ પાપકારી પ્રવૃત્તિ કરતો નથી. એ વખતે ધર્મધ્યાનાદિ શુભ પ્રવૃત્તિ જ કરે છે. એક સામાયિકનો કાળ બે ઘડી એટલે અડતાલીસ મીનીટનો ગણાય છે. સામાયિક એ બે ઘડીનો યોગ છે. તે અંગે વધારે જાણવા ઇચ્છનારે ધર્મબોધ ગ્રંથમાળામાં અમારું લખેલું 'બે ઘડી યોગ' નામનું પુસ્તક અવશ્ય જોવું.

चउव्वीसत्थएणं भन्ते! जीवे किं जणयइ?
चउव्वीसत्थएणं दंसणविसोहिं जणयइ ॥ २ ॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૯]

પ્રશ્ન—હે ભગવન્! ચતુર્વિંશતિ-સ્તવથી જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર—હે શિષ્ય! ચતુર્વિંશતિ-સ્તવથી જીવ દર્શન-વિશુદ્ધિ ઉપાર્જન કરે.

વિ૦ દર્શનવિશુદ્ધિ એટલે સમ્યક્ત્વની નિર્મળતા. તાત્પર્ય કે ચોવીશ તીર્થંકરોના ગુણોનું અદ્‌ભુત કીર્તન કરતાં સમ્યક્ત્વમાં રહેલી અશુદ્ધિ દૂર થાય છે અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ખૂબ મજબૂત બને છે.

સ્તવન, સ્તુતિ તથા સ્તોત્રો વગેરે દ્વારા શ્રી જિનેશ્વર દેવની જે ભક્તિ કરવામાં આવે છે, તેનો સમાવેશ આ બીજા પ્રકારના આવશ્યકમાં થાય છે.

वंदणएणं भन्ते! जीवे किं जणयइ?
वंदणएणं नीयागोयं कम्मं खवेइ उच्चागोयं
कम्मं निबंधइ। सोहग्गं च णं अपडिहयं
आणाफलं निव्वत्तेइ। दाहिणभावं च णं जणयइ ॥ ३ ॥

[उत्त० अ० २९, गा० १०]

પ્રશ્ન—હે ભગવન્! વંદનકથી જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર—હે શિષ્ય! વંદનકથી જીવ નીચગોત્ર કર્મનો ક્ષય કરે અને ઉચ્ચગોત્ર કર્મ બાંધે. વળી તે અપ્રતિહત સૌભાગ્ય અને ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કરે, તેમ જ વિશ્વ-વલ્લભ બને.

વિ૦ ગુરુને વિધિથી વિનયપૂર્વક વંદન કરવું તે વંદનક નામનું ત્રીજું આવશ્યક છે. ગુરુનો વિનય કર્યા વિના કે તેમના પ્રત્યે અત્યંત આદરમાનની લાગણી રાખ્યા વિના આધ્યાત્મિક પ્રસાદ પ્રાપ્ત થતો નથી. તેમને રોજ સવાર-સાંજ વિધિપૂર્વક વંદન કરવાથી ઉપર જણાવ્યા તેવા લાભો થાય છે.

पडिक्कमणेणं भन्ते! जीवे किं जणयइ?
पडिक्कमणेणं वयछिद्दाणि पिहेइ। पिहिय-वयछिद्दे
पुण जीवे निरुद्धासवे असबलचरित्ते अट्ठसु

पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ॥ ४ ॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૧૧]

પ્રશ્ન—હે ભગવન્ ! પ્રતિક્રમણથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! પ્રતિક્રમણથી જીવ વ્રતોનાં છિદ્રોને ઢાંકે, વ્રતોનાં છિદ્રોને ઢાંકતાં તે જીવ આસ્રવને રોકનારો થાય, શુદ્ધ ચારિત્રવંત અને અષ્ટપ્રવચનમાતામાં ઉપયોગવાળો થાય તથા સમાધિપૂર્વક સંયમમાર્ગમાં વિચરે.

વિ૦ અજ્ઞાન, મોહ કે પ્રમાદવશાત્ પોતાના મૂળ સ્વભાવથી દૂર ચાલ્યા ગયેલા જીવનું પોતાના મૂળ સ્વભાવ તરફ પાછું ફરવું તે પ્રતિક્રમણ કહેવાય છે. આ એક પ્રકારની આત્મનિરીક્ષણ કે આત્મશોધનની ક્રિયા છે. કારણ કે તેમાં આત્માએ કરેલી દરેક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરીને થયેલી ભૂલો શોધી કાઢવાની હોય છે અને તે માટે દિલગીર થવાનું હોય છે. જે ભૂલો માત્ર દિલગીરીથી સુધરે તેવી ન હોય તે માટે પ્રાયશ્ચિત ગ્રહણ કરવું પડે છે. જેમ ઘરને દરરોજ શુદ્ધ-સ્વચ્છ રાખવાથી તે રહેવા લાયક બને છે, તેમ આત્માને દરરોજ શુદ્ધ-સ્વચ્છ કરવાથી વ્રતોની આરાધના બરાબર થાય છે અને તેથી ચારિત્ર ઉત્તમ પ્રકારનું બને છે.

काउस्सग्गेणं भंते ! जीवे किं जणयइ ?
काउस्सग्गेणं तीयपडुपन्नं पायच्छित्तं विसोहेइ ।
विसुद्धपायच्छित्ते य जीवे निव्वुयहियए

ओहरियभरुव्व भारवहे पसत्थझाणावगए
सुहं सुहेणं विहरइ ॥ ५ ॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૧૨]

પ્રશ્ન—હે ભગવન્ ! કાયોત્સર્ગથી જીવ શું ઉપાર્જન કરે ?

ઉત્તર—હે શિષ્ય ! કાયોત્સર્ગથી જીવ અતીત અને વર્તમાન કાળના અતિચારોની શુદ્ધિ કરે. પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયેલો જીવ એવા નિવૃત્ત હૃદયવાળો થઈ જાય છે કે જેવો માથેથી ભાર ઉતરતાં ભારવાહક. આ રીતે નિવૃત્ત હૃદયવાળો થઈને પ્રશસ્ત ધ્યાનને પ્રાપ્ત કરતો સુખ પૂર્વક વિચરે.

વિ૦ કાયાનો ઉત્સર્ગ કરવો અર્થાત્ દેહભાવનાનો ત્યાગ કરી આત્મનિરીક્ષણ કે આત્મચિંતનમાં લાગી જવું એને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. તેમાં એક આસને મૌનપૂર્વક સ્થિરતાથી રહેવાનું હોય છે. આ કાયોત્સર્ગની ક્રિયાથી કેવા લાભો થાય છે, તે અહીં જણાવ્યું છે. આ વિષય ઘણો ઊંડો અને સમજવા જેવો છે. તે જાણવા ઇચ્છનારે અમારી લખેલ શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધ-ટીકાનો પ્રથમ ભાગ જોવો. તેમાં 'तस्सउत्तरी सूत्र,' 'अन्नत्थ सूत्र' અને 'अरिहंतचेइयाणं सूत्र' ના વિવેચનપ્રસંગે આ વિષયનું સપ્રમાણ વિસ્તૃત વિવેચન કરેલું છે.


पच्चक्खाणेणं भन्ते! जीवे किं जणयइ?
पच्चक्खाणेणं आसवदाराइं निरुंभइ। (पच्च-

क्खाणेणं इच्छानिरोहं जणयइ। इच्छानिरोहं गए य णं जीवे सव्वदव्वेसु विणीयतण्हे सीइभूए विहरइ) ॥ ६ ॥

[ઉત્ત૦ અ૦ ૨૯, ગા૦ ૧૩]

પ્રશ્ન—હે ભગવન્! પ્રત્યાખ્યાનથી જીવ શું ઉપાર્જન કરે?

ઉત્તર—હે શિષ્ય! પ્રત્યાખ્યાનથી જીવ આસ્રવદ્વારોનો નિરોધ કરે. પ્રત્યાખ્યાનથી જીવ ઇચ્છાનિરોધ કરે. ઇચ્છા-નિરોધ કરાયેલો જીવ સર્વ દ્રવ્ય-પદાર્થમાં તૃષ્ણારહિત અને શાંત થઈને વિચરે.



ધારા પાંત્રીશમી
ભાવના

तहिं तहिं सुयक्खायं, से य सच्चे सुआहिए ।
सया सच्चेण सम्पन्ने, मेत्तिं भूएहि कप्पए ॥ १ ॥
[सू० श्रु० १, अ० १५, गा० ३]

વીતરાગ મહાપુરુષોએ જે જે ભાવ કહ્યા છે, તે સર્વે વાસ્તવમાં યથાર્થ છે. જેનો અંતરાત્મા સદા સત્ય ભાવોથી ભરેલો છે, તે સર્વે જીવો પ્રતિ મૈત્રીભાવ રાખે છે.

भूएहि न विरुज्झेज्जा, एस धम्मे वुसीमओ ।
वुसिमं जगं परिन्नाय, अस्सिं जीवियभावणा ॥ २ ॥
[सू० श्रु० १, अ० १५, गा० ४]

કોઈ પણ પ્રાણી સાથે વૈર-વિરોધ ન કરવો એ સંયમી પુરુષનો ધર્મ છે. સંયમી પુરુષે જગતના સ્વરૂપને સારી રીતે સમજીને જીવનનો ઉત્કર્ષ કરનારી સદ્‌ભાવના-ઓ ભાવવી.

भावणाजोगसुद्धप्पा, जले णावा व आहिया ।
नावा व तीरसम्पन्ना, सव्वदुक्खा तिउट्टइ ॥ ३ ॥
[सू० श्रु० १, अ० १५, गा० ५]

ભાવનાયોગથી શુદ્ધ થયેલો આત્મા જળ ઉપર નૌકા તરે તેમ સંસારમાં તરે છે. જેમ અનુકૂળ પવનના યોગે નૌકા કિનારે પહોંચે છે, તેમ એ સંસારના કિનારે પહોંચે છે અને ત્યાં એનાં સર્વ દુઃખોનો અંત આવે છે.

से हु चक्खू मणुस्साणं, जे कंखाए य अंतए ॥ ४ ॥
[सू० श्रु० १, अ० १५, गा० १४]

જે મનુષ્ય (ભાવનાબળે) ભોગેચ્છાનો, વાસનાનો અંત કરે છે, તે અન્ય મનુષ્યોને ચક્ષુરૂપ થાય છે, અર્થાત માર્ગ દર્શાવનારો બને છે.

अन्तेण खुरो वहई, चक्कं अन्तेण लोट्टई ॥
अन्ताणि धीरा सेवन्ति, तेण अन्तकरा इह ॥ ५ ॥
[सू० श्रु० १, अ० १५, गा० १४-१५]

અસ્તરો પોતાના અંત ભાગ પર (ધાર પર) ચાલે છે. ગાડાનું પૈડું પણ પોતાના અંત ભાગ પર ચાલે છે. તેમ મહાપુરુષો જીવનના અંતિમ સત્યો પર ચાલે છે અને તેથી જ સંસારનો અંત કરનારા થાય છે.

जम्मं दुक्खं जरा दुक्खं,
रोगाणि मरणाणि य ।
अहो दुक्खो हु संसारो,
जत्थ कीसन्ति जन्तवो ॥ ६ ॥
[उत्त० अ० १९, गा. १५]

જન્મ એ દુઃખ છે, જરા પણ દુઃખ છે, રોગો અને મરણો પણ દુઃખ જ છે. અહો ! આ આખો સંસાર દુઃખમય છે કે જેમાં પ્રાણીઓ ઘણો કલેશ પામે છે.

इमं सरीरं अणिच्चं, असुई असुइसंभवं ।
असासयावासमिणं, दुक्खकेसाण भायणं ॥ ७ ॥
[उत्त० अ० १९, गा० १२]

આ શરીર અનિત્ય છે, અપવિત્ર છે, અશુચિથી ઉત્પન્ન થયેલું છે, તેમાં જીવનો નિવાસ અશાશ્વત છે. વળી તે દુઃખ અને કલેશોનું ભાજન (પાત્ર) છે.

गब्भाइ मिज्जंति बुयाबुयाणा,
नरा परे पञ्चसिहा कुमारा ।
जुवाणगा मज्झिम-थेरगा य,
चयंति ते आउखए पलोणा ॥ ८ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૭, ગા૦ ૧૦]

કેટલાક જીવો ગર્ભાવસ્થામાં, કેટલાક જીવો કાલું-ઘેલું બોલવાની અવસ્થામાં, તો કેટલાક જીવો પંચશિલ કુમારોની હાલતમાં મરી જાય છે. વળી કેટલાક યુવાન, આધેડ અને વૃદ્ધ થઈને મરી જાય છે. આ રીતે આયુષ્યનો ક્ષય થતાં મનુષ્ય હરકોઈ અવસ્થામાં પોતાનો દેહ છોડીને ચ્યવી જાય છે.

दाराणि य सुया चेव, मित्ता य तह बन्धवा ।
जीवन्तमणुजीवन्ति, मयं नाणुव्वयन्ति य ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૧૮, ગા૦ ૧૪]

સ્ત્રીઓ, પુત્રો, મિત્રો અને બંધુવર્ગ જીવતાની સાથે જ સંબંધ રાખનારા છે. મરેલાંની પાછળ કોઈ આવતું નથી.

तं एक्कगं तुच्छसरीरगं से,
चिईगयं दहिय उ पावगेणं ।
भज्जा य पुत्ता वि य नायओ वा,
दायारमन्नं अणुसंकमन्ति ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૨૫]

મનુષ્યના ચિતાગત એકલ તુચ્છ શરીરને અગ્નિથી બાળી નાખવામાં આવે છે અને તેની સ્ત્રી, તેના પુત્રો તથા સગાંવહાલાં કોઈ બીજા દાતારનું અનુસરણ કરે છે.

न तस्स दुक्खं विभयन्ति नाइओ,
न मित्तवग्गा न सुया न बन्धवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं,
कत्तारमेव अणुजाइ कम्मं ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૨૩]

તેનાં દુઃખમાં જ્ઞાતિજનો ભાગ પડાવી શકતા નથી, તેમ મિત્રો, પુત્રો કે બાંધવો પણ ભાગ પડાવી શકતા નથી, તે પોતે એકલો જ દુઃખ ભોગવે છે, કેમકે કર્મ કર્તાનું જ અનુસરણ કરે છે.

नीहरन्ति मयं पुत्ता, पियरं परमदुक्खिया ।
पियरो वितहा पुत्ते, बन्धू रायं तवं चरे ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૧૮, ગા૦ ૧૫]

જેમ અત્યંત દુઃખી એક પુત્ર મૃત પિતાને ઘરથી બહાર કાઢી નાખે છે, તેમ માતા-પિતા પણ મરેલા પુત્રને બહાર કાઢી નાખે છે. સગાં-સંબંધીઓ માટે પણ આ જ હકીકત છે. આ જોઈને હે રાજન્! તું તપ કર.

अब्भागमियम्मि वा दुहे,
अहवा उक्कमिए भवन्तिए ।
एगस्स गई य आगई,
विदुमन्ता सरणं न मन्नई ॥ १३ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૧૭]

દુઃખ આવી પડતાં મનુષ્યને એકલાને જ ભોગવવું પડે છે. અથવા આયુષ્ય ક્ષીણ થતાં એકલો જ ગતિ-આગતિ કરે છે. વિવેકી પુરુષ સગાંવહાલાં વગેરેને શરણરૂપ સમજતા નથી.

चिच्चा दुपयं च चउप्पयं च,
खेत्तं गिहं धण-धन्नं च सव्वं ।
कम्मप्पबीओ अवसो पयाइ,
परं भवं सुन्दर पावगं वा ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૨૪]

દ્વિપદ (નોકર, ચાકર, દાસ, દાસી,) ચતુષ્પદ (ઢોરઢાંખર), ક્ષેત્ર, ગૃહ, ધન, ધાન્ય વગેરે સર્વ વસ્તુઓ છોડીને કર્મથી પરાધીન થયેલો આ આત્મા પરભવ પ્રતિ પ્રયાણ કરે છે અને ત્યાં કર્માનુસાર સારી કે માઠી ગતિને પામે છે.

माया पिया ण्हुसा भाया,
भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय,
लुप्पंतस्स सकम्मुणा ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૩]

વિવેકી પુરુષ એમ વિચાર કરે કે 'માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, ભાર્યા તથા ઔરસ પુત્ર આ કોઈ પણ મારાં કુકર્મોનું દુઃખ ભોગવતી વખતે રક્ષા કરવાને સમર્થ નથી.'

सव्वं जगं जइ तुहं, सव्वं वावि धणं भवे ।
सव्वं पि ते अपज्जत्तं, नेव ताणाय तं तव ॥१६॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૩૯]

કદી આખું જગત અને તેમાં રહેલું સર્વ ધન તારું થઈ જાય, તો પણ તારા માટે અપર્યાપ્ત છે. તે તારું રક્ષણ કરી શકશે નહિ.

चिच्चा वित्तं च पुत्ते य, णाइओ य परिग्गहं ।
चिच्चा ण णंतंग सोयं, निरवेक्खो परिव्वए ॥१७॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૯, ગા૦ ૭]

વિવેકી પુરુષ ધન, પુત્ર, જ્ઞાતિજનો, સર્વ પ્રકારનો પરિગ્રહ અને આંતરિક વિષાદ છોડી નિરપેક્ષ બને અને સંયમનું અનુષ્ઠાન કરે.

बन्धप्पमोक्खो तुज्झज्झत्थेव ॥१८॥
[આ૦ અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૧૫૦]

હે પુરુષ ! બંધનથી મુક્ત થવું એ તારા જ હાથમાં છે.

एगभूओ अरण्णे वा, जहा उ चरई मिगे ।
एवं धम्मं चरिस्सामि, संजमेण तवेण या ॥१९॥
[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૭૮]

(વૈરાગી આત્માને એવી ભાવના હોવી ઘટે કે) જેમ મૃગ અરણ્યમાં એકલો જ વિચરે છે, તેમ હું ચારિત્ર-રૂપી વનમાં તપ અને સંયમરૂપી ધર્મનું પાલન કરતો

અને આત્માને એકાકી માનતો વિચરીશ.

तं मा णं तुब्भे देवाणुप्पिया,
माणुस्सएसु कामभोगेसु ।
सज्जह रज्जह गिज्झह,
मुज्झह अज्झोववज्जह ॥२०॥
[જ્ઞા૦ અ૦ ૮]

તેથી હે દેવાનુપ્રિય તમે માનુષિક કામભોગોમાં આસક્ત ન બનો, રાગી ન બનો, ગૃદ્ધ ન બનો, મૂર્ચ્છિત ન બનો અને અપ્રાપ્ત ભોગો પ્રાપ્ત કરવાની લાલસા ન કરો.

ધારા છત્રીશમી
લેશ્યા

किण्हा नीला य काऊ य, तेउ पम्हा तहेव य ।
सुक्कलेसा य छट्ठा य, नामाइं तु जहक्कमं ।। १ ।।
[उत्त० अ० ३४, गा० ३]

છ લેશ્યાઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે જાણવાં: કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા.

વિ૦ શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યકટીકામાં કહ્યું છે કે–

कृष्णादिद्रव्यसाचिव्यात्परिणामोऽयमात्मनः ।
स्फटिकस्येव तत्राऽयं लेश्याशब्दः प्रवर्तते ।।

'આત્માનું સહજ રૂપ સ્ફટિક સમાન નિર્મળ છે. પરંતુ કૃષ્ણ આદિ રંગવાળા પુદ્ગલવિશેષથી તેનો જે પરિણામ થાય છે, તેને લેશ્યા કહેવામાં આવે છે.'

તાત્પર્ય કે એક પ્રકારના દ્રવ્યસમૂહને લીધે આત્માના જે વિશિષ્ટ પરિણામ કે અધ્યવસાય થાય છે, તેને લેશ્યા સમજવાની છે. આ લેશ્યાઓમાં તરતમ ભાવ હોય છે, એટલે તેના કૃષ્ણાદિ છ પ્રકારો માનવામાં આવ્યા છે. તે અંગે જૈન શાસ્ત્રોમાં જંબૂવૃક્ષ અને છ પુરુષોનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે:

જંબૂવૃક્ષ અને છ પુરુષો

છ મુસાફરો એક જંબૂવૃક્ષ નીચે આવ્યા. તેમાંના

પહેલાએ કહ્યું : 'આ જાંબૂડાને તોડી પાડીએ તો મન ગમતાં ફળ ખવાય.' બીજાએ કહ્યું : 'આખાં ઝાડને તોડી પાડવાની શી જરૂર છે? તેનું એક મોટું ડાળું તોડી પાડીએ તો પણ આપણું કામ થશે.' ત્રીજાએ કહ્યું : 'અરે ભાઈઓ! મોટું ડાળું તોડી પાડવાની જરૂર નથી. તેની એક નાની ડાળી તોડી પાડશો તો પણ ચાલશે.' ચોથાએ કહ્યું : 'મોટું કે નાનું ડાળું તોડવાની શી જરૂર છે? આપણે તેમાંથી ફળવાળા ગુચ્છા જ તોડી લ્યો ને?' પાંચમાએ કહ્યું : 'મને તો એ પણ વ્યાજબી જણાતું નથી. જો આપણે જાંબૂડાં ખાવાનું જ કામ છે, તો તેમાંથી જાંબૂડાં જ શા માટે વીણી ન લેવાં?' છઠ્ઠાએ કહ્યું : 'ભાઈઓ! મારો મત તમારા બધાથી જુદો પડે છે. ભૂખ શમાવવી એ જ આપણું પ્રયોજન હોય તો અહીં જે તાજાં જાંબૂ ખરી પડ્યાં છે, તેને શા માટે વીણી ન લેવાં! તેનાથી આપણી ભૂખ જરૂર ભાંગશે.'

અહીં પ્રથમ પુરુષના અધ્યવસાયો ઘણા અશુભ-તીવ્રતમ હોવાથી તેને કૃષ્ણલેશ્યા સમજવી, બીજા પુરુષના અધ્યવસાયો તીવ્રતર હોવાથી તેને નીલલેશ્યા સમજવી, ત્રીજા પુરુષના અધ્યવસાયો તીવ્ર હોવાથી તેને કાપોત-લેશ્યા સમજવી. કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ લેશ્યા-ઓની ગણના અશુદ્ધ લેશ્યાઓમાં થાય છે, તેમાં પૂર્વ પૂર્વની વધારે અશુદ્ધ છે.

ચોથા પુરુષના અધ્યવસાયો મંદ હોવાથી તેને પીત-

લેશ્યા–(તેજોલેશ્યા) સમજવી, પાંચમા પુરુષના અધ્યવસાયો મંદતર હોવાથી તેને પદ્મલેશ્યા સમજવી અને છઠ્ઠા પુરુષના અધ્યવસાયો મંદતમ હોવાથી તેને શુકલલેશ્યા સમજવી. પીત, પદ્મ અને શુકલ લેશ્યાઓની ગણના શુદ્ધ લેશ્યાઓમાં થાય છે અને તે ઉત્તરોત્તર વધારે શુદ્ધ છે.

જીમૂયનિદ્ધસંકાસા, ગવલરિટ્ઠગસન્નિભા ।
ખંજંજણનયણનિભા, કિણ્હલેસા ઉ વણ્ણઓ ॥ ૨ ॥
નિલાસોગસંકાસા, ચાસપિચ્છસમપ્પભા ।
વેરુલિયનિદ્ધસંકાસા, નીલલેસા ઉ વણ્ણઓ ॥ ૩ ॥
અયસીપુપ્ફસંકાસા, કોઇલચ્છદસન્નિભા ।
પારેવયગીવનિભા, કાઉલેસા ઉ વણ્ણઓ ॥ ૪ ॥
હિંગુલધાઉસંકાસા, તરુણાઇચ્ચસંનિભા ।
સુગતુંડપઈવનિભા, તેઉલેસા ઉ વણ્ણઓ ॥ ૫ ॥
હરિયાલભેયસંકાસા, હલિદ્દાભેયસમપ્પભા ।
સણાસણકુસુમનિભા, પમ્હલેસા ઉ વણ્ણઓ ॥ ૬ ॥
સંખંકકુંદસંકાસા, ખીરપૂરસમપ્પભા ।
રયયહારસંકાસા, સુક્કલેસા ઉ વણ્ણઓ ॥ ૭ ॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૪ થી ૯]

કૃષ્ણલેશ્યાનો વર્ણ સજલ મેઘ, ભેંસનાં શીંગડા, અરિઠા, ગાડાની મળી, કાજળ અને આંખની કીકી જેવો કાળો હોય છે.

નીલલેશ્યાનો વર્ણ નીલા અશોક વૃક્ષ, ચાસ પક્ષીની પાંખ અને સ્નિગ્ધ નીલમણિ સમાન નીલો (વાદળી) હોય છે.

કાપોતલેશ્યાનો વર્ણ અલસીના ફૂલ, કોયલની પાંખ અને કબૂતરની ડોક જેવો કથાઈ હોય છે.

તેજોલેશ્યાનો વર્ણ હિંગળોક, તરુણ સૂર્ય, પોપટની ચાંચ અને દીપશિખા સમાન લાલ હોય છે.

પદ્મલેશ્યાનો વર્ણ હરતાલ અને હળદરના ટુકડા જેવો તથા શણ અને અસન (બીયા) ના ફૂલ જેવો પીળો હોય છે.

શુકલલેશ્યાનો વર્ણ શંખ, અંકરત્ન, મયકુંદપુષ્પ, દૂધની ધારા અને રૂપાના હાર જેવો શ્વેત હોય છે.

જહ કડુયતુંબગરસો, કડુયરોહિણિરસો વા ।
ઇત્તો વિ અણંતગુણો, રસો ઉ કિણ્હાઇ નાયવ્વો ॥ ૮ ॥
જહ તિગડુયસ્સ ય રસો, તિક્ખો જહ હત્થિપિપ્પલીએ વા ।
ઇત્તો વિ અણંતગુણો, રસો ઉ નીલાઇ નાયવ્વો ॥ ૯ ॥
જહ તરુણઅંબયરસો, તુવરકવિટ્ઠસ્સ વા વિ જારિસઓ ।
ઇત્તો વિ અણંતગુણો, રસો ઉ કાઊઇ નાયવ્વો ॥૧૦॥
જહ પરિણયંબગરસો, પક્કકવિટ્ઠસ્સ વા વિ જારિસઓ ।
ઈત્તો વિ અણંતગુણો, રસો ઉ તેઊઇ નાયવ્વો ॥૧૧॥
વરવારુણીઇ વ રસો, વિવિહાણ વ આસવાણ જારિસઓ ।
મહુ-મેરગસ્સ વ રસો, ઇત્તો પમ્હાઇ પરણેં ॥૧૨॥
ખજ્જૂર-મુદ્દિયરસો, ખીરરસો ખંડ-સક્કરસ્સો વા ।
ઇત્તો વિ અણંતગુણો, રસો ઉ સુક્કાઇ નાયવ્વો ॥૧૩॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૧૦ થી ૧૫]

કડવી તુંબડીનો રસ, લીમડાનો રસ તથા કટુ રોહિણીનો રસ જેવો કડવો હોય છે, તેના કરતાં કૃષ્ણ-

લેશ્યાનો રસ અનંતગુણો કડવો હોય છે.

ત્રિકટુ (સુંઠ, મરી અને લીંડીપીંપર) નો રસ અથવા ગજપીંપરનો રસ જેવો તીખો હોય છે, તેના કરતાં નીલલેશ્યાનો રસ અનંતગુણો તીખો હોય છે.

કાચી કેરી, કાચા તુંવરફળ કે કાચા કોઠાનો રસ જેવો ખાટો હોય છે, તેના કરતાં કાપોતલેશ્યાનો રસ અનંતગુણો ખાટો હોય છે.

પાકી કેરી, પાકા કોઠાંનો રસ, જેવો ખટમીઠો હોય છે, તેના કરતાં તેજોલેશ્યાનો રસ અનંતગુણો ખટ-મીઠો હોય છે.

શ્રેષ્ઠ વારુણી, અનેક પ્રકારના આસવ, મધુ અને મેરક નામની મદિરાનો રસ જેવો મીઠો (ગળ્યો વધારે, ખારો ઓછો) હોય છે, તેના કરતાં પદ્મલેશ્યાનો રસ અનંતગુણો મીઠો હોય છે.

ખજૂર, દ્રાક્ષ, ક્ષીર (દૂધપાક) અને સાકરનો રસ જેવો મધુર હોય છે, તેના કરતાં શુકલ લેશ્યાનો રસ અનંતગુણો મધુર હોય છે.

જહ ગોમડસ્સ ગંધો, સુણગમડસ્સ વ જહા અહિમડસ્સ ।
ઇત્તો વિ અણંતગુણો, લેસાણં અપ્પસત્થાણં ॥૧૪॥
જહ સુરહિકુસુમગંધો, ગંધવાસાણ પિસ્સમાણાણં ।
ઇત્તો વિ અણંતોગુણો, પસત્થલેસાણ તિણ્હં પિ ॥૧૫॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૧૬-૧૭]

અપ્રશસ્ત લેશ્યાઓનો એટલે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા

અને કાપોતલેશ્યાનો ગંધ મરેલી ગાય, મરેલો કૂતરો કે મરેલા સાપની જે દુર્ગંધ આવે, તેના કરતાં અનંતગુણો અરાબ હોય છે.

ત્રણેય પ્રશસ્ત લેશ્યાઓનો એટલે તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાનો ગંધ સુગંધિત પુષ્પો, તથા પીલાઈ રહેલાં સુગંધી વસાણાં કરતાં અનંતગુણો સારો હોય છે.

जह करगयस्स फासो, गोजिब्भाए य सागपत्ताणं ।
इत्तो वि अणंतगुणो, लेसाणं अप्पसत्थाणं ॥१६॥
जट्ठु बूरस्स व फासो, नवणीयस्स व सिरीसकुसुमाणं ।
इत्तो वि अणंतगुणो पसत्थलेसाण तिण्हं पि ॥१७॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૧૮-૧૯]

અપ્રશસ્ત લેશ્યાઓનો સ્પર્શ કરવત, ગાયની જીભ અને સાગનાં પાંદડાં કરતાં અનંતગુણો કર્કશ હોય છે. અને ત્રણેય પ્રશસ્ત લેશ્યાઓનો સ્પર્શ બૂર નામની વનસ્પતિ, માખણ અને શિરીષ પુષ્પ કરતાં અનંતગુણો કોમળ હોય છે.

पंचासवप्पवत्तो, तीहिं अगुत्ते छसुं अविरओ य ।
तिव्वारंभपरिणओ, खुद्दो साहिस्सिओ नरो ॥१८॥
निद्धंसपरिणामो, निस्संसो अजिइंदिओ ।
एयजोगसमाउत्तो, किण्हलेसं तु परिणमे ॥१९॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૨૧-૨૨]

જે પુરુષ પાંચ આસ્રવોમાં પ્રવૃત્ત, ત્રણ ગુપ્તિઓથી અગુપ્ત, છકાય અંગે અવિરત, તીવ્ર આરંભની પરિણતિવાળો,

ક્ષુદ્ર, સાહસિક, નિર્દય પરિણામી, ક્રૂર અને અજિતેન્દ્રિય હોય તેને કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ લેશ્યાઓના વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ જણાવ્યા પછી તેના પરિણામોનું વર્ણન કરે છે. કૃષ્ણ-લેશ્યાવાળો જીવ પાંચ આસ્રવમાં પ્રવૃત્ત હોય એટલે હિંસા કરતો હોય, જૂઠું બોલતો હોય, ચોરી કરતો હોય, મૈથુન સેવતો હોય અને ઘણો પરિગ્રહ એકઠો કરવાની પ્રવૃત્તિમાં પડેલો હોય. ત્રણ ગુપ્તિઓથી અગુપ્ત હોય, એટલે મન, વચન કે કાયા કોઈનું નિયંત્રણ કરનારો ન હોય. વધારે સ્પષ્ટ કહીએ તો તે મનથી અનેક પ્રકારના દુષ્ટ વિચારો કરનારો હોય, કડવાં–મર્મભેદક વચન બોલનારો હોય અને કાયાનું મનસ્વી પ્રવર્તન કરનારો હોય. છકાય અંગે અવિરત હોય, એટલે પૃથ્વીકાયિક આદિ છયે પ્રકારના જીવોની હિંસા કરનારો હોય, તીવ્ર આરંભની પરિણતિવાળો હોય, એટલે જેનાથી પુષ્કળ જીવોની હિંસા થાય એવી પ્રવૃત્તિ કરવાની ભાવના રાખનારો હોય. ક્ષુદ્ર હોય, એટલે તેના હૃદયમાં ઉદારતા ન હોય. સાહસિક હોય, એટલે ગમે તેવો પાપાચાર કરતાં ડરે નહિ. નિર્દયપરિણામી હોય, એટલે સામાનું ગમે તેટલું ખરાબ થતું હોય તો પણ તેને દયા આવે નહિ. ક્રૂર હોય, એટલે વધારે પડતી સખ્તાઈને ધારણ કરનારો હોય. અજિતેન્દ્રિય હોય, એટલે ઇન્દ્રિયજન્ય સુખોમાં જ રાચનારો હોય. વધારે સ્પષ્ટ કહીએ તો ખાવું–પીવું અને મોજ કરવી એ જ ઉદ્દેશ સામે રાખીને જીવતો હોય.

इस्सा-अमिस्स-अतवो, अविज्जमाया अहीरिया ।
गिद्धी पओसे य सढे, पमत्ते रसलोलुए ॥२०॥
आरंभाओ अविरओ, खुद्दो साहस्सिओ नरो ।
एयजोगसमाउत्तो, नीललेसं तु परिणमे ॥२१॥

[उत्त० अ० ३४, गा० २३-२४]

જે પુરુષ ઈર્ષ્યાલુ, કદાગ્રહી, તપરહિત, અવિદ્યાવાન, માયાવી, નિર્લજ્જ, વિષયની ગૃદ્ધિવાળો, પ્રદ્વેષી, શઠ, પ્રમત્ત, રસલોલુપી, પોતાના સુખને જ શોધનારો, આરંભથી અવિરત, ક્ષુદ્ર અને સાહસિક હોય, તેને નીલલેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ ઈર્ષ્યાલુ હોય, એટલે બીજાના સદ્‌ગુણો કે બીજાની ચડતીને જોઈ શકતો ન હોય. કદાગ્રહી હોય, એટલે પોતાની વાત ખોટી જણાય તોપણ તેને પકડી રાખનારો હોય. તપરહિત હોય, એટલે નાની-મોટી કોઈ જાતની તપશ્ચર્યા કરનારો ન હોય, પણ ખાઈ-પીને મોજ કરનારો હોય. અવિદ્યાવાન હોય એટલે મિથ્યાત્વમાં રાચનારો હોય કે કુશાસ્ત્રોમાં રસ લેનારો હોય. માયાવી હોય, એટલે બીજાને ઠગનારો હોય નિર્લજ્જ હોય, એટલે અસદાચારનું સેવન કરતાં લાજ પામનારો ન હોય. વિષયની ગૃદ્ધિવાળો હોય, એટલે પાંચે ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિ ધરાવનારો હોય. પ્રદ્વેષી હોય, એટલે અત્યંત દ્વેષને ધારણ કરનારો હોય; કોઈ પોતાથી આગળ વધી જતો હોય તો તેને હરકોઈ ઉપાયે ઉતારી પાડવાની

મનોદશા ધરાવતો હોય. શઠ હોય, એટલે જૂઠું બોલી બીજાને છેતરનારો હોય. પ્રમત્ત હોય, એટલે કુલ, જાતિ, ઐશ્વર્ય, વિદ્યા, અધિકાર આદિનો મદ રાખનારો હોય. રસલોલુપી હોય, એટલે જીભનો લાલચુ હોય. પોતાના સુખને જ શોધનારો એટલે મહાસ્વાર્થી હોય, બીજાનું શું થશે ? તેનો જરાયે વિચાર કરનારો ન હોય. આરંભથી અવિરત એટલે હિંસક ધંધાઓ કરનારો હોય. ક્ષુદ્ર અને સાહસિકનો અર્થ ઉપર મુજબ સમજવો.

वंके वंकसमायरे, नियडिल्ले अणुज्जुए ।
पलिउंचगओवहिए, मिच्छदिट्ठी अणारिए ॥२२॥
उप्फालगदुट्ठवाई य, तेणे यावि य मच्छरी ।
एयजोगसमाउत्तो, काउलेसं तु परिणमे ॥२३॥
[उत्त० अ० ३४, गा० २५-२६]

જે પુરુષ વાણી અને વર્તનમાં વક્ર, કપટી, અસરલ, પોતાના દોષોને છૂપાવનારો, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, મર્મ-ભેદક દુષ્ટ વચન બોલનારો, ચોર અને મત્સરી હોય તેને કાપોતલેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ વાણીમાં વક્ર એટલે વાંકું બોલનારો, સીધો ઉત્તર નહિ આપનારો. વર્તનમાં વક્ર એટલે વિચિત્ર રીતે વર્તનારો, આડું ચાલનારો. અનાર્ય એટલે દયા વિનાનો. મત્સરી એટલે બીજાની ચડતી સહન ન કરનારો.

नीयावित्ती अचवले, अमाई अकुऊहले ।
विणीयविणए दंते, जोगवं उवहाणवं ॥२४॥

पियधम्मे दढधम्मेऽवज्जभीरू हिएसए ।
एयजोगसमाउत्तो, तेओलेसं तु परिणमे ॥२५॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૨૭-૨૮]

જે પુરુષ નમ્ર, ચપળતા રહિત, નિષ્કપટી, કુતૂહલથી રહિત, વિનીત, વિનયી, ઇન્દ્રિયોને કાબૂમાં રાખનારો, યોગવાન્, ઉપધાનવાન, પ્રિયધર્મી, દૃઢધર્મી, પાપભીરુ, અને હિતૈષી હોય તેને તેજોલેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ વિનીતવિનયી એટલે ગુરુ વગેરેની ઉચિત સેવા કરનારો. યોગવાન્ એટલે નિર્વાણસાધક યોગની સાધના કરનારો અથવા સ્વાધ્યાદિ યોગમાં મગ્ન રહેનારો. ઉપધાનવાન્ એટલે શ્રુતપ્રાપ્તિનિમિત્તે તપશ્ચર્યા કરનારો. પ્રિયધર્મી એટલે ધર્મમાં પ્રેમ રાખનારો. દૃઢધર્મી એટલે ધર્મમાં દૃઢ રહેનારો. પાપભીરુ એટલે પાપથી ડરનારો. હિતૈષી એટલે સર્વનું હિત ઇચ્છનારો.

पयणुक्कोहमाणे य, मायालोभे य पयणुए ।
पसंतचित्ते दंतप्पा, जोगवं उवहाणवं ॥२६॥
तहा पयणुवाई य, उवसंते जिइंदिए ।
एयजोगसमाउत्तो, पम्हलेसं तु परिणमे ॥२७॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૨૯-૩૦]

જે પુરુષના ક્રોધ, માન, માયા અને લોભ ઘણા પાતળા પડી ગયેલા હોય, જે પ્રશાંત ચિત્તવાળો હોય, આત્માનું દમન કરનારો હોય, યોગવાન્ હોય, ઉપધાનવાન્ હોય, થોડું બોલનારો હોય, ઉપશાંત હોય, જિતેન્દ્રિય

હોય, તેને પદ્મલેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ ઉપશાંત હોય એટલે શાંત સ્વભાવવાળો હોય.

અટ્ટરુદ્દાણિ વજ્જિતા, ધમ્મસુક્કાણિ ઝાયએ ।
પસંતચિત્તે દંતપ્પા, સમિએ ગુત્તે ય ગુત્તિસુ ॥૨૮॥
સરાગો વીયરાગો વા, ઉવસંતે જિઇંદિએ ।
એયજોગસમાઉત્તો, સુક્કલેસં તુ પરિણમે ॥૨૯॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૩૧-૩૨]

જે પુરુષ આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુકલધ્યાન ધરતો હોય, પ્રશાંત ચિત્તવાળો હોય, આત્મદમન કરનારો હોય, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હોય, ઉપશાંત હોય, જિતેન્દ્રિય હોય, તેને સરાગ કે વીતરાગ અવસ્થામાં શુકલ લેશ્યાના પરિણામવાળો જાણવો.

વિ૦ ચિંતનીય વિષયમાં મનને એકાગ્ર કરવું તેને ધ્યાન કહેવામાં આવે છે. આ ધ્યાન ચાર પ્રકારનું છે: (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન. જેમાં અર્તિ એટલે દુઃખ કે પીડાનું ચિંતન મુખ્ય હોય તે આર્ત્તધ્યાન. જેમાં હિંસા, ક્રોધ, વૈર વગેરેનું ચિંતન મુખ્ય હોય તે રૌદ્રધ્યાન. જેમાં જિનેશ્વરદેવે કહેલા ધર્મનું ચિંતન મુખ્ય હોય તે ધર્મધ્યાન અને જેમાં આત્માના શુદ્ધ સ્વરૂપની રમણુતા હોય તે શુકલધ્યાન. આમાંના પ્રથમ બે ધ્યાનો કર્મબંધનના કારણરૂપ હોઈ છોડવા યોગ્ય છે અને પછીનાં બે ધ્યાનો કર્મ-

બંધનને કાપવામાં કારણભૂત હોઈ આદરવાયોગ્ય છે. શુકલ-લેશ્યાવાળા જીવને આર્ત્ત કે રૌદ્ર ધ્યાન હોતું નથી, પણ ધર્મ તથા શુકલ ધ્યાન જ હોય છે. બીજી વસ્તુઓ સ્પષ્ટ છે.

किण्हा नीला काऊ, तिन्नि वि एयाओ अहम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, दुग्गइं उववज्जई ॥३०॥
[उत्त० अ० ३४, गा० ५६]

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા એ ત્રણેય અધમ લેશ્યાઓ છે. એ ત્રણેયથી જીવ ભવાંતરમાં દુર્ગતિને પામે છે.

तेऊ पम्हा सुक्का, तिन्नि वि एयाओ धम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, सुग्गइं उववज्जई ॥३१॥
[उत्त० अ० ३४, गा० ५७]

તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા એ ત્રણેય ધર્મલેશ્યાઓ છે. એ ત્રણેયથી જીવ ભવાંતરમાં સદ્ગતિ પામે છે.

लेसाहिं सव्वाहिं, पढमे समयम्मि परिणयाहिं तु ।
न हु कस्सइ उववाओ, परभवे अत्थि जीवस्स ॥३२॥
लेसाहिं सव्वाहिं, चरमे समयम्मि परिणयाहिं तु ।
न हु कस्सइ उववाओ, परभवे अत्थि जीवस्स ॥३३॥
अंतोमुहुत्तंमि गए, अंतमुहुत्तंमि सेसए चेव ।
लेसाहिं परिणयाहिं, जीवा गच्छन्ति परलोयं ॥३४॥
[उत्त० अ० ३४, गा० ५८-५९-६०]

સર્વ લેશ્યાઓની પ્રથમ સમયની પરિણતિમાં કોઇ પણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી. તેમજ સર્વ લેશ્યાઓની અંતિમ સમયની પરિણતિમાં પણ કોઈ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી. લેશ્યાઓની પરિણતિ પછી અંતર્મુહૂર્ત વ્યતીત થતાં અને અંતર્મુહૂર્ત શેષ રહેતાં જીવ પરલોકમાં જાય છે.

વિ૦ 'મતિ તેવી ગતિ' એ કહેવત જનસમાજમાં પ્રચલિત છે. તેને તત્ત્વજ્ઞાનીઓ ટેકો આપે છે. તેઓ કહે છે કે કોઇ પણ જીવ આગામી ભવમાં સારાં-બોટાં જે સ્થાને ઉત્પન્ન થવાનો હોય તેવી લેશ્યા તેને અંત સમયે પરિણમે છે. આ લેશ્યા પરિણમતી હોય ત્યારે તેના પ્રથમ કે છેલ્લા સમયે કોઇ જીવની પરભવમાં ઉત્પત્તિ નથી, પણ તેની વચ્ચેના કાલમાં એટલે લેશ્યાનું પરિણમન શરૂ થયા પછી અંતર્મુહૂર્ત બાદ અને લેશ્યાના પરિણમનનો અંત આવે તે પહેલાંના એક અંતર્મુહૂર્ત પહેલાં તે પરલોકમાં ઉત્પન્ન થાય છે. એટલે જીવ જે લેશ્યામાં મરે છે, તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે.

तम्हा एयासि लेसाणं, अणुभागं वियाणीया ।
अप्पसत्थाओ वज्जित्ता, पसत्थओऽहिट्ठिए मुणी ॥३५॥
[ઉત્ત૦ અ૦ ૩૪, ગા૦ ૬૧]

આ પ્રમાણે લેશ્યાઓનું સ્વરૂપ તથા તેનો ફલ વિસ્તાર જાણીને સાધુપુરુષે અપ્રશસ્ત લેશ્યાઓને વર્જી પ્રશસ્ત લેશ્યાઓમાં રહેવું ઘટે.

ધારા સાડત્રીશમી
મૃત્યુ

माणुस्सं च अणिच्चं, वाहिजरामरणवेयणापउरं ॥ १ ॥

[ઔપ૦ સૂત્ર ૩૪]

મનુષ્યદેહ ક્ષણભંગુર છે તથા વ્યાધિ, જરા મરણ અને વેદનાથી ભરપૂર છે.

डहरा बुड्ढा य पासह,
डब्भत्था वि चयंति माणवा ।
सेणे जह वट्टयं हरे,
एवमाउ खयम्मि तुट्टई ॥ २ ॥

[સૂ. શ્રુ. ૧, અ૦ ૨, ઉ. ૧, ગા૦ ૨]

જુઓ–જગત્ તરફ દૃષ્ટિપાત કરો. મનુષ્યો બાળક હોય કે વૃદ્ધ હોય પણ મરણ પામે છે. કેટલાક તો ગર્ભાવસ્થામાં પણ મરણને શરણ થાય છે. જેમ બાજ પક્ષી પારેવા પર તૂટી પડે, તેમ પ્રાણીના આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ તેના પર તૂટી પડે છે.

जहेह सीहो य मियं गहाय,
मच्चू नरं नेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया,
कालम्मि तम्मं सहरा भवंति ॥ ३ ॥

[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૨૨]

જેમ સિંહ મૃગને પકડીને જાય છે, તેમ અંતકાલે

મૃત્યુ મનુષ્યને લઇ જાય છે. એ વખતે માતા, પિતા, ભાઈ આદિ કોઈ પણ તેને સહાયભૂત થઇ શકતા નથી.

ઇહ જીવિએ રાય અસાસયમ્મિ,
ધણિયં તુ પુણ્ણાઇં અકુવ્વમાણો ।
સે સોયઈ મચ્ચુમુહોવણીએ,
ધમ્મં અકાઊણ પરંમિ લોએ ॥ ૪ ॥
[ઉત્ત૦ અ૦ ૧૩, ગા૦ ૨૧]

હે રાજન્! આ જીવન અશાશ્વત છે. જે એમાં પુણ્ય, સુકૃત અને ધર્મ કરતા નથી, તે મૃત્યુના મુખમાં પડતી વખતે પશ્ચાત્તાપ કરે છે, તથા પરલોકમાં દુઃખી થાય છે.

જસ્સત્થિ મચ્ચુણા સક્ખં, જસ્સ વત્થિ પલાયણં ।
જો જાણે ન મરિસ્સામિ, સો હુ કંખે સુએ સિયા ॥ ૫ ॥
[ઉત્ત૦ અ૦ ૧૪, ગા૦ ૩૭]

જે મનુષ્યની મૃત્યુથી મૈત્રી હોય, જે એના ઝપાટામાંથી ભાગી નીકળવાનું સામર્થ્ય ધરાવતા હોય, જે 'હું નહિ મરું' એવું નિશ્ચર્યપૂર્વક જાણતો હોય, તેજ કાલની ઇચ્છા કરી શકે.

અજ્ઝવસાણનિમિત્તે, આહારે વેયણાપરાઘાતે ।
ફાસે આણાપાણૂ, સત્તવિહં ઝિજ્ઝએ આઉં ॥ ૬ ॥
[સ્થાના. સ્થા. ૭ મું]

સાત કારણોને લીધે જીવનો અકાળે અંત આવે છે : (૧) લાગણીને આઘાત પહોંચવાથી, (૨) શસ્ત્રાદિનો

પ્રહાર થવાથી, (૩) વધારે પડતો આહાર કરવાથી, (૪) વેદના વધી પડવાથી, (૫) ખાડાખાબોચિયામાં પડી જવાથી, (૬) કોઇ સખ્ત વસ્તુ સાથે અથડાવાથી અને (૭) શ્વાસોશ્વાસનું રુંધન થવાથી.

सत्थग्गहणं विसभक्खणं च, जलणं जलपवेसो य ।
अणायारभंडसेवी, जम्ममरणाणि बंधंति ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૭]

જે શસ્ત્ર ચલાવીને, વિષભક્ષણ કરીને, અગ્નિથી બળીને, પાણીમાં ડૂબીને તથા આચારભ્રષ્ટતા આદિથી મરે છે, તેમને આ સંસારમાં ઘણું પરિભ્રમણ કરવું પડે છે.

जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो, अक्खे भग्गम्मि सोयई ॥ ८ ।
एवं धम्मं विउक्कम्म, अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयई ॥ ९ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૧૩-૧૪-૧૫]

જાણી-બૂઝીને સીધા-સપાટ રાજમાર્ગ છોડી વાંકાચૂકા માર્ગે ગાડું હાંકનારો જેમ ગાડામાં ધરી તૂટી જતાં શોક-સંતાપ કરે છે, તેમ ધર્મમાર્ગને છોડી અધર્મમાર્ગને ગ્રહણ કરનારો જીવ મૃત્યુ સામે આવતાં 'હવે મારા જીવનની ધરી તૂટી જશે' એવા વિચારથી શોક-સંતાપ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે મનુષ્યે જીવન દરમિયાન ધર્મનું સારી રીતે આચરણ કર્યું હોય, તેને મરતી વખતે શોક-સંતાપ કરવાનો વખત આવતો નથી.

सन्तिमे य दुवे ठाणा, अक्खाया मरणन्तिया ।
अकाममरणं चेव, सकाममरणं तहा ॥ १० ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨]

જિન મહર્ષિઓ વડે મરણાંતના બે સ્થાનો કહેવાયેલાં છેઃ અકામમરણ અને સકામમરણ.

વિ૦ જેમને જીવવાની આકાંક્ષા હોય છતાં મરવું પડે તે અકામમરણ અને જે મૃત્યુને જીવનનો સનાતન નિયમ જાણી તેનો અનુદ્વિગ્ન ચિત્તે કે સમભાવે સ્વીકાર કરે તે સકામમરણ.

बालाणं तु अकामं तु, मरणं असइं भवे ।
पंडियाणं सकामं तु, उक्कोसेण सइं भवे ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૩]

અજ્ઞાનીઓનું અકામમરણ વારંવાર થાય છે અને પંડિતોનું સકામમરણ વધારેમાં વધારે એક વાર થાય છે.

વિ૦ અજ્ઞાનીઓ સત્-અસત્‌ના વિવેકથી રહિત હોવાને લીધે વિષયભોગમાં ડૂબે છે અને તેથી તેમનું સંસારપરિભ્રમણ વધી જાય છે, એટલે તેમને અનિચ્છાએ પણ વારંવાર મરવું પડે છે. જે પંડિત એટલે તત્ત્વવેત્તા છે અને ઉત્તમ પ્રકારનું ચારિત્ર પાળે છે, તે ચાર ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પહોંચે છે. આ રીતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરનાર અંત સમયે બાકીના ચાર કર્મોનો ક્ષય કરી અવશ્ય મુક્તિમાં જાય છે, એટલે તેને પોતાના જીવનમાં એકજ વાર મરવાનો પ્રસંગ આવે

છે. ત્યારપછી જન્મનો અભાવ હોવાથી ફરી મરવાનો પ્રસંગ આવતો નથી. તાત્પર્ય કે જેને મૃત્યુ બિહામણું લાગતું હોય અને ફરી મરવા ઇચ્છતા ન હોય, તેણે પોતાના જીવનમાં જ્ઞાન અને ક્રિયાની પરમ ઉપાસના કરવી જોઈએ. મરણમાંથી બચવાનો એ જ એક સુવિહિત ઉપાય છે.

तओ से मरणन्तम्मि, बाले संतस्सई भया ।
अकाममरणं मरई, धुत्तेव कलिणा जिए ॥ १२ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૧૬]

અજ્ઞાની જીવ મૃત્યુ સમયે નરકના ભયથી કંપે છે અને એક જ દાવમાં હારી ગયેલા જુગારીની જેમ અકામ-મરણથી મરણ પામે છે.

न संतसंतिं मरणंते, सीलवन्ता बहुस्सुया ॥ १३ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૯]

શીલસંપન્ન બહુશ્રુત પુરુષો મરણના સમયે સંતપ્ત થતા નથી.

न इमं सव्वेसु भिक्खूसु, न इमं सव्वेसु गारिसु ।
नाणासीला अगारत्था, विसमसीला य भिक्खुणो ॥ १४ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૧૯]

આ પંડિતમરણ ન તો બધા ભિક્ષુઓને પ્રાપ્ત થાય છે, ન તો બધા ગૃહસ્થોને; કારણ કે બધા ભિક્ષુઓ કે બધા ગૃહસ્થો સમાન ચારિત્રવાળા હોતા નથી. તેમની ચારિત્રવિષયક ભૂમિકા ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

तुलिया विसेसमादाय, दयाधम्मस्स खन्तिए ।
विप्पसीइज्ज मेहावी, तहाभूएण अप्पणा ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૩૦]

વિવેકી પુરુષ અકામમરણ અને સકામમરણની તુલના કરી તેમાંથી વિશેષને અર્થાત્ સકામમરણને પસંદ કરે અને દયાધર્મનું આચરણ કરી ક્ષમાદિ ગુણો વડે પોતાના આત્માને પ્રસન્ન કરે. મૃત્યુ સમયે પણ તે પોતાના આત્માને તેવો જ પ્રસન્ન રાખે.

कंदप्पमाभिओगं च, किव्विसियं मोहमासुत्तं च ।
एयाउ दुग्गईओ, मरणम्मि विराहिया होंति ॥ १६ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૫૯]

કંદર્પભાવના, આભિયોગ્યભાવના, કિલ્બીષીભાવના, મોહભાવના અને આસુરીભાવના દુર્ગતિરૂપ છે. તે પ્રાણીને મરણસમયે વિરાધક થાય છે.

कंदप्पकुक्कुयाइ तह, सीलसहावहासविगहाहिं ।
विम्हावेंतो य परं, कंदप्पं भावणं कुणइ ॥ १७ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૩]

જે કંદર્પ, કૌત્કુચ્ચ, શીલ, સ્વભાવ, હાસ્ય અને વિકથાઓથી બીજા આત્માઓને વિસ્મય ઉત્પન્ન કરે છે, તે કંદર્પભાવનાનું આચરણ કરે છે.

વિ૦ કંદર્પ એટલે વ્યંગથી બોલવું. કૌત્કુચ્ચ એટલે બીજાને હસાવવા માટે ભ્રૂ, નયન તથા મુખના ચાળા કરવા. શીલ એટલે નિરર્થક ચેષ્ટા. સ્વભાવ એટલે વિસ્મય-

કારી ચેષ્ટા. હાસ્ય એટલે અટ્ટહાસ્ય. વિકથા એટલે સ્ત્રી, ખાનપાન, દેશકરિવાજ તથા રાજ્યવૈભવને લગતી લિજ્જત-દાર વાતો કે જે સાંભળીને મનુષ્યનું મન ચલિત થાય, વિકારી થાય.

मंता जोगं काउं, भूईकम्मं च जे पउंजंति ।
साय-रस-इड्ढि-हेउं, अभिजोगं भावणं कुणइ ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૪]

જે શાતા, રસ અને ઋદ્ધિને માટે મંત્રયોગ તથા ભૂતિકર્મનો પ્રયોગ કરે છે, તે આભિયોગ્ય ભાવનાનું આચરણ કરે છે.

વિ૦ ભૂતિકર્મ એટલે મંત્રિત કરેલી ભસ્મનો પ્રયોગ.

नाणस्स केवलीणं, धम्मायरियस्स संघसाहूणं ।
माई अवण्णवाई, किव्विसियं भावणं कुणइ ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૫]

સર્વ પ્રકારનાં જ્ઞાન, કેવળજ્ઞાની, ધર્માચાર્ય, સંઘ અને સાધુની નિંદા કરનારો માયાવી જીવ કિલ્બિષી ભાવનાનું આચરણ કરે છે.

વિ૦ મોહગ્રસ્ત બની સંસારવ્યવહારના કામમાં રચ્યોપચ્યો રહેનાર મોહભાવનાનું આચરણ કરે છે.


अणुबद्धरोसपसरो, तह य निमित्तम्मि होइ पडिसेवी ।
एएहिं कारणेहिं, आसुरीयं भावणं कुणइ ॥२०॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૬]

નિરંતર રોષ કરનારો (પશ્ચાત્તાપ તથા ક્ષમાદિથી

પણ શાંત ન થનારો) અને નિમિત્તશાસ્ત્રનું સેવન કરનારો આસુરીભાવનાનું આચરણ કરે છે.

બાલમરણાણિ બહુસો, અકામમરણાણિ ચેવ બહુયાણિ ।
મરિહંતિ તે વરાયા, જિણવયણં જે ન જાણંતિ ॥ ૨૧ ॥
[ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૨૬૧]

જે જીવ જિનવચનને જાણતો નથી, તે ઘણીવાર બાલમરણ અને અકામમરણને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે જિનવચનને સાંભળવાથી અને તેમાં શ્રદ્ધાવંત થઈ તેનું આચરણ કરવાથી પંડિતમરણ થાય છે અને તે જ ધન્ય મૃત્યુ છે.



तेणावि जं कयं कम्मं, सुहं वा जइ वा दुहं ।
कम्मुणा तेण संजुत्तो, गच्छई उ परं भवं ॥ १ ॥
[उत्त० अ० १८, गा० १७]

જીવે સુખ કે દુઃખ ઉપજાવનારું જે કર્મ કર્યું હોય, તેનાથી સંયુક્ત થઈને તે પરભવમાં જાય છે.

अद्धाणं जो महंतं तु, अप्पाहेओ पवज्जई ।
गच्छन्तो सो दुही होइ, छुहातण्हाए पीडिओ ॥ २ ॥
एवं धम्मं अकाऊणं, जो गच्छइ परं भवं ।
गच्छन्तो सो दुही होइ, वाहीरोगेहिं पीडिओ ॥ ३ ॥
अद्धाणं जो महंतं तु, सपाहेओ पवज्जई ।
गच्छन्तो सो सुही होइ, छुहातण्हाविवज्जिओ ॥ ४ ॥
एवं धम्मं पि काऊणं, जो गच्छइ परं भवं ।
गच्छन्तो सो सुही होइ, अप्पकम्मे अवेयणे ॥ ५ ॥
[उत्त० अ० १९, गा० १९ थी २२]

જેમ કોઈ મનુષ્ય લાંબા પ્રવાસે નીકળ્યો હોય અને સાથે ભાતું ન લે, તો તે ચાલતાં ચાલતાં ભૂખ અને તરસથી પીડા પામી દુઃખી થાય છે, તેમ જે આત્મા ધર્મ કર્યા વિના પરભવમાં જાય છે, તે આગળ જતાં વ્યાધિ અને રોગથી પીડા પામી દુઃખી થાય છે.

જેમ કોઈ મનુષ્ય લાંબા પ્રવાસે નીકળ્યો હોય અને

ભાતું લઈ લે, તો ભૂખ-તરસથી પીડા ન પામતાં સુખી થાય છે, તેમ જે આત્મા ધર્મ કરીને પરભવમાં જાય છે, તે આગળ જતાં અલ્પકર્મ અને અવેદનાથી સુખી થાય છે.

इह जीवियं अनियमेत्ता, पब्भट्ठा समाहिजोगेहिं ।
ते कामभोगरसगिद्धा, उववज्जन्ति आसुरे काये ॥ ६ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૧૪]

જે મનુષ્યો જીવનને અનિયંત્રિત રાખી કામભોગના રસમાં ગૃદ્ધ બનેલા છે અને સમાધિ-યોગથી ભ્રષ્ટ થયેલા છે, તે અસુર કાયમાં (હલકી દેવયોનિમાં) ઉત્પન્ન થાય છે.

जे केइ बाला इह जीवियट्ठी,
पावाइं कम्माइं करेन्ति रुद्दा ।
ते घोररूवे तमसिन्धयारे,
तिव्वाभितावे नरगे पडन्ति ॥ ७ ॥
[સૂ૦ શ્રુ. ૧, અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૩]

જે અજ્ઞાની મનુષ્યો પોતાના જીવન અર્થે ક્રૂર બનીને પાપકર્મો કરે છે, તે તીવ્ર દુઃખથી ભરેલા ઘોર અંધકારવાળા નરકમાં પડે છે.

मा पच्छ असाधुता भवे,
सच्चेही अणुसास अप्पगं ।
अहियं च असाहु सोयई,
से थणई परिदेवई बहुं ॥ ८ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૩, ગા૦ ૭]

કદાચિત પરભવમાં દુર્ગતિ ન થાય એ વિચારથી

વિષયસંગને દૂર કરો અને તેને અંકુશમાં રાખો. અસાધુ કર્મથી દુર્ગતિમાં ગયેલો જીવ અત્યંત શોક કરે છે, આક્રંદ કરે છે અને વિલાપ કરે છે.

જહાऽऽएસં સમુદ્દિસ્સ, કોઈ પોસેજ્જ એલયં ।
ઓયણં જવસં દેજ્જા, પોસેજ્જાવિ સયઙ્ગણે ॥ ૯ ॥
તઓ સે પુટ્ઠે પરિવૂઢે, જાયમેએ મહોદરે ।
પીણિએ વિઉલે દેહે, આએસં પરિકંખએ ॥ ૧૦ ॥
જાવ ન એઇ આએસે, તાવ જીવઇ સે દુહી ।
અહ પત્તમ્મિ આએસે, સીસં છેત્તૂણ ભુજ્જઈ ॥ ૧૧ ॥
જહા સે ખલુ ઓરબ્ભે, આએસાએ સમીહિએ ।
એવં બાલે અહમ્મિટ્ઠે, ઈહઈ નરયાઉયં ॥ ૧૨ ॥

[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧ થી ૪]

જેમ અતિથિને માટે કોઈ કોઇ બકરાને પાળે છે, તેને પોતાનાં આંગણામાં રાખે છે અને ભાત-જવ વગેરે ખવડાવીને તેનું પોષણ કરે છે.

આ બકરો ખાઈ-પીઈને પુષ્ટ, ચરબીવાળો, મોટા પેટવાળો અને સ્થૂલ દેહવાળો થઈ જાય છે, ત્યારે પાલક અતિથિની પ્રતીક્ષા કરે છે.

અતિથિ નથી આવતો ત્યાં સુધી બકરો જીવે છે. અતિથિ આવતાં તે બકરાનું ગળું કાપી તેનાં માંસનું ભક્ષણ કરવામાં આવે છે.

જેમ એ બકરો અતિથિને માટે નિશ્ચિત છે, તેમ અધર્મિષ્ઠ-અજ્ઞાની જીવનું નરકાયુ નિશ્ચિત છે.

હિંસે બાલે મુસાવાઈ, અદ્ધાણંમિ વિલોવએ ।
અન્નદત્તહરે તેણે, માઈ કં નુ હરે સઢે ॥ ૧૩ ॥
ઇત્થીવિસયગિદ્ધે ય, મહારમ્ભપરિગ્ગહે ।
ભુંજમાણે સુરં મંસં, પરિવૂઢે પરંદમે ॥ ૧૪ ॥
અયકક્કારભોઈ ય, તુંડિલે ચિયલોહિએ ।
આઉએ નરએ કંખે, જહાઽઽએસં વ એલએ ॥ ૧૫ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૫ થી ૭]

જે અજ્ઞાની હિંસક છે, જૂઠું બોલનારો છે, માર્ગમાં લૂંટ ચલાવનારો છે, વિના દીધેલી વસ્તુનું હરણ કરનારો ચોર છે, બીજાને ઠગનારો છે, અને કોની વસ્તુ ઉઠાવી લઉં ? એવા દુષ્ટ વિચારવાળો છે; જે સ્ત્રી અને વિષયમાં ગૃદ્ધ છે, મહારંભી અને મહાપરિગ્રહી છે, દારૂ પીનારો છે, માંસ ખાનારો છે, બલવાન થઈ બીજાનું દમન કરનારો છે, બકરાનું ખૂબ પકાવેલા માંસનું ભક્ષણ કરનારો છે, અને એ રીતે મોટા પેટવાળો તથા રાતોમાતો થયેલો છે, તે નરકાયુની આકાંક્ષા કરે છે કે જે રીતે પોષેલો બકરો અતિથિની.

આસણં સયણં જાણં, વિત્તં કામે ય ભુંજિયા ।
દુસ્સાહડં ધણં હિચ્ચા, બહું સંચિણિયા રયં ॥ ૧૬ ॥
તઓ કમ્મગુરૂ જંતૂ, પચ્ચુપ્પન્નપરાયણે ।
અય વ્વ આગયાએસે, મરણંતમ્મિ સોયઈ ॥ ૧૭ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૮-૯]

માત્ર વર્તમાન કાળનો જ વિચાર કરનારો ભારેકર્મી

મનુષ્ય કે જેણે વિવિધ પ્રકારનાં આસનો, વિવિધ પ્રકારની શય્યાઓ અને વિવિધ પ્રકારનાં વાહનોનો ઉપયોગ કરેલો છે, તેમજ જેણે સંપત્તિ અને શબ્દાદિ વિષયો સારી રીતે ભોગવેલા છે, એ ઘણો કર્મરજનો સંચય કરીને તથા ઘણા કષ્ટે મેળવેલું ધન અહીં છોડીને મરણકાળે એવો શોકસંતાપ કરે છે કે જેવો અતિથિ આવતાં બકરો કરે છે.

तओ आउपरिक्खीणे, चुयादेहा विहिंसगा ।
आसुरीयं दिसं बाला, गच्छन्ति अवसा तमं ॥ १८ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૦]

પછી આયુષ્યનો ક્ષય થતાં હિંસક અજ્ઞાની જીવ શરીરને છોડીને કર્મવશાત્ નરકમાં જાય છે.

जहाकागिणीए हेउं, सहस्सं हारए नरो ।
अपत्थं अम्बगं भोच्चा, राया रज्जं तु हारए ॥१९॥
एवं माणुस्सगा कामा, देवकामाण अन्तिए ।
सहस्सगुणिया भुज्जो, आउ कामा य दिव्विया ॥२०॥
अणेग वासाउया, जा सा पण्णवओ ठिई ।
जाइं जीयन्ति दुम्मेहा, ऊणे वाससयाउए ॥२१॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૧ થી ૧૩]

જેમ કોઈ મનુષ્ય એક કાકિણી (રૂપિયાના એંશીમા ભાગનો સિક્કો) મેળવવા જતાં હજારો સોનામહોર હારી જાય છે અને જેમ કોઈ રાજા અપથ્ય કેરી ખાઈને પોતાનું રાજ્ય ગુમાવી દે છે, તેમ મૂર્ખ મનુષ્યો માનુષી ભોગોને માટે ઉત્તમ દેવતાઈ સુખો ગુમાવી દે છે. આવા મનુષ્યોએ

એમ સમજવું જોઈએ કે દેવોના કામભોગથી મનુષ્યના કામભોગો ઘણા તુચ્છ છે અને દેવોના કામભોગો તથા આયુષ્ય મનુષ્યના કામભોગો તથા આયુષ્ય કરતાં હજારો ગણા વધારે છે.

પ્રજ્ઞાવાન એટલે જ્ઞાન-ક્રિયા આરાધક આત્મા મૃત્યુ પછી દેવલોકમાં જાય છે અને ત્યાં તેની સ્થિતિ અનેક નયુતx વર્ષો સુધી થાય છે. તેને દુર્બુદ્ધિવાળો મનુષ્ય સો વર્ષથી પણ ઓછા આયુષ્યવાળા એવા માનવજીવનના કામભોગ માટે હારી જાય છે.

जहा य तिन्नि वणिया, मूल घेत्तूं ण निग्गमा ।
एगोऽत्थ लहई लाहं, एगो मूलेण आगओ ॥ २२ ॥
एगो मूलं वि हारित्ता, आगओ तत्थ वाणिओ ।
ववहारे उवमा एसा, एवं धम्मे वियाणह ॥ २३ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૪-૧૫]

ત્રણ વણિકો મૂળ પુંજી લઈને ઘરમાંથી નીકળ્યા. તેમાંથી એકે લાભ ઉઠાવ્યો, બીજાએ મૂળગા કર્યા અને ત્રીજો મૂળ પુંજીને પણ હારી ગયો, તેમ ધર્મના વિષયમાં પણ જાણો.

माणुसत्तं भवे मूलं, लाभो देवगई भवे ।
मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं धुवं ॥ २४ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૬]

મનુષ્યભવ એ મૂલ ધન છે, દેવગતિ એ લાભ છે

x નયુતનું માપ પહેલી ધારામાં બતાવેલું છે.

અને નરક તથા તિર્યંચની ગતિ એ જીવોના મૂળધનનો નાશ છે.

દુહઓ ગઈ બાલસ્સ, આવઈ વહમૂલિયા ।
દેવત્તં માણુસત્તં ચ, જં જિએ લોલયા સઢે ॥ ૨૫ ॥
તઓ જિએ સઈ હોઈ, દુવિહં દુગ્ગઇં ગએ ।
દુલ્લહા તસ્સ ઉમ્મગ્ગા, અદ્ધાએ સુચિરાદવિ ॥ ૨૬ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૭-૧૮]

અજ્ઞાની જીવની વધ અને બંધનનાં મૂળરૂપ બે પ્રકારની દુર્ગતિ થાય છે, કારણ કે તે વિષયનો લોલુપી બનીને દેવત્વ તથા મનુષ્યત્વ હારી જાય છે.

એવં જિયં સપેહાએ, તુલિયા બાલં ચ પંડિયં ।
મૂલિયં તે પવેસન્તિ, માણુસિં જોણિમિન્તિ જે ॥ ૨૭ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૧૯]

આ રીતે હારેલા જોઇને તથા બાલ અને પંડિત-ભાવની તુલના કરીને બુદ્ધિમાન પુરુષે સમજવું જોઈએ કે જે મનુષ્યયોનિમાં આવે છે, તે મૂળધન સાથે પ્રવેશ કરે છે.

વેમાયાહિં સિક્ખાહિં, જે જરા ગિહિસુવ્વયા ।
ઉવેંતિ માણુસં જોણિં, કમ્મસચ્ચા હુ પાણિણો ॥ ૨૮ ॥
[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૨૦]

જે પુરુષો વિવિધ પ્રકારની શિક્ષાદ્વારા ગૃહસ્થ-જીવનમાં પણ સુવ્રતી છે, તે મનુષ્યયોનિને પ્રાપ્ત થાય

છે; ખરેખર ! પ્રાણીઓના કર્મ જ સાચા છે, અર્થાત્ તેમનું ફળ મળ્યા વિના રહેતું નથી.

વિ૦ અહીં વિવિધ પ્રકારની શિક્ષાથી ભદ્રપ્રકૃતિ વગેરે ગુણો સમજવા. ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે કે જીવો ચાર કારણથી મનુષ્યનું આયુષ્ય બાંધે છે: પગઇભદ્દયાએ–ભદ્રપ્રકૃતિથી. પગઇવિણીયયાએ–વિનયવાળી પ્રકૃતિથી. સાણુક્કોસયાએ–દયા વૃત્તિથી અને અમચ્છરિયાએ–મત્સર રહિતપણું કેળવવાથી–નિરભિમાનપણું ધારણ કરવાથી.

જેસિં તુ વિઉલા સિક્ખા, મૂલિયં તે અઇચ્છિયા ।
સીલવંતા સવિસેસા, અદીણા જંતિ દેવયં ॥ ૨૯ ॥

[ઉત્ત૦ અ૦ ૭, ગા૦ ૨૧]

જેમની શિક્ષા વિપુલ છે, જે વિશિષ્ટ પ્રકારે શીલવંત તથા અદીનવૃત્તિને ધારણ કરનારા છે, તે મૂળ મૂડી વધારીને દેવલોકમાં જાય છે.

વિ૦ અહીં વિપુલ શિક્ષાથી શુદ્ધ સમ્યક્ત્વ, શ્રાવકના આચાર અને અણુવ્રતાદિનું સૂચન છે. વિશિષ્ટ શીલથી શ્રાવકની પ્રતિમાઓનું સૂચન છે. જે શ્રાવકો પર્વતિથિએ પોષધ કરનારા છે તથા કાયોત્સર્ગાદિ ધર્મધ્યાનમાં મગ્ન થનારા છે, તેમને પણ ઉપસર્ગ–પરિષહો થવાના પ્રસંગ આવે છે, ત્યારે જેઓ દીન બની જતા નથી, તે અદીનવૃત્તિને ધારણ કરનારા ગણાય છે. આવું ધર્મનિષ્ઠ જીવન ગાળનારા દેવગતિને પ્રાપ્ત કરે છે.

अगारि सामाइअंगाइं, सड्ढी काएण फासए ।
पोसहं दुहओ पक्खं, एगराइं न हावए ॥ ३० ॥
एवं सिक्खासमावण्णे, गिहिवासे वि सुव्वए ।
मुच्चई छविपव्वाओ, गच्छे जक्खसलोगयं ॥ ३१ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૩–૨૪]

ગૃહસ્થ પણ શ્રદ્ધાવાન થઈ સામાયિકના અંગોને કાયાથી સ્પર્શે, બંને પક્ષમાં (ત્રણ ત્રણ) પોષધ કરે, અને તેમાં એક પણ રાત્રિની હાનિ ન કરે.

આ પ્રમાણે શિક્ષાસંપન્ન થવાથી સુવ્રતી એવો ગૃહસ્થ ગૃહવાસમાં રહેવા છતાં ઔદારિક શરીર છોડીને દેવલોકમાં જાય છે.

વિ૦ સામાયિકનાં બે મુખ્ય અંગો છે: શ્રુત અને ચારિત્ર. તેમાં શ્રુતને કાયાથી સ્પર્શવું એટલે તેને પોતાના અધિકાર મુજબ નિત્ય–નિયમિત સ્વાધ્યાય કરવો અને ચારિત્રને કાયાથી સ્પર્શવું એટલે સમ્યક્ત્વપૂર્વક શ્રાવકનાં વ્રતો ધારણ કરવાં. તેમાં પ્રતિમાસે બંને પક્ષની અષ્ટમી, ચતુર્દશી તથા પૂનમ અને અમાસે એક કુલ છ પોષધ અવશ્ય કરવા. તેમાં એક પણ પોષધ ઓછો ન કરવો, આવી રીતનું ચારિત્ર પાળવાથી તે ગૃહસ્થ મૃત્યુ બાદ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

गारं पि अ आवसे नरे,
अणुपुव्वं पाणेहिं संजए ।

समता सव्वत्थ सुव्वते,
देवाणं गच्छे सलोगयं ॥ ३२ ॥
[सू० श्रु० १, अ० २, उ० ३, गा० १३]

ગૃહસ્થ પણ ઘરમાં વસવા છતાં પોતાની શક્તિ મુજબ પ્રાણીઓની દયા પાળે, સર્વત્ર સમતા ધારણ કરે, નિત્ય અર્હત્પ્રવચન સાંભળે તો તે મૃત્યુ બાદ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

कुसग्गमेत्ता इमे कामा, सन्निरुद्धम्मि आउए ।
कस्स हेउं पुराकाउं, जोगक्खेमं न संविदे ॥ ३३ ॥
[उत्त० अ० ७, गा० २४]

મનુષ્યના સીમિત આયુષ્યમાં કામભોગ તો દાભની અણી પર રહેલાં જલબિંદુ સમાન છે, અર્થાત્ અતિ અલ્પકાલીન છે. તો પછી જીવ કયો હેતુ સામે રાખીને પોતાના યોગક્ષેમને જાણતો નથી ?

पच्छा वि ते पयाया,
खिप्पं गच्छंति अमरभवणाई ।
जेसिं पियो तवो संजमो,
य खंती य बम्भचेरं च ॥ ३४ ॥
[दश० अ० ४, गा० २८]

જેમને તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે, એવો સાધક જો પોતાની પાછલી અવસ્થામાં પણ સંયમ-માર્ગ ગ્રહણ કરે છે, તો શીઘ્ર અમરભવનમાં જાય છે, અર્થાત્ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

અહ જે સંવુડે ભિક્ખૂ, દોણ્હં અન્નયરે સિયા ।
સવ્વદુક્ખપહીણે વા, દેવે વાવિ મહિડ્ઢિએ ॥ ૩૫ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૫]

જે સંવૃતાત્મા ભિક્ષુ છે, તે બેમાંથી એક ગતિને પ્રાપ્ત થાય છે. કાં તે સર્વ દુઃખથી રહિત સિદ્ધ થાય છે અથવા મહર્દ્ધિક દેવ થાય છે.

ઇડ્ઢી જુઈ જસો વણ્ણો, આઉં સુહમણુત્તરં ।
ભુજ્જો જત્થ મણુસ્સેસુ, તત્થ તે ઉવવજ્જઈ ॥ ૩૬ ॥
[ઉત્ત. અ૦ ૭, ગા૦ ૨૭]

દેવલોકનું આયુષ્ય પૂરું કર્યા પછી તે આત્મા માનવ-કુલમાં જન્મ લે છે કે જ્યાં ઉત્તમ ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ, આયુ અને અનુત્તર સુખ હોય છે.

વિ૦ આ રીતે માનવભવ પામતાં તેની વૃત્તિ ધર્માચરણ તરફ ઢળે છે, તે ચારિત્રવંત બને છે અને મોક્ષમાં જાય છે.

અકુવ્વઓ ણવં ણત્થિ, કમ્મં નામ વિજાણઇ ।
વિન્નાય સે મહાવીરે, જેણ જાઈ ણ મિજ્જઇ ॥ ૩૭ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૧૫, ગા૦ ૭]

જે આત્મગુપ્ત થઈને કંઈ કરતો નથી, તે નવાં કર્મો બાંધતો નથી. તે કર્મની નિર્જરાનું સ્વરૂપ જાણે છે અને જાણીને તે મહાવીર પુરુષ એવું વર્તન કરે છે, કે તેને આ સંસારમાં ફરી જન્મ લેવો પડતો નથી કે મરવું પડતું નથી.

ધારા ઓગણચાલીશમી
નરકની વેદના

નેરયઇત્તાએ કમ્મં પકરેત્તા નેરઇએસુ ઉવવજ્જન્તિ તં જહા–મહારમ્ભયાએ મહાપરિગ્ગહયાએ, પંચિંદિયવહેણ કુણિમાહારેણં ॥ ૧ ॥

[ઔપ૦ સૂત્ર ૩૪]

નારકયોગ્ય કર્મ કરી જીવો નારકીમાં ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે–મહાઆરંભ કરવાથી, મહાપરિગ્રહ ધારણ કરવાથી, પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી અને માંસભક્ષણ કરવાથી.

જારિસા માણુસે લોએ, તાયા દીસન્તિ વેયણા ।
એત્તો અણન્તગુણિયા, નરએસુ દુક્ખવેયણા ॥ ૨ ॥

[ઉત્ત૦ અ૦ ૧૯, ગા૦ ૭૪]

મનુષ્યલોકમાં જેવી વેદનાઓ દેખાય છે, તેના કરતાં અનંતગુણી વેદનાઓ નરકમાં છે.

વિ૦ મધ્યલોકની નીચે રત્નપ્રભા આદિ સાત પૃથ્વીઓ એકની નીચે એક એ પ્રમાણે આવેલી છે. તે અનુક્રમે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી નારકી તરીકે ઓળખાય છે. ત્યાં ઉત્પન્ન થતા જીવો મનુષ્યલોકની વેદનાઓ કરતાં અનંતગુણી વેદનાઓ ભોગવે છે.

અચ્છિનિમીલિયમેત્તં, નત્થિ સુહં દુક્ખમેવ પડિબદ્ધં ।
નરએ નેરઇયાણં, અહોનિસં પચ્ચમાણાણં ॥ ૩ ॥

[જીવા૦ પ્રતિ ૩, ઉ૦ ૩, ગા૦ ૮, સૂત્ર ૯૫]

રાત્રિ દિવસ રીબાવાઇ રહેલા નૈરયિક જીવોને નરકમાં આંખ બંધ કરીને ઉઘાડીએ એટલો સમય પણ સુખ નથી. તેઓ દુઃખથી જ પીડાતા હોય છે.

અતિસીતં અતિઉણ્હં,
અતિતણ્હા અતિક્ખુહા અતિભયં વા ।
નિરએ નેરઇયાણં,
દુક્ખસયાઇં અવિસ્સામં ॥ ૪ ॥
[જીવા૦ પ્રતિ ૩, ઉ૦ ૩, ગા૦ ૧૦, સૂત્ર ૯૫]

નૈરયિક જીવોને નરકમાં અત્યંત ઠંડી, અત્યંત ગરમી, અત્યંત તૃષા અને અત્યંતક્ષુધા એમ સેંકડો પ્રકારનાં દુઃખો એક પછી એક ભોગવવા પડે છે.

જહા ઇહં ઇમં સીયં, ઇત્તોઽણંતગુણે તહિં ॥ ૫ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૪૯]

અહીં જેવી શીતળતા છે, તેના કરતાં નરકમાં અનંતગણી શીતળતા છે.

જહા ઇહં અગણી ઉણ્હો, ઇત્તોઽણંતગુણે તહિં ॥ ૬ ॥
[ઉત્ત૦ અ૦ ૧૦, ગા૦ ૪૮]

અહીં અગ્નિની જે ઉષ્ણતા છે, તેના કરતાં નરકમાં અનંતગણી ઉષ્ણતા છે.

છિંદંતિ બાલસ્સ ખુરેણ નક્કં,
ઉટ્ઠે વિ છિંદંતિ દુવેવિ કણ્ણે ।
જિબ્ભં વિણિકસ્સ વિહત્થિમિત્તં,
તિક્ખાહિ સૂલાભિતાવયંતિ ॥ ૭ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૨૨]

(નરકમાં યમદૂત જેવા પરમાધામી હોય છે.) તે નરકમાં ઉત્પન્ન થયેલા જીવના નાક, કાન તથા હોઠોને છરીવડે કાપી નાખે છે તથા તેમના મોંમાંથી જીભને એકવેંત જેટલી બહાર ખેંચી કાઢી, તેમાં અણીદાર કાંટાઓ ભોંકીને પરિતાપ ઉપજાવે છે.

ते तिप्पमाणा तलसंपुडं व्व
राइंदियं तत्थ थणंति बाला ।
गलंति ते सोणिअपूयमंसं,
पज्जोइया खारपइद्धियंगा ॥ ८ ॥
[सू० श्रु० १, अ० ५, उ० १, गा० २३]

તે કાપી નાખેલા નાક, કાન તથા હોઠમાંથી રુધિર વહ્યા કરે છે અને પવનનો ઝપાટો આવતાં સૂકા તાડપત્રોનો સમૂહ જેમ ખડખડાટ કરે છે, તેમ પીડા પામી રહેલા એ જીવો રાત્રિદિવસ કરુણ સ્વરે આક્રંદ કર્યા કરે છે. (પરંતુ આટલેથી જ વસ્તુસ્થિતિનો અંત આવતો નથી. પરમાધામી લોકો) તેમનાં છેદાયેલાં અંગોને અગ્નિજ્વાળાથી સળગાવે છે અને ત્યારબાદ તેના પર જલદ ક્ષાર છાંટવામાં આવે છે, જેથી તેના અંગમાંથી શોણિત અને માંસ વધુને વધુ ઝર્યા કરે છે.

रुहिरे पुणो वच्चसमुस्सिअंगे,
भिन्नुत्तमंगे परिवत्तयंता ।
पयंति णं णेरइए फुरंते,
सजीवमच्छेव अयोकवल्ले ॥ ९ ॥
[सू० श्रु० १, अ० ५, उ० १, गा० १५]

પાપી આત્માઓ નરકયોનિમાં ઉત્પન્ન થાય છે, ત્યારે પરમાધામીઓ તેમનો શિરચ્છેદ કરી, તેમના શરીરમાંથી લોહી કાઢી તેને ધગધગતી લોખંડની કઢાઇમાં નાખી ખૂબ ઉકાળે છે, અને પછી તે ઉકળતા લોહીની કઢાઇમાં તે જીવોને નાખી ખૂબ તપાવે છે. આ વખતે તે પાપી આત્માઓ જેમ તપેલા તવા ઉપર માછલી તરફડે તેમ અસહ્ય દુઃખથી રીબાતાં તરફડિયાં મારે છે.

નો चेव ते तत्थ मसीभवंति,
ण मिज्जती तिव्वभिवेयणाए ।
तमाणुभागं अणुवेदयंता,
दुक्खंति दुक्खी इह दुक्कडेणं ॥ १० ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૧૬]

નારકીય જીવોને પરમાધામી ઉકાળે છે તથા ભૂંજે છે, છતાં તે ભસ્મીભૂત થઈ જતા નથી. વળી જે ભયંકર છેદન, તથા તાડન-તર્જન કરવામાં આવે છે, તેનાથી પણ તેઓ મરણને શરણ થતા નથી. પરંતુ પોતે કરેલાં કર્મોનાં ફળ ભોગવવા માટે તે દુખિયારા જીવો નિયત સમય સુધી દુઃખ ભોગવ્યા જ કરે છે.

ते णं तत्थ णिच्चं भीता णिच्चं तसिता णिच्चं छुहिया णिच्चं उव्विग्गा णिच्चं उप्पुआ णिच्चं वहिया णिच्चं परममसुभमउलमणुबद्धं निरयभवं पच्चणुभवमाणा विहरंति ॥ ११ ॥
[જીવા૦ પ્રતિ ૩, ઉ૦ ૨, સૂત્ર ૮૬]

તે નારકીના જીવો હમેશાં ભયભીત હોય છે, હમેશાં

ત્રાસ પામેલા હોય છે, હમેશાં ક્ષુધિત હોય છે, હમેશાં ભૂખ્યા હોય છે, હમેશાં ઉદ્વિગ્ન હોય છે, હમેશાં ક્ષોભવાળા હોય છે, હમેશાં વધ પામેલા હોય છે અને હમેશાં ઘણા અશુભ તથા જેની સરખામણી ન થઈ શકે એવા પરમાણુ-ઓથી અનુબદ્ધ હોય છે. આવી રીતે નરકમાં ઉત્પન્ન થયેલા જીવો પીડા પામતા પોતાના દિવસો નિર્ગમન કરે છે.

નેરઇયાણં ભંતે ! કેવઇકાલં ઠિઈ પન્નત્તા ?
ગોયમા ! જહન્નેણં દસવાસસહસ્સાઇં ઉક્કોસેણં તેત્તીસં સાગરોવમાઇં ॥ ૧૨ ॥

[જીવા૦ પ્રતિ૦ ૩, સૂત્ર ૨૨૨]


પ્રશ્ન—હે ભગવન્ ! નારકીઓની કેટલા કાલની સ્થિતિ છે ?

ઉત્તર—હે ગૌતમ ! જઘન્યથી દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની.

એયાણિ સોચ્ચા નરગાણિ ધીરે,
ન હિંસએ કિંચણ સવ્વલોએ ।
એગંતદિટ્ઠી અપરિગ્ગહે ઉ,
બુજ્ઝિજ્જ લોયસ્સ વસં ન ગચ્છે ॥ ૧૩ ॥

[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૫, ઉ૦ ૨, ગા૦ ૨૪]

નરકનાં આ દુઃખોનો વિચાર કરીને ધીર પુરુષે સર્વ લોકમાં કોઈની પણ હિંસા કરવી નહિ. તેણે એકાંત-દૃષ્ટિ એટલે નિશ્ચલ સમ્યક્ત્વ ધારણ કરવું, અપરિગ્રહી બનવું અને લૌકિક માન્યતાઓને વશ ન થતાં તાત્ત્વિક બોધ પ્રાપ્ત કરવો.



इह माणुस्सए ठाणे, धम्ममाराहिउं नरा ॥ १ ॥

[सू० श्रु० २ अं० १, अ० १५, गा० १५]

ધર્મની આરાધના કરવા માટે જ આ મનુષ્યલોકમાં મનુષ્યો ઉત્પન્ન થાય છે.

सरीरमाहु नावत्ति, जीवे वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥ २ ॥

[उत्त० अ० २३, गा० ७३]

આ શરીર નૌકારૂપ છે, જીવ નાવિકરૂપ છે અને સંસાર એ સમુદ્ર છે કે જેને મહર્ષિઓ તરી જાય છે.

कसेहि अप्पाणं ।
जरेहि अप्पाणं ॥ ३ ॥

[आ० श्रु० १, अ० ४, उ० ३, गा०]

આત્માને કસો.
આત્માનું દમન કરો.

सव्वं सुचिण्णं सफलं नराणं ॥ ४ ॥

[उत्त० अ० १३, गा० १०]

મનુષ્યોના સર્વ સદાચાર સફળ થાય છે.

संसयं खलु सो कुणई, जो मग्गे कुणई घरं ।
जत्थेव गन्तुमिच्छेज्जा, तत्थ कुव्विज्ज सासयं ॥ ५ ॥

[उत्त. अ० ६, गा० २१]

જે માર્ગમાં ઘર કરે છે, તે નક્કી સંશયગ્રસ્ત કાર્ય કરે છે. જ્યાં જવું હોય ત્યાંજ શાશ્વત ઘર કરવું જોઇએ.

वेराइं कुव्वई वेरी, तओ वेरेहिं रज्जइ ।
पावोवगा य आरंभा, दुक्खफासा य अन्तसो ॥ ६ ।
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૮, ગા૦ ૭]

એક મનુષ્યે કોઇની સાથે વૈર બાંધ્યું કે પછી તે વૈરને વધાર્યા કરે છે અને એ વૈર વધવાથી તે રાજી થાય છે. પરંતુ તે જાણતો નથી કે તમામ દુષ્પ્રવૃત્તિઓ પાપમય હોય છે અને છેવટે તે દુઃખનો અનુભવ કરાવે છે.

किरिअं रोअए धीरो, अकिरिअं परिवज्जए ।
दिट्ठीए दिट्ठीसम्पन्ने, धम्मं चर सुदुच्चरं ॥ ७ ॥
[ઉત્ત૦ અ૦ ૮, ગા૦ ૩૩]

ધીર પુરુષ ક્રિયામાં–સદનુષ્ઠાનમાં રુચિ કરે અને અક્રિયા–અસદનુષ્ઠાન છોડી દે. હે પુરુષ! તું દૃષ્ટિની અપેક્ષા અને સમ્યગ્દૃષ્ટિથી સંપન્ન થા અને કઠિનાઇથી પાળી શકાય એવા ધર્મનું આચરણ કર.

कोहं माणं निगिण्हित्ता, मायं लोभं च सव्वओ ।
इंदियाइं वसे काउं, अप्पाणं उवसंहरे ॥ ८ ॥
[ઉત્ત૦ અ૦ ૨૨, ગા૦ ૪૮]

હે મુમુક્ષુઓ! તમે ક્રોધ, માન, માયા અને લોભનો સર્વ પ્રકારે નિગ્રહ કરી તથા ઇન્દ્રિયોને વશ કરી આત્માને સ્થિર કરો.

जसं किर्त्तिं सिलोगं च, जा य वंदणपूयणा ।
सव्वलोयंसि जे कामा, तं विज्जं परिजाणिया ॥ ९ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૯, ગા૦ ૨૨]

યશ, કીર્તિ, પ્રશંસા, આદર, વંદન, પૂજન તથા આ લોકમાં જે પણ કામભોગો છે, તેને અપકારી જાણીને છોડી દેવા ઘટે.

अट्ठावयं न सिक्खेज्जा, वेहाईयं च णो वए ॥ १० ॥
[સૂ. શ્રુ. સ્કં. ૧, અ૦ ૯, ગા૦ ૧૭]

જુગાર ખેલવાનું ન શીખો. જે વાત ધર્મથી વિરુદ્ધ હોય તે ન બોલો.

इहमेगे उ मण्णंत्ति, अप्पच्चक्खाय पावगं ।
आयरिअं विदित्ताणं, सव्वदुक्खा विमुच्चइ ॥ ११ ॥
[ઉત્ત૦ અ૦ ૬, ગા૦ ૯]

કેટલાક એમ માને છે કે પાપનું પ્રત્યાખ્યાન કર્યા સિવાય (માત્ર જ્ઞાનપ્રાપ્તિ કરવાથી મુક્તિ મળે છે, પણ એ વાત બરાબર નથી.) જાણેલું આચરવાથી જ સર્વ દુઃખોમાંથી મુક્ત થવાય છે. તાત્પર્ય કે માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયાથી નહિ, પણ જ્ઞાન અને ક્રિયા ઉભયથી મુક્તિ મળે છે.

जे रक्खसा वा जमलोइया वा,
जे वा सुरा गंधव्वा य काया ।
आगासगामी य पुढोसिया जे,
पुणो पुणो विप्परिया सुवेंति ॥ १२ ॥
[સૂ. શ્રુ. ૧, અ૦ ૧૨, ગા૦ ૧૩]

જે રાક્ષસ છે, જે યમપુરવાસી છે, જે દેવતા છે, જે ગંધર્વ છે, જે આકાશગામી કે પૃથ્વીનિવાસી છે, તે બધા મિથ્યાત્વાદિ કારણોને લીધે જ વારંવાર ભિન્ન રૂપોમાં જન્મ ધારણ કરે છે.

इहमेगे उ भासन्ति, सायं सायेण विज्जई ।
जे तत्थ आरियं मग्गं, परमं च समाहियं ॥ १३ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૪, ગા૦ ૬]

કોઈ એમ કહે છે કે સુખથી જ સુખની પ્રાપ્તિ થાય છે, પણ તે સત્ય નથી, તેમાં જે આર્યમાર્ગ છે એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનારૂપ માર્ગ છે, એ જ પરમ સમાધિને આપનારો છે.

मा एयं अवमन्नन्ता, अप्पेणं लुम्पहा बहुं ।
एयस्स उ अमोक्खाए, अयोहारि व्व जूरइ ॥ १४ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૩, ઉ૦ ૪, ગા૦ ૭]

એ પરમ માર્ગની અવજ્ઞા કરીને આત્માને ક્ષુદ્ર વિષયલોગથી બરડો નહિ. લોગમાર્ગ અમોક્ષનો છે, અર્થાત્ સંસારમાં પરિભ્રમણ કરાવનારો છે. જો તમે આટલું નહિ સમજો તો લોહના બદલે સોનું ન લેનારા વણિકની માફક પશ્ચાત્તાપ કરશો.

जहा य अंडप्पभवा बलागा,
अंडं बलागप्पभवं जहा य ।
एमेव मोहाययणं खु तण्हा,
मोहं च तण्हाययणं वयन्ति ॥ १५ ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૬]

જેમ બગલી ઇંડામાંથી જન્મે છે અને ઇંડું બગલી-માંથી જન્મે છે, તેમ તૃષ્ણાનું ઘર-ઉત્પત્તિસ્થાન મોહ છે અને મોહનું ઘર-ઉત્પત્તિસ્થાન તૃષ્ણા છે.

मायाहिं पियाहिं लुप्पइ,
नो सुलहा सुगई य पेच्चओ ॥ १६ ॥
[સૂ૦ શ્રુ૦ ૧, અ૦ ૨, ઉ૦ ૧, ગા૦ ૩]

જે માતા, પિતા, (પત્ની, પુત્ર આદિ) માં મોહ પામે છે, તેને પરલોકમાં સદ્ગતિ પ્રાપ્ત થવી સુલભ નથી.

पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।
आवो वा जइ वा रहस्से, णेव कुज्जा कयाइ वि ॥१७॥
[ઉત્ત૦ અ૦ ૧, ગા૦ ૧૭]

બીજાની સામે કે એકાંતમાં પોતાના વચન કે કર્મથી કદી પણ ગુરુની વિરુદ્ધ આચરણ કરવું નહિ.

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही किंवा, नाहिइ छेय-पावगं ? ॥१८॥
[દશ૦ અ૦ ૪, ગા૦ ૧૦]

પ્રથમ જ્ઞાન અને પછી દયા એ સર્વ સંયમી પુરુષોની સ્થિતિ છે અજ્ઞાની શું કરે? તે શ્રેય અને પાપ કેમ કરીને જાણે?

ताणि ठाणाणि गच्छंति,
सिक्खिता संजमं तवं ।
भिक्खाए वा गिहत्थे वा,
जे संतिपरिनिव्वुडा ॥ १९ ॥
[ઉત્ત૦ અ૦ ૫, ગા૦ ૨૮]

ગૃહસ્થ હો કે ભિક્ષુ, જેમણે કષાયોને શાંત કર્યા છે, તે સંયમ અને તપનું પાલન કરવાથી તે સ્થાનોમાં અર્થાત્ દેવલોકમાં જાય છે.

દુલ્લહા ઉ મુહાદાઈ,
મુહાજીવી વિ દુલ્લહા ।
મુહાદાઈ મુહાજીવી,
દો વિ ગચ્છંતિ સોગ્ગઇં ॥ ૨૦ ॥
[દશ૦ અ૦ ૫, ઉ૦ ૧, ગા૦ ૧૦૦]

આ જગતમાં કોઈ પણ પ્રકારના બદલાની આશા રાખ્યા વિના કેવળ નિઃસ્વાર્થ ભાવે ભિક્ષા આપનારા દુર્લભ છે, તેમ કેવળ સંયમનિર્વાહને માટે જ ભિક્ષા ગ્રહણ કરનારા પણ દુર્લભ છે. નિઃસ્વાર્થી દાતા અને નિઃસ્વાર્થી ભિક્ષુ બંને ઉત્તમ ગતિને પામે છે.

જત્થેવ પાસે કઇ દુપ્પઉત્તં,
કાએણ વાયા અદુ માણસેણં ।
તત્થેવ ધીરો પડિસાહરિજ્જા,
આઇન્નઓ ખિપ્પમિ વક્ખલીણો ॥ ૨૧ ॥
[દશ૦ ચૂ૦ ૨, ગા૦ ૧૪]

જ્યારે પણ પોતે પોતાને મન, વચન, કાયાથી કયાંઇ પણ દુષ્પ્રવૃત્ત થતો દેખે ત્યારે ધીરપુરુષ, ઘોડાને લગામથી ખેંચવામાં આવે છે, એ રીતે, એજ ક્ષણે, પોતાની જાતને એ દુષ્પ્રવૃત્તિમાંથી હઠાવી દે.

सीहं जहा खुड्डमिगा चरन्ता,
दूरे चरन्ति परिसंकमाणा ।
एवं तु मेहावि समिक्ख धम्मं,
दुरेण पावं परिवज्जएज्जा ॥ २२ ॥
[सू, श्रु. १, अ० १०, गा० २०]

અરણ્યમાં ફરી રહેલા ક્ષુદ્ર વનપશુઓ જેમ (પોતાને ઉપદ્રવ કરનારા) સિંહની શંકાથી દૂર ને દૂર રહે છે, તેમ બુદ્ધિમાન પુરુષ ધર્મનો વિચાર કરીને (પોતાને ઉપદ્રવ કરનારા) પાપોથી દૂર ને દૂર રહે.

सवणे णाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अणण्हवे तवे चेव, वोदाणे अकिरिया सिद्धी ॥२३॥
[ભગ૦ શ૦ ૨, ગા૦ ૫]

જ્ઞાનીઓના સંગમાં રહેવાથી ધર્મશ્રવણનો લાભ મળે છે. એ ધર્મશ્રવણથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એ જ્ઞાનમાં ક્રમે ક્રમે વૃદ્ધિ થતાં વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થતાં પાપમય પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થવાની ભાવના જાગે છે અને તેનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) થાય છે. એ પ્રમાણે પ્રત્યાખ્યાન થતાં સંયમી જીવનની શરૂઆત થાય છે. સંયમી જીવનના પ્રતાપે નવીન કર્મો બંધાતાં અટકે છે, અર્થાત્ અનાશ્રવની ભૂમિકા પ્રાપ્ત થાય છે. અનાશ્રવની ભૂમિકા પ્રાપ્ત થતાં જીવ તપસ્વી બને છે. અને તપસ્વી બનતાં પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરી શકે છે. આ રીતે પૂર્વ સંચિત કર્મોનો ક્ષય

થવાથી તથા નૂતન કર્મોની ઉત્પત્તિ અટકી પડવાથી અક્રિયપણું (શૈલેશી અવસ્થા) પ્રાપ્ત થાય છે, અને અક્રિયપણું પ્રાપ્ત થતાં નિશ્ચિત સિદ્ધિ મળે છે. આ પ્રમાણે જ્ઞાની પુરુષોના સંગથી ઉત્તરોત્તર સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે. તેથી મુમુક્ષુઓએ જ્ઞાનીઓનો સંગ અવશ્ય કરવો.

अलं बालस्स संगेणं ॥ १९ ॥

[આ૦ શ્રુ૦ ૧, અ૦ ૧, ઉદ્દે૦ ૨]

અજ્ઞાનીઓનો સંગ કરવો નહિ.

आलोयण निरवलावे, आवईसु दड्ढधम्मया ।
अणिस्सिओवहाणे य, सिक्खा निप्पडिकम्मया ॥२४॥
अण्णायया अलोभे य, तितिक्खा अज्जये सुई ।
सम्मदिट्ठी समाही य, आयारे विणओवए ॥२५॥
धिईमई य संवेगे, पणिहि सुविहि संवरे ।
अत्तदोसोवसंहारे, सव्वकामविरत्तया ॥२६॥
पच्चक्खाणे विउस्सग्गे, अप्पमादे लवालवे ।
झाणसंवरजोगे य, उदए मारणंतिए ॥२७॥
संगाणं य परिण्णाया, पायच्छित्तकरणे वि य ।
आराहणा य मरणंते, बत्तीसं जोगसंगहा ॥२८॥

[સમ૦ સૂત્ર૦ ૩૨]

(૧) જાણે અજાણ્યે કોઈ પણ પ્રકારના દોષનું સેવન થઈ જાય, તો તે પોતાના સદ્‌ગુરુ–આચાર્ય સમક્ષ જાહેર કરવું જોઈએ, અને આચાર્ય તેના પ્રાયશ્ચિત રૂપે જે કાંઈ શિક્ષા કરે, તેનો શિરસાવંદ્ય સહર્ષ સ્વીકાર કરી લેવો

જોઈએ, (૨) કોઈની આગળ આપણી મોટાઈ કહી બતાવવી નહિ. (૩) આપત્તિનાં અનેક વંટોળીયા સાથે ચઢી આવે તોપણ સ્વધર્મમાંથી હઠવું નહિ. (૪) ઐહિક તથા પરલૌકિક બાહ્ય સુખોની અભિલાષા રાખ્યા વગર ઉપધાન, તપ, વ્રતાદિ આચરવાં. (૫) સૂત્રાર્થ ગ્રહણરૂપ બોધ ધારણ કરવો. (૬) કામભોગો ભોગવવા માટે શરીરની આળ પંપાળ ભૂલેચૂકે પણ કરવી નહિ. (૭) તપશ્ચર્યા, વ્રત વગેરે કરીને પોતાની વાહવાહ બોલાવવા ખાતર તે બીજાને કહેવાં નહિ. (૮) ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતાં તેને માટે વિશેષ લોભ કરવો નહિ, અગર તેમાં મુગ્ધ થવું નહિ. (૯) દંશમશકાદિ અનેક પ્રકારના પરિષહ ઉત્પન્ન થાય તેને સહર્ષ સહન કરવા. (૧૦) પોતાનો વ્યવહાર દગા-કૂટકા વિના સારી રીતે ચલાવવો. (૧૧) સાચા સંયમનું આચરણ કરી શુદ્ધ રહેવું. (૧૨) શ્રદ્ધામાં અશ્રદ્ધાને પેસવા ન દેવી. (૧૩) સ્વસ્થ શાંત ચિત્તના થઈ પોતાનું જીવન વીતાવવું. (૧૪) સદાચારી અને (૧૫) વિનયી બનવું.

(૧૬) ધૈર્યવાળી મતિ રાખવી. (૧૭) સંસારના વિષયો સંબંધી ઉદાસીનતા સેવી મોક્ષની ઇચ્છાને હૃદયમાં સ્થાપન કરવી. (૧૮) મન, વચન અને કાયા દ્વારા થતા અશુભ વ્યાપારોને રોકી રાખવા. (૧૯) સદાચારનું સેવન કરવામાં રચ્યા પચ્યા રહેવું. (૨૦) હિંસા, અસત્ય, ચોરી, પરિચય તથા મમત્વ મારફતે થતાં પાપોને રોકવાં. (૨૧) આત્માના દોષોનો શોધી-શોધીને નાશ કરવો તથા (૨૨) સર્વ પ્રકારની ઇચ્છાઓથી અલિપ્ત રહેવું.

(૨૩) ત્યાગધર્મમાં સદૈવ આગળ વધ્યા કરવું, (૨૪) ઉપાધિઓથી રહિત બનવું, (૨૫) ગર્વનો ત્યાગ કરવો, (૨૬) એક ક્ષણ માત્ર માટે પણ પ્રમાદ ન કરવો, (૨૭) હમેશાં અનુષ્ઠાન કરતાં રહેવું, (૨૮) સિદ્ધાન્તોના ગંભીર આશયો તથા ઊંડા અર્થો વિષે હંમેશ વિચાર કરવો, (૨૯) મૃત્યુ પોતાનો વિકરાળ પંજો ઉગામી સામે આવી ઊભું રહે તો પણ કર્મોનો અવરોધ કરનાર શુભ કર્મરૂપી સંવરનો જ વ્યવહાર કરવો.

(૩૦) સ્વજનો તથા સ્નેહીઓના સંગથી નીપજતા સ્નેહના પરિણામને સમજી લઈ તેનો પરિત્યાગ કરવો, (૩૧) અજાણતાં કસુર થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું અને (૩૨) જીવનનો અંત સમય આવતાં વિશિષ્ટ આરાધના કરવી. આ પ્રમાણે બત્રીસ શિક્ષાપદો જ્ઞાનીઓએ કહેલાં છે.

नाणस्स सव्वस्स पगासणाए,
अन्नाणमोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं,
एगन्तसोक्खं समुवेइ मोक्खं ॥ ३० ॥
[ઉત્ત૦ અ૦ ૩૨, ગા૦ ૨]

જ્ઞાનનો સંપૂર્ણ પ્રકાશ થવાથી, અજ્ઞાન અને મોહનો સર્વથા ત્યાગ કરવાથી, અને રાગ તથા દ્વેષનો સર્વથા ક્ષય કરવાથી આ જીવ એકાંત સુખરૂપ મોક્ષને પામે છે.

સંપૂર્ણ

સંકેતસૂચિ

વચનો (ગાથાઓ)ની નીચે મૂળસ્થાન દર્શાવતા જે સંકેતો મૂક્યા છે, તે નીચે પ્રમાણે સમજવાઃ—

અ૦ અધ્યયન

આ૦ આચારાંગસૂત્ર

ઉ૦ ઉદ્દેશ

ઉત્ત૦ ઉત્તરાધ્યયનસૂત્ર

ઔપ૦ ઔપપાતિકસૂત્ર

ગા૦ ગાથા

ચૂ૦ ચૂલિકા

જીવા૦ જીવાભિગમસૂત્ર

દશ૦ દશવૈકાલિકસૂત્ર

દશાશ્રુત૦ દશાશ્રુતસ્કંધસૂત્ર

પ્રતિ૦ પ્રતિપત્તિ

પ્રશ્ન૦ પ્રશ્નવ્યાકરણસૂત્ર

ભગ૦ ભગવતીસૂત્ર

શ્રુ૦ શ્રુતસ્કંધ

સૂ૦ સૂત્રકૃતાંગસૂત્ર

સ્થા૦ સ્થાનાંગસૂત્ર

જ્ઞા૦ જ્ઞાતાધર્મકથાંગસૂત્ર

ગ્રંથ-સંપાદકનું વિપુલ સાહિત્ય-સર્જન

[વિ. સં. ૧૯૮૪ થી સં. ૨૦૧૮ ની આખર સુધી]

૧ થી ૧૦૩ બાળ-ગ્રંથાવળીના મણકાઓ

૧૦૪ થી ૧૯૦ વિદ્યાર્થી-વાચનમાળાના મણકાઓ

૧૯૧	કોયડાસંગ્રહ ભા. ૧ લો	(કુમાર-ગ્રંથમાળા)
૧૯૨	,, ,, ભા. ૨ જો	,,
૧૯૩	આલમની અજાયબીઓ	,,
૧૯૪	કુમારોની પ્રવાસકથા	,,
૧૯૫	રમજી ટુચકાઓ	,,
૧૯૬	શ્રી આદિનાથ	(જૈન ચરિત્રમાળા)
૧૯૭	શ્રી મલ્લિનાથ	,,
૧૯૮	શ્રી અરિષ્ટનેમિ	,,
૧૯૯	પ્રભુ પાર્શ્વનાથ	,,
૨૦૦	શ્રમણ ભગવાન મહાવીર	,,
૨૦૧	ભરતેશ્વર	,,
૨૦૨	ચક્રી સનત્‌કુમાર	,,
૨૦૩	મગધરાજ શ્રેણિક	,,
૨૦૪	સતી સીતા	,,
૨૦૫	દ્રૌપદી	,,
૨૦૬	સતી દમયંતી	,,
૨૦૭	સતી ચંદનબાળા	,,
૨૦૮	અનાથી મુનિ	,,
૨૦૯	મહર્ષિ કપિલ	,,
૨૧૦	મુનિ હરિકેશબલ	,,
૨૧૧	નમિરાજ	,,
૨૧૨	દસ ઉપાસકો	,,

૨૧૩ શેઠ સુદર્શન (જૈન ચરિત્રમાળા)
૨૧૪ મંત્રનો મહિમા ,,
૨૧૫ વીતરાગની વાણી ,,
૨૧૬ કુદરત અને કળાધામમાં વીસ દિવસ (જ્યોતિ કાર્યાલય)
૨૧૭ અચલરાજ આબુ ,,
૨૧૮ પાવાગઢનો પ્રવાસ ,,
૨૧૯ અજંતાનો યાત્રી (ખંડ-કાવ્ય) ,,
૨૨૦ જલમંદિર પાવાપુરી ,, ,,
૨૨૧ પંચતંત્રસાર-દુહામાં (અપ્રસિદ્ધ)
૨૨૨ સ્મરણકલા (પત્રાકારે) (સી. શાંતિલાલની કું. મુંબઈ)
૨૨૩ વિમાની હુમલો અને
તેમાંથી બચવાના ઉપાયો (જ્યોતિ કાર્યાલય)
૨૨૪ ઈલુરાનાં ગુફામંદિરો ,,
૨૨૫ વિમળશાહ (સયાજી બાલ-સાહિત્યમાળા)
૨૨૬ વસ્તુપાળ-તેજપાળ ,,
૨૨૭ વીર વિઠ્ઠલભાઈ (ચરોત્તર એજ્યુકેશન સોસાયટી)
૨૨૮ શ્રી વિજયધર્મસૂરિ (શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા)
૨૨૯ શ્રી વિજયાનંદસૂરિ (જ્યોતિ કાર્યાલય)
૨૩૦ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ,,
૨૩૧ શ્રીમંત રાજર્ષિ સયાજીરાવ ગાયકવાડ ,,
૨૩૨ વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર (એક લાખ નકલ) ,,
૨૩૩ પાદલિપ્તસૂરિ (ઐતિહાસિક નોંધ) (જૈન પત્ર-ભાવનગર)
૨૩૪ સિકીમની વીરાંગના (જ્યોતિ કાર્યાલય)
૨૩૫ નેકીનો રાહ ,,
૨૩૬ રતિસુંદરી (જૈન ધર્મપ્રસારક સભા-ભાવનગર)
૨૩૭ ઋષિદત્તા ,,

૨૩૮ કલાવતી (જૈન ધર્મપ્રસારક સભા–ભાવનગર)
૨૩૯ સતી સુભદ્રા ,,
૨૪૦ રાજનગર સાધુ–સંમેલન (જ્યોતિ કાર્યાલય)
૨૪૧ જૈનોની શિક્ષણસમસ્યા ,,
૨૪૨ જૈન તત્ત્વપ્રવેશક ગ્રંથમાળા
ભા. ૨ જો (કર્પૂર વિ. ગ્રંથમાળા)
૨૪૩ તપવિચાર (જ્યોતિ કાર્યાલય)
૨૪૪ ત્રણ મહાન તકો (ધર્મબોધ–ગ્રંથમાળા)
૨૪૫ સફળતાની સીડી ,,
૨૪૬ સાચું અને ખોટું ,,
૨૪૭ આદર્શ દેવ ,,
૨૪૮ ગુરુદર્શન ,,
૨૪૯ ધર્મામૃત ,,
૨૫૦ શ્રદ્ધા અને શક્તિ ,,
૨૫૧ જ્ઞાનોપાસના ,,
૨૫૨ ચારિત્રવિચાર ,,
૨૫૩ દેતા શીખો ,,
૨૫૪ શીલ અને સૌભાગ્ય ,,
૨૫૫ તપનાં તેજ ,,
૨૫૬ ભાવનાસૃષ્ટિ ,,
૨૫૭ પાપનો પ્રવાહ ,,
૨૫૮ બે ઘડી યોગ ,,
૨૫૯ મનનું મારણ ,,
૨૬૦ પ્રાર્થના અને પૂજા ,,
૨૬૧ ભક્ષ્યાભક્ષ્ય ,,
૨૬૨ જીવન–વ્યવહાર ,,
૨૬૩ દિનચર્યા ,,

૨૬૪ શ્રી નમસ્કાર મહામંત્ર (સંપાદન) (શ્રી આત્માનંદ સભા)
૨૬૫ જિનેંદ્ર કાવ્યસંગ્રહ ભા. ૧ લો (શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ–મુંબઈ)
૨૬૬ જિનેંદ્ર કાવ્યસંગ્રહ ભા. ૨ જો ,,
૨૬૭ ધાર્મિક પ્રશ્નોત્તરી ભા. ૧ લો ,,
૨૬૮ ,, ભા. ૨ જો ,,
૨૬૯ ,, ભા. ૩ જો ,,
૨૭૦ શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧ લો (જૈન સાહિત્ય–વિકાસ–મંડળ, વિલેપારલે)
૨૭૧ ,, ભા. ૨ જો ,,
૨૭૨ ,, ભા. ૩ જો ,,
૨૭૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકાનુસારી શબ્દાર્થ, અર્થસંકલના તથા સૂત્રપરિચય સાથે ,,
૨૭૪ ઉપધાન–રહસ્ય (શ્રી વિજયદાનસૂરિ ગ્રંથમાળા–સુરત)
૨૭૫ ઉપધાન–સ્વરૂપ ,,
૨૭૬ ઉપધાન–ચિંતન ,,
૨૭૭ જિનશાસનની જયપતાકા ભાગ ૧ લો (શ્રીઆર્ય જંબૂ-સ્વામી જૈન જ્ઞાન-મંદિર–ડભોઈ) અને શ્રી કુલ્પાકજી તીર્થની અપૂર્વ સંઘયાત્રા
૨૭૮ કવિકુલતિલક શતાવધાની મુનિરાજ શ્રી કીર્તિવિજયજી (ટૂંક જીવન-પરિચય) (શ્રી આ૦ ક૦ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર)
૨૭૯ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ ,,
૨૮૦ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી ,,
૨૮૧ જૈનધર્મ પરિચય ભાગ ૧ લો

૨૮૨ જૈનધર્મ પરિચય ભાગ ૨ જો
૨૮૩ જિનશાસનની જયપતાકા (શ્રી આર્ય જંબૂસ્વામી જૈન
ભાગ ૨ જો મુક્તાબાઈ જ્ઞાનમંદિર
–ડભોઈ)
૨૮૪ જીવનનું ધ્યેય જૈન શિક્ષાવલી પ્રથમ શ્રેણી
(જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિર)
૨૮૫ પરમપદનાં સાધનો ,,
૨૮૬ ઈષ્ટદેવની ઉપાસના ,,
૨૮૭ સદ્‌ગુરુ સેવા ,,
૨૮૮ આદર્શ ગૃહસ્થ ,,
૨૮૯ આદર્શ સાધુ ,,
૨૯૦ નિયમો શા માટે? ,,
૨૯૧ તપની મહત્તા ,,
૨૯૨ મંત્રસાધન ,,
૨૯૩ યોગાભ્યાસ ,,
૨૯૪ વિશ્વશાંતિ ,,
૨૯૫ સફળતાનાં સૂત્રો ,,
૨૯૬ સારું તે મારું જૈન શિક્ષાવલી બીજી શ્રેણી
૨૯૭ દાનની દિશા ,,
૨૯૮ નયવિચાર ,,
૨૯૯ સામાયિકની સુંદરતા ,,
૩૦૦ મહામંત્ર નમસ્કાર ,,
૩૦૧ કેટલાક યંત્રો ,,
૩૦૨ આયંબિલ–રહસ્ય ,,
૩૦૩ આત્મતત્ત્વવિચાર ભાગ ૧ લો (સંપાદન–સંસ્કરણ)
૩૦૪ યશોજીવનવાટિકા
૩૦૫ શાસનપ્રભાવક સૂરિદેવ

૩૦૬ શ્રી ભુવન-વિહારદર્પણ
૩૦૭ શ્રી લબ્ધિજીવનપ્રકાશ
૩૦૮ ભાવના ભવનાશિની જૈન શિક્ષાવલી ત્રીજી શ્રેણી
૩૦૯ સમ્યકત્વસુધા ,,
૩૧૦ શક્તિનો સ્રોત્ર ,,
૩૧૧ અહિંસાની ઓળખાણ ,,
૩૧૨ જીવનઘડતર ,,
૩૧૩ પ્રાર્થનાનું રહસ્ય ,,
૩૧૪ પ્રતિક્રમણનું રહસ્ય ,,
૩૧૫ ઉવસગ્ગહરં સ્તોત્ર ,,
૩૧૬ તંત્રોનું તારણ ,,
૩૧૭ સાધર્મિકવાત્સલ્ય ,,
૩૧૮ જૈન પર્વો ,,
૩૧૯ આત્મતત્ત્વવિચાર ભાગ ૨ જો (સંપાદન-સંસ્કરણ)
૩૨૦ શ્રમણાંક (સંપાદન) સેવાસમાજ કાર્યાલય
૩૨૧ જૈન ધર્મ-દર્શન
૩૨૨ ગુણશ્રી ગૌરવગાથા
૩૨૩ વિદુષી સાધ્વીજી રંજનશ્રીજી જીવનપ્રકાશ
૩૨૪ શ્રી સમેતશિખર-તીર્થદર્શન
[છેલ્લા ઉદ્ધારના વર્ણન સાથે]
૩૨૫ શ્રી સમ્મેતશિખર પાવાપુરી સ્પેશ્યલ
ટ્રેઇનનો દળદાર વિશેષાંક
૩૨૬ શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી
સ્મારકગ્રંથ (સંપાદન) શ્રી વિજયદેવસૂર સંઘ
મુંબઈ
૩૨૭ શ્રી વીર-વચનામૃત જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

धिनोतु धैर्यं विविनक्तु वाचं,
चिनोतु सत्यं प्रभनक्तु भीतिम् ।
चिरस्य लोकस्य निरस्य तान्तिं,
ददातु शान्तिं भुवि वीरवाणी ।

શ્રી વીરપ્રભુની વાણી માનવને ધૈર્ય આપો, વાણીને શુદ્ધ કરો, સત્યનો સંગ્રહ કરાવો, સદા અભય આપો, તેમ જ વિવિધ દુઃખોને દૂર કરી શાશ્વત શાંતિને આપો.

—મહામહોપાધ્યાય **પરમેશ્વરાનન્દ શાસ્ત્રી,**
સંસ્કૃત—આયોગમંડળ—સદસ્ય, **જાલંધર** (પંજાબ).

નવું પ્રકાશન

અમારા તરફથી દરેક વર્ષે એક સુંદર પુસ્તકનું પ્રકાશન થાય છે અને સમાજ તેને સહર્ષ વધાવી લે છે. સં. ૨૦૧૯ની સાલમાં અમોએ

જિનોપાસના

નામનો એક સુંદર ગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે. તેમાં જિનોપાસનાનું રહસ્ય, તેના વિવિધ પ્રકારો, મંત્રામ્નાયો, પૂજાપ્રકારો, મૂર્તિવિધાન, મંદિરનિર્માણ, તેમ જ બીજી જાણવા જેવી અનેક હકીકતોનો સમાવેશ થશે. લગભગ ૫૦૦ પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં જિનોપાસનાથી થતા અનેક પ્રકારના લાભોનું વર્ણન જોવા મળશે, ઉપરાંત જરૂરી મનોહર ચિત્રોનાં દર્શન પણ થશે.

આ પુસ્તક પાકા પૂઠામાં સુંદર જેકેટ સાથે તૈયાર થતાં પુસ્તકાલયનો શણગાર બનશે અને એવી રોચક શૈલીથી લખાશે કે ફરી ફરીને વાંચવાનું મન થશે.

તેનું અગાઉથી સ્થાનિક લવાજમ રૂા. ૫-૦૦ રહેશે અને બહાર ગામનું રજીસ્ટર્ડ બુક-પોસ્ટના ખર્ચ સાથેનું લવાજમ રૂા. ૬-૨૫ રહેશે, તો અમારા માનવંતા ગ્રાહકોએ પોતાનાં લવાજમો સં. ૨૦૧૯ ના ચૈત્ર સુદિ ૧૫ પહેલાં મોકલી આપવાં. વિશેષ માટે પત્રવ્યવહાર કરો-

જૈન સાહિત્ય - પ્રકાશન - મંદિર

લધાભાઇ ગુણપત બીલ્ડીંગ,

ચીંચબંદર, મુંબઇ, ૯.